

[illegible]


સંપાદક :

અશોક હર્ષ

[illegible]

વિભૂતિમંદિર

[illegible]



શ્રેષ્ઠ નવલિકા સંગ્રહો

વાંકવિનાની	૨—૦
ધની વણકર	૨—૦
અરેબીયન નાઈટ્સ	૪—૦
નવલિકાઓ (મુનશી)	૨—૦
જીવનમાંથી જડેલી ,,	૨—૮
ઐતિ. કથામંજરી	૨—૮
કથામંજરી ભા. ૧	૨—૦
કથામંજરી ભા. ૩	૨—૦
હાસ્યકથામંજરી ભા. ૧	૨—૦
સદર ભા. ૨	૨—૦
હાસ્યમંદિર	૨—૦
કલ્પનાની મૂર્તિઓ	૧—૮
જીવનની ઝાંખી	૨—૦
વાનરસેનાની વાતો	૧—૦
સોલંકી યુગની કીર્તિકથાઓ	૨—૦
સુંદરીઓનો શણગાર ભા. ૨	૧—૮
મહાકવિ કાલીદાસની પ્રસાદી	૧—૮
સંસ્કૃત સાહિત્યની કથાઓ	૨—૮
કેટલીક નવલકથાઓ	૨—૦

જીવન ચરિત્રો

વિભૂતિમંદિર	૨—૦
કમાલ	૨—૦
જંગીઝખાન	૨—૦
ટૉમસ એલ્વા એડીસન	૨—૦
પ્લુટાર્કનું જીવનચરિત્ર	૨—૮

જીવનલાલ અમરશી મહેતા

અમદાવાદ અને મુંબઈ-૨

JACKET PRINTED BY LURDKIN PRINTERY, KHADIA, AHMEDABAD.



જગતની પ્રગતિના માર્ગસ્થંભોનું

અભિનવ મૂલ્યાંકન

વિભૂતિમંદિર

•

: લેખક :

અશોક હર્ષ



: પ્રકાશક :

જીવનલાલ ઍન્ડ સન્સ

અમદાવાદ અને મુંબઈ-૨

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" : પુસ્તક ૧૦૧ મું

વિભૂતિમંદિર

: લેખક :

અશોક હર્ષ

'જ્ઞાનવર્ધક પુસ્તકમાળા'
જીવનલાલ ઍન્ડ સન્સ
અમદાવાદ અને મુંબઈ–૨

પ્રકાશક :
જીવનલાલ ઍન્ડ સન્સ
તરફથી : ચંદ્રકાન્ત જે. મહેતા
પીરમશા રોડ, અમદાવાદ.

મુંબઈના સોલ એજન્ટ
જીવનલાલ ઍન્ડ સન્સ
૧૨૯ પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ–૨

આવૃત્તિ પહેલી

સંવત ૧૯૯૭ ઈ. સ. ૧૯૪૧

કિંમત
૨–૦–૦

: મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિ. પ્રેસ, નોવેલ્ટી
સીનેમા પાસે, અમદાવાદ.

ગુજરાતી કુમારોના બે મૂંગા પથપ્રદીપો

શ્રી. રવિભાઈ તથા શ્રી. બચુભાઈ રાવતને

'પાદાઘાતો સહીને શિશુ સમ મુજના આશિષો વર્ષી જોગુ'

શ્રી અશોક હર્ષનાં

બીજાં પુસ્તકો

—પ્રસિદ્ધ—

માનવજીવનનો ઉષઃકાળ

—હવે પછી—

સુષમા : વાર્તાસંગ્રહ

ઊંડાં પાણી : ખગોળ

અભિષેક : કાવ્યસંગ્રહ

આરાધના : નાટિકાઓ

મારે કહેવાનું

જીવનચરિત્રોના માત્ર તરજૂમા પર કંઈ વિશેષ કે નવીન કહેવાનું નથી રહેતું. જે કંઈ કહેવાનું છે તે માત્ર એટલું જ કે, આમાંનું એકેક ચરિત્ર એક કરતાં વધારે પુસ્તકો અને સામયિકોના આધારે લખાએલું છે. એ સિવાયનું કહેવાનું એ ચરિત્રોમાં આવી જાય છે. આત્મપ્રશંસા કરતાં એ ચરિત્રો મારફત થતો ઉદ્‌બોધ જ શાશ્વત છે.

અશોક હર્ષ

અનુક્રમ

વિભૂતિમંદિર

કીર્તિ એ પ્રવૃત્તિનું પ્રવર્તક તત્ત્વ નથી. પ્રવર્તક તો કર્તવ્ય છે. કર્તવ્યની પરિસમાપ્તિ કર્તવ્યમાં જ છે; તેનો કર્તવ્યથી ભિન્ન અન્ય ઉદ્દેશ છે નહિ.

—કે. હ. ધ્રુવ.

O crities, cultured critics!
Who will praise me after I am dead,
Who will see in me both more and less than I intende
But who will swear that whatever it was it was
purfectly

આદર્શનો ખંડિયેર

કર્નલ લૉરેન્સ



આદર્શનો ખંડિયેર કર્નલ લૉરેન્સ

"**Often** the prophet has been born in this world, has lived with us, and, dying, has left us quickened by his spiritual message. How great, or wise, the message of T. E. L. each may decide for himself. But not a prophet has left a record, so definite that it cannot be falsified, of his almost every thought, feeling, word, and act, from first youth till death. Surely this is new, and happens for the first time."

—**Eric H. Kennigton**

ઈ. સ. ૧૯૨૨ ના ઉનાળાની એક રાત. સારૂં યે લંડન શહેર ત્યારે ઝાકઝમાળ રોશનીથી દીપી ઊઠ્યું હતું. એવો જ ઝળહળાટ શ્રમજીવીઓ માંજી માંજીને ઉજળાં બનાવવા મથતા માલેતુજારોનાં

મેલાં હૈયાંમાં થઈ રહ્યો હતો. પરંતુ એ કૃત્રિમ રોશની જેટલી ભવ્ય તેટલી જ ભયંકર હતી, અને એ ભયંકરતાથી ત્રાસીને છટકવા મથતો હોય એવો એક પાતળિયો તરુણ એ લંડનના જ રસ્તાઓ પર અંધારામાં રવડી રહ્યો હતો. એના જોડા ફાટી ગયા હતા, પણ તે સંધાવવાના પૈસા તેની પાસે ન હતા, એટલી હદે તે હવે મુફલિસ બની ગયો હતો.

કર્નલ લૉરેન્સ ! — એ જ એ મુફલિસ તરુણ, જેણે ૧૯૧૪–૧૮ ના મહાયુદ્ધના અરસામાં અરબના રેગિસ્તાનમાં બળવાની આગ ફૂંકી, તુર્કી સામે વિદ્રોહ જગાવેલો, ને પૂર્વમાં મિત્રરાજ્યોની બાજુ સલામત રાખી હતી. એણે જે કર્યું હતું તે બીજા ચાહે તેવા નામચીન જબરજોધ સેનાધિપતિથી પણ માંડ થઈ શકયું હોત. અને છતાં તે આ હાલતમાં ? હા; કારણ, એની એ મુફલિસી સ્વેચ્છાપૂર્વકની હતી. એ નરપુંગવે સંમાન, સત્તા ને સમૃદ્ધિ ત્રણેનો ઇનકાર કર્યો હતો. એની એ ટેક છૂટતાં પળવારમાં એની એ મુફલિસી નાસી જાય તેમ હતી. એની બધી હાલાકી જતી રહી, એ ધારે તે કરતાં વધુ ચેનમાં રહી શકે તેમ હતું. બ્રિટિશ સરકાર તેને પેનશન આપવા તૈયાર હતી. અને જુદી જુદી વિદ્યાપીઠો પણ, એ જો ભાષણો આપવાનું સ્વીકારે તો અકલ્પ્ય મહેનતાણું આપવા તૈયાર હતી.

પરંતુ એને એવી કશી પડી જ ન હતી. પ્રમાણિક શ્રમથી પૈસા મળે તો જ મેળવવાનો તેનો ઇરાદો હતો, અને ભૂતકાળની પોતાની કારકિર્દી પર તો કમાણી ન જ કરવાનો તેનો મક્કમ ઇરાદો હતો; કારણ, એ કારકિર્દીનાં સ્મરણો પાછળ એનું કાળજું કોરી નાખતો ડંખ રહ્યો હતો. અરબની ત્રસ્ત મહાપ્રજાને સ્વતંત્ર અને સ્વાયત્ત જોવાની એની મહત્ત્વાકાંક્ષા હતી. એ મહત્ત્વકાંક્ષાથી પ્રેરાઈને જ એણે અરબ લોહી સળગાવેલું, પરંતુ સામ્રાજ્ય લોલુપ રોબર્ટ ક્લાઈવ ને સેસિલ ર્‌હોડસના વારસદારોએ એનું એ સુરમ્ય સ્વપ્ન યુદ્ધના અંતે મિટ્ટીમાં મિલાવી દીધું.

આ રીતે ગયા મહાયુદ્ધે એક સ્પૃહણીય જીવન છેદી નાખ્યું અને લૉરેન્સ માણસ કરતાં માણસનું ખંડિયેર બની રહ્યો. એકલવાયો ને અતડો પડેલો એ જ્યાં જ્યાં ઘડીભર એકાંત ભાંગતી લાગે ત્યાં રઝળવા લાગ્યો. યુદ્ધકાળના કુલ દસ હજાર ને એક અફસરોમાંથી માત્ર એને એકને જ સ્વતંત્ર જવાબદારી સોંપાઈ હતી એવો આજન્મ નેતા પોતાનાં વ્રણો રૂઝાવવા ખુદ જવાબદાર બની ગયો હતો. માનચાંદનો ટુકડો ફેંકવા સામે ખુદ પાંચમા જ્યૉર્જને એણે કહી દીધેલું, 'આપેલા વચનનું માન ન જાળવી શકે એવી સલ્તનત પાસેથી હું કશું સ્વીકારવા તૈયાર નથી.'

સાગરની પીઠ પર હાથ પસવારતા ઉત્તર વેલ્સના કાર્નરવૉન પરગણામાં આવેલી સ્નોડનની ટેકરીઓની તળેટીમાં ઈ. સ. ૧૮૮૮ ના ઑગસ્ટની પંદરમીએ આ ટોમસ એડવર્ડ લૉરેન્સ જન્મેલો. આઠ વરસ સુધીમાં સ્કૉટલેન્ડ, આઈલ ઑવ મેન, બ્રિટાની, હૅમ્પશાયર વગેરે ફરી વળીને છેવટે ઑક્સફર્ડમાં એનું કુટુંબ સ્થિર થયું, અને લૉરેન્સ શાળામાં દાખલ થયો. જો કે એ પહેલાં જ પોતાના મોટા ભાઈઓ પાસેથી એણે અંગ્રેજી અને થોડું ઘણું ફ્રેન્ચ તથા લેટિન પણ શીખી લીધેલું. કુટુંબની આર્થિક સ્થિતિ સાધારણ હતી એટલે ઓછી ફીની શાળા જ એને પોસાય એમ હતી. તેમાં યે શિષ્યવૃત્તિઓ મેળવતા રહી કુટુંબને એ બાબતમાં એણે રાહત આપવા માંડી.

છતાં શાળાના ભણતર કરતાં એને વધુ રસ તો હતો ફોટોગ્રાફીમાં, રોમન શિલ્પના નમૂના એકઠા કરવામાં કે ઝરણાંના પ્રવાહની સાથોસાથ દોરાતા જવામાં. શાળાના યાંત્રિક જીવન પ્રત્યે અને જીવન પર લદાવા મથતી એકેએક યાંત્રિકતા તરફ એને પહેલેથી જ નફરત હતી. શાળા વિષે એણે લખ્યું છે, 'School was an irrelevant and time-wasting nuisance which I hated and contemned.'

ઇતિહાસ, ભૂગોળ ને પુરાતત્ત્વના નાદમાં જૂના કિલ્લા ને દેવળો ફંફોળતા એ તરુણે ડૉ. ડી. જી. હૉગાર્થનું ધ્યાન ખેંચ્યું, ને એણે એને દોરવણી આપવા માંડી. ધીમે ધીમે મધ્યકાલીન કળાના અભ્યાસે એને શસ્ત્રકળામાં રસ લેતો કર્યો અને સૈનિકજીવન તથા યુદ્ધકળા તરફ એને આકર્ષ્યો.

ઇસાઈઓ અને અરબો વચ્ચેનાં ધર્મયુદ્ધોએ એની કલ્પના ખૂબ સળવળાવી મૂકી અને એ રંગદર્શી ભૂમિની મુલાકાત લેવાનો એને મોહ જાગ્યો. રખડુ તો એ પહેલેથી જ હતો. કુમારાવસ્થામાં લગભગ આખું ફ્રાન્સ એ ખૂંદી વળેલો. મુસીબતોનો એને કશો ડર ન હતો. કારણ મુસીબતો વહોરવામાં તો એને ઊલટી મજા આવતી. એટલે એ તો સીરિયા ઉપડી ગયો અને ધગધગતા ઉનાળામાં હિટાઈટ અવશેષોની ને ક્રૂઝેડરોનાં સ્મરણાંકનોની શોધમાં ભમવા લાગ્યો. તનહા બની નીકળેલા એ રઝળુને એશઆરામની મુદ્દલ તમા ન હતી. પૈસાનો ખપ પડે તો ટાંકણે જે કામ મળે તે – મજૂરી સુદ્ધાં–તે મેળવી લેતો. પોતાની આ પ્રકારની રખડપટ્ટી વિષે એ કહેતો, 'આવું નૈષ્કાંચન્ય લોકસંપર્ક સુલભ બનાવે છે, જે પૈસા અને નોકરચાકરોની દીવાલોથી છેદાઈ જવા પામે છે.'

નાશ પામેલા કિલ્લાઓમાં કે અરબ શેખોના ગરીબ ઘરોમાં લૉરેન્સ પડ્યો રહેતો. ત્યારથી અરબ્બી ભાષા એણે શીખી અને રણની કલ્પનાએ પણ ત્યારથી જ તેનું મન ભરી દીધું. એ સપાટ રેતાળ વેરાનની ક્ષિતિજ પર અર્ધ છાયાચિત્રસમો પોતાને તે કલ્પવા લાગ્યો. ચાર મહિને પાછા ફરીને એણે પોતાના સંશોધન પર નિબંધ લખ્યો, જેમાં તે એ ફલિત કરવા મથેલો, કે સીરિયાનું સ્થાપત્ય બાયઝન્ટાઈન અસરથી મુક્ત સ્વતંત્ર રીતે વિકસ્યું હતું. એ નિબંધ પ્રસિદ્ધ કરાવવાની ઘણાની માગણી છતાં એ તદ્દન પ્રાથમિક હોવાનું કહી લૉરેન્સે ના પાડી દીધેલી.

આ નિબંધ વડે ૧૯૧૦માં ફર્સ્ટ ક્લાસ ઑનર સાથે તે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી બહાર પડ્યો. એની બહુશ્રુતતા વિષે તો કહેવાય છે કે ઑક્સફર્ડ યુનિયનના પુસ્તકાલયનું એકેએક પુસ્તક એણે વાંચ્યા વિનાનું નહોતું મૂક્યું. યુદ્ધનિર્માણ ઉપર તો કોઈ ચુનંદા સેનાપતિનું પણ ભાગ્યે હોય એવું સમૃદ્ધ એનું વાંચન હતું. પંદર સોળ વર્ષની જ વયે એણે ક્રીસી ને નેપિયર, મૅહન ને હેન્ડરસન વાંચી નાખેલા. ત્યાર પછી ક્લોઝવિટ્ઝ, યોમિની, ગોલ્ટ્ઝ ને ફૉશ વગેરેની યુદ્ધકળા પરની કૃતિઓ વાંચી જઈને નેપોલિયનના પત્રવ્યવહારના પણ બત્રીસે બત્રીસ ભાગ ઉથલાવી ગએલો. પણ એથી એકલાં યુદ્ધને લગતાં પુસ્તકોમાં એને રસ હતો એમ નહિ. પ્રાચીન કવિતાથી માંડીને અદ્યતન રાજકારણ સુધીના સઘળા વિષયોનો તે શોખીન હતો. રોજનાં છ પુસ્તકો તે વાંચી નાખતો. રાતે જમીન પર ચટાઈ પાથરીને છાતીએ પડીને વાંચ્યા કરતો ને વાંચતાં વાંચતાં જ ઊંઘી જતો.

પોતાની વિચક્ષણ પ્રતિભા લૉરેન્સે વહેલી જ સાબિત કરી આપી હતી, એટલે પુરાતત્ત્વના વધુ અભ્યાસ અર્થે એને શિષ્યવૃત્તિ આપવામાં આવી અને ડૉ. હૉગાર્થ સાથે યુફ્રેટિસના પ્રદેશમાં વધુ સંશોધન અર્થે એ ઉપડ્યો. પુરાવશેષોનાં ખોદાણોનું વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવા હૉગાર્થે પછી તેને ફાયુમ મુકામે ફ્લીન્ડર્સ પેટ્રીના પડાવમાં મોકલી આપ્યો. ૧૯૧૪ સુધી ત્યાં એ ફોટોગ્રાફી કરતો, શિલ્પકૃતિઓ ઉથલાવતો ને શિલાલેખોના ઉતારા કરતો રહ્યો. એ અરસામાં જ એ સીરિયા ને પાલેસ્ટાઈન ઉપરાંત મેસોપોટેમિયા, એશિયા માઈનૉર, મિસર, ગ્રીસ વગેરે મુલ્કો પણ ખુંદી વળ્યો. રાતા સમુદ્રની આખી રણકંઠાર તો એને ખુલ્લી કિતાબ સમી બની ગઈ. એની સંશોધક પ્રતિભાથી ઑક્સફર્ડ યુનિવર્સિટી રળિયાત થઈ, એના સંઘરેલા નમૂનાઓથી બ્રિટિશ મ્યૂઝિયમ સમૃદ્ધ બન્યું અને પ્રાદેશિક અવલોકને બ્રિટિશ યુદ્ધકચેરીની પણ અમૂલ્ય આવશ્યકતા પૂરી પાડી.

લૉરેન્સના કહેવા પ્રમાણે એના જીવનનો સુખીમાં સુખી ગાળો આ જ હતો. અને તે એણે જે સંશોધ્યું એને નહિ, પણ એણે એ ચાર વર્ષ દરમિયાન જે જોયું ને અનુભવ્યું તેને આભારી હતો. પારતંત્ર્યથી ફાલી રહેતી બરબાદી અરબ પ્રજામાં એણે મૂર્તિમંત જોઈ, આઝાદી માટેનો એનો તરફડાટ પણ એણે તટસ્થવૃત્તિએ નિહાળ્યો, અને એમના હામી બની તુર્ક ધોંસરીમાંથી તેમને છોડાવવાની એણે હામ ભીડી. અરબજીવન સાથે એ ઓતપ્રોત થવા માંડ્યો અને આખરે પાશ્ચાત્ય પોશાકનો પણ ત્યાગ કરી અરબ વેશભૂષા એણે અપનાવી. એને નહોતું કોઈ વ્યસન કે નહોતો કોઈ શૉખ. ઘણાકો કહે છે તેમ અરબ આઝાદીની ધૂનમાં જાતીય લાગણીથી પણ તે રહિત (sexless) થઈ ગયો હતો; એ કહેતો, 'સુખ અને દુ:ખ એ તો વ્યક્તિગત નિર્ણય પર જ નભે છે.'

ગયું મહાયુદ્ધ ફાટયું ત્યારે લૉરેન્સ ઑક્સફર્ડમાં હતો. સર લીઓનાર્ડ વૂલી સાથે મળીને એણે કરેલા સંશોધનનું એ વખતે એ ટાંચણ કરી રહ્યો, જે ટાંચણ પાછળથી પાલેસ્ટાઈન એક્સપ્લોરેશન ફંડમાંથી ઈ. સ. ૧૯૧૫માં 'The Wilderness of Zin' નામક પુસ્તકરૂપે બહાર પડયું.

હજુ યે યુદ્ધ કરતાં પુસ્તકોમાં તે વધુ રસ લઈ રહ્યો હતો, કારણ તેને લાગતું હતું કે પોતાને યુદ્ધમાં ઉતરવાની તક મળશે તે પહેલાં તો યુદ્ધ કદાચ આટોપાઈ જશે. પણ એમ ન થયું, ને યુદ્ધ લંબાયું. એનાથી હવે ન રહેવાયું, અને સર ફ્રૂટ હેડલે પાસે પહોંચી પોતાને યુદ્ધખાતામાં જોડવાની એણે માગણી કરી. અઢાર વરસના હૅટ વગરના એ તરુણને જોઈ હેડલે તો હેરત પામી ગયો. લૉરેન્સે જ્યારે પોતાનું નામ કહ્યું ત્યારે જ એને ઉપજેલો અંદેશો આખરે દૂર થયો.

સર હેનરી રોબીન્સન ત્યારે હુકમદાર હતો. લૉરેન્સ તેને

બેલજીયમનો નવો નકશો બતાવવા માંડ્યો ત્યાં તે તુમાખીથી બોલ્યો, ' હું તમારા અફસર જોડે વાત કરવા માંગુ છું. ' લૉરેન્સે હેડલેને આ વાત કરતાં લૉરેન્સ યુનિફૉર્મ ગેઝેટ થાય ત્યાર પહેલાં જ આર્મી ઍન્ડ નેવી સ્ટોર્સમાંથી એને યુનિફૉર્મ આણી આપી સેકન્ડ લેફ્ટેનન્ટ બનાવી દીધો.

૧૯૧૬ માં રશિયનોએ અર્ઝરૂમ સર કર્યું ત્યારે લૉરેન્સને જાસુસી ખાતામાં મેસોપોટેમિયા મોકલવામાં આવ્યો. એ વખતે લૉરેન્સને અરબ બળવાની શક્યાશક્યતા વિચારવાનો સરસ મોકો મળી ગયો. એવામાં તુર્કી પણ જર્મનીને છાબડે બેઠેલું હતું. એટલે કિચનરે લાલ કિનારાના સઘળી નિગેહબાની યોગ્યતમ વ્યક્તિ તરીકે લૉરેન્સ પર જ નાખી અને એ જવાબદારીએ જ કીર્તિ અને પ્રસિદ્ધિથી સંતાતા ફરતા એ જુવાનને જગબત્રીસીએ ચડાવ્યો.

તુર્કીનો તેના સામ્રાજ્ય સાથેનો સંબંધ T આકારે રેલવેથી હતો. તેમાં કોન્સ્ટાન્ટીનોપલથી બગદાદ સુધીની રેલવે લાઇન અધૂરી હતી. બીજી લાઇન રાતા સમુદ્રને કાંઠે કાંઠે મદીના સુધી જતી હતી. તુર્કોએ કુતમાં ટાઉનશૅન્ડના લશ્કરને ઘેરી લીધું હતું. તેને છોડાવવાનું કામ કૅપ્ટન હર્બર્ટ સાથે લૉરેન્સને માથે આવ્યું. તુર્કોએ બદલામાં દસ લાખ પૌંડ ને પોતાના કેદીઓ પાછા માગ્યા. એટલાં નાણાં તથા જખમાએલા કેદીઓને બદલે સાજા કેદીઓ સોંપી દઈ ઈંગ્લંડની એક રાષ્ટ્ર તરીકે જગતમાં હાંસી કરાવવાની વિરુદ્ધમાં લૉરેન્સ પડ્યો, પણ તેનું કંઈ ચાલ્યું નહિ. જો કે બ્રિટને આ પ્રસંગ પર કડક સેન્સરશિપ રાખી, પરંતુ તુર્કોએ આખી દુનિયામાં આ સમાચાર ફેલાવી દીધા.

લૉરેન્સને પોતાની તક હવે પાસે આવતી જણાતી ગઈ, પરંતુ અરબ બંડના એના વિચારને જનરલ સ્ટાફ હસી કાઢતો. કોઈ કોઇને તો એના એ વિચારમાં દેશદ્રોહની ગંધ પણ આવતી હતી.

છતાં લૉરેન્સ તો દસ દિવસની રજા લઈ હેજાઝ સરી ગયો. ત્યાંના શાસક હુસેનના પુત્ર ફૈઝલ પર તેની આંખ ઠરી હતી અને તેના દ્વારા છિન્નભિન્ન અરબ પ્રજાને તેને રાષ્ટ્રૈક્ય અપાવવું હતું. બ્રિટિશોએ પણ અરબ સહાય મેળવવા પ્રયાસો આદરી દીધા હતા, છતાં મક્કાના શરીફે અકાબામાં ઊતરેલા બ્રિટિશ સૈન્ય પ્રત્યે ઉપેક્ષા જ બતાવી હતી. જ્યારે તુર્કો તો રાબેગને રસ્તે આગળ વધી રહ્યા હતા.

અરબોમાં એ વખતે ત્રણ પક્ષો હતા. એક અલીના હાથ નીચે, બીજો અબ્દુલ્લાના હાથ નીચે, અને ત્રીજો ફૈઝલના હાથ નીચે. જેમ જેમ પરિસ્થિતિ ગંભીર બનતી ગઈ તેમ તેમ લૉરેન્સની યોજનાનું મૂલ્ય સમજાતું ગયું. ફ્રેન્ચોએ પણ અરબોની કદમબોસી કરવા માંડી અને બ્રિટન તરફથી પણ લૉરેન્સ અને સ્ટોર્સે જિદ્દામાં અબ્દુલ્લાની મુલાકાત લીધી. ત્યાંથી લૉરેન્સ રાબેગ જઈ અલીને મળ્યો અને ત્યાંથી અરબ આબો ને મિશર પહેરી રાતોરાત ઊંટ ઉપર જઈ બીજે દિવસે હામરા પહોંચી ફૈઝલને મળ્યો.

પરંતુ હજુ સુધી બધી વાતો જ ચાલતી હતી. ફખ્રી પાશા મદીનાથી આગળ વધી રહ્યો હતો. જ્યારે આ બાજુ હજુ પ્રતિકારની કશી તૈયારી ન હતી. હજુ યે અરબોમાં કેટલાક તુર્કોનું સમર્થન કરી રહ્યા હતા અને એમનામાં વહેંચાએલી હજારો રાઈફલો અદૃશ્ય થઈ ગઈ હતી—મોટે ભાગે તુર્કોને વેચાઈ ગઈ હતી. મૅકમૅહન પછી ઈજીપ્તના હાઈ કમિશનર તરીકે આવેલા વિનગેટે મક્કાના શેરીફને ગમે તે એક માર્ગ પસંદ કરી લેવાનું આખરનામું મોકલ્યું, છતાં એણે કશો જ સ્પષ્ટ ઉત્તર ન આપ્યો.

નેપોલિયને કહ્યું છે, "યુદ્ધમાં 'માણસો'નું નહિ પણ 'માણસ' નું જ સાચું મહત્ત્વ છે," અને તે યથાર્થ છે. લૉરેન્સે

પાણી માફક સોનું વહેવડાવી માણસો સાધ્યા અને ફૈઝલને સાથે લઈ લાલ સમુદ્રને કિનારે વેજ તરફ કૂચ શરૂ કરી. જ્યાં ત્યાં તુર્કી સામે અસંતોષ સળગાવી આગળ વધ્યે જતા એ અંગ્રેજ મહત્ત્વાકાંક્ષીને પોતાની જાતમાં એટલી શ્રદ્ધા હતી કે બ્રિટિશ બ્રિગેડની મદદ સુદ્ધાં તેણે ન માગી. બીમાંએ એમાં લૉરેન્સની અંગત મહત્તાનું પ્રકટીકરણ જોયું, અને એક રીતે તે સાચું યે હતું, કારણ લૉરેન્સને અરબો બ્રિટિશોના હાથમાં યે જવા દેવા નહોતા ને ફ્રેંન્ચોના હાથમાં યે નહિ.

૫૧૦૦ ઊંટસવારો ને ૫૩૦૦ પાયદળના સૈન્ય સાથે ભૂખ અને તરસનો ત્રાસ સહન કરતો એ રેતાળ મુલકમાં જેમ જેમ તે આગળ વધતો ગયો તેમ તેમ જુદા જુદા કબીલાની મદદ એને મળતી જ રહી. તુર્કીએ હેજાઝમાંનું પોતાનું લશ્કર પાછું બોલાવા લીધું. એવામાં કાઈરોમાં વાયરલેસથી જમાલ પાશાનો સંદેશો પકડાઈ ગયો, જેમાં મદીનામાં રોકાએલું લશ્કર પાલેસ્ટાઈન બોલાવી લેવાનું લખ્યું હતું. લૉરેન્સ પર આ બાતમી મોકલવામાં આવતાં ફૈઝલને રેલવે લાઈન ઉડાડી મૂકવા રાખી એ તરત અબ્દુલ્લાની મદદમાં મદીના ઊપડ્યો. એ વખતે એને સખત મરડો થયો હોઈ, રસ્તામાં બે વખત તો બેભાન થઈ ગયો હતો. અબ્દુલ્લાને સંદેશો આપતાં જ તે પડી ગયો. દસ દિવસની સારવાર પછી તબિયત કંઈક સુધરી.

મદીના જીતવા કરતાં તેને જોડતી રેલવે ઉડાડી દેવાનું લૉરેન્સને વધુ મહત્ત્વનું લાગ્યું ને થોડાક માણસો સાથે લઈ મદીનાથી આવતી ટ્રેનને મદારીઝ પાસે ઉડાવી દેવા તે નીકળ્યો. પણ ટ્રેન ઉડાવી ન શકાઈ. લૉરેન્સ એથી ઉલટો વધુ ખુશ થયો, કારણ પાછળથી એને ખબર પડી કે એમાં મદીના છોડી જતાં સ્ત્રીઓ અને બાળકો જ હતાં. ત્યાંથી દમાસ્કસ જઈ તુર્કી વિરુદ્ધના બળવાખોરોને એ મળ્યો. પરંતુ એના આગમનની ખબર પડી ગઈ અને એના માથા સાટે મોંઘી કીંમતના પોસ્ટરો દમાસ્કસમાં ચોડાયાં. લૉરેન્સ ત્યાંથી રાતોરાત

નાસી છૂટયો અને મહિના દિવસમાં તો અકાબા જીતી લીધું. બ્રિટિશ સામ્રાજ્યની ગરદન જેવી સુએઝની નહેર પર પડનારા કાપનો ભય આથી નાબૂદ થયો ને તુર્કોની પીઠમાંનું અરબ બંડનું ધારું વધું વણસતું ગયું.

આ અકાબાને તુર્કોથી કેમ છોડાવવું ને ખાલી પેટે કેમ ટકી રહેવું એ જનરલ ઍલેન્બીને સવાલ થઈ પડ્યો હતો ત્યારે લૉરેન્સે એ પાર પાડી આપ્યું. સીનાઈ પર્વતના સીધા ચઢાણ ચઢતાં માણસો ને ઊંટો થથરી ઊઠતા હતા ને સુએઝના અખાતમાંથી આવતા પવનના ઠંડા સપાટા ઠારી દેતા હતા, છતાં લૉરેન્સે નિર્ભીકપણે ઝંપલાવી દીધું. પછી તો બીરશબા જીત્યું અને તુર્કોને જેરિકોથી દૂર હટાવી મૃત સરોવરની ઉત્તરે આવેલો જોર્ડન ખીણનો બધો પ્રદેશ સુરક્ષિત બનાવ્યો. તુર્કો એનાથી હવે ભૂતની જેમ બીવા લાગ્યા. તેમાંયે જમાલ પાશાની ટ્રેન લૉરેન્સે ઉડાવી ત્યારથી તેના માથાની કીમત અનેકગણી વધી ગઈ હતી.

ત્યાંથી જુદાં જુદાં થાણાં સર કરતો જઈ તે દમાસ્કસની દક્ષિણે દસ માઈલ લગી આવી પહોંચ્યો. એની લશ્કરી કુનેહ તો ત્યાં જણાઈ આવે છે કે સર આર્ચિબાલ્ડ મરેએ ગાઝા પર હલ્લો કરી ૩૦૦૦ માણસોના ભોગે ૧૭૦૦ તુર્કોને મારી હઠાવેલા, ત્યારે લૉરેન્સે અકાબામાં ફક્ત ૨ જ માણસોના ભોગે ૧૨૦૦ તુર્કોને મારી હઠાવેલા દરાનું રેલવે જંકશન એણે એકલાએ હિંમતપૂર્વક ઉડાડી દીધેલું અને ઍલેનબીને તુર્કો સામેના મોરચાની સઘળી ભૂમિકા પણ એણે જ તૈયાર કરી આપેલી. ઍલેનબી પણ એની પ્રતિભા પર મુગ્ધ થયો હતો ને એને નાણાંની, સરંજામની, વગેરે જે મદદ જોઈએ તે છૂટથી મોકલાવી આપતો હતો.

કોઈ પાશ્ચાત્યે વ્યક્તિગત રીતે પૂર્વમાં કદિ ન જમાવેલી હોય એવી સત્તા લૉરેન્સે આ રીતે જમાવી હતી. એનું કારણ એક જ

હતું: અરબોમાં એણે મૂકેલો વિશ્વાસ, અને એવા જ વિશ્વાસનું એણે સામું કરેલું સંપાદન. શિસ્તના ભાન વિનાની એ ચુસ્ત વ્યક્તિવાદી પ્રજાને પ્રતીતિ થઈ ગઈ હતી કે લૉરેન્સ એમને માટે પ્રમાણિક પ્રયાસો કરી રહ્યો હતો. ગોરી ચામડીનું ગુમાન રેગિસ્તાનની એ ઓલાદ વચ્ચે એણે ઓગાળી નાખ્યું હતું. આમ રંગદ્વેષની દીવાલ નાબૂદ કરી, પ્રેમ અને સેવાભાવથી લૉરેન્સ અરબોના દિલમાં સમાઈ ગયો હતો.

એની લડતની રીત પણ અનોખી હતી. લાવલશ્કર સાથે મોરચો જમાવવા કરતાં તુર્કોના મોરચા પાછળ છાપા મારી મારીને મુખ્ય હૂમલો કયી દિશાએથી આવશે એના નિર્ણયમાં એ તેમને અચોક્કસ બનાવી દેતો. ફૈઝલ ઘણીવાર એની નીતિ સમજવામાં નિષ્ફળ નીવડતો ને સુલેહ કરવા તત્પર થઈ જતો, પણ લૉરેન્સ એક અરબ કરતાં પણ વધુ લાગણીથી એને સમજાવતો. અરબ પ્રજાની આઝાદી એ એકમાત્ર તેનું ધ્યેય હતું. તુર્કોએ એના મસ્તક માટે ઇનામ કાઢેલું, પરંતુ રણના એ મશાલચીનું મસ્તક તો સદા અરબોનું જ ભાગીદાર રહ્યું.

એ આગળ વધતો જ ગયો. દમાસ્કસ પહોંચતાં ત્યાં લાલ ભડકા દેખાયા. એ સળગતું હતું. ખાલી કરી જતા જર્મનોનું એ પરાક્રમ હતું. સૂરજ ઊગતાં તો સુબ્હોશામ શમ્સોકમરની રોશનીમાં ઝગમગી ઊઠતા દુનિયાના એ પ્રાચીનતમ નગરમાં એ પ્રવેશ્યો, ને હરમોમાંથી તેના પર ગુલોનો વરસાદ વરસવા લાગ્યો. એલેનબી આવી પહોંચતાં સુધી તેણે એ કબજે રાખ્યું. ભૂખે મરતા લોકોને તુર્કીના કોઠારોથી તૃપ્ત કર્યા. પછી તાર ને રેલવે પાછાં શરૂ થયાં. નવી ચલણી નોટો છાપવામાં આવી, અને લૉરેન્સે ફૈઝલ વતી શુક્રીને સીરિયાનો "ઍક્ટિંગ મિલિટરી ગવર્નર" જાહેર કર્યો.

ત્યાંથી આગળ વધતાં ૨૦૦ માઈલ પરનું અલેપ્પો જિતાયું અને

પછી મુસ્લીમિયા સ્ટેશન જીતી બગદાદ અને સીરિયન રેલવે પર કબજો મેળવી તુર્ક લશ્કરને અટૂલું કરી નાખવામાં આવ્યું. એ પછી બે જ દિવસ રહી તુર્કીએ યુદ્ધ આટોપી લીધું, અને ૧૧ દિવસ રહીને જર્મનીએ પણ શસ્ત્રો હેઠે મૂક્યાં.

તુર્કીને પહેલેથી છેવટ સુધી પરાજય તરફ હડસેલતી ગએલી લૉરેન્સની આ કામગીરી આકસ્મિક નહોતી, તેમ ઉતાવળી યે નહોતી. એ કામગીરી સાદ્યંત પાર ઉતારતાં તેને પૂરાં સાત વરસ લાગેલાં. ઘણી વખત તો મોંમાં કોળિયો નાખી ન શકાય એવી રણની લૂખી ઝાળો વચ્ચે તેને રહેવાનું થતું. મરડાથી પીડાવા ને બેભાન થઈ જવા છતાં ઊંટની પીઠ પર એક છાવણીથી બીજી છાવણીએ દોડાદોડ કરવામાં તેને ઉઠાવવો પડેલો શ્રમ તો આપમેળે સમજાય તેમ છે. એની એ કામગીરીને લઈને તો એ 'મક્કાના શાહજાદા'નું બિરદ અને 'કર્નલ લૉરેન્સ ઑવ અરેબિયા' તરીકે જગતકીર્તિ પામ્યો.

આવી અપ્રતિમ કામગીરી પૂર્ણપણે અહીં નિરૂપવી અશક્ય હોઈ, લૉરેન્સના જીવનમાં રસ ધરાવનારાઓએ એના લખેલા 'Seven Pillars of Wisdom' ઉપરાંત કૅપ્ટન લિડેલ હાર્ટના 'The Ghost of Napoleon' અને 'T. E. Lawrence in Arabia and After' એ બે પુસ્તકો તથા એ જ કૅપ્ટન લિડેલ હાર્ટે રૉબર્ટ ગ્રેવ્ઝની સાથે લખેલું 'T. E. Lawrence to his Biographers' પુસ્તકો ખાસ વાંચી જવાં. જો કે લિડેલ હાર્ટે તેના પર બીજું પુસ્તક લખવાનો પોતાનો ઇરાદો લખી મોકલતાં આઝાદીના આ નિઃસ્પૃહ આશકે તો કહેલું, 'Cape is foolish to go on exploiting my vein. The public will vomit when it feels the surfeit come.'

છતાં આજે તો રણના એ વેરાગી ઉપર જે કંઈ લખાય છે તે અક્ષરેઅક્ષર વાંચવા જનતા ઉત્કંઠ રહે છે.

મહાયુદ્ધ થાળે પડ્યું. મિત્રરાષ્ટ્રો જીત્યા ને તુર્ક શહેનશાહત ઉથલી પડી. તાતાર જ્યોતિર્ધર કમાલ પાશાએ ક્રાંતિનો ઝંડો હાથ ધરી, સડેલાં અંગોસમાં અરબ પ્રદેશો તુર્કીથી છેદી નાખ્યા ને તેની નવરચનાનો પાયો નાખ્યો. આ છેદાઈ ગએલાં રાષ્ટ્રોનું આખું અરબ સમવાયતંત્ર ઊભું કરવાની સંભાવના ઊભી થઇ.

લૉરેન્સનો અજ્ઞાતવાસો હવે જગતને ઉઘાડો બની ગયો હતો. એની કામગીરી પર પ્રશંસાની ઝડી પર ઝડી વરસતી હતી, અને એટલે જ પારીસમાં જગતની પુનર્રચનાના દાવા સાથે એકઠા મળેલ ખેલાડીઓ સમક્ષ ૧૯૧૯ માં ફૈઝલને લઈને લૉરેન્સ ઉપડ્યો ત્યારે અરબ પ્રજા પ્રત્યે હમદર્દી ધરાવતા સત્રળાની આશાની મીટ તેના પર કેન્દ્રિત બની હતી. જગત આખાને ત્યારે ઇતબાર આપવામાં આવતો હતો કે મિત્રરાષ્ટ્રોના આ પ્રતિનિધિ ચાણાકયો દુનિયામાંથી યુદ્ધને હમેશને માટે હાંકી કાઢી સંપૂર્ણ માનવભાવ વિકસાવશે.

પરંતુ મિત્રરાષ્ટ્રોના ચાવવાના દાંત તો હવે જ ધીમે ધીમે ચમકવા માંડ્યા. પાલેસ્ટાઇન ઉપર અંગ્રેજોની આંખ હતી, સીરિયા ઉપર ફ્રેન્ચોની. અને રખે સીરિયા પચાવતાં કંઈ હરકત ઊભી થાય એ બીકે સુલેહની વાટાઘાટ ચલાવવા બેઠેલા ફ્રાન્સે પહેલેથી જ વીસહજાર સૈનિકોને સીરિયામાં ઉતારી દીધા.

લૉરેન્સ ફૈઝલને પ્રથમ લંડન લઈ ગયો. એણે અરબ વેશ જ પરિધાન કરેલો હતો. ફૈઝલને બકિંગહામ પેલેસ તરફ લઈ જતી વખતે એ માટે તેને સવાલ પણ થએલો કે, 'તાજના પ્રજાજન અને અફસર હોવા છતાં તમે આ વિદેશી પોશાક કેમ પહેર્યો છે?' લૉરેન્સે જવાબ આપેલો, 'એક માણસને જ્યારે બે માલિકોની સેવા બજાવવાની હોય છે ને તેમાંના એકનો તો કોપ જ વહોરવાનો હોય છે, ત્યારે સારામાં સારૂં એ છે કે વધુ શક્તિશાળીનો કોપ વહોરવો. હું અમીર ફૈઝલના દુભાષિયા તરીકે અહીં આવ્યો છું, ને તેનો પોશાક આ છે.'

ફૈઝલને ઈંગ્લાંડ દેખાડી લૉરેન્સ તેને સુલેહ પરિષદમાં લઈ ગયો. ફ્રાન્સમાં એ વખતે મગરૂર મુત્સદ્દી કલેમેનશૉનું શાસન હતું. એણે પહેલેથી ફૈઝલ પ્રત્યે અણગમો બતાવવા માંડ્યો. લૉરેન્સની વાત કોઈએ ન્યાય્ય માની હોય તો તે લૉઈડ જ્યોર્જે, અને લૉરેન્સના કહેવા પ્રમાણે, સુલેહ પરિષદમાં એ જ એક એવો આદમી હતો જે પોતાના દેશની ઈચ્છાનુસાર નહિ પણ સત્યની રીતે વર્તવા તૈયાર હતો. લૉઈડ જ્યોર્જને તેણે અરબ પ્રશ્ન સમજાવીને બેસી ન રહેતાં તેનો ઉકેલ પણ બતાવ્યો. પરંતુ સુલેહ પરિષદને ન્યાયની કશી પડી નહોતી. એને તો યુદ્ધાંતે નધણીઆતા બનેલા મુલ્કોની લુંટના ભાગલા જ વહેંચવાના હતા.

પરંતુ ઈ. ૧૯૨૦ માં દમાસ્કસમાં મળેલી અરબ કૉંગ્રેસના નિર્ણય પ્રમાણે ફૈઝલે પોતાને સીરિયાનો રાજા જાહેર કરી દીધો અને અબ્દુલ્લાએ પોતાને ઈરાકનો. આ ખબર પડતાં જ લૉર્ડ કર્ઝને તેમને સાન રેમો કૉન્ફરન્સમાં બોલાવ્યા ને છેલ્લો નિર્ણય સંભળાવી દીધો કે, સીરિયા પર ફ્રેન્ચોનું શાસન રહેશે, અને મેસોપોટેમિયા તથા પાલેસ્ટાઈન પર બ્રિટિશોનું. એ વર્ષના માર્ચમાં ફૈઝલે રાજાપદ સ્વીકારેલું અન જુલાઈમાં તો તેને તેનો ત્યાગ કરવો પડ્યો.

ફૈઝલને થએલો આ અપકાર લૉરેન્સ માટે છેલ્લા કટોરા સમો હતો. ફ્રેન્ચોએ તેને દમાસ્કસમાંથી કાઢી મૂક્યો ત્યારે લૉરેન્સે એક કૂતરાને ફ્રેન્ચ માનચાંદ લટકાવી ઑક્સફર્ડની શેરીઓમાં ફેરવ્યો. ફૈઝલને થએલો અન્યાય લૉરેન્સનો સઘળો ભૂતકાળ અપ્રમાણિક ઠરાવતો હતો. જે પ્રજાની સાથે ખભેખભા મેળવી 'એકાત્મતાથી એ લડેલો' એ પ્રજાને પણ તેની સઘળી સિદ્ધિઓ દ્રોહમાં ખપતી લાગી. આ વ્યથા રાતદિન તેનું દિલ કોરવા લાગી.

એવામાં વિન્સ્ટન ચર્ચિલ બ્રિટનના પરદેશખાતાનો સુકાની બન્યો. લૉરેન્સનું મહત્ત્વ એ પૂરેપૂરું જાણતો હોઈ તેને પરદેશખાતામાં

લઈ લીધો. લૉરેન્સની અફળ ગએલી પ્રમાણિકતા પ્રત્યે એ દિલસોઝ બન્યો. સીરિયા ફ્રેન્ચોને અને પાલેસ્ટાઈન તો બ્રિટનને હાથ ગએલાં જ હતાં, પણ હજુ મેસોપોટેમીઆ અને ટ્રાન્સજોર્ડન બાકી હતાં. ફ્રેન્ચોએ ફગાવી દીધેલા ફૈઝલને લૉરેન્સે મેસોપોટેમિઆ અપાવ્યું, જ્યારે અબ્દુલ્લાને ટ્રાન્સ-જોર્ડન. અને આ રીતે પોતાના ભગ્ન આદર્શનો તેણે જીર્ણોદ્ધાર કર્યો.

સંસ્થાનોને લગતા ખાતાના સલાહકાર તરીકેના પોતાના હોદ્દાનું રાજીનામું છેલ્લા મહિનાનો પગાર લીધા વિના જ આપી દઈ, પોતાની નિર્વ્યાજ સેવા પર લાગેલા કલંકથી જલતા લૉરેન્સે પોતાના તપોભંગના પ્રાયશ્ચિત્તરૂપે જાહેરજીવનમાંથી પોતાની જાતને ખેંચી લીધી. પ્રમાણિકપણે પોતાનું ગુજરાન શક્ય બનાવવા એણે સાહિત્યની દુનિયા તરફ નજર માંડી અને કેટલાંક સામયિકોમાં નનામા લેખો મોકલ્યા, પણ સઘળા જ પાછા આવ્યા. આ જ કાળ એની મુફલિસીની પરિસીમાસમો હતો. એનાં કપડાં સુદ્ધાં ફાટી જઈ તે ચીથરેહાલ બન્યો હતો. અરબોના એક વખતના એ બેતાજ બાદશાહને, મક્કાના શાહજાદાને, એક ટંક ભોજન મેળવવાના પણ સાંસા હતા; અને એક વખતના ભોજન માટે ઘણીવાર પોતાને જમવા તેડી જાય એવો કોઈ મિત્ર મળી જવાની આશાએ ડ્યૂક ઑવ યૉર્કના દરવાજા આગળ તે એક મિસ્કીન મિશાલ ઊભો રહેતો.

આ ગેરઇન્સાફ ને મુફલિસીથી હિજરાતા લૉરેન્સે પોતાના જીવનસર્વસ્વસમી અરબ આઝાદીની લડતની કથાને અંતે શાહીમાં રેલાવવાનું નક્કી કર્યું. એ વીરના વીરોચિત કાર્યનું એ અમર સ્મારક તે 'Seven Pillars of Wisdom.' જગતનાં અમર પુસ્તકોમાંની એ એક કૃતિ ગણાય છે, અને તેનું નિર્માણ કરવાની, હૉગાર્થના

કહેવા મુજબ, લૉરેન્સની ઇતિહાસ પ્રત્યેની ફરજ જ હતી. બે વખત તો એ ખોવાતી બચી હતી. અને એમાંથી કમાવાની દાનત લૉરેન્સે પહેલેથી જ નહોતી રાખી. એ પોતે લૉરેન્સ જ મટી ગયો હતો ને ! પુસ્તક ઉપર લેખક તરીકે પોતાનું નામ પણ એણે નહોતું મૂક્યું. એની આવક બધી એણે એક ટ્રસ્ટને સોંપી દીધેલી. એનું બીજું પુસ્તક 'Revolt of the Desert' તેના આ મહાગ્રંથનો જ તારવેલો સારાંશ છે.

અને લૉરેન્સ મટી જઇને, કુમાર વયથી જ પોતાને જેનો શૉખ હતો, એ વિમાની ખાતામાં જે. એચ. રૉસના બનાવટી નામે જોડાવા તે અકસબ્રિજ આર. એ. એફ. સ્ટેશન પર પહોંચ્યો.

'આ પહેલાં તમે શું કરતા હતા ?' તેને સવાલ થયો,

'એક સ્થપતિને ત્યાં હતો, સાહેબ', તેણે જવાબ આપ્યો.

'તો આ ખાતામાં કેમ જોડાઓ છો ?'

'દેશને કંઇક વધુ ઉપયોગી થઇ પડવા.'

એને વિમાન ખાતામાં લઈ લેવામાં આવ્યો. પણ ત્યાં એને ઓળખાઇ જતાં વાર ન લાગી. એને દાખલ કરતી વખતે અકડાઈ બતાવનાર સાર્જન્ટ મેજરે પણ પછી એની માફી માગી. પરંતુ એ શિષ્ટાચારથી લૉરેન્સ પર હતો. એ પૅસેજ સુદ્ધાં સાફ કરવા મંડી પડતો. એક દિવસ એમ કરતાં એક સાર્જન્ટ મેજરની નજરે તે પડ્યો ને તેને તેમ કરતો અટકાવી બીજા કોઇ પાસે એ કરવવાનું તેણે કહ્યું. 'શું મને એ માટે નાલાયક ગણો છો ?' લૉરેન્સે સામો પ્રશ્ન કર્યો ને પાછો પોતાના કામમાં મંડી પડ્યો.

પણ આજનું ધમાલિયું જીવન જિંદગીમાંથી શાંતિ ને નિરાંતનું જે અપહરણ કરતું જાય છે તેણે લૉરેન્સને પણ પોતાના સકંજામાં લીધો. જે. એચ. રૉસનો ભેદ એક છાપાગરો પામી ગયો ને તેણે

એ વાત જગજાહેર કરી. એ જાહેરાત માટે એને ત્રીસ પૌન્ડ મળ્યા પણ લૉરેન્સની શાંતિ એણે હરી લીધી. હવાઈ ખાતા સાથેના તેના જોડાણ સંબંધે એટલી અફવાઓ ફેલાવા લાગી કે એરક્રાફ્ટમેન સેકન્ડ કલાસ જે. એચ. રૉસને પોતાના કામને અંગે નહિ પણ પોતાના નામને અંગે નામરજીએ છૂટા થવું પડ્યું.

પાછું ટી. ઈ. શૉનું નવું નામ અપનાવી ૧૯૨૩ ના માર્ચમાં ડોર્સેટ મુકામે બોર્વિંગટન કૅમ્પમાં એ ટૅન્ક કૉર્પ્સમાં દાખલ થવા પહોંચ્યો. ત્યાં નિશાળમાં લેવાય છે એવી તેની પરીક્ષા લેવાઈ— 'બોવિંગટન કૅમ્પે તેના પર પાડેલી છાપ' ઉપર નિબંધ લખવાની.

એણે ઍસેક્સથી પોતાનો નિવાસ બદલાવી ડોર્સેટમાં રાખ્યો. ત્યાં મિ. નોલ્સ નામના શખ્સની કેટલીક જમીન હતી ને તે પર એક બિસ્માર ઝુંપડી આવેલી હતી. લૉરેન્સે જમીન સાથે એ ઝુંપડી ખરીદી લીધી ને કલાઉડ્ઝ હિલ નામે પ્રખ્યાત થએલો તેનો નિવાસ ત્યાં બાંધ્યો. એ બંધાવવા પૂરતાં નાણાંની જોગવાઈ અર્થે મક્કાના શાહજાદાએ મિત્રદાવે તેને ભેટ આપેલું સોનાનું ખંજર તેને વેચી દેવું પડ્યું.

એનો શૉખ તો વિમાની ખાતાનો જ હતો, છતાં તે ટૅન્ક કૉર્પ્સમાં જોડાયો. એને એક અફસર તરીકે વિમાની ખાતામાં લેવા સરકાર તૈયાર હતી, પણ અફસરપદથી જ એ ઊબકી ગયો હતો. એને અફસર થવું હોત તો ક્યારનોય થઈ ગયો હોત, ને 'પ્રાઈવેટ' ને બદલે 'હિઝ એક્સેલેન્સી' બની ગયો હોત. પણ મિસરના હાઈ કમિશનરનો કે હિંદના વાઈસરૉય સરખા ઓદ્ધાનો અસ્વીકાર કરનાર પાસે એવી આશા રાખી જ શી રીતે શકાય?

ડૉર્સેટમાં લૉરેન્સને આનંદ આપી શકે તેવું કંઈ હોય તો ત્યાંનું પ્રકૃતિસૌન્દર્ય તથા ટૉમસ હાર્ડી સાથેની મુલાકાતો. એ છતાં સંસ્મરણોની ભૂતાવળ એના મગજ પર કાબૂ જમાવી દેતી ત્યારે તેમાંથી છટકવાનું

સ્વોપાર્જિત સાધન પણ એણે ઊભું કર્યું હતું, અને તે મોટર સાઈકલ પર પૂર ઝડપે દોટ મૂકી દેવાનું. ઝડપનો એણે કેળવેલો શોખ પશ્ચાદ્‌જીવનમાં એનો કીમિયો થઈ પડ્યો, કારણ એણે લખ્યું છે તેમ, 'In speed we hurl ourselves beyond the body.'

અફઘાનિસ્તાનની અંધારી દુનિયામાં અમીર અમાનુલ્લાહ જ્યારે નવી રોશની ફેલાવવા મથી રહ્યો હતો, અને તેનું વલણ સામ્યવાદી રશિયા પ્રત્યે સાનુકંપ બનતું જતું હતું એ અરસામાં ૧૯૨૬ ના ડીસેમ્બરમાં લૉરેન્સને હિંદુસ્તાન મોકલવામાં આવ્યો. એ કરાંચી ઊતર્યો ત્યારથી જ તેની હીલચાલ પર નિયંત્રણ મૂકવામાં આવ્યું અને એને બરાકોમાં જ પૂરાઈ રહેવું પડ્યું, કારણ હિંદી સરકારને તેનામાં વિશ્વાસ ન હતો. અઢાર મહિના આ રીતે વીતાવી તે પેશાવર ઉપડ્યો અને ત્યાં એક અઠવાડિયું ગાળી, સરહદ પરના એકલવાયા કિલ્લા મીરાંશાહ તે ગયો. અફઘાનિસ્તાનના એ પછીના કરુણાંત નાટકમાં લૉરેન્સે શો ભાગ ભજવ્યો એ તો ઇતિહાસ બોલે ત્યારે ખરૂં, પણ સરહદ પરની તેની હાજરીની બીના અમેરિકન પત્રોમાં પ્રસિદ્ધ થઈ ગઈ ને અફઘાન સરકારે તેને પકડવાનો અગર જ્યાં દેખાય ત્યાં ઠાર કરવાનો હુકમ બહાર પાડ્યો. આથી કાબૂલના બ્રિટિશ પ્રધાન સર ફ્રાન્સીસ હમ્ફ્રીઝના વિરોધ છતાં ૧૯૨૯ માં લૉરેન્સ કરાંચી વળી આવ્યો ને તાબડતોબ સ્ટીમર 'રજપુતાના'માં ઈંગ્લેન્ડ ઉપડી ગયો. પોતાને નામે ચડેલાં આળોથી તે માહિત હતો. એટલે ત્યાં જઈને સૌ પહેલી એ પોતે સરહદ પર જાસૂસી કરવા નહોતો ગયો તેની ખાતરી ત્યાંની 'ઈન્ડીપેન્ડન્ટ લેબર પાર્ટી'ને કરાવી આપી.

મિત્રોની લાગવગથી ફરી પાછો વિમાની ખાતામાં એને પ્રવેશ મળ્યો, પણ એ શરતે કે: તેણે સામાન્ય વિમાની તરીકે રહેવું; વિમાનમાં એકલા ન ઊડવું; ઈંગ્લેંડ કદી ન છોડવું; કોઈ મોટા

માણસની મુલાકાત ન લેવી; વગેરે. ને એ બધી શરતો એણે સ્વીકારી, કારણ મોટાઈની પોકળતાથી તે ત્રાસી ગયો હતો. એક અમેરિકન પેઢી તરફથી ' ઓડીસી 'નું ભાષાંતર કરવાનું એણે સ્વીકાર્યું, જેમાં પ્રવૃત્ત રહેતાં પોતાના પૂર્વજીવનની તમામ સ્મૃતિઓ દફનાઈ જવાની એને આશા હતી.

આજે જ્યાં આર. એ. એફ. કૅડેટ કૉલેજનું ભવ્ય મકાન ઊભું છે, ત્યાં લિંકનશાયરમાં ક્રેનવેલ મુકામે લૉરેન્સ ફરી વિમાની ખાતામાં દાખલ થયો. એના પર લાદવામાં આવેલી કડક શરતોને લઈને, મોટર સાઈકલ પર ઝડપના વધુ ને વધુ અખતરા કરતા જવાનો એકમાત્ર આનંદ તેને રહ્યો હતો.

ત્યાં એક વખત એક મોટર તેણે રસ્તામાં અટકી પડેલી જોઈ. એને ચાલતી કરવા મદદ કરવા જતાં તેનો જમણો હાથ ભાંગ્યો. કંઈ જ બન્યું ન હોય એ રીતે સ્વસ્થ રહી તેણે ડાબા હાથે જોર અજમાવી મોટર ચાલુ કરી આપી ને મોટરિસ્ટને એકે શબ્દ કહ્યા વિના પોતાને રસ્તે પડ્યો. પોતાના દેહ પર આવો સંકલ્પશક્તિનો વિજય કેળવતાં તો તે નાનપણથી જ શીખ્યો હતો.

ઝડપના આ અખતરાઓએ જ જગતથી વિરક્ત બનેલા આ મહાનુભાવને જીવનથી વિરક્ત બનાવ્યો. પૂર ઝડપે જતી એની મોટર સાઈકલ સામે આવી ગએલા એક બાળકને તરી નીકળી જવાનો પ્રયાસ કરતાં એણે કાબૂ ખોયો ને મોટર સાઈકલ પરથી ઊડી પડ્યો. જે ખોપરી પર લાખોનાં દામ ન્યોચ્છાવર થતાં એ ખોપરી તૂટી ગઈ અને ૧૪૨ કલાકની બેશુદ્ધિ પછી ૧૯૩૫ ના મે માસની ૧૯ મી તારીખે તેના જીવનનાટક પર છેવટનો પડદો પડી ગયો. એ નિર્વ્યાજ સેવાભાવી પોતાનું મૃત્યુ પણ એવું જ નિર્વ્યાજ માગતો ગયો હતો કે, ' મારી સ્મશાનયાત્રામાં મારા અંગત મિત્રો સિવાય બીજા

કોઈએ ભાગ ન લેવો અને મારી કબર પર કોઈએ ફૂલ ન વેરવાં.'

આજે તો કર્નલ ટી. ઈ. લૉરેન્સનું જીવન એક દંતકથાસમું બની ગયું છે. પણ જે જોમ ને આરઝૂથી બ્રિટિશ સલ્તનતને સ્વાતંત્ર્યના એ કલ્પદ્રષ્ટાએ પોતાની સેવા સમર્પી, અને એ બધું જ પોતાની સગી આંખે અફળ જતું નિહાળી રહી પોતાના આદર્શના જે ભૂક્કા એણે ઊડતા જોયા અને જીરવ્યા, એણે એનું આખું જીવન એક કરુણ પ્રશસ્તિસમું બનાવી દીધું હતું. સંગદિલ રાજદ્વારીઓએ હીણેલા એના એ જાજ્વલ્યમાન પૂર્વજીવનનાં સંસ્મરણોએ એ હમેશ માટે સીઝાતો રહ્યો. આદર્શના ખંડિયેરના એ ફકીરની પ્રમાણિક નિષ્ઠા અને નિઃસ્પૃહ સેવા પ્રત્યે આપણે માનની નજરે ન જોઈ શકીએ તો તે આપણાં જ કમભાગ્ય ગણાવાં જોઈએ.

એ જીવ્યો એ જાજ્વલ્યમાન કારકિર્દીની ભવ્યતા, અલબત્ત, તે પોતાના 'Seven Pillars of Wisdom' માં સમાવતો ગયો છે. જો કે ઘણાકોએ તો એમાં પણ એની આત્મપ્રશંસા ઊતરવાનો ભય સેવેલો, પણ એવું કશું બનવા નથી પામ્યું. પોતાને ગૌણ સાધનપદ આપી સાધ્યનું જ એમાં એણે મહત્ત્વ નિરૂપ્યું છે. એ પોતે કુલ નવ વખત જખમાએલો, છતાં એમાં બે કે ત્રણ વાર જ ઉલ્લેખ આવે છે.

પરંતુ કોટના કાણાં વિનાના રહેલા એક જ ગજવામાં માત્ર એક શિલિંગ ને ત્રણ પેન્સની મૂડી સાથે, ફાટેલા પાટલૂન ને તૂટેલા જોડા સાથે ભૂખી હાલતે રઝળતા લૉરેન્સે જીવનના જે અંધારા પાસા સાથે સખ્ય સાધ્યું એનું લોકોત્તર બયાન તો એ પોતાના 'Mint' નામના આત્મવૃત્તાંતના પુસ્તકમાં કરતો ગયો છે. જીવનના એ નાસીપાસ ગાળાની :સઘળી કડવીમીઠીઓ એ પુસ્તકમાં સાદ્યંત ઉતારી છે.

પરંતુ એ પુસ્તક વાંચવા આખી દુનિયામાં માત્ર ૭ જ જણુ ભાગ્યશાળી થયા છે. કારણુ, લૉરેન્સ પોતાના છેલ્લા વસિયતનામામાં આજ્ઞા કરતો ગયો છે કે ઈ. સ. ૧૯૫૦ પહેલાં જાહેર જનતા માટે એ પ્રસિદ્ધિમાં ન મૂકવું, પ્રસિદ્ધકર્તાનો કૉપીરાઇટ સાબૂત રાખવા માટે અમેરિકામાં એ પુસ્તકની માત્ર ૧૨ જ નકલો છાપવામાં આવી હતી. તેમાંની બે નકલો, ત્યાંના કાયદા પ્રમાણે અમેરિકન કૉંગ્રેસની પુસ્તકશાળામાં રાખી લેવામાં આવી છે. બાકીની દરેક પ્રતની વેચાણુ કીંમત એક લાખ પૌન્ડ રાખવામાં આવી છે. બર્નાર્ડ શૉએ' મિન્ટ 'ની હસ્તલિખિત પ્રત વાંચી ભલામણુ કરી છે કે, 'તેને નાશ પામતી બચાવવી જોઈએ.'

ગોરાઓની જન્મજાત તુમાખીને લૉરેન્સ કેટલી બધી ધિક્કારતો હતો, એ તો કરાંચીથી એક મિત્રને તેણે લખેલા પત્રમાંનો આ ફકરો વાંચતાં સમજાય છે: 'Believe me, I am ashamed of my race here. They deserve to lose ground in the world for their frivolous ineptitude.'

સૈનિક અને રાજનીતિજ્ઞ, સાધુ અને ફિલસૂફ લૉરેન્સ સફળ સાહિત્યકાર તેમ સફળ કવિ પણુ થઈ શકત. તેની પ્રતિભા કવિની હતી અને કવિતા પાછળ એ થોડુંક મથેલો પણુ ખરો, પરંતુ પ્રવૃત્તિમય જીવને એ પ્રતિભાને કજળાવી નાખી અને પોતાના હૃદયનો સઘળો ઉદ્રેક તે મિત્રોને પત્રોમાં લખીને ઠાલવવા લાગ્યો. એના પત્રો સદા સાદા, સરળ અને સચોટ રહેતા. એક સમાલોચકના કહેવા પ્રમાણે, એમાંના કેટલાક પત્રો તો જગતના ઉત્તમોત્તમ પત્રસાહિત્યમાં સ્થાન લે તેવા છે. એના પત્રોમાં પણુ એ જ વિદગ્ધ કારુણ્યપ્રવાહ વહી રહે છે. એના ઉદ્ગમ પર તો એણે પોતે જ એક પત્રમાં પ્રકાશ પાડ્યો છે: 'My letters always end in tears perhaps because the burning out of free

will and self–respect and delicacy from a nature as violent as mine is bound to hurt a bit.'

આવા નાસીપાસ નરસિંહની, આદર્શના એ અવધૂતની, બેકદર જગતને સાચી કીંમત તો લિડેલ હાર્ટ જેવો કોઈ વિરલ ગુણજ્ઞ જ સમજાવી શકે કે, 'Free from pettiness, and free from ambition, immeasurable in understanding, his individualism springs from the wisdom of the ages—the wisdom which reveals that life can endure, and manhood develop, only in an atmosphere of freedom.'

હિંદના મુહાજિર

લાલા હરદયાલ

"અય સદાએ નારને નાકૂસ
અય બાંગે અઝાં!
છેડ કોઈ નગમએ
હુબ્બે વતન મેરે લિયે;
રહ ગયા જિન્દા તો ખુલ
જાએગા યહ મરનેકે બાદ:
થા વતન કે વાસ્તે મૈં
યા વતન મેરે લિયે."

હિંદના મુહાજિર લાલા હરદયાલ

આવી આહોઝારી કોઈ એકાદે નહિ પણ અનેક ભારતવાસીઓએ માભોમથી વિરહી બનીને અવારનવાર ગુજારી છે અને ગુજારતા રહ્યા છે. વતનની આન પર મતવાલા બની કુરબાન થવા નીકળેલા એવા અનેકોએ પોતાનું ત્યાગી, તપસ્વી અને નિર્ભીક જીવન માભોમનું ફરી મોં જોવાની શકયતા ન રહેતાં વિદેશોના ચરણે ધરી દીધું છે. પણ એવા અનેકો વચ્ચે લાલા હરદયાલનું સ્થાન તો અદ્વિતીય જ છે અને રહેશે. કારણ, એમના સ્વાતંત્ર્યપ્રેમે આખરે સારી માનવતાને સમાવી લેતો વિકાસ સાધ્યો હતો

એ ક્રાન્તિકારી હતા. આજન્મ દિલેર ક્રાન્તિકારી રહ્યા હતા, પણ પોતાના હમવતનીઓ પૂરતી જ એ ક્રાન્તિ મર્યાદિત ન રહેતાં દુનિયાના કોઈપણ ભાગમાં ચાલતું દમન એમને થથરાવી મૂકે એટલી હદે સંવેદનશીલ બની હતી. માનવતાના સ્વયંભૂ અને સુસંવાદી વિકાસને ક્ષુબ્ધ બનાવતા એકેએક કારણ સામે એ ઝઝૂમતા. એમનું જીવન એ

શિસ્ત અને સમર્પણનું જ જીવન હતું.

આવા એક સાનુકંપ અને વિકાસશીલ આત્મા પર દુઃખે વતનથી સળગતું કયું જિગર ઓવારી ગયા વિના રહે? લાલા લજપતરાય તો હરદયાલનો સદા સગર્વ ઉલ્લેખ કરતા કે, 'એમના જેવો પ્રમાણિક આદર્શવાદી મને બીજો મળ્યો નથી.' લોકમાન્ય ટિળકે પણ પરદેશોમાં રહીને હિંદનું સર્વથાયોગ્ય પ્રતિનિધિપદ સાચવનાર એ આદર્શવાદીમાં હિંદની ભાવી આશાઓની પૂર્તિ જોએલી. અને હિંદની ધરતીને ચૂમવા જેટલાં એ પગલાં ખુશનસીબ નીવડયાં હોત તો લોકમાન્યની એ ઉમેદ નિઃસંદેહ બર આવત.

દેશની ખાતર પોતાની જિંદગીને પણ હોડમાં મૂકતાં ન અચકાનાર એ સરફરોશ માટે સાવરકર જેવો એવો જ જિંદગીનો જુગારી આ નિરાશા વ્યક્ત કરી શકે, 'અફસોસ! હરદયાલ સરખો પુરુષ હિંદમાં નથી.' હરદયાલની એ વ્યક્તિગત ગુણામત્તા હતી કે દીનબંધુ એણ્ડ્રૂઝથી માંડી જવાહરલાલ સુધીના હિંદના એકેએક રાષ્ટ્રીય કાર્યકર્તાના મોંએથી એમના માટે સરેલા શબ્દો આદરસૂચક જ રહ્યા હતા.

લાલા હરદયાલનો જન્મ ઇ. ૧૮૮૪ માં દિલ્હીના કાયસ્થ કુટુંબમાં થએલો. પ્રાથમિક શિક્ષણ ત્યાંની જ સ્થાનિક સેન્ટ સ્ટીફન્સ હાઇસ્કૂલમાં મેળવી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે લાહોરની ગવર્નમેન્ટ કોલેજમાં દાખલ થયા. પહેલેથી જ વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દિ એટલી યશસ્વી હતી કે એકેએક પરીક્ષામાં એમનો નંબર પહેલો રહેતો. એટલું જ નહિ. ઈ. ૧૯૦૫માં એમ. એ.ની પરીક્ષામાં પણ આખી યુનિવર્સિટીમાં એ પ્રથમ આવ્યા. એથી યે નવાઇની બીના એ છે કે એ પરીક્ષાર્થે અંગ્રેજી સાહિત્ય વિષયક એમણે જે નિબંધ લખેલો તે વાંચીને તો ખુદ તેમના પરીક્ષક જ બોલી ઉઠેલા, 'હું પોતે જ આવો

ઉત્તમ નિબંધ લખવાની શક્તિ નથી ધરાવતો તો પછી એને તપાસું તો શી રીતે?'

આવી પ્રગલ્ભ બુદ્ધિમત્તાને પોતાનાં ચક્રો વચ્ચે આંતરી લેવાનો સરકારને પછી મોહ જાગે એમાં શી નવાઈ? હરદયાલની પોતાની આર્થિક સ્થિતિ કંઈ એટલી બધી સદ્ધર ન હતી કે વિશેષ વિદ્યોપાર્જન માટે વિદેશોમાં જઈ નાણું ખર્ચી શકે. એટલે સરકારે ૨૦૦ પૌંડની શિષ્યવૃત્તિ આપી, પોતાનાં જ ચક્રોમાં આંતરી લેવા એમને ઈંગ્લાંડ મોકલી આપ્યા.

પરંતુ એ પરદેશના પ્રવાસે જ એમના વિચારપ્રવાહને સાચું જોતાં કિનારા બક્ષ્યા અને એયાશી અને આળસની સિવિલ સર્વિસની જંજાળ વચ્ચે એ પ્રવાહને લુપ્ત થતો અટકાવ્યો. એ બક્ષિસ વડે એમને નવાજનાર તે બીજું કોઈ જ નહિ પણ હિંદમાં વિપ્લવવાદના પહેલા ને પ્રખર જ્યોતિર્ધર તથા સ્વામી દયાનંદના પટ્ટશિષ્યોમાંના એક પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા.

કચ્છમાં ભણુશાળી નામે ઓળખાતી કિસાન કોમમાંથી માંડવીના સાહસપ્રાણે હિંદભરને આપેલી એ અમૂલ્ય અને અવિસ્મરણીય નવાજિશ છે. ગાડાખેડુ કોમનો એ ફરઝંદ ભારતીય વિપ્લવવાદનો આચાર્ય શી રીતે બની ગયો એ આખી પ્રસંગકથા એક રંગકથા સમી છે, પણ એના દિલમાં ઉઠેલી આઝાદીની ચિનગારી હિંદના અનેક અગ્રગણ્ય જુવાન દિલોમાં આતશ પૂર્યા વિના ન રહી અને લાલા હરદયાલ તો એના પરિબલ નીચે સૌથી વિશેષ આવેલા.

લાલા હરદયાલે ઈ. ૧૯૦૬ માં ઇંગ્લાંડ જઈ ઓકસફર્ડ યુનિવર્સિટીની સેન્ટ જોન્સ કૉલેજમાં આગળ અભ્યાસ શરૂ કર્યો. એ અધ્યયનકાળ દરમિયાન ત્યાંની પણ પ્રશંસા એમણે ઓછી પ્રાપ્ત નહોતી કરી. પરંતુ એમનાં અંતશ્ચક્ષુ હવે ઉઘડયાં હતાં. કિતાબોના

બોજા કરતાં સબળ અને સંવેગશીલ બળની અસર નીચે તે આવી ગયા હતા.

હિંદમાં પણ નવજાગૃતિનું પ્રભાત ફૂટી ચૂક્યું હોઈ, રાષ્ટ્રીયતાનો પ્રવાહ વેગ પકડતો હતો. હરદયાલે એ પ્રવાહ આવશ્યક બનાવનાર પરશાસનનાં ઉદ્‌ગમ અને વિકાસનો જ અભ્યાસ આદર્યો. પાર્લામેન્ટના દસ્તાવેજો પણ એ તપાસી વળ્યા અને ભારતમાં સ્થપાએલા અંગ્રેજી રાજ્યની હકુમતના જેમ જેમ ઉંડાણમાં એ ઊતરતા ગયા તેમ તેમ અંગ્રેજી ડિગ્રીઓ તરફથી એમનું દિલ પાછું હઠતું ગયું.

એમની સિદ્ધાંતનિષ્ઠા તો પહેલેથી જ હેમ સમી પરિશુદ્ધ હતી. શાહીવાદને જડમૂળથી ઉખેડી નાખવા એ કૃતનિશ્ચય બન્યા, પછી સરકારી શિષ્યવૃત્તિનો સ્વીકાર એમનાથી કેમ થઈ શકે? થોડોએક સમય સુધી તો આ પરસ્પરવિરોધી વૃત્તિઓનું તુમુલ તેમના મનમાં ચાલ્યું પરંતુ આખરે રાષ્ટ્રીયતા વિજયી નીવડી. ૧૯૦૭ની આખરે તો સરકારી શિષ્યવૃત્તિ એમણે પાછી ઠેલી દીધી અને શ્યામજી કૃષ્ણ વર્માની અભિનવ ફિલસૂફીની જલદ માત્રા પચાવી, હિંદની નાડમાં નવી જ ધબક આપવા માટે એ પાછા હિંદ આવી લાગ્યા.

પંજાબ યુનિવર્સિટીએ સમજાવ્યા છતાં કોઈ પણ સંજોગોમાં સરકારી સહાય ન લેવાનો પોતાનો મનોનિર્ણય સ્પષ્ટ સંભળાવી દેનાર અને રાષ્ટ્રોત્થાનની એક જ તમન્નાને દિલમાં ધર આપી બાકીની સઘળી ને ફુરસદ આપી દઈને ભાવી જીવનથી બિલકુલ બેપરવા બની જનાર ત્રેવીસ ચોવીસ વર્ષના એ તરુણે સ્વયંપ્રેરણાથી જ સ્વદેશી આવીને એકેએક વિદેશી વસ્તુનો ત્યાગ આદરી દીધો. એટલે સુધી કે સરકારની ટ્રેનમાં પણ મુસાફરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી!

આમ ફૂલપાથર્યા ભાવી જીવનની કારકીર્દિને લાત મારી લાલા

હરદયાલે કંટકમય માર્ગનો સ્વીકાર કર્યો. એમને સાલી રહી હોય તો એક જ વસ્તુ—જગતના કોઈ પણ મહાખંડ જેટલું જ જને ને પ્રકૃતિએ વૈવિધ્ય ધરાવતો એશિયાના હૃદયસમો આ દેશ પરાધીન રહી જ કેમ શકે ? એ એ પરાધીનતાનાં શૂળોનાં મૂળ સુધી પહોંચ્યા પછી તો એમને એમ જ પ્રતીત થઈ ગયું 'શઠં પ્રતિ શાઠયમ્' એ જ જીવન કલહમાં ટકી રહેવાનો સાચો માર્ગ છે. અને એ માર્ગ એમણે છાપાંઓ ને ભાષણો મારફત દેશમાં સર્વવ્યાપી બનાવવા માંડયો.

લાહોરમાં સ્વદેશભકિતની પાઠશાળા એમણે સ્થાપિત કરી, અને તેમાં ગુરુથી યે સવાયા બની એમણે ખુલ્લંખુલ્લાં હિંસા જેવા અંત્યમાર્ગોનો પ્રચાર કરવા માંડયો. એમની અંગાર ઝરતી વાણીએ હિંદનાં અનેક જુવાન દિલો પ્રજવાળી મૂકયાં. જે. એન. ચેટરજી અને લાલા દીનાનાથ જેવા એમના શિષ્યો બન્યા અને સઘળા પ્રચારકાર્ય દરમિયાન એમનો નિવાસ હતો લાલા લજપતરાયને ઘેર !

એમની આ પ્રવૃત્તિએ હિંદની સરકારને ભડકાવી મૂકી અને એના ખોફની તલવાર લાલાના મસ્તક પર તોળાઈ રહી. સરકારને બહાનું પણ મળી ગયું. ઈ. ૧૯૦૮માં કન્હાઇલાલ દત્ત અને સત્યેન્દ્ર બોઝે ધોળે દિવસે જેલની અંદર ગોસ્વામીનું ખૂન કર્યું ત્યારે તેની પાછળ હરદયાલની દોરવણી હોવાનું કલ્પી પંજાબ સરકાર એમની પાછળ લાગી. વધુ વખત હિંદમાં રહેવું હરદયાલને ખતરનાક લાગ્યું અને કંઈ પણ અઘટિત બનવા પામે તે પહેલાં તો હિંદનો કિનારો એ છોડી ગયા—હિંદના એકેએક પ્રાણવાન હિજરતી માફક એ જ આરઝૂભર્યે દિલે કે :

"દિલ ફિદા કરતે હૈં, કુરબાને જિગર કરતે હૈં,
પાસ જો કુછ હૈ, વહ માતા કી નજર કરતે હૈં;
ખાને વીરાન, કહાં દેખીએ ઘર કરતે હૈં,
ખુશ રહો અહલે વતન, હમ તો સફર કરતે હૈં."

લાલા હરદયાલ હિંદ છોડી સીધા શ્યામજી કૃષ્ણ વર્માને જઈ મળ્યા. વર્મા માટે ઈંગ્લાંડમાં વધુ વખત સહીસલામતી ન રહેવાથી તે પારીસ ગયા ને ત્યાંથી અભિનવ ભારતનું પ્રેરણાપાત્ર બનેલું એમનું 'ઇંડીઅન સોશિયાલિસ્ટ' બહાર પાડવા લાગ્યા. હરદયાલ એ વખતે વર્માની સાથે જ રહી એ પત્રની નિગેહબાની કરવા લાગ્યા. પરંતુ એકલા પત્રસંચાલનમાં જ એમની સક્રિયતા પર્યાપ્ત નહોતી રહી. એકે એક દેશના ક્રાન્તિકાર સાથે સંપર્ક સાધવા માંડ્યો ને પારીસના છૂપા આંતરરાષ્ટ્રીય ક્રાંતિમંડળમાં યે એમનું સ્થાન વજનદાર ગણાવા માંડયું. પારીસમાં રહ્યે રહ્યે સ્વાતંત્ર્યના એ હિમાયતીએ અનેક દિલોને પોતા તરફ આકર્ષવા માંડ્યા. વિદ્યાર્થી વર્ગમાં આવતી કાલની આશાની પૂર્તિ ન્યાળી એ વર્ગમાં યે એમણે પ્રચારકાર્ય શરૂ કરી દીધું.

પણ એમને તરત સમજાયું કે એમાંનો મોટો ભાગ પરદેશોમાં જ શિક્ષણ પમાય છે એ ભ્રમણા પર બાપદાદાની મૂડી વેડફનારો જ હોય છે. તવંગર વાલિદોના એ ધ્યેયશૂન્ય પોઠીઆઓથી લપસણી જિંદગીની લિજ્જત સહજમાં છૂટે એમ ન હતી,

આમ વિદ્યાર્થીવર્ગ તરફથી મળેલી નિરાશાથી ને ફ્રાન્સના ખર્ચાળ જીવનથી કંટાળીને હરદયાલ દક્ષિણ અમેરિકાના ફ્રેન્ચ દ્વીપ માર્ટીનિક ચાલ્યા ગયા અને ત્યાંના પોર્ટ દ ફ્રાન્સ નગરમાં રહેવા લાગ્યા. એ વખતે એમનું જીવન એકાદ તપસ્વીના જીવન જેવું હતું. માસિક માત્ર દસ રૂપિયા જેટલી રકમમાં જ પોતાનો ગુજારો એ ચલાવી લેતા. સૂતા પણ એ નગ્નભૂમિ પર અને સમયનો મોટો ભાગ એ વાંચન અને ચિંતન પાછળ જ ગાળતા. એમનુ એ ચિંતન સામાજિક દુર્વ્યવસ્થાને અંગેનું જ હતું અને પોતાના ચિંતનબળે એ એમાં પરિવર્તન આણવા ઇચ્છતા હતા.

એ દિવસોમાં એ બધાને કહેતા રહેતા કે, 'હું સંસારમાં બુદ્ધની માફક નવીન ધર્મની સ્થાપના કરવા માગું છું અને એ માટે બુદ્ધના

જેવું જ જીવન વ્યતીત કરી હું મારી જાતને તૈયાર કરવા માગું છું. એ ઘણીવાર ધ્યાનમાં મગ્ન થઈ જતા અને એ ધ્યાન અક્ષુબ્ધ રહે એ માટે ઘણીવાર પહાડોમાં ચાલ્યા જતા. પરંતુ એમના મિત્રોને હરદયાલ જેવા પ્રાણવાન જવાનની રાષ્ટ્રપ્રવૃત્તિથી વિમુખ થતી જતી આ વૃત્તિ રૂચી નહિ ને એમાંથી પાછા વાળવા એમણે સઘળા પ્રયાસો આદર્યા. ખાસ કરીને ભાઈ પરમાનંદના આગ્રહે હરદયાલની એ વૃત્તિને તત્કાલ પૂરતી સ્થગિત કરવામાં અગ્રભાગ ભજવ્યો.

પૅસિફિકના કાંઠે વસેલા હજારો હિંદીઓના આગ્રહથી ઇ. ૧૯૧૧ માં હરદયાલ સાનફ્રાન્સિસ્કો ગયા. ત્યાં કેટલાક પંજાબી અને બંગાળી વિદ્યાર્થીઓના અનુરોધથી લેલાન્ડ સ્ટૅનફર્ડ યુનિવર્સિટીમાં તેઓ હિન્દી દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક નિમાયા. ભાઈ પરમાનંદે પાછળથી બર્કલે યુનિવર્સિટી તથા બીજાં સ્થાનોએ પણ એમનાં જાહેર વ્યાખ્યાનો ગોઠવ્યાં. એમનાં ભાષા, વકતૃત્વશક્તિ તથા યોગ્યતા એટલાં બધાં સ્પૃહણીય હતાં કે બર્કલે યુનિવર્સિટીએ એમને સંસ્કૃત તથા દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક નીમી લીધા. થોડા જ વખતમાં દર્શનશાસ્ત્રમાં આખા અમેરિકામાં તેમની ખ્યાતિ પ્રસરી ગઈ. ત્યાંના દાર્શનિકોથી પણ તેમને મૈત્રિ બંધાઈ અને ત્યાંના સમાચારપત્રોમાં તેમણે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું. અમેરિકાનાં પત્રો તો એમને 'હિન્દુ ઋષિ' તરીકે જ ઓળખાવતા.

બુદ્ધિનો સારો યે પ્રદેશ સર કરી નાખવા જેટલાં તાઝગી ને તનમનાટ લાલા હરદયાલમાં હતાં. સ્વતંત્ર વિચારકો સાથેના સંપર્કમાંથી ધીમે ધીમે તેમની વૃત્તિ સમાજવાદ તથા સામ્યવાદ પાર કરી અરાજકતાવાદ (Anarchism) પર જઈ ઠરી. વિચારસ્વાતંત્ર્ય સામેની સુગ જ માનવતાને અધઃપતિત કરી રહી છે એની એમને પ્રતીતિ થઈ ગઈ. વિકાસોન્મુખ રહેવામાં માણસને નાહિંમત બનાવી

દેતા એ દૂષણુ સામે એમણે કેડ કસી. પરિણામે યુનિવર્સિટી એમને છોડવી પડી.

પરંતુ લાલાજીએ એથી કરીને પોતાનું જીવનકાર્ય બિલકુલ મોળું ન પાડ્યું. ઉત્તર અમેરિકામાં કેનેડા તથા સંયુક્ત સંસ્થાનોમાં હજારો હિંદીઓ, વિશેષતઃ પંજાબીઓ, વરસોથી વસેલા હતા. એમનામાં આંગ્લ વિદ્વેષ એમણે ફેલાવવા માંડ્યો. ભાઈ પરમાનંદે તથા બરકતઉલ્લાહે પણુ એમાં એમને પૂરતી સહાય કરી અને પરિણામે ઓસ્ટોરિયા મુકામે સઘળા હિંદીઓની સભા કંઈક સક્રિય યોજના ઘડવા એકઠી મળી.

લાલા હરદયાલ એ સભાના અધ્યક્ષ હતા. ભાઈ પરમાનંદનો મત થયો કે અમેરિકામાં એક નિઃશુલ્ક છાત્રાલય ઊભું કરી, ભારતીય છાત્રોને ત્યાં બોલાવવા અને વિપ્લવી દળમાં તેમને પલોટાવવા. હરદયાલનો અભિપ્રાય એક છાપખાનું ઊભું કરી પત્ર મારફત વિપ્લવની આગ ફેલાવવાનો થયો.

અને એ અભિપ્રાય સર્વમાન્ય રહ્યો. ઈ. સ. ૧૯૧૩ ના મેની ૧૦ મીએ બોલાવાએલી એ સભામાં શ્રી કરતારસિંહ, પંડિત જગતરામ, રૂઢસિંહ બિન્જલ, તારકનાથ દાસ, ગોવિંદ બિહારીલાલ, કરતારસિંહ દુક્કી વગેરે હાજર હતા. સભામાં પસાર થએલા ઠરાવ અનુસાર 'હિંદુ એસોસીએશન ઑફ પૅસિફિક કોસ્ટ'એ સંસ્થા ઊભી થઈ. હિંદુસ્તાનમાં ગદર (વિપ્લવ) કરાવવાના હેતુસર એ સંસ્થાએ 'ગદરપાર્ટી'ની સ્થાપના કરી ને 'યુગાંતર' નામનું છાપખાનું ઊભું કરી, પોતાના મુખપત્ર તરીકે 'ગદર' નામક પત્ર બહાર પાડવું શરૂ કર્યું. આ પત્ર હિન્દી, ઉર્દુ, ગુજરાતી, ગુરુમુખી વગેરે હિંદની અનેક ભાષાઓમાં બહાર પડતું અને હિંદીઓમાં મફત વહેંચાતું. એનો પહેલો અંક ઈ. ૧૯૧૩ ના નવેંબરની પહેલી તારીખે સાનફ્રાન્સિસ્કોથી બહાર પડેલો.

'ગદર'ની નીતિ ખૂબ ઉગ્ર હતી. એના દરેક અંકમાં 'બ્રિટિશ રાજનું વિવરણ' એ લેખ આવતો. એમાં બ્રિટિશ સરકાર પરના ચૌદ આક્ષેપો દર વખતે છાપવામાં આવતા: (૧) બ્રિટિશ સરકાર હિંદુસ્તાનની આર્થિક લૂંટ કરે છે; (૨) શિક્ષણ અને આરોગ્યખાતા પર લશ્કરી ખાતા કરતાં અનેકગણો ઓછો ખર્ચ કરવામાં આવે છે; (૩) હિંદના લોકોને અરધા ભૂખ્યા કે ઉપવાસી રહેવું પડે છે; (૪) હિંદી સૈન્યને હિંદને ખર્ચે અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ વગેરે સ્થળે લડવા મોકલવામાં આવે છે; આવા આવા ચૌદ આક્ષેપો મૂકવામાં આવતા. 'ગદર'નો દરેક વાંચક ક્રાન્તિકારી બની બીજાઓને ક્રાન્તિકારી બનાવે તેવા આદેશ સાથે નીચે મુજબની જાહેરાત તેમાં છપાતી:

જોઈએ છે :

હિન્દુસ્તાન માટે શૂરા સૈનિકો
પગાર, — મૃત્યુ; બક્ષિસ, શહીદી;
પેન્શન—સ્વાતંત્ર્ય; સેવાક્ષેત્ર—હિંદુસ્તાન.

આ ગદરપાર્ટી પરદેશમાંના હિંદી લોકોને પૈસા આપી હિંદુસ્તાનમાં વિદ્રોહ જગવવામાં સહાય આપવાની વિનતી કરતી. શ્રી. રામચંદ્ર, બરકતઉલ્લાહ, હરદયાલ વગેરે તે માટે ઠેર ઠેર ભાષણો આપતા. મિસર, તુર્કી, જર્મની આદિ દેશોની હિંદના એ મુક્તિપ્રયાસમાં સહાનુભૂતિ હતી. વિદ્રોહના એ પ્રયાસકો પાસે ધનના ભંડારો કંઈ છલકતા ન હતા, પણ એ લોકો એટલા સ્વાતંત્ર્યોન્મુખ બની ગએલા કે પોતાની પ્રવૃત્તિ અર્થે આવશ્યક દ્રવ્ય એમણે બે વરસમાં જ જમાવી લીધેલું.

વિદ્રોહ અર્થેનો પ્રચાર મુખ્યત: સભાઓ મારફત કરવામાં આવતો. આ સભાઓમાં બ્રિટિશ વિરોધી ભાષણો થતાં અને હિંદી ક્રાન્તિકારીઓની સ્તુતિ થતી. તા. ૩૧–૧૨–૧૯૧૩ ના રોજે સેક્રામેન્ટો મુકામે ભરાએલી સભામાં લાલા હરદયાલ તરફથી પડદા પર હિંદી ક્રાન્તિકારીઓના ફોટા દર્શાવવામાં અને તેમના શૌર્ય,

ત્યાગ ને ઉદાત્ત જીવનનો પરિચય આપવામાં આવેલો. યુરોપમાં મહાયુદ્ધ જામશે અને તેમાં હિંદને સ્વતંત્ર કરવાનો સુઅવસર પ્રાપ્ત થશે એ હિંદી ક્રાન્તિકારીઓ જાણતા હોઈ, એ દિશામાં તેમના પ્રયત્નો પ્રથમથી જ ચાલુ હતા.

લાલા હરદયાલ આ પ્રયત્નના અગ્રણી હતા. આ સેક્રામેન્ટોની સભામાં જ એ બોલેલા, 'જર્મની ઇંગ્લંડથી યુદ્ધ કરનાર હોઈ, એ અરસામાં જ આપણે હિંદુસ્તાન જઈ વિદ્રોહ જગાવવો જોઈએ.' અને એ અર્થની યોજના પણ એમણે તૈયાર કરી, તે પાર પાડવાનું કામ રામચંદ્ર તથા બરકતઉલ્લાહને સોંપ્યું.

હિંદી ક્રાન્તિકારીઓની આ વલણને લઈ જર્મની તરફથી આર્થિક સહાય તેમને મળવા લાગી. જર્મન એજન્ટો 'ગદર'નાં પાર્સલો ઠેકઠેકાણે પહોંચાડવા લાગ્યા. મોટાંમોટાં પોસ્ટરો પર યુગાંતર આશ્રમનો ફોટો છાપી, એ પર 'જર્મનીથી લડશો નહિ, એ આપણું મિત્ર છે' એવું લખાણ મૂકવામાં આવતું.

પરંતુ હરદયાલની આ પ્રવૃત્તિ સાથે એની જબાનમાં રહેલી તડ્ખી અમેરિકાથી સહન ન થઈ શકી. હિંદની સરકારે તો ૧૯૧૨–૧૩ માં લૉર્ડ હાર્ડિંજ પર ફેંકાએલા બોંબ પાછળ પણ હરદયાલનો દોરીસંચાર હોવાનું જાહેર કરેલું અને અંગ્રેજ સરકારે આપેલી ચેતવણી પરથી જ લાલા હરદયાલને ઈ. ૧૯૧૪ ના માર્ચની ૧૬ મીએ ભયંકર અરાજકતાવાદી ગણી અમેરિકામાં પકડવામાં આવ્યા.

લાલાજી પકડાયા એ જ અરસામાં એમની યોજના સંપૂર્ણ થઈ રહેવા આવી હતી. એ યોજના અનુસાર સાનફ્રાન્સિસ્કોમાં રામચંદ્ર અને જર્મન કોન્સલની ગુપ્ત મસલતો ચાલી રહી હતી. જર્મન કોન્સલ એ વખતે પોતાના પૈસે હિન્દી ક્રાન્તિકારીઓને હિંદુસ્તાન મોકલાવી આપતો હતો. ૧૯૧૪ ના નવેમ્બરના અરસામાં

વિષ્ણુ ગણેશ પિંગળે અને સત્યેન્દ્ર સેન એ બે હિન્દી ક્રાન્તિકારીઓ એસ. એસ. સેલેમિસ પર હિંદુસ્તાનમાં વિદ્રોહ જગવવા અર્થે આવી પહોંચ્યા હતા.

આમ બધી યોજના અમલમાં મૂકાઈ રહી હતી ત્યારે એના યોજક ખુદ હરદયાલ રાજદ્રોહના આરોપ હેઠળ બંદીવાન રહે એ કેમ બને ? ત્યાંના હિન્દીઓએ એમના વતી જમાનત ભરી દઈ પરદેશસ્થ હિંદીઓના એ રાષ્ટ્રપતિને બચાવી લીધા. છૂટતાં વેંત એ ત્યાંથી જે સરકયા તે આવ્યા સ્વિટ્ઝરલેંડ. બ્રિટિશ સરકાર એમને પકડવા ટાંપી બેઠેલી એને આબાદ થાપ આપી લાલાજી સરકી ગયા.

સ્વિટ્ઝરલેંડમાં ચંપકરમણ પિલ્લે નામના હિંદી રાષ્ટ્રભક્તે ઝુરીચ મુકામે International pro-Indian Committee નામની સંસ્થા સ્થાપી હતી અને તે દ્વારા હિંદી જર્મન સખ્યનો એ પ્રચાર કરી રહ્યા હતા. વળી ત્યાં જ જીનીવામાં જર્મન ફોરેઇન ઑફિસમાં રાજા મહેન્દ્રપ્રતાપથી પણ એમને મૈત્રિ થઈ અને એ બધાઓએ મળીને ત્યાં Indian National Partyની સ્થાપના કરી. એ પાર્ટીમાં લાલા હરદયાલ, પિલ્લે, તારકનાથ દાસ, બરકત-ઉલ્લાહ, ચન્દ્ર ચક્રવર્તી, હેરંબલાલ ગુપ્ત, વીરેન્દ્ર સરકાર તથા સરોજિની નાયડુના ભાઈ વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય પણ હતા.

આ પાર્ટીની સભા થતી ત્યારે તેમાં તુર્ક, ઇજીપ્શયન તથા જર્મન લોકો પણ હાજરી આપતા. હરદયાલ અને વીરેન ચટ્ટોપાધ્યાય જર્મન ફોરેઇન ઑફિસ સાથે ઘણો ગાઢ સંપર્ક ધરાવતા હતા. હિંદુસ્તાનમાં ક્રાન્તિ કરાવવા માટે પ્રચારની આવશ્યકતા હતી. યુદ્ધમાં પકડાએલા હિંદી સૈનિકો જર્મનીની કેદમાં હતા, એમનામાં બ્રિટિશદ્રોહ ફેલાવીને એમની મારફતે હિન્દી સૈન્યમાં બંડ જગવવાની તેમની યોજના હતી. એ માટે ઓરીએન્ટલ બ્યુરોની સ્થાપના કરવામાં

આવી અને તે દ્વારા પ્રક્ષોભક અને બ્રિટિશવિરોધી જર્મન લખાણોનાં હિંદી ભાષાન્તરો પત્રકોરૂપે વહેંચાવા લાગ્યાં.

આ સમય દરમિયાન જર્મન કૈઝર વારંવાર હરદયાલને પોતાની મુલાકાતે બોલાવતો. હરદયાલને પોતાની યુદ્ધ સમિતિના સદસ્ય તરીકે એણે નીમી દીધા હતા. જર્મનીનાં હિંદી મહાસાગરને લગતાં આક્રમણો પાછળ હરદયાલની જ સલાહ રહેલી એમ મનાય છે. હિંદમાં વિપ્લવ જગવવા જેમ એમણે તનતોડ પ્રયાસ કરેલો તેમ હિંદ સ્વતંત્ર થતાં એનું સ્વાતંત્ર્ય માન્ય રાખવાની નિયમપુર:સર સંધિ પણ એમણે જર્મની સાથે કરેલી. પણ એક જ વ્યક્તિના દ્રોહથી એ આખી યે યોજના ભાંગી પડી.

ઈ. ૧૯૦૭માં લાલા હરદયાલ જ્યારે ઈંગ્લાંડમાં ઇંડીઆ હાઉસમાં રહેતા હતા ત્યારે એક હિંદી જોડે એમને ઓળખાણ થએલી. સરદાર અજીતસિંગ સાથે પણ એ ઓળખાણ ધરાવતો હતો. એ ઓળખાણ પરથી હરદયાલે ૧૯૧૫ના માર્ચમાં એને બર્લીન બોલાવ્યો અને એના પર વિશ્વાસ મૂકી એના હાથમાં એક મહાન યોજના સોંપી. પણ એ વિશ્વાસ મૂકવામાં લાલાજી ઠગાયા હતા. એ યોજના સાથે એને અમેરિકા મોકલી આપ્યો. અમેરિકામાં જર્મન કોન્સલને એ મળ્યો ને તેની સૂચના પ્રમાણે હેરંબલાલ ગુપ્ત તથા બોહ્મ યાકોબસેન એ જર્મન રાજદૂતની સહાયથી હિંદુસ્તાનમાં નાણાં તથા શસ્ત્રો મોકલવાનો બેત કર્યો. પણ એ બેત ખુલ્લો પડી ગયો, બોહ્મ તથા ગુપ્તને જુદી જુદી સજાઓ થઈ. પછી એ શખ્સ જાતે હિંદુસ્તાન આવ્યો, પરંતુ ગિરફતાર થયો અને લાહોરના ખટલામાં તાજના સાક્ષી બનીને લાલાજીની આખી યોજના ખુલ્લી પાડી દીધી. આને લઈને લાલાજીની પાર્ટીના હિંદ આવેલા અનેક સભ્યોને ફાંસીએ ચડાવી દેવામાં આવ્યા તથા કેદમાં પૂરી દેવાયા.

લાલાજીએ એ સાથે એ પણ જોયું કે એમના જેવા જુવાનિયા

ભારતને આઝાદ બનાવવા મથી રહ્યા હતા ત્યારે એમના જ દેશવાસીઓ દુનિયામાંથી લોકશાહી નાબૂદ ન થાય એ માટે બ્રિટનને સાથ આપી રહ્યા હતા. જર્મનોથી પણ એ હવે અસંતુષ્ટ બની ગયા હતા એટલે બધું પડતું મૂકી એ ચાલી નીકળ્યા.

દુનિયાના કોઈપણ રાષ્ટ્રભક્તથી ઓછા ન ઊતરે એવા એ મહાન રાષ્ટ્રભક્ત અસહાય અને લાચાર બનીને બીમાર હોવા છતાં ક્યાં ચાલ્યા ગયા તેનો દુનિયાને સાત વર્ષ સુધી પતો ન મળ્યો. એ બધોયે વખત દરમિયાન બ્રિટિશ અને અમેરિકન જાસુસોની એમના માટેની ખાંખાંખોળ તો ચાલુ જ હતી. કેટલાયે મુલ્કો ખૂંદી વળી સાત વર્ષે એ સ્વીડન પહોંચ્યા. ત્યાં ગોટનબર્ગ યુનિવર્સિટીમાં ઈતિહાસના પ્રોફેસરનું સ્થાન એમને મળી ગયું ને ત્યાં જ મિસ આગડા એરીકસન સાથે ઇ. ૧૯૨૫માં લગ્નગ્રન્થીથી જોડાયા.

વતનનું મોં જોવાની હરદયાલની તલપ ગમે એટલી ઉગ્ર રહેવા છતાં ત્યારથી તે અવસાન પર્યંત તેઓ તેમ ન કરી શક્યા. બ્રિટનનો વડો પ્રધાન રામસે મૅકડોનાલ્ડ લાલાજીના ઘનિષ્ઠ મિત્રોમાંનો એક હોઈ, એણે બ્રિટને તેમના પર લાદેલી પાબંદી ઉઠાવી લીધી, પરંતુ હિંદની સરકારે તો છેવટ સુધી નમતું ન આપ્યું તે ન જ આપ્યું. ઠેઠ એમના મરણાન્ત સમયે એ ઉદારતા બતાવી શકી, જેનો લાભ લાલાજી લઈ ન શક્યા. એ જ હરદયાલ, જો એમનો પ્રયાસ વિફળ ન ગયો હોત તો કદાચ પ્રજાસત્તાક હિન્દુસ્તાનના પહેલા પ્રમુખ બનત.

લાલા હરદયાલની રંગદર્શી કારકીર્દિ આમ સ્વાતંત્ર્યપ્રયાસની અસફળતા સાથે સમાપ્ત થઇ અને એ રાજકારણથી વિરક્ત બની આધ્યાત્મિકતા તરફ ઢળી પડ્યા. ત્યાર બાદ ગાંધીજીના હાથમાં રાજકીય પ્રવૃત્તિનાં સૂત્રો જઈ પડતાં દેશે જે નવજાગરણ અનુભવ્યું અને નવી જ દિશામાં પગરણ માંડયાં તેથી તે સંતુષ્ટ રહ્યા હતા. આધ્યાત્મિકતા

એમને હૃદ્ગત રહી હોઈ, રખે એમના આ પગલામાં કોઈ સંધિસાધુત્વ આરોપે; કારણ, લાલા લજપતરાયના શબ્દો એ પાવિત્ર્યવાન મૂર્તિ માટે વાપરીએ તો, 'for him to believe was to act.'

એમની રાજકીય દૃષ્ટિમાં કેટલું બધું પરિવર્તન થઈ ગએલું એ સ્વીડનથી શ્રી સી. એફ. એણ્ડ્રુઝને લખેલા પત્ર પરથી માલૂમ પડી આવે છે. એ પત્રનો ઉલ્લેખ કરતાં શ્રી એણ્ડ્રુઝે લખેલું છે, 'રાજનૈતિક ઉદ્દેશ્યની પૂર્તિ અર્થે હિંસાત્મક સાધનોમાં તેમનો હવે વિશ્વાસ નહોતો રહ્યો. મારો ખયાલ છે કે બૌદ્ધ મતના અધ્યયન તથા હિંસાવાદીઓના સંપર્કથી થએલા અનુભવોને કારણે જ હિંસામાંથી તેમનો વિશ્વાસ ઊઠી ગયો. એમના એ વિચાર પરિવર્તનમાં મને કશો સંદેહ નથી થયો, કારણ હું જાણતો હતો કે લાલા હરદયાલ સત્યના પૂજારી છે અને સદા પોતાની વિવેકબુદ્ધિ અનુસાર જ ચાલે છે.'

અને સ્વીડનમાં રહેતી વખતનો તેમનો જીવનવિગ્રહ કેટલો કપરો હતો એનો ભાગ્યે જ કોઈને ખ્યાલ આવી શકે. કેટલાક ભારતવાસીઓએ હિંદુસ્તાન વિષે લેખો લખવાની તેમને પ્રાર્થના કરતાં તેમણે આપેલો જવાબ એ જીવનવિગ્રહ સૂચવી રહે છે. તેમણે લખેલું, 'અહીં ઠંડી સખત પડે છે, ને મારી પાસે કોલસા આણવા પૂરતા યે પૈસા નથી. મારે વધારાનાં ભાષણો આપી એ જોગવાઇ કરવાની રહે છે, ત્યાં પછી લેખો લખવા માટેની ફુરસદ ક્યાં રહે?'

એ જવાબના પ્રત્યુત્તરરૂપે હિંદમાંથી ત્રીસ પૌંડની રકમ તેમને મોકલવામાં આવી. એ સાથેજ 'જગતના મહાન પુરુષો'ની તેમની નામીચી લેખમાળા શરૂ થઈ, જે હિંદુસ્તાનનાં ત્યારનાં અગ્રગણ્ય પત્રોમાં નિયમિત છપાતી હતી.

ભગવાન બુદ્ધ તરફ હરદયાલને અપૂર્વ અનુરાગ હતો અને તે ઠેઠ ૧૯–૨૦ વર્ષની વયથી ઉત્પન્ન થએલો. વખત જતાં એને લગતા સાહિત્યના વ્યાસંગથી તે વધુ પુષ્ટ થયો. આંતરિક શાંતિની કામના

અર્થે તે એના સિદ્ધાંતોમાં વધુ ને વધુ ઉંડાણમાં ઊતરતા ગયા ને એના પરિપાકરૂપે 'સંસ્કૃત સાહિત્યમાં બોધિસત્ત્વ સિદ્ધાંત' એમણે લંડન યુનિવર્સિટીને આપ્યો, જે નિબંધ પર યુનિવર્સિટીએ એમને ડૉક્ટર ઑવ ફિલોસોફીની ઉપાધિ આપી. વિદ્વત્તા અને સંશોધનના મહાગ્રંથ તરીકે સર્વત્ર એમનો એ નિબંધ ગવાઈ રહ્યો ને થોડા જ સમય બાદ એ યુનિવર્સિટીએ પ્રાચીન ધર્મ અને ઈતિહાસના પ્રોફેસર તરીકે એમને રોકી લીધા.

એમ તો હરદયાલે ઘણું બધું લખી નાખ્યું છે. અમેરિકા, યુરોપ તથા હિંદના જાણીતા સામયિકોમાં એમના જુદા જુદા વિષયો પર અનેક લેખો પ્રસિદ્ધ થએલા. તરુણ વયમાં 'હિંદી સ્વરાજ્ય કા માર્ગ' નામનું એક હિન્દી પુસ્તક પણ એમણે બહાર પાડેલું. એ અરસામાં એ કવિતા પણ લખતા. 'Principles of Education' એ એમનું પુસ્તક મદ્રાસથી બહાર પડેલું. ત્યારબાદ વિદેશમાં પરદેશી પ્રકાશનસંસ્થાઓ જોડે એમનો સંબંધ બંધાયો ને ઈ. સ. ૧૯૩૪માં બુદ્ધિવાદી સાહિત્યની ઇંગ્લંડની નામચીન સંસ્થા વૉટ્સ ઍન્ડ કંપનીએ એમનું પ્રખ્યાત પુસ્તક 'Hints for self – culture' બહાર પાડ્યું. એ પુસ્તકમાં આજની દુનિયાના સઘળા વિચારપ્રવાહોનો એમણે સમાવેશ કરી લઈ એ સઘળા પર સ્વતંત્ર દિશાસૂચન કરેલું છે.

ઈ. ૧૯૨૮ થી લંડન યુનિવર્સિટીમાં ઈતિહાસ ને નીતિશાસ્ત્રના પ્રાધ્યાપકનું પદ તે સંભાળતા હતા. એ જ અરસામાં પારીસથી જગતશાંતિની જબ્બર ચળવળ ઉઠાવનાર Bart de Ligt સાથે સંપર્ક સાધી એ પુણ્યકાર્યમાં પોતાનો સહકાર નોંધાવ્યો, ને એના અવસાન પછી એ કાર્યનો સઘળો બોજો પોતાને માથે લઈ લીધો. આંતરરાષ્ટ્રીય તત્ત્વપરિષદ, આંતરરાષ્ટ્રીય સુલેહ પરિષદ, પી. ઈ. એન, એરિસ્ટોટેલિયન સોસાયટી વગેરે સંસ્થાઓના એ સભ્ય તથા વિશ્વધર્મ-સંઘના ઇંગ્લંડ ખાતેના મંત્રી હતા. 'વિશ્વકલ્યાણની મંગળ ભાવનાઓની

ભૂમિકા પર ભ્રાતૃભાવની લાગણીઓનો સ્વાભાવિક વિકાસ થાઓ,' એ એમનો સર્વને અને સર્વદા સંદેશો હતો.

એમના જેવી બુદ્ધિમતા, કલ્પનાસમૃદ્ધિ, બહુશ્રુતતા ને વિદ્વત્તા ધરાવતા માણસો હિંદમાંથી તો શું, જગતમાંથી ગણ્યાગાંઠયા નીકળે. યુદ્ધ પછીનો તમામ કાળ એમણે જ્ઞાનાર્જન પાછળ જ યોજેલો. જ્ઞાન પાછળનો એમનો ઉમંગ અમેય હતો. અને એ ઉમંગે એમને એક એવા મહાન પરિબળ બનાવ્યા કે અનેક યુનિવર્સિટીઓ ને શિક્ષણ સંસ્થાઓ એમનું હાર્દિક સ્વાગત કરવા લાગી. એમની અનોખી વાક્છટાથી તો એમણે તરુણ વયથી જ 'હિન્દના મેકૉલે'નું બિરદ મેળવેલું. અનેક ભાષાઓ ઉપર પણ એમણે કાબૂ મેળવી લીધેલો, અને અંગ્રેજી કે ફ્રેન્ચ, જર્મન કે સ્વીડીશ, હિંદી કે ઉર્દૂ, સંસ્કૃત કે ફારસી એ તમામ ભાષાઓમાં માતૃભાષા સમાન એ પોતાની વાગ્ધારા વહેવડાવી શકતા. છેલ્લે છેલ્લે ગ્રીક તથા એસ્પેરન્ટો ભાષાઓ પણ એમણે શીખવાનું શરૂ કર્યું હતું.

છતાં એ માત્ર બુદ્ધિશાળી જ નહિ, પણ દુર્જેય એવા મહાન બૌદ્ધિક પરિબળ હતા. અને તેનું કારણ એમની તત્વાન્વેષક પ્રતિભા તથા સત્યનિષ્ઠા હતાં. માભોમને આઝાદ કરવાની પોતાની મોટામાં મોટી મનોકામના નિષ્ફળ નીવડે અને ત્રીસ ત્રીસ વર્ષ સુધી વતનનું મોં પણ જોવાનું ન મળવાની અસહાય દશા આવે, એ બીજા કોઈ પણ માણસના મનમાં માનવદ્વેષ જન્માવી રહે પણ લાલા હરદયાલે તો એ દશામાંથી ઉલટો માનવપ્રેમ વિકસાવ્યો અને જગતના સાંસ્કૃતિક સમુદ્ધારમાં એ રત બન્યા. અને એ રીતે જન્મે હિંદી છતાં હરદયાલ જાગતિક સંપત્તિ બની ગયા.

એમની સત્યનિષ્ઠાને કારણે જ ચુસ્ત રાષ્ટ્રવાદીમાંથી અનેક વાદોમાં પલટાતા હરદયાલ અંતે સમષ્ટિવાદી અને જગતશાંતિના હિમાયતી બની ગયા. જીવનના મહાસાગરમાં અનેક તરંગોને ઝોલે

એમનું નાવ ચડ્યું પણ સુકાન એમણે સાબૂત રહેવા દીધું અને અંતે એ નાવને મનોવાંછિત ને કલ્યાણક કિનારે આણ્યું.

આજની સંસ્કૃતિના ગાત્રમાં નવું બળ પૂરવાની લાલા હરદયાલમાં કેટલી તાકાત રહેલી એ એમણે એમના છેલ્લા પુસ્તક 'Twelve Religions and Modern Life' માં બતાવી આપ્યું છે. કોઈ પણ રૂઢ ધર્મથી માનવતાનું નવઘડતર થઈ શકે એમ છે જ નહિ એનું જોરદાર ને અસંદિગ્ધ વિધાનોથી પ્રતિપાદન કરી એમણે ઈશ્વરની શોધને નિરર્થક તથા નીતિના પાલન આડે કોઈ પારલૌકિક ફરમાનબંદીને બીનજરુરી ઠરાવી છે. જગતની તમામ સંસ્કૃતિઓમાંના સત્વશીલ તત્ત્વોના સમન્વય સાથે પ્રત્યાઘાતી અને આત્મદ્રોહી તત્ત્વોનું એ દફન ભાગતા. માનવતાને દોરવા મથતા સઘળા વાદો કરતાં ખુદ માનવતા એમને મને અનેકગણી મહાન હતી. એમના કહેવા પ્રમાણે, 'ભાવિ માનવી હિંદુ નહિ હોય, ચીનો નહિ હોય, યુરોપિયન નહિ હોય, અમેરિકન પણ નહિ હોય, પણ એ સર્વેનો સમન્વય હશે.'

આ ક્રાન્ત દર્શનને અંગે જ આજના યુગને પથ્ય એવી પોતાની જ ફિલસૂફી 'દયાલવાદ' (Dayalism) એમણે વિકસાવી હતી. એ અભિજાત તત્વદૃષ્ટિના શિક્ષણ અને પ્રચાર માટે ઈંગ્લંડમાં એજવેર મુકામે 'મોડર્ન કલ્ચરલ ઇન્સ્ટીટયૂશન'ની એમણે સ્થાપના કરેલી, અને એના વિશેષ પ્રચાર અર્થે જ ઈ. ૧૯૩૮ના ઓકટોબરમાં પાંચમી વિશ્વધર્મ પરિષદની સંયોજનામાં ભાગ લેવા અર્થે એ અમેરિકા ગએલા. એના આગલા જ મહિનામાં હિંદી સરકારે એમના પરની પાબંદી ઉઠાવી લીધેલી હોઈ, હિંદ આવવા સંબંધમાં મિત્રો જોડે એમનો પત્રવ્યવહાર ચાલી રહ્યો હતો, પરંતુ ભારત પોતાના એ પનોતા પુત્રના પુનરાગમનની ખુશનસીબી અનુભવે એ પહેલાં તો માર્ચની ૪થી તારીખે ત્યાં જ હૃદય બંધ પડી પથારીમાં એ અવસાન પામ્યા.

તા. ૭ મીએ મિ. એડવિન કૉલિયર તથા શ્રી કેદારનાથ દાસગુપ્તાએ એમનો અગ્નિસંસ્કાર કર્યો, અને તા. ૧૨ મીએ ન્યૂ યૉર્કમાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યહૂદી, બૌદ્ધ, શીખ તથા માનવતાવાદીઓએ જંગી સભા ભરી એમને શ્રદ્ધાંજલિ અર્પી.

એ અવસાન પહેલાંના થોડા જ કલાક પર માર્ચ મહિનાની ૩જી તારીખની સાંજે ફિલાડેલફિયાની નૈતિક સંસ્કાર સભા સમક્ષ એમણે વ્યાખ્યાન આપ્યું હતું, અને એ વ્યાખ્યાનના અંતિમ શબ્દો આ હતા:

‘I am at peace with all’

વાયવ્ય માર્ગનો મરજીવો

સર જોન ફ્રાન્કલીન

" Not here! the white North
has thy bones; and thou
Heroic sailor-soul,
Art passing on thy
happier voyage now
Towards no earthly pole."

—લૉર્ડ ટેનીસન

વાયવ્ય માર્ગનો મરજીવો સર જોન ફ્રાન્કલીન

નવશોધિત ભૂમિ પર પોતાના દેશનું નિશાન સૌ પહેલું ફરકાવવાનું સદ્ભાગ્ય સાંપડવું એ કંઈ ઓછી મગરૂબીની વાત નથી. એ સદ્ભાગ્યની આશાએ તો અનેક સાહસપ્રાણ જવાંમર્દોએ પોતાના જાન ન્યોચ્છાવર કરી દીધા છે. તવારીખના પાને એ ભૂમિના નામ જેટલું જ પોતાનું નામ અમર આલેખી રહેતી એ તક કંઈ ઓછી સંમોહક નથી.

અને એટલે જ 'ઈન્વેસ્ટીગેટર' નામક જહાજના કપ્તાન મૅથ્યુ ફ્લીન્ડર્સે યુનિયન જૅક સોંપીને જોન ફ્રાન્કલીનને ન્યૂ હોલૅન્ડ (આજના દક્ષિણ ઑસ્ટ્રેલિયા)ના અજ્ઞાત કિનારે ઉતાર્યો ત્યારે એના હર્ષનો પાર નહોતો રહ્યો. જહાજની એક હોડી આઠ જણા સાથે એટલામાં ક્યાંક ગુમ થએલી. એમાંની કિનારે ખેંચાઈ આવેલી કોઈ લાશ નજરે પડે તો જ એ વાવટો ફરકાવવાનો ફ્રાન્કલીનને હુકમ હતો.

ફ્રાન્કલીન કિનારે ઊતર્યો. સોળ વર્ષના એ કુમારની સામે અફાટ અજ્ઞાત વિસ્તાર પથરાએલો પડ્યો હતો. ઈંગ્લંડના સામ્રાજ્યમાં એ મુલ્ક કેટલી બધી પૂર્તિ કરે એમ હતો? એકાદ બે પળ તો

રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમ તથા હુકમ પ્રત્યેના આદરમાં એનું મન ગુંચવાયું, પણ આખરે રાષ્ટ્રપ્રેમ વિજયી નીવડ્યો ને એણે વાવટો લફાવી દીધો.

વાવટો લફતાં વેંત જ દૂરના જહાજ પરથી એક હોડકું કિનારા ભણી છૂટયું. ફ્રાન્કલીનને કોઈ ખલાસીની લાશ બતાવવી જ રહી, અથવા તો પોતાનો વાંક કબૂલ કરવાનો રહ્યો. એકેક પળે હોડકું વધુ ને વધુ નજીક આવી રહ્યું હતું. એ છેક પાસે આવી લાગ્યું ત્યાં ફ્રાન્કલીને હોશ સમાલી લીધા ને દૂર દેખાતા એક પદાર્થ તરફ આંગળી ચીંધી. કશી આશંકા વગર હોડકું એ દિશામાં વળ્યું, પણ એ તો લાશને બદલે ખડકનો ટુકડો જણાયો !

આવી તોફાની વૃત્તિ ફ્રાન્કલીનમાં નાનપણથી રહી હતી. અને શોધસફરોનો પણ એને જબરો છંદ લાગ્યો હતો. એ છંદ એને ન લાગ્યો હોત તો એનાં અફર નિર્ણય, નિર્ભીકતા, ને સાહસિકતાએ એને નેલસન જેવો જ મહાન નૌનાયક બનાવી દીધો હોત એમ મનાય છે.

એનો જન્મ ઈ. ૧૭૮૬ ના એપ્રિલની ૧૬ મીએ લિંકનશાયરમાં આવેલા સ્પિલ્સ્બી મુકામે થએલો. જન્મથી એનો બાંધો એવો નાજુક હતો કે એનાં માવિત્રો દરરોજ આથમતો દિવસ એની જિંદગીનો છેલ્લો જ દિવસ હોવાની આશંકા કરતાં, પણ ફ્રાન્કલીન તો બધાના આશ્ચર્ય વચ્ચે જીવી રહ્યો અને પાંચ ભાઈઓમાં સૌથી નાનો હોવા છતાં નાની જ વયે સૌથી ખડતલ શરીર બનાવી દીધું.

લોથ ગ્રામર સ્કૂલમાં એને ભણવા બેસાડવામાં આવ્યો, પણ ભણતરમાં એને ઝાઝો રસ ન પડ્યો. એ વયથી જ સાગરે એના ચિત્ત પર કોઈ અજબ કાબૂ જમાવી દીધેલો. અને માણસની મર્દાનગીનું ટીપે ટીપું માગી લેતા એ સાગર સમો મર્દાનગીનો બીજો પુરસ્કર્તા પણ કોણ છે ? રજાના દિવસમાં એક ભાઈબંધ સાથે ટૂંકી

સહેલસફર કરીને તો ફ્રાન્કલીનનો સાગરજીવન જીવવાનો ઇરાદો મક્કમ બની ગયો.

પણ એનો બાપ એમ માને એવો ન હતો. એને જોનને પાદરી બનાવવો હતો. પુત્રની ગમે એટલી આજીજી છતાં બે વર્ષ સુધી તો એણે કશું કોઠું આપ્યું નહિ. પણ છેવટે જોન કોઈ રીતે માને એમ ન લાગતાં હલ અને લિસ્બન વચ્ચે સફર ખેડતા એક વેપારી વહાણ પર તેને મૂકી દીધો. એને આશા હતી કે એક જ વખતનો દરિયાનો અનુભવ જોનની મહત્ત્વાકાંક્ષા છોડાવવા બસ થશે. પરંતુ એ મહત્ત્વાકાંક્ષા ટાળવાને બદલે જોન તો એ અનુભવથી તેને વધુ તીવ્ર બનાવીને પાછો ફર્યો.

ફ્રાન્કલીનની નાવિક તરીકેની કારકીર્દિ ઈ. ૧૮૦૦ ના માર્ચની ૯ મીએ 'પોલીફેમસ' નામના જહાજ પર પ્રથમ કક્ષાના સ્વયંસેવક તરીકે જોડાઈને શરૂ થઈ. ચૌદ વરસનો જોન અપૂર્વ ઉત્સાહથી પોતાને કામે લાગી ગયો ને ઘેર પણ એવા ઉત્સાહપૂર્ણ કાગળો લખવા માંડ્યો કે એ કાગળોથી એનાં માવિત્રોની દરિયાઈ જીવનનો મોહ એને છોડાવવાની રહીસહી આશા પણ ઓગળી ગઈ.

પૂરા બાર મહિના પણ આ નવી ખલાસમાં જોડાતાં નહોતાં થયાં ત્યાં બ્રિટિશ નૌવીર નેલસનનું જે 'સૌથી ભયંકર યુદ્ધ' ગણાય છે એ કોપેનહાગનના યુદ્ધમાં એણે ભાગ લીધો. અલબત્ત, પંદર વરસની વયે એને આ બહુ ભીષણ અનુભવ થયો લેખાય. છતાં ફ્રાન્કલીન તો એ યુદ્ધમાં પોતાને મળેલા ભાગથી આનંદ ને ગર્વ વ્યક્ત કરવા લાગ્યો. એના જેવા સાહસબાજને આવો પૂર્વાનુભવ જરા પણ વધારે પડતો ન ગણાય.

એ કોપેનહાગન હતો ત્યાં જ સાંભળવામાં આવ્યું કે એના પીતરાઈ ભાઈ કૅપ્ટન મૅથ્યૂ ફ્લીન્ડર્સની સરદારી નીચે 'ઇન્વેસ્ટીગેટર'

નામનું જહાજ ઑસ્ટ્રેલિયાના કાંઠાનો નકશો કરવા ઊપડે છે. એ સાંભળવા સાથે જ એ શોધસફરમાં જોડાવાની એને તાલાવેલી લાગી, અને ઇંગ્લંડ પાછા આવતાં તો એ જહાજ પર એ જોડાઈ ગયો. પરંતુ 'ઇન્વેસ્ટીગેટર'ની એ સફર ખુશનુમા ન નીવડી. દરિયાઈ જીવનની એકે એક મુસીબત આ સફરમાં ફ્રાન્કલીને પ્રત્યક્ષ જોઈ, છતાં એ તો આરંભમાં હતો એવોને એવો જ ખુશમિજાજ રહ્યો હતો. અને એ ખુશમિજાજ સાથે જ સઘળી મુસીબતો વિસારીને દખ્ખણ ઑસ્ટ્રેલિયાને કાંઠે આ સફર દરમિયાન એણે બ્રિટિશ વાવટો રોપી દીધો હતો.

દખ્ખણના દરિયાનાં તોફાની મોજાંની પછડાટો સાથે જરી-પુરાણું 'ઇન્વેસ્ટીગેટર' વધુ જંતરી શકે એમ ન લાગ્યું. ખોટું સાહસ ન ખેડતાં શોધસફર આટોપી લેવાનું જ સૌને યોગ્ય લાગ્યું ને એ પર ખિન્નતા અનુભવતા ભારે હૈયે સૌ 'પૅારપૅાઇઝ' વહાણમાં પાછા ઘરભણી વળ્યા.

એક અઠવાડિયું થવા આવ્યું હશે ત્યાં તો 'પૅારપૅાઇઝે' પણ દગો આપ્યો ને એક ખડક સાથે અફળાઈ તે ભાંગી ગયું. ભયંકરતાની સીમાએ પહોંચતી એ રાત પસાર કરી સૌ એક ધડા પર પહોંચી શક્યા ને એ રીતે પોતાના જાન બચાવ્યા. ત્યાંથી બધા મદદે આવી પહોંચેલા એક જહાજમાં બેસીને ચીનના કંતાન બંદરે પહોંચ્યા.

કંતાનથી ફ્રાન્કલીન ઈંગ્લંડ આજે પણ જેના નામ પર અભિમાન લઈ રહ્યું છે એ જબરા સાહસસફરી નાથાનિયેલ ડૅન્સ સાથે પાછો ફર્યો. આમ અઢાર વરસની વયે પહોંચતા સુધીમાં તો ફ્રાન્કલીનની જીવનકિતાબનાં પાનાં અનેક અનુભવોથી ચીતરાઈ ગયાં, પણ કથાભાગ તો હજુ બાકી હતો—એ તો માત્ર એ કિતાબનો દિબાચો જ હતો.

એ પછીનાં થોડાંક વર્ષોમાં ફ્રાન્કલીને જુદા જુદા દરિયાઈ કાફલાઓ પર રહી દેશને ખાતર લડવા પાછળ વીતાવ્યો. ઇ. ૧૮૦૪ના

ઑગસ્ટમાં ' બેલેરોફોન ' પર નીમાઇ નેલસનના ટ્રાફલગરના વિજયમાં એણે ભાગ લીધો. યુદ્ધના મોરચાના બરાબર મધ્યભાગમાં એણે ઝંપલાવેલું છતાં કેમ જખમી ન થયો એ નવાઈ ભર્યું છે. ત્યારપછી નિષ્ક્રિયતાનાં કંટાળા ભરેલાં વર્ષો વીત્યા બાદ ઈ. ૧૮૧૪ માં 'બેડફર્ડ" પર આટલાંટિક પાર કરી અમેરિકનો સામેના અંગ્રેજોના ન્યૂ ઓર્લીઅન્સના યુદ્ધમાં લેફ્ટેનંટ તરીકે એણે ભાગ લીધો. એ યુદ્ધમાં એ થોડોઘણો જખમાએલો, અને ઈંગ્લંડની એટલી સેવા બજાવ્યા બદલ એને સંમાનચંદ્રક પણ મળેલો.

ફ્રાન્કલીનનું આખું જીવન કદાચ આમ વેરવિખેર યુદ્ધો લડીને સમાપ્તિને પહોંચત, પણ ત્યાં કૅપ્ટન કૂકના વખતથી વિસારે મેલાએલો ઉત્તર ધ્રુવ વીંધીને એશિયા પહોંચવા માંટેનો વાયવ્ય માર્ગ શોધવાની ને એ શોધનારને વીસ હજાર પૌંડનો પુરસ્કાર આપવાની ઈંગ્લંડની સરકારની જાહેરાતે એ એકરાગિતામાં નવી રંગત આણી.

ફ્રાન્કલીનને એની સાહસદિલીની પિછાણ આપવાની હવે જરૂર નહોતી રહી. ઈંગ્લંડની સરકાર એથી વાકેફ હોઈ, ઉત્તર ધ્રુવ પરના એ આક્રમણમાં બીજા નંબરનો અફસર તેને નીમી લેવામાં આવ્યો, અને ' ટ્રેન્ટ ' નામનું જહાજ તેને સોંપવામાં આવ્યું. પહેલા નંબરનો અફસર કૅપ્ટન ડેવિડ બુકૅન હતો ને તેને ' ડોરોથીઆ ' જહાજ સુપ્રત થયું હતું. બંને જહાજો ઈ. ૧૮૧૮ ના એપ્રિલની ૨૫ મીએ ઊપડી નીકળ્યા.

એ લોકોને એમનાં જહાજ સ્પિટ્ઝબર્ગન અને ગ્રીનલૅંડ વચ્ચેથી લઈ, ઉત્તર ધ્રુવ પહોંચી, માર્ગનો નકશો કરતા કરતા બેરિંગની સામુદ્રધુનિ પહોંચવાનો આદેશ હતો. ઉત્તર ધ્રુવ ! પૃથ્વીના એ છેડા પર કેવી પરિસ્થિતિ પ્રવર્તે છે એનું યે કોઈને ત્યારે ભાન ન હતું ને એ જાણવાની દરકાર પણ ન હતી. એશિયા સાથેના વણજ માટે ટૂંકામાં ટૂંકો વાયવ્ય માર્ગ શોધાઈ જાય એટલા પૂરતી જ સૌ કોઈને નિસ્બત હતી.

પાર્લામેન્ટના કેટલાક સભ્યોએ તો ફ્રાન્કલીનને કહેલું કે રોકાવાની જરૂર જણાય તો ધ્રુવ પર થોડા દિવસ રોકાવું પણ !

પરંતુ સ્પિટઝબર્ગન પહોંચતાં સુધીમાં તો ' ડોરોથિયા 'માં પાણી ભરાવા લાગ્યું. સઘળા ફિકરમાં પડી ગયા. આખરે બહુ તપાસ કરી ત્યારે ખબર પડી કે એક બોલ્ટ બેસાડવો જ રહી ગએલો. પણ એટલેથી મુસીબત પતી નહોતી. આગળ વધતાં વૉલરસોનું એક જબરૂં ટોળું એમની પીઠે પડયું ને એમાંથી જાન છોડાવી જેમ તેમ આગળ વધ્યા ત્યાં તો ચાર હજાર ટન જેટલો તોતીંગ હિમગિરિ વહાણ પર ધસી આવતો દેખાયો. નિઃસહાયપણે જે થાય તે જોયા કરવાનું રહ્યું, કારણ એ હિમગિરિથી છટકવાનું કોઈ બારૂં જ રહ્યું નહોતું. એટલા એ લોકો નસીબદાર કે એ હિમગિરિના ' ડોરોથિયા 'ને ચાર માઈલ ધસડી જવા છતાં કશું હાનિકારક પરિણામ ન આવ્યું.

આગળ જતાં તો ધ્રુવના ધસતા બરફનો વધુ ને વધુ કપરો અનુભવ આ બંને કપ્તાનોને થતો ગયો ને ધ્રુવ પર પહોંચવામાં રહેલી દુષ્કરતાઓનું પણ ભાન થયું. વહાણો તૂટીફૂટી જાય તે પહેલાં જ બુકેને યોજના પડતી મેલવાનો વિચાર કર્યો ને સઘળાં પાછાં ફર્યાં. એ જ વર્ષના ઑકટોબરની ૨૨ મી એ બંને વહાણો ડેપ્ટફૉર્ડ આવી પહોંચ્યાં ત્યારે બિલકુલ જીર્ણશીર્ણ દશાને પહોંચી ગએલાં.

આમ આ સફર નિષ્ફળ નીવડી પણ ફ્રાન્કલીન નિષ્ફળ નહોતો નીવડયો. એણે તો બુકેનને પણ પોતાને આગળ વધવા દેવાનો આગ્રહ કર્યો હતો પણ બુકેને તેનો ઇન્કાર કર્યો હતો. એના સાહસપ્રાણને આ સફરથી મુદ્દલ જંપ નહોતો વળ્યો અને એના અજંપા, આશા અને આગ્રહને વશ થઇને ઈંગ્લંડની સરકારે તેના જ અધિકાર નીચે એક નવી શોધક ટોળી મોકલી. ફ્રાન્કલીનને એ વખતે ઉત્તર અમેરિકાનો અજ્ઞાત રહેલો કિનારો પૂરો શોધી જમીન માર્ગે કોપરમાઈન નદીની નજીક થઈને ધ્રુવ પર પહોંચી જવાનો આદેશ મળ્યો હતો.

ઈ. ૧૮૧૯ ના મેની ૨૩ મીએ 'પ્રિન્સ ઑાવ વેલ્સ' જહાજનો અધિકાર સંભાળી સફળતાની સંપૂર્ણ આશા સેવતો ફ્રાન્કલીન નીકળી પડયો. ઑગસ્ટના અંત સુધીમાં તેઓ હડસનના ઉપસાગરમાં આવી પહોંચ્યા ને ત્યાંથી અંદરના ભાગમાં આગળ વધ્યા. ૧૫૦૦ માઈલની સફર પછી ફૉર્ટ એન્ટરપ્રાઈઝ મુકામે એમને ફરજિયાત રોકાઈ જવું પડયું, કારણ ખોરાકી ખૂટવા આવી હતી. લાઈલાજે થર્મોમીટરનો પારો પણ ઠરી જાય એવા નીચા ઉષ્મામાનમાં મચ્છરના અસહ્ય ત્રાસ વચ્ચે એમને ખોરાકીની શોધમાં રખડવું પડયું. ધુમ્મસથી આચ્છાદિત એ વાતાવરણમાં એમને કયારેક કૅનૅડિયનો જેને 'tripe de roche' નામે ઓળખાવે છે એ વનસ્પતિ ખાવા મળતી ને કયારેક ઉપવાસી રહેવું પડતું. ટોળીમાંના છ જણ તો એ હાલાકીમાં જ મોતને ભેટી ચૂકયા.

આખરે કેટલાક ઇંડીઅનોની મદદ આવી લાગતાં બાકીનાંઓનાં જાન તો બચ્યા પણ પાછા ઇંગ્લંડને કિનારે પગ મૂકતાં સુધીમાં તો એ અધમૂઆ થઈ ગયા હતા. ઇંગ્લંડે એ મર્દાનગીની કદર નહોતી કરી એમ નહિ. ફ્રાન્કલીન એની સફર પર હતો ત્યાં જ એને કમાન્ડર બનાવી દેવામાં આવ્યો હતો ને પાછો આવતાં જ એને કૅપ્ટનના દરજ્જે ચડાવી દેવામાં આવ્યો. સફર દરમિયાન અમેરિકાના ઉત્તર કિનારાની એણે લગભગ ૫૫૦૦ માઈલની આંકણી કરેલી ને પાછા વળીને એ સફરનું એક પુસ્તક પણ એણે છપાવેલું. આ શોધોને લઈને રૉયલ સોસાયટીએ પણ એને પોતાનો ફેલો નીમી લીધો. ફ્રાન્કલીનની શોધ-વૃત્તિ પાછળ સાહસ સિવાય બીજો કશો સ્વાર્થ નહોતો, એ તો ઉત્તર અમેરિકામાં એણે શોધી કાઢેલી નદીને પોતાનું નામ ન આપતાં હૂડનું નામ એણે આપ્યું એ પરથી સાબિત થાય છે.

ઈ. સ. ૧૮૨૩ના ઑગસ્ટની ૧૯ મીએ ઇલીઆનોર આન પૉર્ડન સાથે એ લગ્નગ્રંથીથી જોડાયો, પણ એ શરતે કે પોતાને શોધસફરનો

કોઈ નવો આદેશ મળે તેમાં એ ગ્રંથી જરાયે બંધનકર્તા ન નીવડવી જોઈએ. અને એની પત્નીએ પણ એની એ વૃત્તિનો આદર કર્યો.

ફ્રાન્કલીનને પણ ભાન નહોતું કે પોતાના પર ફરજની જવાબદારી આટલી વહેલી આવી પડશે. ઈ. ૧૮૨૫માં નવી સફરે એને ઊપડવાનું થયું ત્યારે એની પત્ની માંદી પડી હતી અને બૅક તથા રિચાર્ડસનની સંગાથે ઇંગ્લંડનો કિનારો છોડયો ત્યારે ફ્રાન્કલીનને તો એ જ ભીતિ કોરવા લાગી કે રખે પોતાની વ્હાલસોયી પત્નીનું મોં ફરી જોવા ન મળે. છતાં પત્નીએ તો એની મર્દાદિલીનો પુરસ્કાર કરી એક રેશમી યુનિયન જૅક એને આપેલો ને ધ્રુવ પર પહોંચી તે ફરકાવવા કહેલો.

દુર્ભાગ્યે ફ્રાન્કલીનની ભીતિ સાચી પડી ને બહુ લાંબી સફર એણે નહિ કાપી હોય ત્યાંજ એની પત્નીનું અવસાન થયું. છતાં પોતાની જવાબદારી સમજી ફ્રાન્કલીને પોતાની સફર આગળ વધાર્યે રાખી. મૅકેન્ઝી નદીની પેલી પાર વધી ધ્રુવવર્તુલનો નકશો કરવાનો એનો ઇરાદો હતો, પરંતુ ફરી એ જ મચ્છરોનો ત્રાસ, એસ્કિમો અને ઈંડીઅનોના હલ્લા અને ફરી એ જ બરફના આતંક સામે લાચાર બની એને પાછા વળવું પડયું.

આ સફરનું યે એણે એક પુસ્તક બહાર પાડયું ને પશ્ચિમની દુનિયામાં એની કીર્તિ સર્વત્ર વ્યાપી ગઈ. એના એકલવાયાપણામાં જેન ગ્રિફિન જેવી બુદ્ધિશાળી જીવનસંગિની પણ એને મળી ગઈ અને સરકારે પણ નાઈટનો લકબ આપીને ટાસમાનિયાના ગવર્નર તરીકે તેને નીમી તેનું ઓર સંમાન કર્યું.

ઑસ્ટ્રેલિયાની દક્ષિણે આવેલા ટાસમાનિયાના ટાપુ પર અંગ્રેજ સરકાર ત્યારે બધા ગુનેગારોને જ વસવા મોકલી આપતી. ફ્રાન્કલીને ગવર્નર તરીકેના ઓદ્ધા દરમિયાનનાં સાત વર્ષોમાં એ વસાહતીઓ સારૂ કૉલેજો, વૈજ્ઞાનિક સંસ્થાઓ, વગેરે ઊભી કરીને તેમનો એટલો તો ચાહ મેળવેલો કે તેનો ઉપકાર કોઈ દિવસ તેઓ ભૂલ્યા નહોતા.

ઈ. સ. ૧૮૪૫માં ઇંગ્લંડની ઍડમિરલ્ટીએ પાછો વાયવ્ય માર્ગનો સવાલ હાથ ધર્યો. ઊતરતી વયે પોતાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવાની ફ્રાન્કલિનને એ છેલ્લી તક જણાઈ અને શક્તિ તથા અનુભવની નજરે પણ એ જવાબદારી ઉઠાવવાને લાયક આદમી એના સિવાય ભાગ્યે બીજો કોઈ હતો. પરંતુ ઇંગ્લંડની સરકાર તો એનાં ઊતરતાં પાણી ગણી કોઈ જુવાન અફસરના હાથમાં એ અધિકાર સોંપવા માગતી હતી.

પોતા સિવાય બીજા કોઈને એ અધિકાર સુપ્રત થાય તે સામે ફ્રાન્કલીને જબરો વિરોધ ઉઠાવ્યો અને આખરે ઍડમિરલ્ટીએ એને મુલાકાત માટે બોલાવ્યો.

ફર્સ્ટ લૉર્ડ ઑાવ ઍડમિરલ્ટીએ એ લાંબી સફરમાં રહેલી તકલિફો અને મુશીબતો એનાથી સહન થઈ શકશે કે કેમ એ સવાલ કરી, ઉપરથી વળી કહ્યું, 'અને તમે સાઠ વર્ષના તો છો.'

'ના, ના, મારા સાહેબ, ફક્ત ૫૯ વર્ષનો!' ફ્રાન્કલીને જવાબ આપ્યો ને નિર્ણયની પ્રતીક્ષા કરવા લાગ્યો.

નિર્ણયમાં વિચારવાપણું જ એણે પોતાના જવાબથી ક્યાં રહેવા દીધું હતું? ભૂતકાળની જ્વલંત કારકીર્દિ તેની સાહેદી હતી. એકીમતે નવી સાહસસફરનો એ નેતા નીમાઈ ગયો.

ઈ. સ. ૧૮૪૫ ના મે માસની ૧૯ મી તારીખે 'ઇરેબસ' અને 'ટેરર' એ બે વહાણો તથા ખલાસીઓ અને અફસરો મળી ચૂંટી કાઢેલા ૧૩૪ માણસોના કાફલા સાથે ફ્રાન્કલીન ગ્રીનાઈટથી ઊપડી નીકળ્યો. સફર માટેની સાજસામગ્રી એટલી સંપૂર્ણતાએ પહોંચાડવામાં આવેલી કે આ વખતે તો અચૂક વિજયની સૌને ખાતરી હતી, અને ઉત્તર ધ્રુવ પર વહેલા વહેલા પહોંચી જવાની સૌને ઉમેદ હતી.

પણ એ ઉમેદ જેમની તેમ રહી. ૨૬ મી જુલાઈએ વ્હેલનો શિકાર કરતા કેટલાક મછવાઓએ ગ્રીનલૅંડના પશ્ચિમ કાંઠે એમને જોએલા. પણ ત્યાર પછી? — દિલશિકન ખામોશી! હિંમત, નિશ્ચય

અને સહનશક્તિનો તાગ માગી લેતી એ મહાન સફરના ત્યાર પછી કશા સમાચાર જ દુનિયાને ન મળ્યા. એ આખી યે સાહસદિલ ટોળીનું ભવિષ્ય અણપ્રીછ્યું જ રહ્યું. દિવસો ગયા, મહિના ગયા, વરસો વીત્યા. કશો સંદેશ, કશા સમાચાર ન મળે. ધાર્યા કરતાં યે વધુ આશા રાખી નીકળેલા એ આશાવંતોની આશાનો ઉપહાસ કરી ઉત્તર ધ્રુવે ખરેખરો કિન્નો બતાવ્યો.

અંગ્રેજ સરકાર અને અંગ્રેજ પ્રજાની આ ટોળીના અંગેની અસ્વસ્થતા ધીમેધીમે આશંકામાં અને આશંકા નિરાશામાં ફેરવાઈ ગઈ. એનો પતો મેળવવા ચારે બાજુએથી પોકાર થઈ રહ્યો અને સરકારે એક પછી એક ટુકડીઓ એ ગુમ થએલી ટોળીની શોધ માટે મોકલવા માંડી.

એવી પહેલી ટુકડી ઇ. સ. ૧૮૪૭માં ઊપડી. બીજી ઇ. સ. ૧૮૪૮ ના જૂનમાં, અને એ વરસ પૂરું થતાં પહેલાં તો બીજી પણ બે ટુકડી ઊપડી ગઈ. એ ગુમ ટોળીનો પત્તો લગાવનારને સરકારે વીસ હજાર પૌંડ ઈનામની જાહેરાત કરેલી, અને લેડી ફ્રાન્કલીને ત્રણ હજાર પૌંડની. પરંતુ કશો અર્થ ન સર્યો. ઇ. સ. ૧૮૪૭ થી ૧૮૫૯ સુધીમાં એ રીતે પત્તો મેળવવા માટે ૩૯ નવી ટુકડીઓ ઊભી થએલી, પણ તેમાંની એકે એક નાસીપાસ નીવડેલી.

જેમ જેમ નાસીપાસી મળતી ગઈ તેમ તેમ ફ્રાન્કલીનની ગાયબકથા વધુ ને વધુ રોમાંચક બનતી ગઈ.

વર્ષો વીતતાં ચાલ્યાં, પરંતુ હજુ નિરાશ આશા સેવી રહેલી લેડી ફ્રાન્કલીનથી એમના એમ બેસી ન રહેવાયું ને પોતાના પતિના ઉગાર માટે જાહેર ફંડ એકઠું કરી, પ્રખ્યાત શોધસફરી કૅપ્ટન મૅક્લિન્ટૉકને એણે પોતાના પતિના વાસ્તવિક અંજામની સાચી માહિતી મેળવવા મોકલી આપ્યો.

ઇ. સ. ૧૮૫૯માં 'ફૉક્સ' નામના જહાજમાં મૅક્લિન્ટૉક ઊપડી નીકળ્યો. આગળ જતાં કેટલાક એસ્કિમોનો ભેટો થયો. ફ્રાન્ક-લીનની ટોળીના વાવડ તેમની પાસેથી મેળવવાનો પ્રયાસ કરતાં તેમણે જણાવ્યું કે, ઘસડાતા ઘસડાતા ચાલતા, ને ચાલતાં ચાલતાં મરી જતા માણસોને હડસન ઉપસાગર પરના કોઈ બંદરે પહોંચવાનો પ્રયાસ કરતા તેમણે જોએલા ખરા.

એ જ દિશાએ મૅક્લિન્ટૉક આગળ વધ્યો. કિંગ વિલિયમ ટાપુ સુધી પહોંચતાં તો ફ્રાન્કલીનના નસીબની હૂબહૂ પ્રતીતિ તેને થઈ ગઈ. હારબંધ હાડપિંજરો એ સફેદ પરથાળ પર પથરાએલાં પડ્યાં હતાં, ને એમને જીવતે જે કપડાં શરીર પર હતાં તેના રહ્યાસહ્યા ગાભા લટી રહ્યા હતા.

મૅક્લિન્ટૉકની શોધના આખરી પ્રકરણનો, વિક્ટરી ભૂશિર પાસેથી મળી આવેલા ઍડમિરલ્ટીના એક કાગળ પર લખાએલા નીચે મુજબના સંદેશથી અંત આવ્યો. સંકટગ્રસ્ત અને ગુમરાહ જહાજો પોતાનો આખરી સંદેશ ઍડમિરલ્ટીની છાપવાળા જે કાગળો પર મૂકતા જાય છે એવો જ આ કાગળ કૅપ્ટન હૉબસનને હાથ લાગ્યો હતો:

"૨૫ મી એપ્રિલ, ૧૮૪૮

અહીંથી પાંચ ડિગ્રી વાયવ્યોત્તરે 'ઇરેબસ' અને 'ટેરર' નાશ પામ્યાં. ૧૮૪૬ ના સપ્ટેંબરની ૧૨ મીથી એ બરફમાં ખૂંચી ગએલાં. અફસરો અને ખલાસીઓ મળી ૧૦૫ જીવો કૅપ્ટન ક્રોઝીઅર સાથે અહીં ઊતર્યા, જ્યારે બાકીનાઓનો નાશ થયો. સર જૉન ફ્રાન્કલીન ૧૮૪૭ ના જૂનની ૧૧ મીએ મોતને ભેટ્યો. અત્યાર સુધીમાં નવ અફસરો ને પંદર ખલાસીઓ મોતને ભેટી ચૂક્યા છે."

બસ. ત્યાર પછીની જોઈતી સઘળી હકીકત મૅક્લિન્ટૉકને વહાણના ભંગારો ને કતારબંધ પડેલા હાડપિંજરો મારફત મેળવી લેવાની રહી. ઓળખી શકાય તેવું એક જ શરીર હાથ આવ્યું અને

તે લેફ્ટેનન્ટ ઇરવિંગનું. બાકીના તમામને માટે અટકળનો જ આશ્રરો લેવાનો રહ્યો હતો.

મર્દદિલ સાહસબાજ ને નિર્ભીક નાવિક સર જોન ફ્રાન્કલીનના ખતરનાક અંજામની જગતને મળેલી આ સૌથી પહેલી ભાળ. ત્યાર પછીનો દરેક ધ્રુવસફરી એને લગતી વિશેષ માહિતી વધુ ને વધુ બહાર આણતો ગયો. એમાં સૌથી રોમાંચક વાત તો સર જોન રેએ બહાર આણેલી, અને તે એ કે, 'ઇરેબસ' અને 'ટેરર' પર ગુજરેલી હોનારતથી બચી જવા પામેલા એ સંઘમાંના આદમીઓ પાછળથી ભૂખ વડે એવા કાયર બની ગએલા કે અંતે નરભક્ષક બની ગયા હતા. જીવનવિગ્રહની એ અંતિમ કટોકટીએ તેઓ એકબીજાને ખાઈ જવા ઉદ્યુક્ત બની ગયા હતા!

દસ લાખથી વધુ પૌંડનો ખરચ કર્યા બાદ ચૌદ વરસે ફ્રાન્કલીનની ટોળીના જગતે જે સમાચાર મેળવ્યા તે આ! ઉત્તર ધ્રુવનો એ નાફરમાન પ્રદેશ આપણા પૂર્વજોની કલ્પના પ્રમાણે દનુજ સૃષ્ટિ પોતા પર ન ધરાવતો હોવા છતાં ખરેખર દાનવી મુલક છે. એનું અફાટ બર્ફસ્તાન અનેક મરજીવાઓનું કબ્રસ્તાન બની ચૂક્યું છે. જો કે અસંખ્ય હોનારતો પછીના બોધપાઠોથી ને વૈજ્ઞાનિક અનુકૂળતાથી પોતાની અજોડ સહનશક્તિ ને અપ્રતિમ ધૈર્ય વડે કેટલાક નરપુંગવો મોતને એ સીમાડેથી પાછા પણ ફરી શકેલા છે, પણ એવા તો ગણ્યાગાંઠ્યા જ. જ્યારે જેમની વિદાય પછી એમના અંજામની તવાર પણ જગતને કાને ન પહોંચી શકી હોય એવા અભાગી શોધકોની સંખ્યા તો ગણી ગણાય નહિ એવડી મોટી છે. એ અભાગીઓમાં યે સર જોન ફ્રાન્કલીનની શહાદતે તો ધ્રુવ પ્રદેશની ખેડાણ–તવારીખને કારુણ્યની ટોચે પહોંચાડી કહી શકાય.

'ઇરેબસ' અને 'ટેરર'નો નાશ તો બરફના આક્રમણથી જ થયો હોવો જોઈએ, કારણ તેનાં લોઢાં ધ્રુવવર્તુલ નજીક વસતા

એસ્કિમો લોકોને વાપરતા અનેક તપાસનીશોએ જોયા હતા. એ હતભાગી સંઘમાંના અનેકોના સ્મરણસ્તંભો તો એ વેરાન પરથાળ પર જ ઊભાં કરવામાં આવ્યાં છે, જ્યારે કેટલાકનાં ઈંગ્લંડમાં.

અપાર પ્રયત્નો છતાં ફ્રાન્કલીનનું શબ હાથ ન આવી શક્યું એ બાબતનો કંઇ બહુ ધોખો નથી. પરંતુ ધોખો તો ત્યારે થાય છે કે જ્યારે મૅક્લિન્ટૉક જણાવે છે કે ધ્રુવનો વાયવ્ય માર્ગ ફ્રાન્કલીને શોધી કાઢયો હતો અને ફિશ નદીના મુખ પાસે જ એ હોનારતને શરણ થયો હતો. ફ્રાન્કલીનનું કમનસીબ આ કથન અસહ્ય બનાવે છે.

અલબત્ત, ધ્રુવસાહસોના પ્રયાસોના મોવડીઓ તરીકે મૅક્લ્યોર ને રૉસ સફળ શોધકોનું માન ખાટી જાય છે, જ્યારે પૅરી ને નાનસેને, પીઅરી ને આમનસેને તો ધ્રુવસફરોનો અવિસ્મરણીય આંક રાખ્યો છે, પરંતુ ફ્રાન્કલીનની તો નિષ્ફળતા યે એટલી ભવ્યોદાત્ત છે કે સઘળા સફરવીરોમાં એને અનોખું પદ સમર્પી રહે છે. એની સાહસદિલી આજપણ ઊગતી પેઢીઓના પ્રોત્સાહને પ્રેરી રહે છે. ધ્રુવપ્રદેશની શોધખોળનો કોઇ પણ ઇતિહાસ મરજીવા ફ્રાન્કલીનના ‘ ઇરેબસ ’ અને ‘ ટેરર ’ના ઉલ્લેખ વિના અધૂરો જ રહે.

ફ્રાન્કલીનની પત્નીએ પોતાના પતિનું સ્મારક વેસ્ટ મિન્સ્ટર એબે મુકામે ચણાવવાની શરૂઆત કરેલી, પરંતુ એ પૂરું થવા પામે એ પહેલાં જ એણે પણ દુનિયાથી વિદાય લઈ લીધી.

એ પતિરત પત્નીની કબર વેસ્ટ મિન્સ્ટરમાંના ફ્રાન્કલીનના સ્મારક નીચે જ બનાવવામાં આવી, જેના પર ડીન સ્ટેનલીએ આ લખાણ કોતરાવ્યું :

“ એની વિધવાએ આ ઊભું કર્યું, જેણે અનેકોને એની તપાસ માટે મોકલ્યા, ને લાંબો કાળ રાહ જોઈ છેવટે જાતે જ તેને પ્રકાશના સામ્રાજ્યમાં શોધવા જગતની વિદાય લઈ નીકળી પડી. ”

એ લખાણની બરાબર ઉપર જ, ફ્રાન્કલીનની ભત્રીજીને પરણનાર ઇંગ્લંડના મહાન કવિ ટેનીસને ફ્રાન્કલીન માટે લખેલી કરુણપ્રશસ્તિ કોતરાયલી છે, જે આ ચરિત્રને પ્રારંભે જ આપેલી છે.

મરજીવા ફ્રાન્કલીન ! તારી રૂહને શાન્તિ ઇચ્છવા સાથે અમારા જિગરમાં તો તારા જીવતા જિગર જેટલી જ સાહસજન્ય અશાંતિ અમે ઇચ્છીએ છીએ.

• વિનમ્ર વિજ્ઞાની •

સર આઇઝાક ન્યૂટન

વિનમ્ર વિજ્ઞાની
સર આઇઝાક
ન્યૂટન

"દુનિયાને મન હું કેવો લાગું છું તે હું નથી જાણતો; પણ મારી જાતને તો હું દરિયાના કિનારા પર રમતા એકાદ બાળક જેવો, એકેકથી વધુ લીસા કકાટીઆ ને સુંદરતર છીપલાં વીણતો જ લાગું છું, જ્યારે સત્યનો અતાગ મહાસાગર તો મારી સામે વણશોધાએલો વિસ્તર્યો પડયો છે."

સર આઇઝાક ન્યૂટને પોતાના જીવનકાર્યની ઉપર્યુક્ત સંક્ષિપ્ત સમીક્ષા જગતને સુણાવી ત્યારે તેનું વય પંચાશી વર્ષનું હતું. જગતના બૌદ્ધિક વિકાસના એ ચિરસ્મરણીય માર્ગસ્તંભની આ વિનમ્રતા કોઈ પણ જિજ્ઞાસુને બોધપાઠ સમી છે. માણસ કદી જ્ઞાનાતીત બની શકતો નથી એ આ ઉક્તિનો ગર્ભિત હેતુ છે. વિશ્વના અણોરણીયાન્થી મહતો મહીયાન્ ઘટક તત્ત્વોમાં ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત સંશોધી, વૈશ્વ ક્રમમાં સંવાદિતા સ્થાપનાર એ વિજ્ઞાનીએ વિશ્વનો વાસ્તવિક ખ્યાલ આપવા સાથે એમાં રહેલાં સૌન્દર્ય અને ભવ્યતાની પણ ઝાંખી જગતને કરાવી. એ રીતે અઢારમી સદીની એ સર્વોત્તમ વૈજ્ઞાનિક પ્રતિભા ગણાય છે.

અને એ એકલો વિજ્ઞ નહોતો; પ્રજ્ઞ પણ હતો. ટાઈકો બ્રાહી જેવો માત્ર હકીકતો એકઠી કરનાર એ ન હતો. અમુક વસ્તુ શું છે, એ

કરતાં એવી શા માટે છે એ જાણવાની એને વિશેષ ઉત્કંઠા રહેતી. હકીકતોનું અનુસંધાન કરી, પ્રાસંગિકમાંથી સ્થાયી તત્ત્વ તારવવાનું કામ એણે પાર પાડ્યું. અને તે એવી કુશળતાથી કે વોલતેર જેવાએ ફ્રાન્સના વિદ્વજ્જનો સામે તેનો દાખલો મૂકી એમને સવાલ કર્યો હતો, 'Ye, say, are ye not jealous of the great Newton ?'

ગેલિલીઓ અને કેપ્લરનું અધૂરું રહેલું કાર્ય ન્યૂટને પૂરું કર્યું. ગેલિલીઓના અવસાન વખતે એ ઘોડિયામાં હીંચતો હતો. એ બાળક જ હીણુઓનાં દસ ફરમાનો કરતાં વધુ યોગ્ય રીતે વિશ્વનો ઘટનાક્રમ સમજાવી શકશે અને વિચારજગતમાં અદ્વિતીય એવી ક્રાન્તિ આણી મૂકશે એવો ખ્યાલ એ વખતે હોય પણ કોને ? પરંતુ એણે જ ગેલિલીઓએ વિશ્વચિત્રણા માટે ઘૂંટેલા રંગોમાંથી કોઈ કલાકારની અદાથી વિશ્વનું સુસંહત ચિત્ર સર્જી આપ્યું. નિરીક્ષણ, ચિંતન ને સંશોધન એ જ માત્ર એની પ્રવૃત્તિ હતી. અને એ પ્રવૃત્તિનું પરિણામ તે ગુરુત્વાકર્ષણનો એ મહાનિયમ—

'That very law which minds a tear,
And bids it trickle from its source,
That law preserves the earth a sphere,
And guides the planets in their course.'

આમ માનવજ્ઞાનની એણે વિસ્તારેલી ક્ષિતિજ માટે, આશંકાઓમાં અચળતા સ્થાપવા માટે, એક વિજ્ઞાનીએ ન્યૂટનનું યોગ્ય જ ઋણ સ્વીકાર્યું છે, કે 'આપણે સૌ ન્યૂટનના ખભા પર જ ઊભેલા છીએ. એ ન થયો હોત તો વિજ્ઞાન દ્વારા સધાએલી આજની આટલી પ્રગતિ હોત કે કેમ, વિજ્ઞાન દ્વારા સધાએલું માનવતાનું આટલું મહત્ત્વ હોત કે કેમ એ સવાલ રહે છે.'

ઈ. સ. ૧૬૫૮ના સપ્ટેંબર મહિનાની ત્રીજી તારીખે ઈંગ્લંડનો ત્રાતા ઑલિવર ક્રૉમવેલ લંડનમાં છેલ્લા શ્વાસ લઇ રહ્યો હતો ત્યારે વૂલ્સથૉર્પ મુકામે સોળ વર્ષનો એક કુમાર સખત વાવાઝોડાની સામે કૂદતો રહી પવનના બળનું માપ તપાસી રહ્યો હતો!

એ જ એ આઇઝાક ન્યૂટન. લિંકન પરગણાના વૂલ્સથૉર્પ ગામમાં ઈ. ૧૬૪૨ના ડીસેમ્બરની ૨૫ મીએ એ જન્મેલો. એનો પિતા એના જન્મ પહેલાં જ અવસાન પામી ચૂક્યો હતો. જુદી જુદી શાળાઓમાં થોડું ઘણું ભણતર મેળવ્યા પછી નજીકના એક ગામડાની શાળામાં એને મૂકવામાં આવ્યો. પણ બાર વર્ષનો બેદરકાર ન્યૂટન શિક્ષકના કહેવા પર ભાગ્યે જ ધ્યાન આપતો. નિશાળમાં સૌથી ઠોઠ નિશાળિયા તરીકે તેની ખ્યાતિ હતી.

પરંતુ એ ઠોઠપણું એક પ્રસંગથી અજબપણે તેનામાંથી નીકળી ગયું. નિશાળમાં એક છોકરાએ તેને પેટમાં સજ્જડ મુક્કો માર્યો, ત્યારે પોતાની શારીરિક નબળાઈનું તેને ભાન થયું ને તે શરીર કેળવવા પાછળ પડ્યો. અને એ કેળવ્યાને તક મળતાં જ પેલા છોકરાની કાનપટી પકડી બે થપ્પડ લગાવી દીધી અને માથું પકડી દેવળની દીવાલ સાથે તેનું નાક ઘસ્યું. પણ એટલેથી એને સંતોષ ન થયો. એ છોકરો નિશાળમાં એનાથી ઊંચે નંબરે રહેતો. ન્યૂટનને પોતાની માનસિક નબળાઇ હવે સાલી અને શાળામાં માનસિક આધિપત્ય જમાવવા એણે કમર કસી. છેવટે વર્ગમાં પહેલો નંબર મેળવીને જ એ જંપ્યો.

અખતરાઓ કરવાનો ન્યૂટનને એ વયથી જ શૉખ હતો, એટલે જેના ઘરમાં એનું કુટુંબ રહેતું એ કલાર્ક નામના દવાઈ બનાવનારની પ્રયોગશાળામાં તે અખતરા કરતો. ઘેર પણ સુતારી કામનાં ઓજારોથી અવનવા નમૂના બનાવતો. તેમાં પડોશમાં જોએલી એક પવનચક્કીનો એણે બનાવેલો નમૂનો તો અજબ હતો. પવનચક્કીના ચક્કરમાં પંખા મૂકી તેમાં એક કોથળી અદ્ધર લટકાવી, સાથે એક

ઊંદરને પૂરેલો! કોથળીમાંના દાણા લેવા ઊંદર એક પછી બીજા પંખા ઉપર કૂદે અને ચક્કર ફરવા માંડે!!

ચાર ફૂટ ઊંચા એક ખોખામાં એણે પાણીથી ચાલતું ઘડિયાળ પણ બનાવ્યું હતું. અંદર એ પાણી ભરી રાખતો, જે ચક્કરના પંખા પર ટપકતાં ચંદા પર મૂકેલા કાંટા ફરવા માંડતા. માત્ર પગ હલાવતાં ચાલે તેવી વગર ઘોડાની ગાડી એણે એક વખત બનાવેલી. વળી પતંગ બનાવવાનો પણ એને જબરો નાદ હતો. પતંગને છેડે પૂછડું બાંધવાને બદલે તે કાગળનું એક ફાનસ લટકાવતો અને તેમાં બળતી મીણબત્તી મૂકીને રાતે તે ચગાવતો. ગામડાના લોકો તો એનો પ્રકાશમાન પતંગ જોઈ કોઈ નવો ધૂમકેતુ દેખાયો હોવાનું જ માની લઈ દુનિયા પર આવી પડનારી આપત્તિથી ચિંતાતુર રહેતા!

એ જ અરસામાં એ વળી કવિતાઓ પણ બનાવવા માંડેલો, અને પોતાના અખતરાઓની યોજનામાં સહાયક નીવડે એ માટે થોડુંક ચિત્રકામ પણ શીખેલો—કોઈને શિક્ષક બનાવ્યા સિવાય. એના દીવાનખાનાની દીવાલો એનાં પોતાનાં અને નકલ કરેલાં ચિત્રોથી ઊભરાતી રહેતી!

પરંતુ એની આ સઘળી ઉલટ ઉપર ઓચિંતો ફટકો પડયો, એની માએ કરેલાં પુનર્લગ્નમાં બીજી વારનો ધણી પણ અવસાન પામ્યો ત્યારે. એક પણ દમડી વિના ત્રણ છોકરાં સાથે લઈ ન્યૂટન પોતાની દાદી સાથે રહેતો હતો ત્યાં એની માતા આવી પહોંચી. ઘરખટલો ચલાવવો આથી મુશ્કેલ થઈ પડયો ને ન્યૂટનને પંદરમે વર્ષે અભ્યાસ છોડી બાપની ખેતી સંભાળવાનું માથે આવ્યું!

છતાં ખેતરની ભોમ કરતાં ન્યુટનની મનોભોમકા અવનવા વિચારોથી વધુ કેળવાઈ રહી હતી. ખેતીમાં એ અધૂકડે દિલે જ પરોવાયો હતો. એને રસ હતો જળઘડીઓ ને છાયાઘડીઓ બનાવવામાં, સૂરજનો પ્રકાશ જોવામાં ને અવનવી યાંત્રિક હિકમતો ઊભી કરવામાં.

એની મા બીજા એક સાથીદાર સાથે ખેતરની ઉત્પન્ન તેને શહેરમાં વેચવા મોકલતી ત્યારે સાથીદારને એકલો જવા દઈ, પોતે ક્લાર્કની પ્રયોગશાળામાં ઘૂસતો અને કયારેક અખતરા અજમાવતો તો કયારેક જૂનાં પુસ્તકો ફેંદતો. ખેતરમાં જઈને પણ વાડ આડે પડયો તે ઉછીનાં આણેલાં પુસ્તકો વાંચ્યા કરતો. એ જ અરસામાં ઉપર ઉલ્લેખ આવી ગયો એ રીતે પવનનું બળ માપવાની ઉત્કંઠા એને જાગી હતી. આવો જિજ્ઞાસુ કિશોર શું ખેડૂત થવા યોગ્ય હતો? નહિ જ. એની મા અને એનાં બીજાં સંબંધીઓને પણ તેની પ્રતીતિ થઈ અને તેને ફરી શાળામાં દાખલ કરવામાં આવ્યો.

ઈ. ૧૬૬૧ના જૂન મહિનામાં ઓગણીસ વર્ષની વયે ન્યૂટનને કૅમ્બ્રિજના ટ્રિનિટી કૉલેજમાં દાખલ કરવામાં આવ્યો. ત્યા એક મેળામાંથી ખરીદેલી ખગોળ પરની જૂની ચોપડી વાંચતાં તેના વિશેષ અભ્યાસ માટે ગણિતના જ્ઞાનની આવશ્યકતા તેને જણાઇ અને યુકલીડની ભૂમિતિ એણે વાંચવાનું શરૂ કર્યું. પરંતુ એના કોયડા એને એટલા તો સહેલા અને સ્વયંસિદ્ધ લાગ્યા કે નકામી માની એ ચોપડીને એણે ફેંકી દીધી.

પરંતુ પાછળથી ઉપલા વર્ગમાં આવતાં ગણિતશાસ્ત્રના પ્રોફેસર બૅરોનાં ભાષણો સમજી શકાય એ માટે પેલી નકામી ગણી ફેંકી દીધેલી ચોપડી જ એને આગળના જ્ઞાનના પાયારૂપ લાગી. એ ફેંકી દીધેલી ચોપડી આખી ઉથલાવી ગયા બાદ ડેસકાર્ટિસની 'ભૂમિતિ', સૅાન્ડરસનનું 'તર્કશાસ્ત્ર', કેપ્લરની 'દૃષ્ટિશાસ્ત્રની મીમાંસા' તથા વૉલિસનું 'આનંત્યનું ગણિત' (De Arithmetica infinitorum) પણ એ વાંચી ગયો અને ત્યાર પછી બે જ વર્ષ રહીને એ જ ક્ષેત્રમાં ગાણિતિક પૃથક્કરણની બાબતમાં એણે જે ખંત અને પ્રતિભા પ્રદર્શિત કર્યાં તેથી તેના ઉજ્જવળ ભાવિની સૌ કોઇને આશા બંધાઇ હતી.

પહેલવહેલી એણે ગણિતમાં 'કૅલક્યુલસ'ની રીત શોધી કાઢી.

પછી પ્રકાશનાં કિરણોનું પૃથક્કરણ કરીને મેઘધનુષ્યમાં દેખાતા સઘળા રંગો તેમાં હોવાની જાહેરાત કરી રંગવિજ્ઞાનનો પાયો નાખ્યો. ત્રિપાર્શ્વ કાચ વડે એણે આ ભેદ શોધી કાઢ્યો, પણ એમાં એની એક ભૂલ થઈ હતી. પ્રકાશને એણે કણોનો બનેલો માન્યો હતો. પરંતુ જગતને પાછળથી હ્યુજીન્સ જેવો વિજ્ઞાની મળી રહ્યો, જેણે એ ભૂલ સુધારી પ્રકાશનું તરંગમાન નક્કી કર્યું.

આ અખતરો એણે ત્રેવીશ વર્ષની વયે કરેલો. લંડનમાં એ અરસામાં પ્લેગ ચાલુ હોઈ, તેને વૂલ્સથૉર્પ રહેવાનું થએલું. આમ મળેલી ફુરસદને ન્યૂટન જેવો માણસ નકામી કેમ જવા દે ?

ઝાડ પરથી સફરજનનું પડવું જોઇ તેના પરથી વિચારમાં ઊતરીને ગુરુત્વાકર્ષણની એણે કરેલી શોધની જે વાર્તા કહેવામાં આવે છે તે પણ આજ અરસાની સંભવે છે. વાડીમાં બેસીને સફરજનનું પતન કદાચ એણે જોયું હોય. પણ એટલા પરથી જ એને ગુરુત્વાકર્ષણનો નિયમ હાથ લાગી ગયો એમ માનવાને કશું કારણ નથી. એણે કેપ્લર તથા ગૅલિલીઓનો પૂરેપૂરો અભ્યાસ કર્યો હતો. આકાશી પિંડોની ગતિથી તે વાકેફ હતો. છતાં અંગ્રેજો તો એ ઝાડ પડી ગયું ત્યાં સુધી ન્યૂટનની પ્રતિભાના પ્રોત્સાહક તરીકે તેનું પ્રદર્શન કરતા રહેલા, અને હવે એ ઝાડના નાના નાના ટુકડા કરી સંઘરી રાખેલ છે !

માત્ર પૃથ્વીને કે સૌરજગતને નહિ પણ વિશ્વમાંના પદાર્થમાત્રને લાગુ પડતા આ સિદ્ધાંત માટે ન્યૂટને સૌ પહેલી જે કલ્પના દોડાવેલી તે તો કેપ્લરના અનુમાન કરતાં પણ બેહૂદી હતી. એને શાસ્ત્રીય સંપૂર્ણતાએ પહોંચાડતાં વચ્ચે પુષ્કળ વખત નીકળી ગયો. કદાચ એણે પૃથ્વીના કદનું ખોટું માપ લીધું હોય તેને એ આભારી હોય કે એને લગતા બીજા સહાયક પૂરાવાના અભાવને આભારી હોય. એ માટે એણે મૂકેલા દાખલાનો જવાબ એની ગણતરી મુજબ ૧૬ આવવો જોઈએ તેને બદલે ૧૩.૯ આવ્યો અને એ બધાં જ કાગળિયાં એણે તેર વરસ સુધી ટેબલના ખાનામાં ભરી મૂક્યાં.

પ્લેગ નરમ પડચો એટલે ન્યૂટન પાછો કેમ્બ્રિજ ગયો. એ વખતે હજુ એણે પચ્ચીસી પણ પૂરી કરી ન હતી છતાં પોતાની મહત્તાનાં બી તો એણે વાવી દીધેલાં હતાં. 'Differential calculus' એણે શોધ્યું હતું, ગુરુત્વાકર્ષણ શોધી કાઢ્યું હતું – જો કે તે સાબિત કરવાનું બાકી હતું, ગેલિલીઓના ગતિના ત્રણ નિયમોની સ્પષ્ટ સમજણ પાડી હતી, સૂર્યપ્રકાશનું પૃથક્કરણ કર્યું હતું, અને રંગપૃથક્કરણની શક્યતા પણ ઊભી કરી હતી. એણે હજુ કશું છપાવ્યું ન હતું, એટલે ૧૬૬૮ માં એ ગ્રેજ્યુએટ થયો ત્યાંસુધીમાં ખાનગી વર્તુલો સિવાય બહારનું જગત તેને પિછાણતું નહોતું.

ઈ. ૧૬૬૯માં ડૉ. બૅરો નિવૃત્ત થતાં ન્યૂટનને તેના સ્થાને ગણિત અને ભૌતિકશાસ્ત્રનો પ્રોફેસર નીમવામાં આવ્યો. ત્યારથી ૧૬૯૫ સુધી છવીસ વર્ષ એક સરખાં એણે પ્રાધ્યાપનમાં ગાળ્યાં પણ એ એટલાં વર્ષોમાં વૅકેશન સિવાય એ એક દિવસ કૉલેજમાં ગેરહાજર રહ્યો ન હતો. રહેતો પણ એ કૉલેજમાં જ. વાર્ષિક સો પૌંડનો પગાર તેને મળતો. તેમાં અઠવાડિયે માત્ર એક ભાષણ આપવાનું તથા ચાર કલાક વિદ્યાર્થીઓ જોડે સંભાષણ ચલાવવાનું રહેતું.

ઇ. ૧૬૭૧માં ખગોળના ક્ષેત્રમાં જાણીતા સેલિસબરીના બિશપ સેટવર્ડે લંડનની રૉયલ સોસાયટીને ન્યૂટનને પોતાનો સભ્ય બનાવવાનો અનુરોધ કર્યો. જો કે ન્યૂટને ત્યાંસુધીમાં કશું છપાવ્યું ન હતું, છતાં તેનું કાર્ય જાણીતું હતું અને એ કાર્યદિશા ભાવિની ઉજ્જવલ આગાહી આપતી હોઇ, ઈ. ૧૬૭૨ના જાન્યુઆરીની ૧૧મી તારીખે તેને સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યો.

હવે એણે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત હાથ ધર્યો. આ વખતે એને જોઇતો સાચો જવાબ મળી રહ્યો. ઇ. ૧૬૮૪માં ચન્દ્રની ગતિનો ફરી હિસાબ લગાવતાં તેને એ મહા સત્ય મળી ગયું. ન્યૂટનની મહત્તા

આ સિદ્ધાંતની એકલી વૈજ્ઞાનિક પર્યેષણામાં જ પર્યાપ્ત નથી થતી પણ એ સિદ્ધાંતે માનવસમાજના વિશ્વ વિષેના ખ્યાલો પર તથા તે સાથે સંકળાએલી ઈશ્વરની ભાવના પર જે અસર કરી તેના પર જ રહેલી છે.

વિશ્વ વિષયે વિજ્ઞાનીઓએ આયાસપૂર્વક પ્રાપ્ત કરેલી જે હકીકતો વેરવિખેર પડી હતી તેને આ એક જ સિદ્ધાંતે પરસ્પર સંબદ્ધ કરી આપી. છતાં માનવમગજમાં એ સિદ્ધાંત પૂર્ણતઃ સ્થિર થતાં પચાસ વરસ લાગ્યાં હતાં. કોપરનિકસના સિદ્ધાંતોને ટોલેમીના ફેલાવેલા વિચારો સામે મથવાનું હતું, ગેલિલીઓને એરિસ્ટોટલના પંથના વિદ્યાગુરુઓ સાથે ઝગડવાનું હતું, તેમ ન્યૂટનને એ કાળે વિદ્યાપીઠોમાં શીખવાતા ગતાનુગતિક શિક્ષણ સામે ઝૂઝવાનું હતું. ઓકસફર્ડ વિદ્યાપીઠ જેવી સંસ્થા પણ ન્યૂટનના 'પ્રિન્સિપિયા'ને બદલે ન્યૂટને જ નાસાબિત કરેલી એવી ડેસકાર્ટિસની 'theory of vortices' વર્ષો સુધી પાઠ્ય પુસ્તક તરીકે ચલાવી રહી હતી! અને ન્યૂટનનો પહેલવહેલો એ વિદ્યાપીઠે સ્વીકાર કર્યો તે પણ કાર્ટેસિયન સિદ્ધાંતો પરનો 'પ્રિન્સિપિયા'નો વિરોધ પોતાના પાઠ્ય પુસ્તકમાં નીચે નોંધ રૂપે મૂકીને! વિજ્ઞાનજગતમાં શકવર્તી ગણાતું તેનું આ પુસ્તક 'પ્રિન્સિપિયા' ઇ. સ. ૧૬૮૩માં બહાર પડેલું. આપણે તો પાઠ્ય પુસ્તકોમાં સફરજનના પતનની વાત વાંચી ત્યારથી જ ન્યૂટનને મહાન વિજ્ઞાની તરીકે સ્વીકારી ચૂકયા છીએ, પણ એનો પોતાનો જમાનો એનો આ ગુણમહિમા નહોતો સ્વીકારી શકયો.

ચન્દ્ર પરની પૃથ્વીના આકર્ષણની ગણતરી કરીને એણે વ્યસ્તવર્ગનો જે સિદ્ધાંત સ્થાપ્યો તે ભૌતિકશાસ્ત્રમાં તેમ પ્રકાશશાસ્ત્રમાં પણ સંપૂર્ણ કામ કરે છે. એક ચોરસ ફૂટ પ્રકાશ, દીવો બળતો હોય ત્યાંથી બે ફૂટ દૂર પડે તો ચાર ચોરસ ફૂટ પર પથરાય છે. ચાર ફૂટ છેટે મૂકીએ તો સોળ ચોરસ ફૂટ પર પથરાય છે. આમ પ્રકાશ એટલો ને એટલો રહેવા છતાં વધુ સપાટી પર

પથરાતાં ઝાંખો ને ઝાંખો પડતો જાય છે. એ જ સિદ્ધાંત પર ગુરુત્વાકર્ષણ અદશ્ય રીતે અવલંબેલું છે. ચુંબક પરિબળની પેઠે એક બિંદુથી તે સર્વત્ર ફેલાઇ રહે છે, અને તેના મધ્યબિંદુના અંતર પ્રમાણે તેમાં વધઘટ રહે છે.

પ્રકાશ માટે વિજ્ઞાનીઓમાં એ કાળે ચાલતો ભ્રમ પણ ન્યૂટને દૂર કર્યો. એ લોકો લાલ પ્રકાશને પ્રકાશનું ઘટ્ટમાં ઘટ્ટ સ્વરૂપ માનતા, ને આસમાની પ્રકાશ સફેદ ને કાળા કણોનો બનેલો માનતા. ન્યૂટને ત્રિપાર્શ્વ કાચ વડે અખતરા કરતાં સૂર્યના સફેદ દેખાતા પ્રકાશમાં સાત રંગો જોયા, અને એવા બીજા કાચવડે એ સાતે રંગોને પાછા એકત્ર કરતાં તેનું સફેદ રંગમાં થતું પુનરાવર્તન જોયું. એ પરથી એણે જાહેર કર્યું કે આપણને લાલ, પીળો, વાદળી ઇત્યાદિ જુદા જુદા રંગો દેખાય છે તેનું કારણ એમનું તરંગમાન લાંબુંટૂંકું હોય છે. આપણને જુદા જુદા પદાર્થો જુદા જુદા રંગના લાગે છે તેનું કારણ એ કે એ પદાર્થો માત્ર એ જ રંગના કિરણનું પ્રતિબિંબ પાડી, બાકીના રંગો ગળી જાય છે.

પ્રકાશ પરના અખતરાઓથી મળેલા અનુભવ પરથી ૭ ઇંચ લાંબી ભૂંગળીમાં એણે એક દૂરબીન બનાવી કાઢ્યું જેનાથી વસ્તુઓ ૪૦ ગણી મોટી દેખાતી હતી. આ રમકડા જેવા સાધન વડે આકાશ તરફ તે મીટ માંડતો રહેતો. એ વડે જ એણે બૃહસ્પતિનો ગ્રહ તેના ચાર ચન્દ્રો સાથે જોએલો. એ દુરબીનનો નમૂનો હજુ રૉયલ સોસાએટીમાં સંઘરી રાખવામાં આવ્યો છે.

એકલા ગ્રહોપગ્રહો પર જ નહિ, પણ આકાશી ધાડપાડુઓ સમા ધૂમકેતુઓ પર પણ પહેલ વહેલો યથાર્થ પ્રકાશ એણે પાડયો જેના આધારે જ પાછળથી પોતાના નામે ઓળખાતા ધૂમકેતુના પુનરાગમનની આગાહી હેલી કરી શકેલો. વળી પૃથ્વીની ધ્રૌવ ઉદરરેખા કરતાં વૈષુવ ઉદરરેખા ૨૬ માઇલ લાંબી હોવાનું અને પૃથ્વી

બંને ધ્રુવો નજીક ચપટી અને વિષુવવૃત્ત નજીક ઉપસેલી હોવાનું પણ એણે જ સમજાવ્યું. કારણ, એમ ન હોય તો વિષુવવૃત્ત નજીક દરિયાનાં પાણી જમીનથી ચૌદ માઈલ ઊંચાં રહેવાં જોઈએ અને બંને ધ્રુવ પ્રદેશો પર સૂકી જમીન રહેવી જોઈએ.

આ પ્રમાણે પરિભ્રમણશીલ સમૂહના ધ્રુવો પર ગુરુત્વાકર્ષણના અંગે આવતી ચપટાશની એની જાહેરાતે ગુરુના ગ્રહની તેની ધરી પર ફરવાની ગતિના વખતનો ક્યાસ કાઢવામાં સહાય કરી. ધ્રુવપ્રદેશો કરતાં વિષુવવૃત્ત નજીક આકર્ષણ વિશેષ રહે છે એ એણે જાહેર કર્યું. ધ્રુવપ્રદેશો પર થતું ૧૯૪ પોંડ વજન વિષુવવૃત્ત પર ૧૯૫ પોંડ થાય. સમુદ્રમાં થતા ભરતીઓટનો પણ એણે સાચો ખ્યાલ આપ્યો. એમને ચન્દ્રની ગતિ સાથે સંબંધ હોવાનું કેપ્લર કહી ગએલો, પણ એ સંબંધ શા માટે ને કેવી રીતે હોવો ઘટે તેનો ખુલાસો તે નહોતો આપી શક્યો. ગેલિલીઓ જેવા વિજ્ઞાનીએ પણ કેપ્લરની આ માન્યતાની મજાક ઉડાવી હતી, ત્યારે ન્યૂટને એ આખી વસ્તુ વૈજ્ઞાનિક રીતે સાબિત કરી આપી.

આમ, ન્યૂટને ગુરુત્વાકર્ષણની શોધ કરી વિશ્વની એકતા સમજાવી, અંધાધુંધીને સ્થાને નિયમિતતા આણી, ગણિતશાસ્ત્રની ગણના પદ્ધતિમા ક્રાન્તિ આણી, આકાશી તેજઃપિંડોના આવાગમનના ખાતરીબંધ સિદ્ધાંતો સ્થાપ્યા, પ્રકાશનું પૃથક્કરણ કરી દૃષ્ટિશાસ્ત્ર (Optics)માં પ્રગતિ આણી, પ્રતિબિંબાયક દૂરબીનની શોધ કરી જગતને વિશ્વની વિશાળતાનું ભાન કરાવ્યું, ટૂંકામાં વિશ્વનું આખું સુસંહત ચિત્ર એણે નિર્માણ કર્યું. ભૂતકાળનું સઘળું જ્ઞાન એકીકૃત કરી તે પર પોતાતી પ્રતિભાનો પ્રકાશ પાથરી એણે ભૌતિક નિયમોનું સામ્રાજ્ય મનોગોચર બનાવ્યું, પછી અંગ્રેજ કવિ પોપ કુદરતના એ દુભાષિયાને આ રીતે સન્માને તેમાં શી નવાઈ?

'Nature and Nature's laws lay hid in night;
God said, let Newton be! and all was light.'

મધ્યમ બાંધાનો ને શાંત મુખમુદ્રા ધરાવતો વેધક તીણી આંખો વાળો એ શક્તિસંપન્ન ને સાધુચરિત વિજ્ઞાની સાદાઈમાં જ સદા મોજ માણતો. જિંદગીની છેલ્લી ઘડી સુધી તે એકાંતનો અનુરાગી રહ્યો હતો. ચિંતન સિવાય એને બીજું કોઈ વ્યસન જ હતું નહિ. પથારી-માંથી ઊઠતાં કોઈ વિચાર આવે તો ખાટલાની ઈસ પર બેઠો કલાકો સુધી તે વિચારમાં પરોવાઈ જતો. આખી જિંદગી એ અવિવાહિત રહ્યો હતો, અને તેનું કારણ, ફૉંતીનેલના કહેવા મુજબ, કદાચ લગ્ન પર વિચાર કરવા જેટલી તેને ફુરસદ પણ નહિ મળી હોય.

પરંતુ લગ્નને સંભવિત બનાવતા એક પ્રસંગમાંથી તો તે પસાર થયો હતો, અને તે, એને ખેતરના ઝાંસરામાંથી છોડાવનાર એના કાકાની એક પુત્રી સાથે ગુજારેલી થોડી મીઠી પળો. ન્યૂટન વિજ્ઞાનની અને પોતાના પ્રયોગોની લાંબી લાંબી વાતો તેને કરતો અને એ બધી લાંબી વાતો એ એમાં તલ્લીન બનીને મુગ્ધપણે હમેશાં સાંભળતી રહેતી. ન્યૂટન પ્રત્યેનો એનો અનુરાગ એટલી હદે હતો કે એક વખત તો ન્યૂટનનું યે દિલ કદાચ હલી ઊઠ્યું હશે.

એને થયું હશે, ' આ છોકરીએ તો મને શુંનો શું ધારી લીધો છે. એ પોતે પણ ક્યાં ઓછી ખૂબસુરત, ઓછી હોશિયાર છે ? મારે પડખે રહી મને મૂંઝવતા કૂટ કોયડામાં એ પણ ભાગીદારી કરી, મારી જિંદગીનો સહારો બની રહે તો ?

જગતના પ્રારંભથી પુરુષોએ સ્ત્રીઓ વિષે આવાં સ્વપ્નાં સેવ્યા કર્યાં છે.

છતાં ન્યૂટન એથી નિરાળો નીકળ્યો. આટલો અનુરાગ છતાં બંનેનાં લગ્ન ન થયાં. એ સોહામણી છોકરીને ન્યૂટન દુરારાધ્ય લાગ્યો હશે, એના વિજ્ઞાનને સર્વસ્વ માનતા માનસની એને ભીતિ લાગી હશે,

કે પછી ન્યૂટને લગ્નસંબંધ પ્રત્યે સમૂળગું દુર્લક્ષ જ કર્યું હશે? ગમે તે કારણ હોય, પણ એ છોકરી બીજે પરણી ગઈ, અને એ છોકરી માટે પોતાના દિલમાં કદિક કોમળ લાગણી ઊઠી હશે એ વાત પણ ન્યૂટન ભૂલી ગયો.

ન્યૂટનના લોકોત્તર જીવનમાં રંગદર્શને કશું સ્થાન મેળવ્યું હોય તો તે આટલું અલ્પ જ.

આવો સમર્થ વિજ્ઞાની હોવા છતાં ન્યૂટન હમેશાં ગરીબ જ રહ્યો હતો, એ બીના પણ નોંધપાત્ર છે–એટલો ગરીબ કે એક વખત રોયલ સોસાયટીના સભ્યપદના પણ પૈસા ભરવાના તેની પાસે નહોતા ને તેણે એ પદનું રાજીનામું લખી મોકલેલું, પણ સેક્રેટરી ઓલડેનબુર્ગે તે મંજૂર નહોતું રાખ્યું.

યુનિવર્સિટીમાં જેમ્સ બીજાને એણે દરમિયાનગીરી કરતો અટકાવેલો એ પરથી કૅમ્બ્રિજ યુનિવર્સિટીએ પોતાને પાર્લામેન્ટમાં એક સભ્ય મોકલવાના મળેલા હક પરથી ન્યૂટનને ચૂંટીને મોકલેલો. પરંતુ પાર્લામેન્ટની આખી કારકિર્દી દરમિયાન એક જ વખત ન્યૂટન બોલેલો, અને તે એક વક્તા ઠંડીથી ધ્રૂજતો હતો ત્યારે એની નજીકની બારી બંધ કરવાની ચપરાશીને સૂચના કરવા. એની શરમાળતા તો એટલી બધી હતી કે ઇ. ૧૭૧૪માં આમસભામાં દરિયાના રેખાંશના નિર્ણય અંગેનું બિલ આવતાં ન્યૂટનને તે પર પોતાનો અભિપ્રાય જણાવવાનું કહેવામાં આવતાં તે એક શબ્દ બોલેલો નહિ અને ઘણા સભ્યોનો વાંધો છતાં પોતાનો અભિપ્રાય કાગળ પર લખીને આપ્યો હતો!

નવાઈની વાત તો એ છે કે ન્યૂટને પોતાની પિસ્તાળીસ વર્ષની વય પછી કશું જ લખ્યું નથી, જ્યારે સાચું જોઈએ તો એ ઉમરે તો બુદ્ધિમાં પૂર્ણ પરિપકવતા આવે છે. એના કૂતરા ડાયમંડે રસાયણ-

શાસ્ત્રપરનાં એનાં લખેલાં કાગળિયાં બાળી નાખ્યાં એ આઘાતથી જ કદાચ બાયટના કહેવા પ્રમાણે ન્યૂટન નિષ્પ્રવૃત્ત બની ગયો હશે. એ આઘાતથી થોડો વખત એણે માનસિક સમતુલા પણ ગુમાવી દીધી હતી. જો કે સર ડેવિડ બ્રૂસ્ટરે 'રાષ્ટ્રીય પ્રશ્ન' ગણી આ બાબત પર ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કરેલો, પણ 'On the Human Understanding' ના લેખક લૉકને એણે લખેલા કાગળો એ સ્થિતિ પર પૂરતો પ્રકાશ પાડે છે.

વળી બીજી નવાઈની વાત એ છે કે આખું યુરોપ ન્યૂટનના જ્ઞાનસાગરમાં અવગાહી રહ્યું હતું ત્યારે પચાસની વયે પહોંચેલો ન્યૂટન ભૂખે મરતો હતો. કૅમ્બ્રિજનો એક જૂનો વિદ્યાર્થી ચાર્લ્સ મૉન્ટેગ્યુ ઇ. ૧૬૯૦માં ચૅન્સેલર ઑાવ ધી એકસચેકર થયો ત્યારે ન્યૂટનની આ હાલાકી દૂર કરવા તેને ટંકશાળનો ઉપરી નીમ્યો. વોલતેર એની 'Philosophical Dictionary' માં લખે છે કે મૉન્ટેગ્યુએ તેને આ દરજ્જો તેની વૈજ્ઞાનિક પ્રતિભા પર મોહીને નહિ, પણ તેની ભત્રીજી બાર્ટન પર મોહીને આપ્યો હતો—'Calculus and gravity would have done him no earthly good, without his pretty niece.'

ટંકશાળમાં રહીને વિજ્ઞાનને એણે તિલાંજલિ આપી દીધી. સિક્કાઓની બાબતમાં સુધારા કરવામાં એનું મન એટલું તો ગુંચવાએલું રહેતું કે એને કોઈ ત્યારે ગુરુત્વાકર્ષણ પર સવાલ કરતું તો તે મુંઝાઈ જતો. 'રાજ્યનું કામ મારાથી પહેલું' કહીને ટંકશાળને જ એણે પોતાનો રસવિષય બનાવી દીધો હતો.

ઈ. ૧૭૦૩ માં રૉયલ સોસાયટીનું પ્રમુખપદ તેને સોંપાયું અને આમરણ તેણે વિજ્ઞાનનું એ પ્રતિનિધિત્વ સાચવ્યું. ઇ. ૧૭૦૫માં રાણી

આને તેને બૅરોનેટ પદ આપ્યું. જે જે ઊંચામાં ઊંચાં સંમાનોની અપેક્ષા રાખી શકાય તે સઘળાં એને મળ્યાં.

પ્રાણિશાસ્ત્રમાં ડાર્વિનના 'ઑરિજિન ઑાવ સ્પીસીઝ' એ શકવર્તી ગ્રન્થે ઓગણીસમી સદીમાં જે ક્રાન્તિ આણી, એવી જ ક્રાન્તિ ભૌતિકશાસ્ત્રમાં ન્યૂટનના 'પ્રિન્સિપિયા' એ શકવર્તી ગ્રન્થે અઢારમી સદીમાં આણી. આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદે ન્યૂટન પછી ભૌતિકશાસ્ત્રમાં જબરી ક્રાન્તિ આણી દીધી છે, પણ ન્યૂટન જેવો ધીરગભીર ચિંતક એવી ક્રાન્તિથી કદાચ વાકેફ પણ હોય, એ જીવનના અંતભાગે એણે ઉચ્ચારેલા જે શબ્દો લેખની શરૂઆતમાં ટાંક્યા છે તે પરથી જણાઈ આવે છે.

એડવર્ડ શૅન્કસ એ બાબે લખે છે,

'...When we think of the author of the Principia comparing himself to "a boy playing on the sea-shore," it is natural to suppose that he had had a vision of the great men and the great discoveries to come after him. He was, when he said that, an old man visibly withdrawing from the world. He must have had a Pisgah-sight of Clerk Maxwell and the electro-magnetic theory of light, of the Curies and radio-activity, of Rutherford and his model of the atom, of Max Planck and the quantum theory, even of Einstein and the final destruction of the Newtonian universe."

આવો દ્રષ્ટા પુરુષ તો પછી પોતાના રસવિષયથી તબદિલ કેમ બની જાય ? એક તો એની શોધોએ વિજ્ઞાનજગતમાં ખૂબ ઝગડા મચાવેલા. એના 'ડીફરેન્શ્યલ કેલકયુલસ'ની બાબતમાં લાઈબનિટ્ઝ જોડે ઝગડો પડેલો, ગુરુત્વાકર્ષણની બાબતમાં હૂક જોડે, અને ચન્દ્રના નિરીક્ષણ બાબતમાં ફ્લૅમસ્ટીડ જોડે. આ ઝગડાઓથી બચવા માટે એણે માનસિક નિષ્ક્રિયતાભરી એકાંત વહોરી લીધી હોય કે પછી પોતાની ઉત્કૃષ્ટ ધાર્મિક વૃત્તિને એ આભારી હોય.

પરંતુ ન્યૂટનનાસર્વશ્રેષ્ઠ ચરિતકાર જે. ડબલ્યુ. એન. સલિવાનના કહેવા પ્રમાણે ન્યૂટનની એ એકાંતપ્રિયતા એના સ્વભાવ સાથે જડાએલી નહોતી, એની સંકલ્પશક્તિવડે તેણે તે સાધ્ય કરી હતી. અને એ તો એટલે સુધી કહે છે કે ધર્મની બાબતમાં ન્યૂટન જેવા સંપૂર્ણ સનાતન માણસને વિજ્ઞાનથી પ્રાપ્ત થતાં સત્યો ધાર્મિક સત્યોથી અસંગત લાગતાં પણ તેણે કદાચ વિજ્ઞાનનો મોહ છોડી દીધો હોય.

વયના ૮૫ મા વરસે માર્ચ મહિનાની ૨૦મી તારીખ ને સોમવારે વિજ્ઞાનના આ અક્ષર માર્ગસ્તંભે પોતાનું ક્ષર જીવન સંકેલી લીધું. એને વેસ્ટ મિન્સ્ટર ઍબે મુકામે દફનાવવામાં આવ્યો. એના શિષ્ય અને 'Treatise on Optics' ના લેખક ડૉ. રૉબર્ટ સ્મિથે ટ્રિનિટી કૉલેજમાં તેનું આરસનું બાવલું મૂકાવ્યું, જેના અધોભાગે આ લખાણ આવેલું છે: 'Qui genus humanuum ingenio superavit.'

અને ઇંગ્લંડે ચિરધામ પળતા એ જ્ઞાનયાત્રી માટે શું કર્યું ? સ્પેનિશ જહાજો પકડનારા ચાંચીઆ કે પરરાષ્ટ્રોની રાજધાનીઓને

આગ લગાડનારા કાયર સેનાનીઓ પર માનચાંદોનો કડૂસલો કરી દેનાર ત્યાંની સરકારે એની અંત્યેષ્ટિ ક્રિયામાં પણ કશો ભાગ ન લીધો! અલબત્ત, ન્યૂટન સર્વથા સંપૂર્ણ હતો એમ આપણે ન કહી શકીએ. એ પણ મનુષ્ય હતો, અને માનવસહજ દોષો તેનામાં સંભવે પણ ખરા. પરંતુ લૂઈ રીગે કહે છે તેમ, 'Much should be forgiven to a genius who extends the frontiers of human understanding.'

● આઝાદીનો આશક ●

જોસેફ ગેરીબાલ્ડી



આઝાદીનો આશક

જોસેફ ગેરીબાલ્ડી

No truculent bandit, or soldier of fortune, or theatrical hero, is Garibaldi, but one of Nature's own kings—one of the leaders of the people, who may safely trust him with supreme command. He is no price seeker, no hunter after pension or properment, he fights for his country like a brave. true man who has a great duty to perform, but when the fighting is over sheathes his sword, shuns the gaze of applauding multitudes, and follows again some humble employment in quiet retirement. The world has not many such men,

—**Anon.**

આજે કાળાં ખમીસોમાં સજ્જ બનીને ઘૂમતી ઈટાલીની નવજવાની પ્રાચીન રોમન શહનશાહતનું બદગુમાન સેવી રહી છે, પરંતુ આજથી એક જ સૈકા પહેલાં એ ઈટાલીની એક રાષ્ટ્ર તરીકે પણ હયાતી ન હતી. ઑસ્ટ્રિયાનો પ્રત્યાઘાતી રાજપુરુષ મેટરનિક કહેતો તેમ ઈટાલી 'માત્ર ભૌગોલિક સંજ્ઞા' હતું. ઉત્તરમાં ઑસ્ટ્રિયા લૉમ્બાર્ડી ને વેનેશિયા દબાવી બેઠું હતું. દક્ષિણમાં નેપલ્સ અને સિસિલી સ્પેનિશ બુર્બોના હાથમાં હતા. અને વચ્ચે, બંને પડખે સાગરકાંઠા સુધી લંબાતું પોપ અને તેના કાર્ડિનલોનું રાજ્ય હતું.

આમ ઈટાલીની આખી કમ્મર તૂટી ગઈ હતી, ને તેના જુદા જુદા મણુકા પચાવીને જુદી જુદી સત્તાઓ મુસ્તાક બનીને બેઠી હતી. બેચાર નાની મોટી સ્વતંત્ર ઠકરાતો રહી હતી, પણ તે યે પરસ્પર ઝગડવામાંથી જ ઊંચી નહોતી આવતી, ત્યાં ઈટાલીના રાષ્ટ્રૈક્યની એને શી પડી હોય? એટલે લાચાર જીવે આ ત્રણે ધીંગી સત્તાઓની પીંખાવટ ઈટાલી સહન કરી રહ્યું હતું. સહન કરતાં કરતાં દર્દની આહ પણ મોંમાંથી કાઢવાનો જાણે તેને અધિકાર નહોતો.

અને આહ કાઢનારાઓનો શો અંજામ આવતો? કેદખાનાંની દિવાલો એમને માટે તૈયાર જ હતી. ફાંસીના માંચડા એમને માટે તૈયાર જ હતા. છતાં એ કેદખાનાં નહોતાં ખાલી રહેતાં, ફાંસીના માંચડા નહોતા નિષ્ક્રિય રહેતા. કારણ? આપણા નરવીર રાષ્ટ્રપુરુષ અને આ ચરિત્રનાયકના મહાન ચાહક લાલા લજપતરાય કહી જ ગયા છે કે, 'સ્વાતંત્ર્યની દેવી એ જગતની પવિત્રમાં પવિત્ર દેવી છે. એના મંદિરમાં પગ મૂકતાં પહેલાં તમારા પોતાના જીવન વડે તમારી એ માટેની લાયકાત તમે સાબિત કરી આપો.'

એ લાયકાત મુક્ત અને સંયુક્ત ઈટાલીના સ્વપ્નદ્રષ્ટાઓએ મેળવી લીધી હતી, એ એનું મોટામાં મોટું કારણ.

દલિત પ્રજામાં વહેલે મોડે જે સરફરોશી આવિષ્કાર પામે છે તે ઇટાલીનાં સંતાનોમાં પ્રગટી ચૂકી હતી. અજ્ઞાન, અન્યાય અને પારતંત્ર્યની દીવાલો તોડવા તેમનાં દિલમાં તોફાન જાગ્યું હતું. ધર્મગુરુઓ તો હજુ એ જ જરીપુરાણું આશ્વાસન પ્રજાને આપી રહ્યા હતા કે, 'ઈશ્વર બધું સારું કરશે.' પરંતુ એમના 'ઈશ્વર'ના નિષ્ક્રિય હાથ સક્રિય બને ત્યાં સુધી ઇટાલીથી હવે રાહ જોઈ જાય એમ ન હતું.

ઈટાલીના સળગી ઊઠેલા એ પ્રાણને સક્રિય બનાવવાનું મહાકાર્ય માથે લીધું પ્રખર પ્રજાસત્તાવાદી ઇટાલિયન ચિંતક જિસેપ માત્સીનીએ. 'તરુણ ઇટાલી' નામક મંડળ જમાવી, એ નામનું જ મુખપત્ર બહાર પાડી, એણે સ્વાતંત્ર્યના વેરવિખેર પ્રયાસોને સંગઠિત બનાવવાનું કામ હાથ ધર્યું. 'બીજા કોઈના નામે નહિ, માત્ર ઈટાલીના નામે ખડા થાઓ,' એણે હાકલ કરી અને ઇટાલિયન નવલોહિયાનાં ટોળાં ને ટોળાં એ હાકલ ઝીલતા એના ઝંડા નીચે એકત્ર થવા લાગ્યા.

મુદતોથી લાચાર રહેલા દેશની મુર્દાદિલી એકસામટી જાણે ભસ્મીભૂત થવા લાગી, પરંતુ ત્યાં તો માત્સીનીને અધવચ્ચે જ ઉઠાવી લઇ, ઇટાલીના પરદેશી શાસકોએ તેને દેશનિકાલ કરી દીધો અને પોતાની જાતને વધુ સલામત બનાવવાની ચુસ્ત પેરવીઓ કરવા માંડી.

રાષ્ટ્રોત્થાનના આ ઘટનાચક્રના ગાળે જ એક કુમાર ઇટાલિયનના જીવનનું ઘટનાચક્ર નિર્માણ પામી રહ્યું હતું. એનું નામ જિસેપ ગેરીબાલ્ડી, પણ નાનપણમાં સૌ એને 'ગોરિયો' કહી બોલાવતા. એની માની મરજી એને પાદરી બનાવવાની હતી; એના બાપની મરજી એને દાક્તર કે વકીલ બનાવવાની હતી. પરંતુ તાકતભર્યા તેના હાથ જીવનને ઠારી દેતા ઠંડા મઠો વચ્ચે પ્રાર્થનાબદ્ધ રહેવા કે શહેરભરી તેની જબાન છળના લોચા વાળવા નહોતી સર્જાઈ. ગોરિયોએ જાતે જ પોતાના જીવનનો રાહ નક્કી કરી લીધો હતો.

દેશનિકાલ માત્સીનીની વાતો દર્દભર્યે દિલે સાંભળી સાંભળીને તથા જ્યાંથી મળે ત્યાંથી તેનાં પુસ્તકો લાવીને ખાનગીમાં વાંચી વાંચીને ગોરિયોને જાણે પોતે જ ઇટાલીનાં મેદાનો પર દુશ્મનો સામે ઝઝૂમી રહ્યો હોય એવી કલ્પનાઓ જાગતી. પણ એ સઘળી કલ્પનાઓ મૂર્ત કરવાની તક ન આવે ત્યાં સુધી રાહ જોવાનું જ એણે નક્કી કર્યું હતું.

ઇટાલીના, અને હાલે ફ્રાન્સને તાબે રહેલા નાઇસ ગામમાં ઇ. ૧૮૦૭ ના જુલાઈની ૪થી તારીખે ગેરીબાલ્ડીનો જન્મ થએલો. એનો દાદો તથા એનો બાપ ડોમેનિકો ગેરીબાલ્ડી બંને વેપારી વહાણોના કમાન હતા, એટલે નિર્ભીક હિંમત, અપ્રતિહત બળ અને ફરજના ચાહ સાથે સાગરજીવનનો શોખ એને વારસામાં જ મળ્યો હતો.

ગેરીબાલ્ડીનાં માવિત્રો તો પેટની વેઠ કરવામાંથી જ ઊંચાં નહોતાં આવતાં, એટલે એમને સંયુક્ત ઇટાલીના નવજન્મ (risorgimento)ની ચળવળની કંઇ પડી ન હતી. અને પાછો ગોરિયો એવો પનારે પડ્યો હતો કે એમને નિરાંતનો શ્વાસ પણ ખાવા નહોતો આપતો. કોઈનું કહ્યું ન ગણકારતાં જ્યાં ત્યાં ભાગી જાય, નિશાળમાં જવાને બદલે દરિયાકાંઠાના ટેકરાઓ પર જઈ બેસે, ને પુસ્તકો વાંચવાને બદલે ખારવાઓ સાથે ગપ્પાં હાંકે. દરિયાનાં ચડતાં પડતાં મોજાં પર બૂચ જેમ નાચતાં જહાજો જોવામાં એને ઓર મજા આવતી. દૂર દૂર ક્ષિતિજમાં માત્ર ટપકા જેવા દશ્ય સ્વરૂપમાંથી કોઈ સફેદ પંખી જેમ સ્વરૂપ પલટાવતા વહાણોને તે અમીટ નજરે તાકી રહેતો અને એ પરથી જાગતી સઘળી ભાવાત્મક કલ્પનાઓ તે હૃદયને એક ખૂણે સંઘરતો જતો.

અને એ નિશાળે જાય ત્યારે શિક્ષકનું તો આવી જ બનતું. એ પોતે તો ફાવે તેમ વર્તે, તે સાથે બીજા જોડીદારોને પણ તોફાને ચડાવે. એના એક તોફાનનો આ દાખલો એણે પોતે જ કહેલો છે:

'એક દિવસ નિશાળના ત્રાસથી ને ઘરમાં ગોંધાઈ રહેવાથી કંટાળી મેં મારા કેટલાક સમવયસ્ક મિત્રોને સમજાવ્યા કે આપણે જીનોઆ નાસી જઈએ અને ત્યાં નસીબ અજમાવીએ. અમે તરત જ એ વિચાર અમલમાં આણ્યો અને થોડુંઘણું ટીમણ બાંધી એક મછવામાં પૂર્વ તરફ નાઠા. પરંતુ હજુ મોનાકો પણ વટાવ્યા નહિ હોઈએ ત્યાં તો અમને પકડી પાડવા મારા પિતાએ મોકલાવેલો મછવો આવી પહોંચ્યો.'

આમ આ સાહસ નિષ્ફળ નીવડ્યું. ગેરીબાલ્ડીને ખબર પડી કે એક પાદરીએ તેના બાપ પાસે આ ચાડી ખાધેલી, એટલે ત્યારથી જ પાદરીઓ તરફ તેના મનમાં નફરત પેદા થઈ ગઈ જે આખી જિંદગી સુધી રહી હતી.

બસ, ત્યારથી ગેરીબાલ્ડીએ નિશાળમાં જવું જ સમૂળગું માંડી વાળ્યું. બાપને આ બાબતની જાણ થતાં તેને ધમકાવવા લાગ્યો એટલે તેણે ચોપડીઓનું બહાનું આપ્યું. બાપે ચોપડીઓ ખરીદવા પૈસા આપ્યા, તો ચોપડીઓ ખરીદવાને બદલે એ પૈસાની બંદૂક લઈ આવ્યો અને બસ, ત્યારથી એ બંદુક ખભે ભેરવીને જ રખડવા લાગ્યો.

બાપને પ્રતીતિ થઈ કે ગેરીબાલ્ડીને ભણાવવું નકામું હતું. તો પછી એને જોડવો કયા ધંધામાં? સાગરના ફરઝંદની નજર સાગર સિવાય બીજે ક્યાં જાય? અને ખુદ ગેરીબાલ્ડીને પણ દરિયાની કોઈ અજબ મોહિની હતી, એટલે માતાની નામરજી છતાં ૧૮૨૨માં કૅબિન-બૉય તરીકે એણે જહાજી કારકીર્દિનો પ્રારંભ કરી દીધો.

એની કુમારાવસ્થા માટે એના જ એક જોડીદારે પાછળથી લખેલું છે, 'પેપિનો (જિસેપ) હોશિયાર અને ખૂબ તોફાની હતો છતાં ક્યારેક એ બિલકુલ શાંત અને વિચારમગ્ન બની જતો. અને તેમાં યે એને ગમતી કોઈ ચોપડી એને હાથ લાગી ગઈ તો એકાદ ઓલિવવૃક્ષ તળે પડ્યાં પડ્યાં કલાકો સુધી તે વાંચ્યા કરતો. એ

વખતે અમારી તોફાનની ચાહે તેવી યોજના પણ તેને અસર ન કરી શકતી. એનો અવાજ બહુ મીઠો હતો ને ખારવાઓ ને ખેડૂતોનાં બધાં ગીતો તે ઉલ્લાસથી ગાતો. કેટલાંક ફ્રેન્ચ ગીતો પણ એ જાણતો. એની કુમારવયથી જ અમે એના સમવયસ્કો એને અમારો ન્યાયાધીશ માનતા, ને અલ્પવયસ્કો પોતાનો સંરક્ષક. તરવૈયો તો એ એવો જબરો હતો કે પાણીનું માછલું જ જોઈ લો.'

ગેરીબાલ્ડીની બીજી સફર એના બાપ સાથે એમના પોતાના જ મછવા 'તાર્તાના'માં થઈ. ટાઈબરના મુખ પર મછવો નાંગરાવી એ જ્યારે રોમમાં પ્રવેશ્યો ત્યારે તો એ 'શાશ્વત નગરી'એ એના ચિત્તને ભરી મૂક્યું. એની કલ્પનામાં હતું તેથી યે પ્રત્યક્ષ દર્શનથી રોમ તેને વિશેષ પ્રિય થઈ પડયું, કારણ, એણે પોતાનાં પાછળનાં વર્ષોમાં કહેલું તેમ, રોમ એ એને માટે ઈટાલી–સંયુક્ત ઈટાલીનું પ્રતીક હતું.

રોમનાં ખંડેરોમાં નૂતન ઈટાલીનો સંદેશ વાંચી ભાવનાભરી સ્વપ્નસૃષ્ટિ રચ્યે જતા ગેરીબાલ્ડીને ૧૮૩૩માં તાગનરોગ મુકામે કયૂનીઓ નામના તરુણ જીનોઈઝનો ભેટો થયો અને તરુણ ઇટાલિયનોના એકીકરણની વાત એણે કાઢી ત્યારે તો કોલંબસને નવી દુનિયા શોધતાં નહિ થયો હોય, એટલો આનંદ ગેરીબાલ્ડીને થયો. ત્યારથી તેનું હૃદય જાણે માતા ઈટલીને ઢંઢોળી ઢંઢોળીને પોકારવા લાગ્યું,

"Beloved O men's mother, O men's queen,
Arise, appear, be seen."

અને એવો જ પોકાર નિર્વાસિત માત્સીનીનું હૈયું કરી રહ્યું હતું. બધા તંદ્રાવશ બનેલા ત્યારે એણે એકલાએ જાગૃત રહીને ઈટાલીની જુવાન જનતાની તંદ્રા ઉડાડવા માંડી હતી. કાજળકાળી ચિંતનશીલ આંખો, ભવ્ય ભાલપ્રદેશ, ભરાવદાર ભમ્મરો અને કમનીય રીતભાત

સાથે જબાન પર અજબ કાબૂ ધરાવતો ઈટાલીની આઝાદીનો એ ફકીર ચિંતક હતો, સંત હતો, ઈટાલીની નવી પેઢીનો જાણે પયંગબર હતો.

માર્સેલ્સમાં રહ્યે રહ્યે માબોમની આરાધના કરતા રહેલા, બાળક જેટલા જ અહંકારથી પર એ વતનપરસ્તની પોતાની સફર દરમિયાન પહેલી મુલાકાત ગેરીબાલ્ડીએ લીધી ત્યારે ઈટાલીમાં સૅવોય પ્રાંતમાં આઝાદીમાં ઉન્મત્ત જુવાનિયા માથું ઊંચકી ચૂક્યા હતા.

ગેરીબાલ્ડીને તારુણ્યની પ્રેરણાઓના એ દર્શક અને શિક્ષકની પહેલી મુલાકાતે જ એટલો મુગ્ધ બનાવી દીધો કે માત્સીનીને આજીવન સાથ આપવાની એણે કબૂલાત આપી દીધી. બંનેનાં જીવન જુદાં હતાં, બંનેનું શિક્ષણ જુદું હતું, પરંતુ બંનેના જીવનનો આદર્શ એક જ હતો, અને તે ઈટાલીની આઝાદી.

એ મુલાકાત હતી નરવરોની નહિ, નરવીરોની નહિ, પણ નરસિંહોની. એક હતો પાતળો છતાં આંખોમાં અણબૂઝ જવાલાભર્યો, જ્યારે બીજો હતો દરિયાની છાતી ખૂંદીને સંચેલી અડીઅમ પહાડ સમી દઢતા અને તાકતભર્યો. સિંહને પારખતાં સિંહને મુદ્દલ વાર ન લાગી અને સૅવોયના બળવામાં સહાયક બનવા માટે માત્સીનીએ ગેરીબાલ્ડીને જીનોઆના ખલાસીઓમાં બળવો જગવવા મોકલી આપ્યો. આમ વહાણનો સુકાની દેશનું સુકાન સંભાળવા પાકો ફર્યો, પરંતુ ઈટાલી માટે પારતંત્ર્યની કાળનિશા આથમવાને હજુ વખત હતો. ગમે તેટલી મજબૂત તૈયારી છતાં એ બળવો નિષ્ફળ ગયો ને બળવાખોરોની કત્લેઆમ ચાલી. જેમની કત્લ યોગ્ય ન જણાઈ તે જેલમાં ગોંધાયા ને જેલ માટે જે ભયંકર જણાયા તેમને દેશનિકાલ કરવામાં આવ્યા. જુવાન ઈટાલીને ફ્રાન્સમાં બેઠે પ્રેરણા પાતા માત્સીનીને ત્યાંથી પણ દેશનિકાલ કરવામાં આવ્યો. એ સ્વિટ્ઝર્લાંડ ગયો, પરંતુ ત્યાંની સરકારે સંઘરવાની ના પાડતાં આખરે ઈંગ્લંડનું

શરણું લીધું. આખો દેશ સિતમને કોરડે સ્તબ્ધ બની ધબકતે દિલે માતા ઇટાલીને જાણે પૂછવા લાગ્યો,

"Italy, what of the night?"

અને મૃત્યુગભીર શાંતિ જાણે એનો પ્રત્યુત્તર આપતી,

"Ah, child, child, it is long!

આ ઉત્થાન નિષ્ફળ નીવડતાં ખેડૂતના વેશમાં ગેરીબાલ્ડી નાઠો. પહાડો ઓળંગતો, જંગલો વટાવતો ને નદીઓને તરીને પાર કરતો, રસ્તામાં પોતાની જાતને છુપાવવાની પૂરતી કોશિષ કરતો તે જીનોઆથી નાપ્લ્સ ને નાપ્લ્સથી માર્સેલ્સ પહોંચ્યો. અઢાર કલાક થયાં કોળિયો અનાજ પણ ન પામેલો એ માર્સેલ્સની શેરીઓમાં રખડતો હતો તેવામાં એક છાપું એને હાથ લાગ્યું. અને એ છાપું વાંચતાં તેમાં એને બહારવટિયો ગણી નજરે પડે ત્યાં ઠાર કરવાનો હુકમ છપાએલો જોયો. એ હુકમથી ભયભીત થવાને બદલે પહેલવહેલું જ છાપામાં પોતાનું નામ વાંચી એ ઉલટો પુલકિત થયો.

ઇટાલીમાંથી મોત એની પાછળ પડ્યું હતું. અહીં એ ઓળખાઈ જાય તો કેદખાનું તેની રાહ જોઈ રહ્યું હતું. એટલે જિસેપ પેન નામ રાખી ખલાસી તરીકે એ ભરતી થઈ ગયો. પરંતુ જાસુસી જાળ વચ્ચે એક બંદરેથી બીજે બંદરે અથડાતા કરતાં ઇ. ૧૮૩૬માં દક્ષિણ અમેરિકા રવાના થઈ ગયો.

બ્રાઝિલના રીઓ ડ જાનીરો મુકામે ગેરીબાલ્ડી પહોંચ્યો ત્યાં નવ જ મહિના બાદ ત્યાંની પોર્ટુગીઝ સત્તા સામે બળવો જાગ્યો અને રીઓ ગ્રાન્ડી ડો સુલ પ્રાંતે પોતાને પ્રજાસત્તાક જાહેર કરી દીધું. સ્વાતંત્ર્યના એ પ્રયાસમાં અનેક ઇટાલિયનોને પણ સાથ આપતા, કેદમાં પડતા ને કપાઈ જતા જોઈ ગેરીબાલ્ડીના ચિત્તની શાંતિ ઊડી ગઈ ને એક મછવો તૈયાર કરી, પોતાના પ્રેરણાદાતા માત્સીનીનું નામ તેને આપી,

અંદર શસ્ત્રસરંજામ ભરીને બાર સાથીઓ સાથે બ્રાઝિલની શાહી સત્તા સામે લડવા તે તૈયાર થઈ ગયો.

અનેક વખત તે ઘાયલ થયો; એક વખત તો એટલો બધો, કે દિવસો સુધી જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતો તે સથા પર પડયો રહ્યો; અનેક વખત માંદો પડયો, પણ પોતાની નિષ્ઠા એણે સહેજ પણ મોળી ન પડવા દીધી. શાહી સરકારે ભયંકર ગુનેગારોની યાદીમાં તેનું નામ ઉમેર્યું. મૉન્ટીવીડિયોમાં તે કેદ પણ પકડાયો, પરંતુ ત્રીજે જ દિવસે કેદખાનામાંથી નાસી છૂટયો.

એના નાસવાની જાણ ઘણી વહેલી થઈ જતાં ગૅલેગ્વે મુકામે તે પાછો પકડાઈ ગયો, અને ત્યાંના ગવર્નરે તેને સજા તરીકે બે કલાક સુધી જમીનથી અદ્ધર લટકાવી રાખ્યો. એ સાથે બળવામાં એના શામિલદારોનાં નામ આપી દેવા ઘોડાના ચાબૂકથી ફટકારવામાં આવ્યો, પાણી વગર તરફડાવવામાં આવ્યો, ને એવા અનેકવિધ સિતમો ગુજારવામાં આવ્યા, પણ પોતાના સાથીતોનાં નામ એણે ન આપ્યાં તે ન જ આપ્યાં.

માંડ માંડ એક મિત્રની લાગવગથી આ સિતમમાંથી તે છૂટયો. છૂટીને પાછા બળવામાં પોતાની જાત હોમી દીધી. પરંતુ સાન્ટા કેટેરિના નજીક તોફાનમાં એનો મછવો ઊંધો વળ્યો. પોતાની તરવાની પ્રબળ શક્તિથી એ જાતે તો બચી ગયો, પણ ઘણી મહેનત છતાં એકે જોડીદારને બચાવી ન શકયો.

અસહાય, અકિંચન અને એકલો તે ચાલી નીકળ્યો. દુનિયામાં પોતાનું જાણું કોઈ નથી એમ એને લાગવા માંડયું, અને પોતાનામાં સમાવી લઈ સદા હૂંફ આપતું રહે એવું હૃદય હવે તે ઝંખવા લાગ્યો. રસ્તે એક ખેડૂતને ત્યાં કાફી પીવા એ રોકાયો અને ત્યાં એકાએક એ ખેડૂતની એકની એક પુત્રી પર તેની નજર પડી. ગેરીબાલ્ડી એ પુણ્ય પળ વિષે લખે છે, 'અમે બંને સુખકર શાંતિ અનુભવતા એક

બીજાંને નિહાળી રહ્યાં. પ્રથમ વાર મળ્યા હોઈએ એ રીતે નહિ પણ અન્યોન્યના દર્શનમાત્રે ભૂલાએલો સઘળો ભૂતકાળ તાજો થતો હોય એવા પરિચિતોની પેઠે. આખરે મારાથી બોલાઈ ગયું, "તું મારી જ થવી જોઇએ" (Tu devi esser mia).

આ કિસાનકન્યા આનીટા રીબેરાસે ગેરીબાલ્ડીની નામના સાંભળેલી ત્યારથી તેના પર મુગ્ધ બનેલી. આજે એ નરશાર્દૂલને પ્રત્યક્ષ જોયો ને એ મનોમૌગ્ધ્ય અનેકગણું વધી ગયું. એના બાપે તો પોતાના જેવા એક ખેડૂત સાથે એની સગાઈ કરી નાખેલી, પરંતુ આનીટા ગેરીબાલ્ડી જેટલી જ સાહસી, ખડતલ અને આદર્શપ્રિય હતી. બંનેને એકબીજા વિના અન્યોન્યના જીવનમાં રહેતી ઊણપ જણાઈ ને ત્યાંથી સાથે ચાલી નીકળ્યાં.

ગેરીબાલ્ડીના પ્રત્યક્ષ દર્શને આનીટા એના પર વારી જાય તેમાં નવાઈ નહોતી. એની દેહછટા પર તો ટ્રેવેલ્યન જેવાએ પણ મુગ્ધ બની લખેલું છે, 'Probably a human face so leonine, and yet retaining the humanity nearest the image of its Maker, was never seen.' એટલે આનીટા તો મર્દના પોશાક પહેરી, બંદૂકથી સજ થઈ ગેરીબાલ્ડી સાથે ઉરૂગ્વેના પાટનગર મોન્ટીવીડિયો ચાલી નીકળી. પામ્પાસના મસ્ત ઘોડાઓ પર નવપ્રણયની મસ્તી અનુભવતું અને આસમાનની છત નીચે નાગી જમીન પર રાતવાસો કરતું એ જોડું મોન્ટીવિડિયો પહોંચી લગ્નગાંઠથી જોડાઈ ગયું.

ત્યાં જઈ ગેરીબાલ્ડી હજુ સ્થિર થયો ન થયો ત્યાં આર્જેન્ટિનાએ ઉરુગ્વે પ્રજાસત્તાક પર આક્રમણ આદર્યું. સ્વાતંત્ર્ય–સંરક્ષણના હરેક પ્રયત્નને હમદર્દીથી જોતા ગેરીબાલ્ડીએ તરત તેમાં ઝંપલાવી દીધું. એક ઇટાલિયન લીજિયન એણે ઊભું કર્યું, અને હૃદયમાં પવિત્ર આગ સાથે શોકનિમગ્ન રહેલી પોતાની માભોમ ઇટાલીના પ્રતીક તરીકે એણે પોતાનું નિશાન રાખ્યું કાળા વાવટા વચ્ચે જ્વાળામુખીના ચિત્રનું.

અનેક મુસીબતોની સામે થઈને પણ વિજય પર વિજય એ મેળવતો જ ગયો. તેમાં યે સંત આંતોનિયોના યુદ્ધમાં એણે મેળવેલી જીતની નામના તો ઠેઠ ઈટાલીમાં અને આખા યુરોપમાં પ્રસરી. આક્રમણને એણે સંપૂર્ણ પાછું હઠાવી દીધું. ઉરુગ્વેના અધિકારીઓ એ અવિસ્મરણીય કામગીરીના બદલામાં માનઅકરામથી એને નવાજવાની વિચારણા ચલાવવા લાગ્યા, પરંતુ ગેરીબાલ્ડીએ એમને કહ્યું, 'મેં જે કંઈ કર્યું છે તે પૈસા કે માન માટે નહિ પણ સંતપ્ત માનવતાથી પ્રેરાઈને જ. મને તમારે જો ખરેખર ખુશ કરવો હોય તો મારી એટલી માગણી બહાલ રાખો કે ઈટાલી માટે હું ધારું ત્યારે છૂટો થઈ શકું.'

અધિકારીઓએ એ માગણી બહાલ રાખવામાં કોઈ જાતની આનાકાની ન કરી, કારણ સોઝાતા હૈયાની તડપ તે પૂરેપૂરી પિછાનતા હતા. અને ગેરીબાલ્ડી તો ઈટાલીના વિચારમાત્રથી એટલો સીઝી જતો કે ઘણીવાર બોલી ઊઠતો, 'પરાધીન માનવજંતુઓથી ઊભરાતું હોય તે કરતાં તો ઈટાલી વેરાન હોય એ હું વિશેષ પસંદ કરૂં. પરંતુ ભાવિમાં હજુ મને શ્રદ્ધા છે.'

ઈ. સ. ૧૮૪૮ ની સાલ કોઈ અનોખા જ રંગે ઊગી. સિસિલીએ સ્પેનિશ શાસન સામે ઉઠાવેલો બળવો સફળ થએલો, મિલાન અને વેનિસે પણ પરદેશી સેનાઓને હાંકી કાઢી હતી, અને આમ ઈટલીનું પ્રસુપ્ત હૈયું નવો પ્રકંપ અનુભવી રહ્યું હતું. ટસ્કનીનો ગ્રાન્ડ ડયુક અને પીડમૉંટનો રાજા ચાર્લ્સ આલ્બર્ટ ખડા થયા. પરંતુ ઘર ફૂટે ઘર જાય તેમ રોમના પોપે ઑસ્ટ્રિયાને સહાય કરી અને નોવારા મુકામે રાજા ચાર્લ્સને એવી સજ્જડ હાર ખાવી પડી કે હૃદય–ભગ્ન બની પોતાના પુત્ર વિક્ટર ઈમાનુએલને ગાદી સોંપી તે નિવૃત્ત થયો અને થોડા જ અરસામાં મરણ પામ્યો.

આ ઉત્થાનની તમામ હકીકત માત્સીનીએ ગેરીબાલ્ડીને લખી અને એ સાથે જ ઇટાલીના સ્વાતંત્ર્યના એ ફૂટતા પરોઢમાં નવો રંગ પૂરવા ઉરુગ્વેની સરકારે આપેલા કોલ મુજબ રજા માગી. એક કોડીની યે આશા વિના પોતાની આઝાદીના સંરક્ષણમાં માથું હોડમાં મૂકનાર એ જવાંમર્દને મોન્ટીવીડિયોના પ્રજાજનોએ હાર્દિક વિદાય આપી.

આનિટાને છોકરાં સાથે પહેલી રવાના કરી, ઇ. ૧૮૪૮ના જૂનની ૨૧મીએ ગેરીબાલ્ડી ઇટાલી પહોંચ્યો અને ૫૦૦ જુવાનોને સાથે લઈ બરફનાં તોફાનોમાં એપીનાઈન્સની કંધાર ઓળંગતો તે આગળ વધ્યો. માત્સીની પણ આવી પહોંચ્યો અને 'ડાયો ઇ પોપોલો' (પ્રભુ અને પ્રજા) ના નામે ઇટાલીની સઘળી વતનપરસ્તી એમણે પોતાને પડખે જમા કરવા માંડી.

પરંતુ ઇટાલીની આ ખ્વાહિશ તેને પરાધીન રાખી રહેલી કોઈ સત્તાને પોસાય એમ ન હતી. નાસી છૂટેલા પોપે એ પ્રયાસ છૂંદી નાખવાના ઇલાજ શોધ્યા. સ્પેને તેમાં સાથ આપ્યો. જ્યારે ઑસ્ટ્રિયા તો એ માટે પો નદી વહેલી જ ઓળંગી ચૂકયું હતું. એટલું છતાં એ આક્રમણમાં હજુ ઊણપ રહેતી હોય તેમ પ્રજાસત્તાક ફ્રાન્સે પણ તેમાં પોતાનો સાથ આપ્યો. વિકટર ઇમાનુએલે તો ઑસ્ટ્રિયનોના આક્રમણ સામે રક્ષણ આપવા ફ્રાન્સને વિનતિ કરેલી; પરંતુ ફ્રાન્સને પીડમૉંટ કરતાં પોપનું મહત્ત્વ વિશેષ હતું, એટલે તેના રાજ્યમાં દાખલ થએલા 'પરદેશીઓ'ને હાંકી કાઢવા એણે એ આક્રમક સત્તાઓને જ સાથ આપ્યો.

રોમ ઘેરાઈ ગયું. એક સિવાય સઘળાની આશા છેલ્લા શ્વાસ લઈ રહી હતી, પણ ગેરીબાલ્ડીએ હજુ આશા નહોતી છોડી. આ કટોકટીની પળ સાચવી લેવા લશ્કરી વ્યૂહરચનાના દૃષ્ટિકોણને અંગે ક્ષણજીવી બંધારણ સમિતિ પાસે એણે પોતાને સરમુખત્યાર નીમવાની માગણી કરી, પણ સમિતિએ તે ન માન્યું. પરિણામે એવો

વખત આવ્યો કે નાસી છૂટવા સિવાય બીજો કોઈ ઈલાજ જ બાકી ન રહ્યો.

અને આખરે તો એ જ ઈલાજ અજમાવાયો. માત્સીની સ્વિટ્ઝર્લાંડ થઈ ઈંગ્લંડ પહોંચી ગયો, પણ ગેરીબાલ્ડીએ બાજી પડતી ન મૂકી. નવું લશ્કર જમાવવા દેશની જુવાનીને એણે પડકાર કર્યો: 'બિરાદરો, જેને ક્રાન્તિ પ્રિય છે તે મારી સાથે જોડાઈ શકો છો. વતનની દાઝે સળગતાં તમારાં દિલો સિવાય મને બીજા કશાની ગરજ નથી. અને મારી સાથે જોડાઈને પણ તમને પગાર નહિ મળે, આશ્રય નહિ મળે, અને ખોરાક પણ જ્યારે અને જેટલો મળે ત્યારે અને તેટલાથી નિભાવી લેવું પડશે. મારી સાથે રહીને મળશે માત્ર અવનવાં યુદ્ધો અને માતા ઈટાલી માટે મરી ફીટવાની સોનેરી તક.'

હુકમે વતનથી સળગતાં પાંચહજાર હૈયાં ગેરીબાલ્ડીના નેજા નીચે જમા થયાં; અને એક બાજુથી ફ્રેન્ચ લશ્કર રોમમાં દાખલ થયું ત્યાં બીજી બાજુએ એ ૫૦૦૦ વતનપરસ્તો અને પ્રિયતમા આનીટા સાથે ટીવોલી દરવાજેથી બહાર નીકળીને એ ચાલી નીકળ્યો એપીનાઈન્સની કંધાર તરફ.

એ પાંચ હજાર ને બે જિંદગીઓ નાબૂદ કરવા ચાર લશ્કરો પાછળ પડી ચૂક્યાં: એક ત્રીસ હજારનું, બીજું બાર હજારનું, ત્રીજું છ હજારનું ને ચોથું બે હજારનું. એમના દૃષ્ટિફલક નીચેથી છટકવા માટે જોઈતી ઝડપના થાકથી તો આંખે અંધારાં આવી જતાં હતાં. છ છ દિવસથી એમના પેટમાં કોળિયો અન્ન નહોતું ગયું. આનીટાની તબિયત આ હાલાકીમાં સાવ લથડી ગઈ.

માથે ગીધડાં ઊડતાં ને પાછળ એ જ દાનતથી માનવગીધો પડ્યા આવતા. આખરે એ માનવગીધોની ઝડપ વિજયી નીવડી અને એપીનાઈન્સની પૂર્વમાં આવેલા નાના સરખા પ્રજાસત્તાક સાન મરીનોમાં ઑસ્ટ્રિયન સેનાપતિ એ લાચાર નિર્વાસિતોને ઘેરી વળ્યો.

સફળતાની અનિશ્ચિતતા જોઈ ગેરીબાલ્ડીએ પોતાના સાથીદારોને કહ્યું, ‘બિરાદરો, મને સાથ આપવાની ફરજમાંથી હું તમને મુક્ત કરું છું. સૌ ઘેર પાછા ફરો. પરંતુ એટલું તો કરજો જ, કે ઇટાલીની આ ગુલામ અને શરમભરી સ્થિતિ કદી વિસારે ન પાડતા.’

ઑસ્ટ્રિયન સેનાપતિએ તો ગેરીબાલ્ડી ઑસ્ટ્રિયા સામે હથિયાર હેઠાં મૂકી દે, તો મફત અમેરિકા પહોંચાડી આપવાની લાલચ પણ આપી; પરંતુ ગેરીબાલ્ડીએ ઇટાલીની ગરદન પર એડી દબાવી ઊભેલાઓ સાથે કોઇ પ્રકારની સુલેહ કરવાની સાફ ના પાડી દીધી. અને ઑસ્ટ્રિયાના વચન પર વિશ્વાસ મૂકી ગેરીબાલ્ડીના જે સાથીઓ શરણે ગયા તેમને પણ જેલના સળિયા પાછળ એ વચનની કીમત પૂરેપૂરી સમજાઇ.

બસો ચુનંદા સાથીઓ અને આનીટાને સાથે લઈ ત્યાંથી પણ ગેરીબાલ્ડી છટકી નીકળ્યો અને જલ્દી વેનિસ પહોંચી જવાની આશાએ એક અજવાળી રાતે સવળા હોડીઓમાં ચડી બેઠા. પરંતુ ઑસ્ટ્રિયન લશ્કરની નજરે એમને પકડી પાડ્યા. લડાઇ ચાલી. તેરમાંથી આઠ હોડીઓ ડુબાડી દેવાઈ અને બાકીની કેદ પકડાઈ. ફક્ત ગેરીબાલ્ડીની હોડી આનીટા સાથે બીજા નવ સાથીઓને લઈ નાસી જઈ શકી.

દુશ્મન બંદર રેવેન્નાને કિનારે હોડી નાંગરાવી સૌ ઉત્તરદિશામાં વેનિસ તરફ આગળ વધ્યા. આનીટાની તબિયત હવે હદ ઉપરાંત લથડી ગઈ હતી. તેનાથી પૂરું ચલાતું પણ નહોતું. અને ઑસ્ટ્રિયનો તો લોંકડા જેમ સૂંઘતા એમની પાછળ જ પડ્યા હતા. ગેરીબાલ્ડીએ જોયું કે એક માત્ર પોતાની ખાતર બીજી નવ જિંદગીઓ નાહકની ખતરામાં મૂકાતી હતી, એટલે કચવાતે દિલે એ નવે સાથીઓને પણ એણે રજા આપી દીધી.

પરંતુ એ કમનસીબ નવ જિંદગીઓનો અંત તો વહેલો જ રચાઈ ચૂકયો હતો. ગેરીબાલ્ડીથી છૂટા પડીને એ નવે સાથીઓ ઑસ્ટ્રિયનોના

હાથે પકડાઈ ગયા. ' નવ કબ્રો ખોદો ! ' ઑસ્ટ્રિયન કૅપ્ટને તરત જ હુકમ ફરમાવી દીધો. એ પોચી રેતાળ જમીનમાં નવ સંગીનોએ પોતાનું કામ પતાવી દીધું. નવ ખાડામાં નવ લાશ ખડકાઇ ગઈ અને આઠ જુવાન અને એક કિશોર પર માટીના નવ ટીંબા રચાઈ ગયા.

બીજી બાજુ લા માન્દ્રીઓલાના રસ્તે આનીટાનો જીવનદીપ પણ બુઝાવા લાગ્યો. ગેરીબાલ્ડીએ પહેલી તકે એક ઝૂંપડું શોધી કાઢયું ને તેમાં જેવી પથારી ઉપર નાખી તેવી જ આનીટાએ ચિરકાલની નિદ્રા લઈ લીધી. એ વિષમ પળ માટે ગેરીબાલ્ડીએ લખ્યું છે, ' હું એને મારી જોડે રાખવા મથી રહ્યો હતો; હું એનો ધીમો પડતો શ્વાસ થોભાવવા મથી રહ્યો હતો. પરંતુ મારે મુર્દાથી જ હાથ મિલાવવાનું અને ચુંબન કરવાનું તથા તેને પડખે નૈરાશ્યનાં આંસુ સારવાનું જ નસીબે રહ્યું.'

સંયોગો ત્યારે એવા ક્રૂર નીવડચા હતા કે દિલ ભરીને આંસુ સારવા જેટલો તો શું, પણ પોતાની જીવનસંગાથિની છેલ્લાં દર્શન પણ દિલ ભરીને કરી લઇ, નજર ઠારવા જેટલો અવકાશ ગેરીબાલ્ડીને ન હતો. એ ઝૂંપડાના માલિક ખેડૂત પાસેથી કફન માગી લઇ બંનેએ મળી જલદી જલદી આનીટાની મૂગી દફનક્રિયા પતાવી. પ્રિયની સમાધિ પર પ્રાર્થના કરવા જેટલો વખત પણ ગેરીબાલ્ડી માટે નહોતો રહ્યો. એ ગોઝારી પળે કબર પરની માટીની એક ચપટી ભરી, ભગ્નહૃદયે તે ત્યાંથી તાબડતોબ ચાલી નીકળ્યો. આ આઘાતથી એના જીવનનો અંત આવતો કોઇએ બચાવ્યો હોય તો માત્ર પરાધીન ઇટાલીની યાદે.

સાડત્રીસ દિવસ સુધી પો અને સ્ટર્બિનોના અખાત આસપાસ દિશાશૂન્ય ચિત્તે ગેરીબાલ્ડીએ રખડયા કર્યું. ક્યિાવારી પહોંચતાં ત્યાંના અફસરે તેને કેદ કર્યો, પરંતુ ત્યાંની પ્રજાએ જ ઇટાલીની દોલત સમા ગેરીબાલ્ડીની એ વલેનો વિરોધ કર્યો કે, ' તમે ' એની મહત્તાનું અનુ-

કરણ કરો, એ ન કરી શકો તો એને માત્ર સંમાન આપો; પણ આપણા ઇટાલીનું એ ગૌરવ તો કાયમ જ રાખો.'

ગેરીબાલ્ડી ત્યાંથી છૂટી સાર્ડીનિયા પહોંચ્યો. પણ એ તેને સંઘરી ન શકતાં આખરે ઇટાલી છોડી જવાનો એણે નિર્ણય કર્યો અને એલ્બાને કિનારેથી ઊપડતા એક વહાણમાં ચડી બેઠો. કિનારે જમા થએલા દેશબાંધવોને એણે સંદેશો આપ્યો, 'હું જાઉં છું, પણ ઇટાલીને જરૂર પડશે ત્યારે પાછો ફરીશ.' આર્દ્ર હૈયે એના દેશબાંધવોએ 'વીવા લ ઇટાલિયા'ના હર્ષઘોષો વચ્ચે તેને વિદાય આપી.

દેશ જ્યારે નિરાશાની કઠોરમાં કઠોર પળ અનુભવી રહ્યો હતો, ત્યારે ખુદ ગેરીબાલ્ડી ? આનીટાના છેલ્લા શ્વાસ સાથે એના જીવનનો પ્રકાશ જાણે આથમી ગયો હતો. એની સઘળી આશાઓ શીર્ણવિશીર્ણ થઇ ચૂકી હતી. અને ઇટાલીની આઝાદીની તમન્નાના કારણે યુરોપભરમાં એ એટલો તિરસ્કરણીય ગણાઇ ચૂક્યો હતો કે નાઇસ મુકામે પોતાનાં નમાયાં છોકરાંને જોવા એ ઊતર્યો હતો ત્યારે વિકટર ઇમાનુએલની સરકારે યુરોપનાં મહાન રાજ્યોની ખફા નજર પોતાની ઉપર ન ઊતરે તે માટે વહેલો વહેલો તેને વહાણ પર પાછો ચડાવી દીધો હતો.

ઇ. ૧૮૪૯ના સપ્ટેંબરની ૧૬મીએ એ ટ્યુનિસ ઊતર્યો, પણ ફ્રેંચોએ તે સામે વાંધો લીધો. જિબ્રાલ્ટર ઊતર્યો તો ત્યાંના અંગ્રેજ ગવર્નરે આઠ કલાકમાં ત્યાંનો કિનારો છોડી જવાનો હુકમ ફરમાવ્યો. આથી કોલસા ભરીને જતા એક વહાણમાં તે અમેરિકા પહોંચ્યો અને ન્યૂયોર્કમાં મીણબત્તીઓ વેચી ગુજારો કરવા લાગ્યો. છતાં ઇટાલીના સૌભાગ્યની આશા એના મનમાંથી નહોતી આથમી. એ કહેતો રહેતો, 'સમયને સમય આપો' (Date tempo al tempo)

ઈ. ૧૮૫૧ માં ન્યુયૉર્ક છોડી તે નિકારાગુઆ પહોંચ્યો. પાછો ત્યાંથી લીમા પહોંચી ' કાર્મેન ' નામક એક વહાણનો નાખવો બન્યો, અને ચીન સુધીની સફર ખેડી ઈ. ૧૮૫૪માં બાર સો ટનના જહાજ ' કૉમનવેલ્થ ' નો નાખવો બની તે યુરોપ આવ્યો. ન્યુ કૅસલથી કોલસા ભરી તે જીનોઆ આવ્યો અને ત્યાંથી પાછા અમેરિકા ફરવાને બદલે સીધો પોતાને વતન નાઇસ પહોંચ્યો. કાપરેરાના ટાપુ પર થોડી જમીન ખરીદી તે પર ઘેટાં ચારવા લાગ્યો અને માતા ઈટાલીના પોકારની રાહ જોવા લાગ્યો.

પાંચ વર્ષની ગેરહાજરી બાદ ગેરીબાલ્ડી પોતાને વતન પાછો આવ્યો ત્યારે ઈટાલીની રાજશતરંજની બાજી જુદી જ મંડાઈ હતી. વિક્ટર ઈમાનુએલે પોતાના વિચક્ષણ રાજમંત્રી કાવુરની સલાહથી ફ્રાન્સના શહેનશાહ લૂઈ નેપોલિયનથી સંધિ કરેલી અને એ સંધિ પર મુસ્તાક રહી તે ઑસ્ટ્રિયાનું અપમાન કરવા લાગ્યો. ઑસ્ટ્રિયાએ આ અપમાનોથી ખીજાઈ આખરે લડાઈ જાહેર કરી દીધી. કાવૂરે ગેરી-બાલ્ડીની સહાય માગી. ફ્રાન્સની સહાયથી ઈટાલીની મુક્તિ સાધવાના કાવૂરના હેતુથી ગેરીબાલ્ડી પ્રથમથી જ વિરુદ્ધ હતો. ઈટાલીને શમ-શેરનો જ ખપ હતો. ' સમયને સમય આપો ' એ કહેતો રહ્યા હતો અને આખરે એ સમય આવી પહોંચ્યો.

ઇતિહાસમાં ' આલ્પ્સના શિકારીઓ ' તરીકે ઓળખાતા પાંચ હજાર બહાદરોનું સૈન્ય લઈ ગેરીબાલ્ડી મદદે ઊપડયો. પરંતુ એમનું બધું મળીને લશ્કર ૭૫,૦૦૦નું હતું ત્યારે ઑસ્ટ્રિયાએ તો પ્રથમ વાર જ ૨,૦૦,૦૦૦ નું લશ્કર મેદાનમાં ઉતારી દીધું. ફ્રાન્સની ૧,૬૦,૦૦૦ની મદદ આવી પહોંચી, ને મૅજેન્ટા તથા સોલ્ફેરીનોનાં યુદ્ધો જીતાયાં. પરંતુ એ જીતોની ખુશી પ્રજા ઊજવતી હતી ત્યાં જ ખબર પડી કે શહેનશાહ લૂઈ નેપોલિયન સંયુક્ત ઈટાલીનું એક રાજ્ય થાય તેની વિરુદ્ધ હતો. લૂઈ નેપોલિયનને ફ્રાન્સના પડખે ઈટાલી જેવું સબળ

રાજ્ય ઊભું થવા નહોતું દેતું. વિલાફ્રાન્કા મુકામે એ અને આસ્ટ્રિયાનો શહેનશાહ બંને એકઠા મળ્યા અને વિલાફ્રાન્કાની જાણીતી સંધિ કરી નાખી. એટલું જ નહિ પણ ઈમાનુએલને આપેલી મદદના બદલામાં ફ્રાન્સે નાઇસ ગેરીબાલ્ડીનું નાઈસ માગી લીધું, અને કાવૂરે તે આપી દીધું. કાવૂરનો એ દ્રોહ ગેરીબાલ્ડી જિંદગી સુધી ભૂલ્યો ન હતો.

કાવૂરે પરાશ્રય શોધવામાં કરેલી ભૂલ ગેરીબાલ્ડીને સમજાઈ. પોતાના એક હજાર શૂરા સિપાઈઓ લઈ ૧૮૬૦ના મેની પમીએ તે સિસિલી ઊપડ્યો; એ 'હજાર શૂરા' કે જે ઇતિહાસને પાને મેરેથોન અને થર્મોપીલીના શૂરાઓ જેટલા જ મશહૂર છે. સિસિલી તો એના આગમનના સમાચારથી જ ઉન્મત્ત બની ગયું. એ માર્સાલા પહોંચ્યો ત્યાં આવેશમગ્ન લોકોએ એને વધાવી લીધો અને ત્યાંની મ્યુનિસિપલ કાઉન્સીલે તરત તેને સરમુખત્યાર જાહેર કરી દીધો. જીનોઆમાંથી પીડમૉટ અને લોમ્બાર્ડી એ સ્ટીમરો પણ એ જપ્ત કરી સાથે લઈ ગએલો.

કાવૂરનો ઈરાદો ગેરીબાલ્ડીને બળવો ફેલાવતો અટકાવવાનો હતો, પણ વિક્ટર ઈમાનુએલ વધારે શાણો હતો. અને ગેરીબાલ્ડીને એના શાણપણની ખબર હોવાથી જ આ સાહસ ખેડતી વખતે તેને પત્ર લખેલો કે, 'હું જાણું છું કે હું જોખમ ખેડું છું; પણ ઈટાલી અને યુરોપ જાણશે કે મેં અહંભાવને વશ થઈ ને નહિ પણ શુદ્ધ રાષ્ટ્રપ્રેમથી પ્રેરાઈ ને જ આ પુણ્યકાર્યમાં ઝંપલાવ્યું છે.'

માર્સાલા પહોંચતાં તો ગેરીબાલ્ડીના સૈન્યની સંખ્યા ૧૨,૦૦૦ પર પહોંચી. લાગલો જ એણે કૂચનો હુકમ આપી દીધો. એક પછી એક શહેર લેતો ચાર મહિનામાં તો સિસિલી આખું સર કરી, તે ઊપડ્યો નેપલ્સ તરફ, અને ત્યાંના રાજાને કાપુઆમાં નિર્વાસિત બનવાની ફરજ પાડી. બધા રાજદ્વારી કેદીઓને એણે મુક્ત કર્યા અને

વિકટર ઈમાનુએલને જીતાએલા તમામ પ્રદેશનો રાજા જાહેર કર્યો.

ગેરીબાલ્ડી ધારત તો પોતાની સરમુખત્યારી ટકાવી રાખી શકત એટલું જ નહિ, રાજાપદ પણ મેળવી શકત. પરંતુ તેને એ લાલસા જ કદી નહોતી જાગી. હજુ તે પરાળ પર જ સૂઈ રહેતો અને રોટી તથા માખણથી જ ભોજન પતાવતો. બદલાની એને કશી પરવા ન હતી. વિકટર ઈમાનુએલે 'હિઝ એકસેલેન્સી'નો ખિતાબ આપવાની ઈચ્છા દર્શાવતાં તેણે વિનમ્રતાપૂર્વક તેને પાછો ઠેલ્યો. બદલામાં માત્ર એણે એટલું જ માગ્યું કે 'મારા શૂરા એક હજારને ભૂલી ન જજો.' અને એ 'શૂરા એક હજાર'નાં વિયોગનાં આંસુ વચ્ચે સૌની વિદાય લઈ તે ચાલી નીકળ્યો કેપરારા તરફ.

પરંતુ આઝાદી માટે તલસતા એના હૈયાને આવા ચેનથી જંપ વળે તેમ ન હતું. ઘેટાં ચારતાં ચારતાં એક દિવસ એક ખડક પર આરામ લેવા પડતાં તેની તમામ પૂર્વકલ્પનાઓ જાગી અને પાણીમાં તોળાઈ રહેલા એ ખડક પર પગ ટેકવી તે બોલી ઊઠ્યો, 'ઓ, આ એકે એક ખડક જાણે મારાથી વાત કરવા માગે છે. આ એકેએક ખડક મને જૂની ગુફતગો તાજી કરાવે છે. ના, હું નથી ભૂલ્યો. મને મારૂં ઈટાલી સાંભરે છે.'

અને એ જ સાંજે કુટુંબની બધી વ્યવસ્થા પોતાના મોટા છોકરા મેનીટોને સોંપી, 'રોમ યા મોત'નું પણ લઈ તે ચાલી નીકળ્યો. પરિણામ જે આવવું જોઈતું હતું તે જ આવ્યું. ઈ. ૧૮૪૯ માં જે રોમનું જીવસાટે રક્ષણ કરવા એ મથ્યો હતો એજ રોમમાં સંયુકત ઈટાલીના રાજા તરીકે વિકટર ઈમાનુએલ ઇ. ૧૮૭૧ માં પ્રવેશ્યો. રોમ આખરે સંયુક્ત ઈટાલીની રાજધાની અને લાટિન પ્રાંતોનું સાંસ્કૃતિક કેન્દ્ર બન્યું.

ઈટાલીનું એ એક મહાન સદ્ભાગ્ય છે કે તેનો નવો ઇતિહાસ ગેરીબાલ્ડી જેવા એક પવિત્ર અને ઉદાત્ત નરવીરથી શરૂ થાય છે.

નેપલ્સવાસીઓએ તેને આપેલું ' લોકપિતા 'નું બિરુદ સર્વથા સાર્થ ઠરે છે.

આઝાદીના એ આશકનું ઇટાલી આખરે આઝાદ થયું, અને એનું જીવનકાર્ય પાર પડ્યું. એ કાર્ય પર સંપૂર્ણ સંતોષ અનુભવતા ગેરીબાલ્ડીએ ઇ. ૧૮૮૨ના જૂનની બીજી તારીખે આ દુનિયામાંથી વિદાય લઈ લીધી. હિમાચ્છાદિત આલ્પ્સથી માંડી દરિયામાં પગ પખાળતા સિસિલી સુધીના સર્વ ઇટાલિયનો એ દિવસે રડી ઊઠયા.

અંત ઘડીએ પણ સાગરનો ચાહ ગેરીબાલ્ડીના અંતરમાંથી લેશ ઓછો નહોતો થયો. પોતાની પથારી પાસેની દરિયા સામે પડતી બારી એણે ખુલ્લી જ રખાવી હતી. જૂનની એ સાંજે એ બુઝર્ગ ખલાસી, ખેડૂત, ને સિપેહસાલાર પથારીમાં પડયો પડયો સામેના દરિયાના તરંગો તથા અકીકના ખડકો પાછળ આથમતા સૂરજના રંગો નિહાળી રહ્યો હતો ત્યાં કિલબિલાટ કરતાં બે પંખી ઉડાડી બારીમાં ઊડી આવ્યાં. એની ચેતના ઓછી ને ઓછી થતી જતી હતી એટલે એની અંતિમ શાંતિમાં ખલેલ ન પહોંચે તે માટે તેના પરિચારકો એ પંખીઓને હાંકી મૂકવા જતા હતા ત્યાં તો તેનો ધીમો અવાજ સંભળાયો, ' એમને હાંકી ન કાઢશો. હમેશ અહીં આવવા દેજો અને ચણ નાંખતા રહેજો. '

એ આખરી શબ્દો સાથે ગેરીબાલ્ડીની આંખ મીંચાઇ ગઇ. એ કર્તવ્ય પુરુષ માટેની ટ્રેવેલ્યનનીજ આ પ્રશસ્તિ અહીં ઉતારી આપણે કૃતજ્ઞતા અનુભવીએ : ' He is perhaps the only case, except Byron for a few weeks in Greece, of the poet as man of action. ... ...It is the acted poem that lives in the hearts of the millions in whom the written words of history and written words of poetry are alike an unopened book.'

આકાશને વાચા આપનાર

ગુગલીએમો માર્કોની

આકાશને વાચા આપનાર ગુગલીએમો માર્કોની

Marconi

Man by the mountain wall
On plains or over the spray,
Lifted his voice to call
And was heard no further away
Than any voice of them all.

As soon as night began
Creatures that fly or prowl
Would raise the cry of their clan
Wolf, lion or owl,
And were heard as far as man.

Marconi came to birth
And before he left us again
Our voice was of greater worth
For we speak and are heard plain
At the very ends of the earth.

—**Lord Dunsany**

'માર્કોની ! ઓ માર્કોની ! ક્યાં ગયો ? આમ છાનોમાનો, રોજ ઓરડામાં ગોંધાઈને એ શું કર્યા કરે છે ?'

'કશાક અખતરા કરે છે, અને તેમાં કોઈ ખલેલ ન પાડે તે માટે બારણાં બંધ રાખે છે.'

'એવા તે કયા અખતરા પાછળ એ મંડ્યો છે ?'

'એનો ખ્યાલ એવો છે કે હવા મારફત — તારનાં દોરડાંની પણ સહાય વિના કેવળ હવાના તરંગો મારફત અવાજને દૂર દૂર સુધી મોકલી શકાય.'

માર્કોનીના પિતાને એની માતા પુત્રનો પ્રોત્સાહ સમજાવવા મથી

રહી હતી. માતાનો ભાવ પહેલેથી જ માર્કોની ઉપર બહુ રહેલો અને માર્કોનીનો વિજ્ઞાનનો શૉખ જાણી ઘેર પણ એ માટે ખાનગી શિક્ષક રોકયો હતો. કુટુંબ પૈસાદાર હતું. માર્કોનીનો બાપ પોતે જમીનદાર ને સફળ ધંધાદારી હતો. એટલે માર્કોની પાછળ થતા ચાહે તેવા ખર્ચ માટે એ પાછું વાળી જુએ તેમ ન હતો.

અને એટલે તો માર્કોનીના અખતરાની વાત સાંભળી, એણે પણ આશાની ઈંતેજારી ભર્યો જવાબ આપ્યો: 'ઠીક છે, ભલે એ અખતરા કરતો રહે; એ સફળ થશે તો આપણે ઉલટા રાજી થઇશું.'

અને માર્કોની તો પોતાના અખતરા ચલાવવા વહેલી પરોઢે કોઈને ખબર પણ ન હોય ત્યારે જાગી જતો, અને રાત્રે કોણ જાણે કેટલા વાગ્યે પથારીમાં પડયો તેની પણ કોઈને ભાળ નહોતી. અખતરા માટેનાં સાધનો તો પોતાને મળતી ખીસાખર્ચીમાંથી જ તે વસાવી શકતો. એના અલાહેદા ખંડમાં પ્રવેશવાની કોઈને પણ મનાઈ હતી—માત્ર એની માતા સિવાય. અને માર્કોનીને એ મધુરવત્સલ માતામાં શ્રદ્ધા પણ અતુલ હતી. ઘણી વખત સાભિમાન તે માતાને પોતાની હાથઘડાઉ બૅટરીઓ બતાવી રહેતો અને એની આંખો ભાવિ વિજયથી ચમકી રહેતી.

જો કે આમ તો એનાં મોટા ભાગનાં સાધનો હાથઘડાઉ જ હતાં, પરંતુ હરકોઇ ચીજ સરવાળે કેવી નીવડશે એ પામી જવાની શક્તિ એનામાં પૂરેપૂરી ખીલેલી હોઇ, સરવાળે તો એનાં સાધનો સફળ જ નીવડતાં હતાં. પણ માર્કોનીને અવકાશ પર કાબૂ મેળવવાનો આ બુટ્ટો ઊઠયો શી રીતે એ પહેલાં જોઇએ.

ઈ. ૧૮૬૪માં ઈંગ્લંડના મહાન ગણિતશાસ્ત્રી જેમ્સ કલાર્ક મૅકસવેલે એવી જાહેરાત કરેલી કે આપણા વાતાવરણમાં અમુક વિશિષ્ટ પ્રકારના વીજળીક તરંગો રહેલા છે. એટલું જ નહિ, એણે

એમનાં તરંગમાન અને ગતિમાન પણ નક્કી કર્યાં હતાં. છતાં વર્ષો સુધી એ માન્યતા અસિદ્ધ અને અસ્વીકૃત જ હતી, કારણ ચીલાચાલુ વિજ્ઞાનીઓ એને હસી કાઢતા હતા. પરંતુ જર્મન વિજ્ઞાની હાઇન્રિશ રુડૉલ્ફ હેર્ટ્ઝે કાર્લ્સરૂહ મુકામે મૅક્સવેલની જાહેરાતને ટેકો આપતા અખતરા કર્યા ને ઈ. ૧૮૮૭ થી ૮૯ની સાલ સુધીમાં એની વિગતો છપાવી. આપણાં દર્શન, શ્રવણ અને સ્પર્શથી અતીત વીજળીક શક્તિનાં તરંગોની એણે પાકી ખાતરી કરાવી આપી, અને એ સાથે ઇંગ્લંડમાં ઓલિવર લૉજ, રશિયામાં ઍલેકઝાંડર પૅાપૅાફ તથા ઇટાલીમાં ઑગસ્ટો રીઘી જેવા ઉત્સુક વિજ્ઞાનીઓ એના વધુ અખતરામાં પરોવાયા.

વીસ વર્ષનો માર્કોની પોતાના ભાઈ સાથે ઈ. ૧૮૯૪ની ઉનાળાની રજા આલ્પ્સનાં મનોહર શિખરો વચ્ચેની એક હૉટેલમાં ગાળી રહ્યો હતો ત્યાં હેર્ટ્ઝના પ્રયોગોની વિગતો જેમાં છપાએલી હતી એ 'ઇલેક્ટ્રિકલ જર્નલ' તેના હાથમાં આવ્યું. હાઇન્રિશ હેર્ટ્ઝે વિદ્યુદાંદોલક (ellectrical oscillator) વડે વિદ્યુચ્ચુંબકમય (electro-magnetic) તરંગો કેવી રીતે જન્માવ્યા હતા એ બધું તે વાંચી ગયો. અને એ પરથી ઓચિંતો એને એ ખ્યાલ આવ્યો કે, એ તરંગો વડે જ તારની મદદ વિના સંદેશ ન મોકલી શકાય?

એ ખ્યાલ માટે માર્કોનીએ લખેલું છે, 'એ જેટલો સરળ અને સાદા તર્કવાળો હતો તેટલો જ પહેલી નજરે કોઇને પણ અસંભવિત લાગે તેવો હતો; અને હું ધારું છું કે તેથી જ કોઇ વિજ્ઞાનીને આવો ખ્યાલ આવ્યો હશે તો પણ તેણે દબાવી દીધો હશે.'

પરંતુ ખરી રીતે બીજા વિજ્ઞાનીઓ એ તરંગોનો સ્વભાવ જાણવા મથી રહ્યા હતા, ત્યારે માર્કોની તો એમનામાં રહેલી શક્તિનો માનવહિતાર્થે લાભ ઉઠાવવા મથી રહ્યો હતો. પાઇનનાં ઝાડોની મઘમઘતી મહેક ને આલ્પ્સનાં બરફની શીળી ખુશ્બો વચ્ચે તેના

મનમાં એ વિચાર દૃઢમૂલ થઈ ગયો, ને ઘેર પાછા ફરતાં જ તે પર અખતરા કરવાનું એણે નક્કી કર્યું.

માર્કોનીનું આખું નામ ગુગ્લીલ્મો માર્કોની. ઈ. ૧૮૭૪ના એપ્રિલની ૨૫મી તારીખે ઉત્તર ઇટાલીમાં બોલોના નજીક તેનો જન્મ થયેલો. એનો બાપ ઇટાલિયન હતો; મા આયરિશ, અને અર્લ હેગની સગી થતી હતી. પૈસાદાર કુટુંબનું ફરજંદ હોવાથી બોલોના, ફ્લોરેન્સ, લેગહૉર્ન એમ વિવિધ ઠેકાણે એ શિક્ષણ મેળવી શકેલો. નાનપણથી જ ગણિત અને વિજ્ઞાનનો તે રસિયો હતો, અને તેમાંયે પદાર્થવિજ્ઞાન તથા વીજળીમાં તો એટલો બધો રસ હતો કે પોતાનો અભ્યાસ પૂરો કર્યા પહેલાં જ તેણે એમાં નિપુણતા મેળવી લીધી હતી.

અને આલ્પ્સની ટેકરીઓ વચ્ચે એણે પોતાનો મનોનિર્ણય બાંધ્યો ત્યારથી તો એક જ દિશાનુરાગી એનું માનસ બની ગયું. પાછા ફરીને ૧૮૯૫થી જ પિતાના પૉન્તાકિયોના ગ્રામ્યનિવાસમાં પોતાના અખતરા એણે શરૂ કરી દીધા.

એક સરખી ખંત, વૈજ્ઞાનિક ઝીણવટ અને બુદ્ધિની કુશાગ્રતાથી સિદ્ધિ બહુ દૂર નથી રહી શકતી. માર્કોનીમાં તો એ બધું હતું. અને એને લઈને તો એ તરુણ ઈટાલિયને જગતનું વર્ષોનું સ્વપ્નું એક વર્ષમાં મૂર્ત કરી બતાવ્યું. પહેલાં 'લૉંગ રેન્જ ઈંડકશન કૉઈલ' એ વાપરતો તેને બદલે રિનીના 'બૉલ ડિસચાર્જર' નો એણે અખતરામાં ઉપયોગ શરૂ કર્યો; તેમાં જુદા જુદા અંતરે વેસેલિનમાં મૂકેલા ચાર દડામાંથી દરેકના અંતર વચ્ચેના પ્રસરણ પર કાબૂ મેળવવા તેણે મૉર્સ-કીનું જોડાણ કર્યું અને તે સફળ થયો. કળને દબાવતાં જ જે તેજરેખા (spark) બે દડા વચ્ચે પસાર થતી તેથી લીટી -ડૅશ-ની સંજ્ઞા મોકલી શકાતી; અને એવી જ રીતે કળને થોડી દબાવીને મૂકી દેમાં ટપકા-ડૉટ-ની સંજ્ઞા પસાર થતી.

આ સફળતાને દિવસે માર્કોની કુટુંબનો હરખ તો માતો ન હતો. એ સફળતા પર વારી જઈ માર્કોનીના બાપે તેને ૨૦૦ પૌંડની મોટીમસ રકમ ભેટ આપી દીધી. અને ૧૮૯૬માં વગર તારે બે માઇલ સુધી સંદેશા મોકલવા તે સફળ થયો ત્યારે તો આનંદની જાણે અવધિ આવી. એની માતાએ એ મહાન શોધની સંપૂર્ણ વિગતો આયર્લંડમાંનાં પોતાનાં સગાંવહાલાંઓને લખી જણાવી, જે પરથી માર્કોનીને પુષ્કળ અભિનંદનો મળ્યાં. હવે તો જાહેરમાં પણ તેની એ શોધનો ઉહાપોહ થવા લાગ્યો.

પરિણામે ઈંગ્લંડ તરફથી પોતાની શોધનું પ્રદર્શન કરવાના આમંત્રણો તેને મળવા લાગ્યાં. તેણે ઈંગ્લંડ જવાનું નક્કી કર્યું. પિતાએ સાથે જવાની ના પાડતાં માતાને લઈ માર્કોની ઈંગ્લંડ ઊપડ્યો અને ત્યાં તેની માના એક સગા કર્નલ જેમ્સન ડેવિડ (પાછળથી ઈંગ્લંડમાં માર્કોની કંપનીના સ્થાપક) ને ત્યાં તેઓ ઊતર્યા.

ઈ. ૧૮૯૬ માં પોતાના સરંજામ સાથે માર્કોની ઈંગ્લંડ આવ્યો અને એ જ વર્ષના જૂનની ૨ જી તારીખે પોતાની શોધનું કામચલાઉ પેટન્ટ મેળવી લીધું. ત્યાં એને લંડનની જનરલ પોસ્ટ ઑફિસના મુખ્ય ઇજનેર મિ. (પાછળથી સર) વિલિયમ પ્રીસની ઓળખાણ થઈ. માર્કોનીએ તેને પોતાના અખતરાથી સાદ્યંત વાકેફ કર્યો. એ અખતરાઓ પાછળ રહેલી ભાવિ વિશાળ શક્યતા મિ. પ્રીસના ધ્યાનમાં તરત ઊતરી ગઈ અને થોડા જ દિવસ બાદ માર્કોનીને મિ. પ્રીસ તરફથી જ O. H. M. S. ના લાલ સીલવાળું સરકારી પરબીડિયું મળ્યું. એમાં એના અખતરા જાહેરમાં કરવાનો આગ્રહ હતો.

માર્કોનીએ લખેલું છે, ' પહેલાં તો એ વાંચીને હું ખૂબ જ રાજી થયો, પણ પછી બીજી જ પળે મને વિચાર આવ્યો કે કદાચ જાહેર સમક્ષ મારા અખતરા નિષ્ફળ જશે તો ? અને ધારો કે

સફળ થાય તો પણ કદાચ એમ કહેવામાં આવે કે, "છોકરા, તું જે શોધને નવીન ગણે છે તે ઇંગ્લંડમાં તો સાધારણ થઈ ગઈ છે," તો ? પણ તરત જ મેં ઉઠાવેલો સબળો શ્રમ મારી નજર આગળ તરી આવ્યો, ને મારી શોધમાં મારો વિશ્વાસ દૃઢ થયો.'

સેન્ટ માર્ટિન્સ લ ગ્રાન્ડમાંના જનરલ પોસ્ટ ઑફિસના છાપરા પર પોસ્ટ ઑફિસના તથા બીજા સરકારી અમલદારોની હાજરીમાં તેને અખતરો કરવાનો હતો. રિસીવિંગ સ્ટેશન ટેમ્સ એમ્બૅંકમેન્ટ ઉપર મૂકવામાં આવ્યું હતું. પોસ્ટ અને તારખાતાના નિષ્ણાતો વચ્ચે અખતરો શરૂ કરતાં એનું દિલ અજ્ઞાત ભાવિના ખ્યાલે ધડકી રહ્યું.

પરંતુ માર્કોની એ અખતરામાં સોળેસોળ આની સફળ થયો, અને બીજી જ પળે મિ. પ્રીસનો હાથ તેની પીઠ થાબડી રહ્યો.

ત્યાર પછી સૈન્ય અને નૌકાખાતા સમક્ષ સેલિસબરી મેદાનમાં પણ તેણે એ અખતરા કરી બતાવ્યા અને છેવટે પેનાર્થ અને બ્રીનડાઉન વચ્ચે બ્રિસ્ટલની ખાડીની આરપાર દસ માઈલ દૂર વગર તારે સંદેશા મોકલી બતાવીને તો તેણે કમાલ જ કરી.

ઇટાલીએ માર્કોનીની આ ખ્યાતિનું સાંભળ્યું કે તરત ત્યાંની સરકારે સ્પેઝિયા મુકામે તેને સ્ટેશન બાંધી આપીને ત્યાં અખતરા આગળ ચલાવવાની સગવડ કરી આપી. થોડા વખતમાં તો ત્યાંથી બાર માઈલ પરના યુદ્ધજહાજોને સંદેશા મળવા લાગ્યા. એ વાયરલેસથી વાતાવરણનું અંતર નહોતું ચીરાતું, માનવસુલભ જ્ઞાનની આડે પથરાએલો અજ્ઞાનનો પડદો ચીરાતો હતો.

ઈ. ૧૮૯૭માં ઇટાલીના રાજા અમ્બર્ટ, રાણી માર્ગેરિટા તથા ચૅમ્બર ઑવ ડેપ્યુટીઝ સમક્ષ માર્કોનીએ પોતાના બીનતારી સંદેશાના અખતરા કરી બતાવ્યા અને પછી એ વરસના જુલાઈ માસમાં જ એ અખતરાઓના ભાવિ વિકાસનો વ્યાવસાયિક પાયો એણે લંડનમાં

નાખ્યો—'વાયરલેસ ટેલીગ્રાફ ઍન્ડ સિગ્નલ કંપની' સ્થાપીને, જે ત્રણ વર્ષ રહીને 'માર્કોની વાયરલેસ ટેલીગ્રાફ કંપની' બની.

માર્કોની પોતાની શોધને આગળ ને આગળ વિસ્તારતો ગયો. ઇ. ૧૮૯૮માં ઈસ્ટ ગુડવિન લાઈટશિપ પર એણે વાયરલેસ મૂક્યો ને સાઉથ ફોરલૅન્ડ દીવાદાંડી સાથે એના સંદેશા બરાબર ચાલતા રહ્યા. એ જ સાલમાં ઊંચાં એરિયલ ને લાંબા તરંગો વડે ઈંગ્લીશ ખાડી આરપાર ૭૪ માઈલ સુધી એણે બીનતારી સંદેશા પહોંચાડ્યા.

એ વાયરલેસનું મૂલ્ય બીજી રીતે પણ પૂરવાર થયું. ઉપરોક્ત લાઈટશિપ ઇ. ૧૮૯૯ ના માર્ચમાં એક સ્ટીમરની અડફેટમાં આવી જઈને ભાંગ્યું, પરંતુ તે વાયરલેસથી સજ્જ હોવાથી તેનો સંદેશો દીવાદાંડી પર પહોંચ્યો, હોડકાં મોકલાયાં, ને ખલાસીઓને બચાવી લેવાયા.

ઈંગ્લીશ ખાડી પર વિજય મેળવ્યો એટલે માર્કોનીની હવે નજર લાગી અફાટ આટ્લાંટિક તરફ જો કે વેદિયા ! ગણિતશાસ્ત્રીઓ તો ગણિતના આંકડા મૂકીને માર્કોની આટ્લાંટિક પર વિજય નહિ મેળવી શકે એવી જ જાહેરાત કરી રહ્યા હતા, પરંતુ માર્કોનીને એની કશી પડી ન હતી. એ તો એવી જાહેરાતોથી બેપરવા રહી કૉર્નવાલમાં પોલધુ મુકામે પોતાના અખતરામાં તલ્લીન રહ્યો હતો.

ઇ. ૧૯૦૦ ના ઑક્ટોબરમાં એણે પહેલું લાંબા અંતરનું વાયરલેસ સ્ટેશન બાંધ્યું. એરિયલના વાંસડા એણે બસો ફૂટ ઊંચા બાંધ્યા, પણ તોફાનમાં એ તૂટી પડ્યા. જરાય ન ગભરાતાં માર્કોનીએ ફરી મહેનત કરી, પહેલાં કરતાં ત્રીસ ફૂટ નીચા વાંસડા તૈયાર કર્યા. અને આમ ટ્રાન્સમિટિંગ સ્ટેશન પૂરું થતાં તે દોડ્યો આટલાંટિકને પેલે પાર ન્યુ ફાઉન્ડલૅન્ડ, ત્યાં સેન્ટ જોન મુકામે કનકવાની મદદ વડે ચારસો ફૂટ ઊંચી એરિયલ બાંધી રિસીવિંગ સ્ટેશન તૈયાર કર્યું.

ઈ. ૧૯૦૧ ના ડીસેમ્બરની એ ૧૨ મી તારીખ હતી. માર્કોની સ્ટેશનના ખંડમાં કાને ટેલીફોન રીસીવર મૂકીને બેઠો હતો. ઈંગ્લાંડમાં બધી તૈયારી સંપૂર્ણ કરીને જ તે આવ્યો હતો અને ક્યારે-દિવસના ક્યા ભાગે સંજ્ઞાઓ મોકલવી તે પણ ત્યાં કહી દીધું હતું. ખંડમાં એના મદદનીશ કેમ્પ સિવાય કોઈ નહોતું. એના મેજ પર ઇંગ્લાંડથી આવતો સંદેશો મેળવવાનું તેનું સાહિત્ય પડ્યું હતું. એમાંથી પસાર થતો તાર પવનમાં ચારસો ફૂટ ઊંચે ચગતા પતંગ સાથે બાંધેલો હતો. એ પહેલાંનો એક પતંગ તથા એક બલૂન તો દરિયા પર ઘસડાઈ ગયાં હતાં, પણ આ પતંગ આબાદ ચગ્યો હતો.

એકાએક માર્કોનીએ એના મદદનીશને બૂમ મારી, રીસીવર તેના હાથમાં સોંપતાં કહ્યું, ' જો તો, કેમ્પ, તું કંઈ સાંભળે છે ?'

કેમ્પ રિસીવર લઈ શાંતિપૂર્વક સાંભળતો ઊભો. અને પછી આનંદે છલતા અવાજે બોલી ઊઠ્યો, ' હા, ત્રણ ધીમા ખટકાના સંભળાવા '

માર્કોનીએ રિસીવર એની પાસેથી લઈ કાને ધર્યું. ફરી ને ફરી ધર્યું. ને પોતાની સફળતાની તેને પ્રતીતિ થઈ.

ન્યૂ ફાઉન્ડલૅન્ડ છોડતાં તો તેના પર અભિનંદનપત્રો ને તારોનો વરસાદ વરસવા માંડ્યો. કોઈ એને વ્યાખ્યાનો માટે આગ્રહ કરતાં હતાં, તો કોઈ સામયિકો માટે લેખો લખવા. એની ટ્રેન જે જે સ્ટેશને થોભતી ત્યાં ત્યાં લોકોની ઠઠ જામી રહેતી. આલમ આખી એને મુબારકબાદીથી વધાવી રહી હતી.

માર્કોનીને તો હાથ લાગેલું એ નવું ક્ષેત્ર ફેંદાય તેટલું ફેંદી નાખવું હતું. એક વરસ રહી ઈંગ્લંડ ને નોવા સ્કોશ્યા વચ્ચે બીન-તારી સંદેશા ચલાવ્યો અને ૧૯૦૨ માં મૅગ્નેટિક ડીટેકટરનું પેટન્ટ મેળવ્યું. એના વાયરલેસની સહાય વડે જ ૧૯૦૩ માં અમેરિકાના પ્રમુખ થીઓડોર રોઝવેલ્ટનો પહેલો અધિકૃત સંદેશા એડવર્ડ સાત-

માને પહોંચેલો. ઇ. ૧૯૧૦ માં નવું વાલ્વ રિસીવર તથા નવું ડીટેક્ટર શોધ્યું, જે ૧૯૧૧થી સ્ટીમરોમાં દાખલ થયું. ઈ. ૧૯૧૨માં એણે સતત તરંગો ઉપજાવતી ' ટાઈમ્ડ સ્પાર્ક સીસ્ટમ ' શોધી કાઢી જે વડે ૧૯૧૮ના સપ્ટેંબરમાં એણે ઑસ્ટ્રેલિયા પહેલો સંદેશો મોકલ્યો.

મહાયુદ્ધના અરસામાં ચાહે તે દિશામાં વાયરલેસ તરંગોને વાળી શકાય એવા હ્રસ્વાતીત (ultra-short) તરંગોના કરપ્રકાર (Beam system) પર તેણે અખતરા શરૂ કરેલા. મહાયુદ્ધના અરસામાં વાયરલેસના ક્ષેત્રમાં એની સૌથી અગત્યની શોધ ' ડિરેક્શનલ એરિયલ 'ની હતી. ઇ. ૧૯૨૯ માં એની કંપનીએ ચેમ્સફર્ડ મુકામે જગતભરમાં પહેલું બ્રૉડકાસ્ટિંગ સ્ટેશન ઊભું કર્યું. હ્રસ્વાતીત કિરણોની સફળતા પારખવા ઈ. ૧૯૨૩ માં ' Elettra ' માં એણે વેસ્ટ ઈંડીઝની સફર આદરી, જેમાં એને પોલધુથી મોકલાતા બધા સંદેશા મળી રહેતા. એ પરથી એણે એ કિરણોના એક જ કર (Beam) રૂપે ગમે તે દિશામાં કેન્દ્રીકરણની શક્યતા જાહેર કરી.

પહેલાં એક એવી માન્યતા પ્રચલિત હતી કે હ્રસ્વાતીત તથા સૂક્ષ્મ તરંગો (Micro waves, જે એક મીટરથી યે માપમાં ઓછાં હોય છે તે) સીધી રેખામાં ગતિ કરે છે, પરંતુ ઈ. ૧૯૩૨ રોમ નજીક રોકા દિ પાપા તથા સાર્ડીનિયામાંના કૅપ ફિગારી વચ્ચે પચાસ સેન્ટીમીટરના તરંગમાન પર સંદેશો મોકલાવી આપીને એણે એ માન્યતા નાસાબિત કરી બતાવી; કારણ, સૂક્ષ્મ તરંગો જો સીધી જ રેખાએ જતાં હોત તો ૧૬૮ માઇલના એ અંતરમાં પૃથ્વીના વળાંકે એ સંદેશને પહોંચતો અટકાવ્યો હોત.

આજે દુનિયાભરમાં બ્રૉડકાસ્ટિંગે જે સફળતા અને લોકાદર મેળવ્યો છે તે વિષે કશું કહેવાનું રહેતું જ નથી. પરંતુ ઇ. ૧૯૨૦ માં ઈંગ્લંડના પોસ્ટ માસ્ટર જનરલે તો માર્કોનીને આ બાબત વિષે

પોતાનો વિરોધ જણાવ્યો હતો, કે ' વાયરલેસ ટેલીગ્રાફનો ઉપયોગ આવી નકામી મોજ પાછળ કરવામાં આવે એ દિલગીર થવા જેવું છે !' બ્રૉડકાસ્ટિંગ ટ્રાન્સમિશન પહેલવહેલું ઈ. ૧૯૨૦ ના જૂનની ૧૫ મી તારીખે થયું હતું અને તેમાં પહેલવહેલું ગીત મદૂંમ ડેઈમ નેલી મેલ્બાનું બ્રૉડકાસ્ટ થયું હતું.

સદા ગંભીર અને કંઈક ઉદાસીન ચહેરો ધરાવતો માર્કોની નાનપણથી જ એકાંતિક વૃત્તિનો હતો. એના બાપને એ ન ગમતું, ને તેનું આ સૂમડાપણું એ છોડાવવા તે મથતો; પણ એની મા એને બરાબર સમજતી અને એનો સદા બચાવ કરતી. આ જ ટેવ એનામાં છેવટ સુધી રહેલી. પોતાની જાહેરાતથી એ હમેશ કંટાળતો રહેતો અને એવી જ રીતે મુલાકાત લેનારાઓથી ત્રાસતો રહેતો.

નાનો હતો, ત્યારે એ ચુનંદો મોટરિસ્ટ હતો, પણ એથી વધુ શોખ હોડી હંકારવાનો હતો. પાછળથી ઘોડેસવારી પણ એ શીખ્યો હતો, પરંતુ ઘોડાની પીઠને બદલે દરિયાની પીઠ પર જ મુલકમુલક વચ્ચે પોતાની સ્ટીમબોટ 'Elettra' પર એ ઘૂમ્યા કરતો. એ સ્ટીમબોટમાં પણ એની પ્રયોગશાળા ને એ મદદનીશો તો ખરા જ !

એનું કાર્ય, એનું કુટુંબ, અને દરિયો એ ત્રણમાં જ એની રસવૃત્તિ પર્યાપ્ત હતી. એની રહેણીકરણી ખૂબ ઉમદા હતી, ને અંગ્રેજી તથા ફ્રેન્ચ ભાષાઓ એ સહેજ પણ ઉચ્ચારભેદ વિના ધારાવાહી બોલી શકતો.

પાંચ દસ દાયકા પહેલાંની પૃથ્વીની વિશાળતાને પોતાની મહાન શોધ વડે ખોબા જેવડી બનાવી દઈ, વીસમી સદીની સંસ્કૃતિ સ્થાપવામાં અગ્રગણ્ય ફાળો આપનાર એ મહાન પ્રતિભાની દુનિયાએ પણ ઈ. ૧૯૦૯માં ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર

આપીને કદર કરી હતી. ઈટાલીએ પણ એની કદર કરીને ઈ. ૧૯૧૪ માં જી. સી. વી. ઓ., ૧૯૧૫ માં સેનેટર, અને ૧૯૨૯ માં માર્કવીસ બનાવેલો. મહાયુદ્ધ દરમિયાન ઇટાલિયન લશ્કર તથા નૌકાદળને એણે પોતાની સેવા આપેલી. યુનાઈટેડ સ્ટેટ્સ મોકલાએલી ઈટાલિયન વૉર મિશનનો તે એક સભ્ય હતો, અને ૧૯૧૯માં ઈટાલીના રાજાએ સુલેહ પરિષદનો પ્રતિનિધિ પણ એને નીમેલો, જેમાં ઈટાલી વતી સુલેહના અનેક ખરીતાઓ પર એણે સહી કરેલી.

છેલ્લે છેલ્લે તે શૉર્ટવેવ ટ્રાન્સમિશનને વધારે ને વધારે સમૃદ્ધ બનાવવાની તેમજ વહાણો ને હવાઈ જહાજો માટે રેડીઓ બીકન્સની શોધ કરી રહ્યો હતો ત્યાં જ ૧૯૩૭માં રોમ મુકામે હૃદય બંધ પડી જતાં એ અવસાન પામ્યો. છેલ્લી ઍબીસીનિયાની લડાઈમાં એની જ શોધનો ઉપયોગ લોહીની નદીઓ વહાવવામાં થતાં એ સાલસ દિલના આદમીને જે આઘાત પહોંચેલો તેને પરિણામે જ એને પક્ષાઘાત લાગુ પડેલો એમ કહેવાય છે. એના અવસાન પૂર્વે જ્યારે ઇંગ્લંડના મજૂરનેતા મિ. લેન્સબરીએ તેની મુલાકાત લીધેલી ત્યારે વિજ્ઞાન જે દિશા તરફ કૂચ કરી રહ્યું છે તે પ્રત્યે એણે ખૂબ દિલગીરી દર્શાવી હતી.

આજની દુનિયા તો એ વિદેહ વિજ્ઞાનીનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. ટેલીફોન, ગ્રામોફોન, રેડીઓ, ફિલ્મ, ટેલિવિઝન, એરોપ્લેન ને મોટરકાર એ આજના વિજ્ઞાનયુગનાં જે સાત મહદાશ્ચર્યો છે તેમાં સૌથી વધુ આશ્ચર્યકર શોધ તો રેડીઓની જ છે, એ સૌ કોઈ કબૂલ કરશે. રેડીઓના ચંદા પરની સહેજ હેરફેર વડે ચાહે તેવા અદના આદમીને સ્વરજગતનો શાસક બનાવી દેનાર અલાદીન તે આ માર્કોની. રેડીઓ–ટેલીફોની ને ટેલીવિઝન પણ એની શોધો વડે જ શક્ય બન્યાં છે. સ્થળકાળના સીમાડા લોપી જગતને આભારવશ બનાવી દેનાર આવી વિરલ પ્રતિભાનો લોપ કરવા

મૃત્યુ શું શક્તિમાન છે ? હરગીઝ નહિ. અને એ માટે જીરાલ્ડ હર્ડની આ સાખ પૂરતી છે :

'Marconi takes the place of Edison, a master of application, a great liaison-general between pure super-advanced science and ourselves in the ordinary world. But more than Edison, he opened up a new world. His life cannot close, for his work has been his life. And his work will expand into such a new world that in it the creative thought of the men who have made it possible will live eternal.'

માનવતાનો મહાન ઉપકર્તા

સર રોનાલ્ડ રૉસ

We cry, "God made us Kings,
Poets or Prophets here!
The scornful answer rings,
" First be my scavenger!"

માનવતાનો ઉપકર્તા
સર
રોનાલ્ડ રૉસ

સિકંદર ને સિઝર, તૈમુર ને પીલેઝર આદિ માનવતાના સંહારકોની નિકૃષ્ટ પ્રવૃત્તિ આજે આપણાં રૂંવાં ખડાં કરી દે છે. પણ એમના કરતાં યે માનવતાનો જબરો ઘાતક મેલેરિયાનો આતંક છે. દુનિયાના ત્રીજા ભાગ પર હજુ યે એનો પંજો કાયમ રહ્યો છે, અને મોત, અપંગતા ને અશક્તિ એનાં પરિણામો છે. ઈ. સ. ૧૯૧૭માં મહાયુદ્ધના અરસામાં મિત્રરાજ્યોને એ પંજાની પૂરતી પ્રતીતિ થએલીઃ બાલ્કન-મોરચા પર એણે ઓચિંતો દેખાવ આપી, એ મોરચાની અરધી શક્તિ હણી નાખી હતી. પણ એ આતંક ફેલાવનાર કોણ છે, જાણો છો? મોટા મોટા બખ્તરધારીઓનાં પણ ગુમાન ઉતારનાર એ સંહારક તો છે ઍનોફીલિસ નામે ઓળખાતી મચ્છરની એક નાચીઝ જાત! પણ નાચીઝ હોવા છતાં એણે સામ્રાજ્યોનાં સામ્રાજ્યોનો નાશ અત્યાર અગાઉ કરી નાખ્યો છે — મિસર, ગ્રીસ, એટ્રુરિયા કે રોમની પતનકથામાં એનો નાનોસૂનો ભાગ નથી.

અને રોમનો તો એનાથી હદ ઉપરાંત ત્રાસી ગયા હતા. એને 'મેલેરિયા' એવું નામ આપનાર પણ એ, જે નામનો અર્થ થાય 'ગંદી

હવા.' પરંતુ રોમનોની એ માન્યતા ગલત હતી. ગંદી હવાથી એ રોગ નહોતો જન્મતો. ઈ. સ. ૧૮૮૦ માં અલજીરિયાની એક ઈસ્પિતાલમાં કામ કરતા ફ્રેન્ચ લશ્કરી સર્જન લાવેરાંએ મેલેરિયાના દર્દીઓના લોહીમાં એ રોગના જંતુઓ જોયા અને ત્યાર પછી નવે માર્ગે જ એનાં મૂળ પ્રતિ પ્રસ્થાન આરંભાયું.

એ પ્રસ્થાનમાં સૌથી મોખરે રહી છેવટે વિજય વરનાર ' મહાનુભાવ ' તે સર રોનાલ્ડ રૉસ. મેલેરિયાની ઘાતકતા દેખીતી બહુ મોટી નથી. સેંકડો દર્દીઓમાંથી માંડ એકાદ મરતો હશે; પણ એવા તમામ 'એકાદ'નો સરવાળો મૂકીએ તો કદાચ આશ્ચર્ય જ પામી જઈએ. એકલા હિંદમાં જ દર વર્ષે ૧૩,૦૦,૦૦૦ લોકો એનાથી મરે છે. અને લીગ ઑાવ નેશન્સના આંકડા મુજબ આખી દુનિયામાંથી દર વર્ષે એક કરોડ જિંદગીઓનો તે ભોગ લે છે. આવા જાગતિક આતંક સામે ઝઝૂમી વિજય મેળવનારને 'મહાનુભાવ' પદ વધારે પડતું છે ? પોતે જાણતો એટલો જગતનો ભાગ જીતીને પોતાની જગતવિજેતા તરીકે ખુશામદ કરાવી જનાર સિકંદરને પણ જેણે હરાવ્યો હતો, (કારણ, સિકંદર મેલેરિયાથી જ મૂઓ હતો) એ મગરૂબ વિજેતાને યે સર કરી, માનવતાના ત્રાતા બની જનાર એ સેનાનીને માટે એનાથી વધુ યોગ્ય પદ બીજું કયું મળે એમ છે ?

ઈ. સ. ૧૮૫૭ ના મેની ૧૩ મી તારીખે હિંદમાં જ અલમોડા મુકામે રોનાલ્ડ રૉસનો જન્મ થએલો. એણે વૈદકનો પેશો સ્વીકાર્યો હતો, તેનું યે કારણ હતું. એ ખૂબ નિરાંતનો ધંધો હતો. ચાહે તેવા ને ચાહે તેટલા અખતરા કરવાનો વખત એ ધંધામાં ફાજલ પડી શકે એમ હતો. અને અખતરા કરવાનો તથા કુદરતની અજાયબીઓ સંઘરવાનો તો છેક નાનપણથી એને શોખ હતો. એટલે તો ચીલાચાલુ ભણતર ઉપર પણ તેને નફરત પેદા થઈ હતી. એણે લખેલું જ છે કે,

'મારાં માબાપે મારી કેળવણી પાછળ નાહકનો અર્થવ્યય આદર્યો. એટલું ભણતર તો હું ચાહે તે પુસ્તકાલયમાં જઈને પણ થોડા જ મહિનામાં મેળવી શકત.'

રૉસનો અભ્યાસ ઈંગ્લંડમાં જ ચાલેલો. અભ્યાસ દરમિયાન જ વિજ્ઞાન પ્રત્યે એને પ્રેમ ઊપજ્યો હતો, અને વિજ્ઞાનની કોઈ પણ શાખાનું કોઈ પણ પુસ્તક હાથ લાગે તે વાંચ્યા વિના ન છોડતો. ઈ. સ. ૧૮૭૩ માં કૅમ્બ્રિજની સ્થાનિક પરીક્ષા આખા ઇંગ્લંડમાં પ્રથમ નંબરે પસાર કરી. ત્યાર પછી શરૂઆતમાં એનો વિચાર તો લશ્કર કે નૌકાદળમાં જોડાવાનો હતો, પણ બાપે તે મંજૂર ન રાખતાં, બાકી રહેલા સઘળા વ્યવસાયોમાંથી તેણે વૈદકનો ધંધો પસંદ કર્યો ને ઇંડિયન મેડિકલ સર્વિસમાં જોડાઈ તે હિંદ આવ્યો.

થોડો વખત હિંદમાં રહી તે પાછો ઈંગ્લંડ ગયો અને ત્યાં લિસ્ટરની ઍન્ટીસેપ્ટિક સર્જરી તથા જંતુશાસ્ત્રનો અભ્યાસ કરી, ઈ. સ. ૧૮૮૧ માં એલ. એસ. એ. ની ઉપાધિ પ્રાપ્ત કરી. એ જ સાલના સપ્ટેમ્બરમાં હિંદ વળી આવતાં તેને મદ્રાસ સ્ટેશન હૉસ્પિટલમાં નીમવામાં આવ્યો.

મેલેરિયાના કેરની પ્રતીતિ રૉસને હિંદના જ વસવાટથી થઈ, એમ કહીએ તો કંઈ ખોટું નથી. અને તેના નિવારણ અર્થેની એની ઉત્કંઠા પણ જેમ જેમ એ કેર તે જોતો ગયો તેમ વધતી ગઈ. એની હૉસ્પિટલમાં આવેલી એક દર્દી સ્ત્રીને એણે જિજ્ઞાસુ ભાવે મેલેરિયાને લગતા એટલા બધા સવાલો કરી નાખ્યા કે તે બિચારી નાસી ગઈ!

કુદરતના પ્રેમ સાથે કુદરતનું સંગીત હમેશાં સંકળાએલું રહ્યું છે. એ પ્રેમ ઉત્કટ હોય અને એ પ્રતિભા સમર્થ હોય તો એ ઉત્કટતા આપોઆપ વાણી દ્વારા પોતાનો વેગ શોધી લે છે. એ જ રીતે આ પ્રતિભાવાન અને દૃઢપ્રતિજ્ઞ ડાક્તર રોનાલ્ડ રૉસ પણ કવિ હતો. અને

કવિહૃદય જગતનાં પરિતાપોથી વ્યાકુળ અને સંતપ્તજનો પ્રત્યે હમેશાં સાનુકંપ રહે જ છે. અઘોરકર્મી મેલેરિયાને હિંદ જેવા દારિદ્રયઘ્ન દેશમાંથી અપાતી લક્ષાવધિ જિંદગીઓની આહુતિએ રૉસના દિલને હચમચાવી નાખેલું અને 'ઇન્ડીઅન ફીવર્સ' નામના કાવ્યમાં તો પરમાત્મતત્ત્વને એણે પ્રાર્થના યે કરી છે કે,

"O God, reveal thro' all this thing abscured.
The unseen small, but million murdering cause!"

એ કવિ તો પહેલો હતો, વિજ્ઞાની પછી થયો હતો. આર્ટના વિદ્યાર્થી તરીકે કવિતાઓ, વાર્તાઓ ને નાટકો લખવામાં જ એ વખત ગુજારતો. વૈદક કરતાં શિલ્પ ને ચિત્રકળામાં તે વધુ રસ લેતો, અને ૧૮૮૮ માં હિંદમાંથી રજા લઇને ઈંગ્લંડ જઈ, ત્યાં મિસ રોઝા બ્લૉકસૅમ સાથે લગ્ન કર્યા પછી નોકરીનું રાજીનામું આપી દેવાનો જ એણે વિચાર કરેલો; પરંતુ એવામાં જ એને પોતાની જાત પરોવી દેવા જેવો કોયડો હાથ લાગી ગયો, અને રૉસે રાજીનામાનો વિચાર પડતો મૂકયો.

લંડનમાં એ હાથીપગાના જંતુ શોધી કાઢનાર સર પૅટ્રિક મૅનસનને મળ્યો, જે મુલાકાતે વૈદકજગતમાં એક વિરલ મૈત્રિમાં પરિણમીને વદકના સંશોધનના ઇતિહાસમાં એક માર્ગસ્તંભનું નિર્માણ કર્યું. મૅનસને એ રોગની સંભવિતતા મચ્છરોમાં હોવાની પોતાની આશંકા તેને કહી સંભળાવી અને એ રીતે રૉસને પોતાના સંશોધનમાં સીધો માર્ગ હાથ લાગી ગયો.

પછી તો પૂછવું શું ? હિંદ પહોંચતાં સુધી પણ રૉસની અધીરાઈ ઝાલી ઝલાય એમ ન રહી. પી. ઍન્ડ ઓ. કંપનીની 'બાલારાત' સ્ટીમરમાં હિંદ ભણી સફર કરતાં કરતાં વચ્ચે જ તે બંદરે બંદરે ઊતરી

પડતો અને ત્યાંની ઇસ્પિતાલોમાં મેલેરિયાના દર્દીઓ તપાસતો. સ્ટીમરમાં બીજા બધા ઉતારૂઓ સહેલ કરી રહ્યા હોય કે રમી રહ્યા હોય ત્યારે એ તો એકલો રહી ખુર્દબીન [સૂક્ષ્મદર્શકયંત્ર] નીચે મચ્છરો તપાસી રહ્યો હોય !

સિકંદરાબાદ પહોંચીને એણે અખતરા આગળ વધાર્યા. મૅનસનનું માનવું હતું કે, મચ્છરો મેલેરિયાના દર્દીને કરડીને પછી પીવાના પાણીમાં એ ચેપ કાલવતા હશે, અને એ પાણી પીવાથી પાછો મેલેરિયા લાગુ પડતો હશે. રૉસને એ માન્યતા એટલી વજૂદભરી નહોતી જણાઈ; અને એણે પ્રયોગથી એ નાસાબિત પણ કરી બતાવી.

એણે મેલેરિયાના દર્દી પર ચાર મચ્છરો પોષીને તેમને પાણીથી ભરેલી એ શીશામાં પૂરી રાખ્યા. થોડા દિવસ એ રીતે રાખ્યા પછી એ પાણી પીવાનો પ્રયોગ કરવાનો હતો. એ અર્થે રૉસને સ્વયંસેવકો પણ મળી રહ્યા. બધી જોખમદારી સમજાવીને રૉસે તેમને એ પાણી પીવડાવ્યું. પોતાના 'Memoirs' પુસ્તકમાં એ માટે એણે લખેલું છે: 'આ પ્રયોગ કરવામાં હું મારી જાતને કશો ગેરઇન્સાફ નથી કરતો. કારણ, એનું નિર્ણયાત્મક પરિણામ ઘણું અગત્યનું છે, અને કંઈ અઘટિત બનવા પામે તો એનો ઇલાજ પણ તૈયાર રાખ્યો છે.'

અખતરો પૂરો થયો. ત્રણમાંના બેને તો કશું જ ન થયું. ત્રીજાને સહેજ આજાર જણાયો, પણ તે મેલેરિયા ન હતો. આ સાબિતી પછી રૉસે મૅનસનની માન્યતા પડતી મૂકી.

મેલેરિયાનો ફેલાવો તો મચ્છરોને જ આભારી હતો, એ નિઃશંક વાત હતી, પણ એ ફેલાવો તે કયી રીતે કરે છે, એ જ મોટી વાત હતી. રૉસ એ જાણવા માટે પોતાની જાતને પણ અખતરાથી બાકાત ન રાખતો, ને પોતાને મચ્છરો કરડે તે માટે એ પથારી ને પરદા પણ ઘણી વાર ભીનાં રાખી સૂઇ રહેતો.

ઈ. સ. ૧૮૯૫ ના મેની ૧૩મી તારીખે, એની વયના ૩૮ મા વર્ષે, મેલેરિયાના એક દર્દીને ડંખેલા મચ્છરને ચીરતાં તેના જઠરમાં રૉસને મેલેરિયાના જંતુ મળી આવ્યા, જે પેલા દર્દીના લોહીમાં પણ હતા. એ જંતુઓની પ્રવૃત્તિ સતત નિહાળતો હવે રૉસ બેસી રહેતો. દિવસભરના શ્રમ પછી રાતે આરામ લેવાની વાત પણ એણે કોરે મૂકી દીધી હતી. એ દિવસો માટે એણે લખ્યું છે કે, 'આ સતત અખતરા કરતાં હું થાકીને લોથપોથ થઈ જાઉં છું. મારા હાથના પસીનાથી ખુર્દબીન કટાઈ ગયું છે. મારી જમણી આંખ સૂજી ગઈ છે ને ખૂબ પીડા આપે છે.'

એ દર્દ સિવાય બીજું દર્દ પણ તેને હતું, અને તે એ કે આ સઘળી માથાકૂટમાં એ બિલકુલ એકલો જ હતો—જો કે એ પોતે તો એ પરિસ્થિતિ પ્રત્યે બેદરકાર જ રહ્યો હતો. એણે સંશોધનમાં કરેલો વિકાસ જાણવાની કે એકઠા કરેલા નમૂના જોવાની પણ કોઈને ફુરસદ નહોતી. વધુ નિરાંતથી કામ થઈ શકે એ માટે એણે કરેલી રજાની બધી માગણીઓ પણ નકારવામાં આવી હતી, છતાં જીવનના મર્મને આ રીતે ઉદ્‌બોધી જનાર એ મહાનુભાવ કદી નિરાશ નહોતો બન્યો:

"By what we have, we lose,
By what we have not, get;
And where we cannot choose
The crown of life is set."

વળી એ જ વર્ષમાં, ઇ. ૧૮૯૫માં, બેંગલોરમાં કૉલેરા ફાટી નીકળ્યો અને રૉસની સેવાની ત્યાં જરૂર પડી. રૉસે બાખુશી તે આપી અને એ પ્રત્યક્ષ જવાબદારી અદા કરવાને આડે એ સમય પૂરતું મેલેરિયાનું સંશોધન એણે ઊંચું મૂક્યું. સવારના છ થી મધરાત

સુધી એકધારી રીતે એ પોતાની સેવા આપી રહેતો, કારણ માનવતાની નજરે તેને એ પોતાની પહેલી ફરજ જણાઇ હતી. એની એ ફરજનું ભાન એની પોતાની રચેલી અને આ જીવનચરિત્રને પ્રારંભે આપેલી પંક્તિઓમાં પ્રત્યક્ષ થાય છે:

માણસનો ફરજનો કલ્પિત આદર્શ અને પ્રત્યક્ષ ફરજ ઘણીવાર એક નથી પણ હોતાં, અને એવે વખતે આદર્શને પશ્ચાદ્ભૂમિમાં રાખી, પ્રત્યક્ષ ફરજને શિરોધાર્ય કરનારા બહુ ઓછા હોય છે. રૉસ એવા વિરલોમાંનો જ એક નીવડ્યો.

ઈ. ૧૮૯૭ ના એપ્રિલમાં રૉસે બેંગલોર છોડયું અને પાછો મેલેરિયાના સંશોધન પાછળ પડયો. તેની એ ઉલટ જોઈને તેના મિત્ર મૅનસને હિંદી સરકારને તેના સંશોધનમાં સુવિધા કરી આપવાનો આગ્રહ કરી જોયો, પરંતુ સમસ્ત માનવસમાજની સેવા કરવા કરતાં સિકંદરાબાદના રેજિમેન્ટલ એમ. ઓ. તરીકે જ રૉસ સેવા બજાવે એમાં સરકારને વિશેષ કૃતજ્ઞતા જણાઈ, ને રૉસ એવી સુવિધાથી વંચિત રહ્યો.

એ જ સાલમાં કાલાહટ્ટી મુકામે ખુદ એના પર મેલેરિયાનો હૂમલો થયો, પણ તે કયાંથી ને કેવી રીતે થયો, તે એ નક્કી ન કરી શકયો. મચ્છરો પર એને વહેમ ગયો, પણ કોઈ મચ્છર કરડયો હોવાનો તેને ખ્યાલ નહોતો રહ્યો. ત્યાંથી તે સિગુર ગયો, પણ ત્યાંથી યે નિરીક્ષણ માટે મચ્છર ન મેળવી શકયો, એટલે જંગલમાં જ જાતે પોતાના હાથ પર મચ્છર કરડાવી લાવ્યો. પરંતુ એનુંયે દેખીતું કશું પરિણામ ન આવ્યું.

અને એ નિષ્ફળતા ખુદ રૉસને જ આભારી હતી. જો કે એ ગુમરાહ નહોતો બન્યો, પણ ગલત રાહ પર તો હતો જ; કારણ,

બધી જાતના મચ્છરો કંઈ મેલેરિયાના વાહક નથી હોતા, માત્ર એક જ જાત હોય છે, અને તે યે નર નહિ પણ માદા. આ વસ્તુસ્થિતિની પ્રતીતિ એને ન થઇ ત્યાં સુધી પ્રયોગો પર પ્રયોગો તે ચલાવતો ગયો અને નિષ્ફળતા પર નિષ્ફળતા પામતો ગયો.

એ પ્રતીતિ એને આ રીતે થઇ. એણે પોતાને મચ્છરો આણી આપવા જે ત્રણ માણસો (Mosquito-men) રાખેલા તેમાંનો એક, એક વખતે એવા મચ્છર પકડી લાવ્યો જે અત્યારસુધી રૉસના અખતરા તળે નહોતા આવ્યા. એનાં ઈંડાં પણ બીજાં ઈંડાં કરતાં જુદાં પડતાં હતાં અને એની પાંખે ત્રણ કાળા પટા રહેલા હતા, જ્યારે એ બેસતો તે પણ બીજા મચ્છરો જેમ સમસ્થિત નહિ પણ કોણ કરીને બેસતો હતો.

આ નવી જાતને ઉછેરીને તેમાંના બે મચ્છર એણે ચીરી જોયા, પણ મેલેરિયાનો પુરાવો આપી શકે એવી કશી હકીકત તેમાંથી ન મેળવી શકાઈ. થોડા દિવસ રહી એમાંથી બે બીજા એણે ચીરી જોયા, પણ પરિણામ એનું એ જ. અને એ વખતે એ જે ત્રાસ સહન કરી રહ્યો હતો તે જોઇએ તો ? ગરમી તો કહે કે, મારૂં કામ ! અને રૉસથી પંખો સુદ્ધાં ચલાવી ન શકાય, કારણ તેમ કરે તો નમૂના બધા ઊડી જાય ! પસીને લદબદ શરીરે ને નિતરતે કપડે એ તો પોતાનું કામ આગળ ધપાવ્યે જ જતો હતો.

અને આખરે એ અવિશ્રાન્ત કામગીરીને અંતે તેને કામયાબી વરી. એ દિવસ ઇ. ૧૮૯૭ના ઑગસ્ટ મહિનાની ૨૦મી તારીખનો હતો, જેને રૉસે મચ્છર–દિન (Mosquito-Day) તરીકે ઓળખાવ્યો છે. મેલેરિયાના રોગજંતુઓના વિકાસક્રમની સળંગસૂત્રતા સમજવા જે મચ્છરો એણે ઉછેરેલા તેમાંથી એક ૩૯ નંબરનો જ બચેલો હતો, અને એ છેલ્લો મચ્છર એણે તે દિવસે ચીર્યો, અને તેની મહેનત આબાદ પાર પડી.

રૉસને એ મચ્છરના શરીરમાં કાળા મેશ જેવા કેટલાક કણ

દેખાયા. જો એ કણ રોગજંતુઓ જ હોય તો તે વિકાસ પામવા જ જોઇએ. સંકલ્પવિકલ્પોમાં આખી રાત એ બેચેન બેસી રહ્યો. પણ સફળતા એને શોધતી આવી હતી. બીજે દિવસે ખરેખર એ કણ વિકાસ પામ્યા હતા.

એ એક રાતનો તલસાટ એણે સ્વયં નિરૂપ્યો છે કે, 'હજારેક મચ્છરોનાં જઠર ફંફોળી ફંફોળીને હું બિલકુલ થાકી ગયો હતો—ના, હિંમત જ હારી ગયો હતો. શા માટે મારે આ બધી જહેમત ઉઠાવવી? પણ અસંખ્ય જનોનો દુઃખાર્ત પોકાર પાછો મારા કાનમાં ગાજી ઊઠયો અને હું ફરી કાર્યરત બન્યો. એક મચ્છરના જઠરમાં એક વર્તુલાકાર રેખા મારી નજરે પડી, જેનો પરીઘ આશરે બાર માઇક્રોન (એક માઇક્રોન એટલે એક મીટરનો દસ લાખમો ભાગ) જેટલો હશે...વિશેષ નિરીક્ષણ કરતાં મને એમાં કેટલાક સૂક્ષ્મ કાળા કણો નજરે પડયા. એવા જ કણો મને મેલેરિયાથી પીડાતા દર્દીના લોહીમાંથી મળી આવ્યા હતા. હું સફળ થયો છું એમ મને લાગ્યું, અને એ સાફલ્યના ભાન સાથે મારા મોં પર સ્મિત પથરાયું.'

અને એ સ્મિત કંઇ સિદ્ધિની મુસ્તાકીનું કે વિજયના ઉન્માદનું નહોતું. માનવ પ્રત્યેની અનુકંપાનું અને મોત પ્રત્યેની ઉપેક્ષાનું એ સગૌરવ સ્મિત હતું. એને એ ગૌરવપૂર્ણ દિવસને વળતે જ દિવસે એના કવિહૃદયે 'In Exile' એ કાવ્યમાં મૃત્યુ પ્રત્યેની એ ઉપેક્ષા મૂર્તિમંત કરી:

"This day relenting God
Hath placed within my hand
A wondrous thing; and God
Be praised. At His Command,
Seeking His secret deeds
With tears and toiling breath

I find thy cunning seeds,
O million-murdering Death!
I know this little thing
A myriad men will save.
O Death, where is thy sting?
Thy victory, O Grave?'

રૉસે પોતાની આ કવિતા એના 'Philosophies' નામની પુસ્તિકામાં લખેલી છે. એ સિવાય બીજી પણ ઘણી કવિતાઓ—ખાસ કરીને રોમન શહેનશાહ કાલીગુલા ઉપરની વગેરે લખેલી છે, જેમાંની ઘણી તો ઉચ્ચ કક્ષાની અધિકારી છે. પરંતુ તેની આ કવિતા માટે તો 'લંડન મર્ક્યૂરી' માસિકના તંત્રી જે. સી. સ્કવાયરે લખ્યું છે (ઑક્ટોબર ૧૯૩૨ના અંકની તંત્રીનોંધમાં),

'But the malaria poem is undoubtedly the best written at white heat by a great man at a great moment of release, as might have been a poem by Columbus on sighting land, or about Cortes on sighting the Pacific, or some watcher of the skies perceiving for the first time the rays of the long calculated planet.'

આ પછી રૉસને રજપુતાનામાં ખેરવારા મુકામે જવું પડયુ. ત્યાં મેલેરિયા મુદ્દલ નહોતો કે તે પોતાનું સંશોધન અક્ષુબ્ધ ચલાવી શકે. વળી પાછી હિંદી સરકારને વિનંતિઓ થઈ, અને આખરે કેટલાક મહિના પછી રૉસને કલકત્તા મુકામે ખાસ સંશોધન અર્થે મૂકવામાં આવ્યો. ત્યાં રહી એણે પક્ષીઓ પર આક્રમણ કરતા મેલેરિયાનો અભ્યાસ કર્યો તથા મચ્છરના ડંખ સાથે એના ભોગ બનનારના

હોજરીમાં પ્રવાહી ઠાલવતી તેની લાલાસ્રવી ગ્રન્થિઓ (salivary glands) શોધી કાઢી.

રૉસની આ શોધનો ઈ. ૧૮૯૮ ના જુલાઈની ૯ મીનો દિવસ, ઈ. ૧૮૯૭ ના ઑગસ્ટની ૨૦મીની એની શોધની કલગી સમો હતો. એના હૃદયમાં એ દિવસે કેવી કેવી ઊર્મિઓ ઊઠી હશે ? જોન કીટ્સે એના 'On First Looking into Chapman's Homer'માં જાણે એ જ ઊર્મિની પરાકાષ્ઠા કથી છે:

> " Then felt I like some watcher of the skies
> When a new planet swims into his ken."

એ યશસ્વતી પળ માટે રૉસે પોતે લખ્યું છે તેમ, 'એવી પળો અનુભવવાને એક આખા જમાનામાં ભાગ્યે એકાદ બે વ્યક્તિ ભાગ્યશાળી નીવડે છે. કોઇ મહાન વક્તા, વિજેતા કે રાજદ્વારી પુરુષના મહત્કાર્ય કરતાં યે એનો આનંદ વધી જાય છે; કારણ, એની સિદ્ધિ થોડાઘણાને ન સ્પર્શતાં સારી માનવતામાં વ્યાપ્ત બને છે, અને તે માત્ર આજ માટે નહિ પણ સદાકાળ માટે—ઓછામાં ઓછું ભવિષ્ય કાળ ભૂતકાળને ભુલાવી દેવાની હિંમત કરે ત્યાં સુધી.'

અને એ શોધની મૅનસનને જાણ કરતાં તેણે જે વિનમ્રતા દર્શાવી છે એ તો હરગીઝ એની પ્રશંસા માગી લે છે. એણે લખ્યું છે, 'કેવી સુંદર શોધ છે આ ! હું એને વખાણવાની ધૃષ્ટતા કરું છું, કારણ કે એ મને આભારી નહિ પણ તમને આભારી છે.'

પ્રકીર્તિત બની, ઈ. ૧૮૯૯ના ફેબ્રુઆરીમાં રૉસ નિવૃત્ત થઈને ઈંગ્લંડ પાછો ફર્યો. ત્યાં મૅનસને તેના ઉપર એક વધુ ઉપકાર કર્યો, કારણ કે એ માનવભાવી મહાપુરુષને રૉસ જેટલો જ મેલેરિયાના સંશોધનમાં રસ હતો. એટલે મચ્છરની એનોફીલિસ જાત દ્વારા જ

માણસને મેલેરિયા લાગુ પડે છે તેની દુનિયાને સાબિતી આપવા એણે ખુદ પોતાના પુત્ર પી. થૅાર્નબર્ન મૅનસનને ઇ. ૧૯૦૦ના ઑગસ્ટની ૨૯મીએ તથા બીજી વાર બે દિવસ રહીને ખાસ ઈટાલીથી મંગાવેલા મચ્છરો કરડાવ્યા. તા. ૧૩ મી સપ્ટેમ્બરે તેને મેલેરિયા લાગુ પડયો ને ૧૭મી સપ્ટેમ્બરે તો રોગજંતુઓ તેના લોહીમાં દેખાયા. આથી ઉત્કૃષ્ટ સાબિતી બીજી કયી જોઈએ? રોસે લખ્યું છે તેમ, ‘a more brilliant varification of them could not have been devised.’

અને પછી તો આખું જગત એની કદરસનાશી કરવા ઝૂકયું. લાવેરાં અને લિસ્ટર જેવાએ રૉસને કબૂલ રાખ્યા પછી એના મહદુપકારના બદલામાં એના પર માનઅકરામોની નવાઝિશ પર નવાઝિશ થવા લાગી. જુદી જુદી ૨૭ વૈદક સંસ્થાઓએ તેને પોતાનો સભ્ય બનાવ્યો અને બધાં મળી ૨૧ ચંદ્રકો ને પુરસ્કારો એણે મેળવ્યાં; એટલું જ નહિ પણ સ્ટૉકહોમની વિદ્યાપીઠે ત્યાર સુધીમાં કોઈ પરદેશીને નહોતી બક્ષેલી એ એમ. ડી. ની ઉપાધિ એને એનાયત કરી. ૧૯૦૧માં રૉયલ સોસાયટીનો તે ફેલો નીમાયો, ૧૯૦૨માં વૈદક માટેનો નોબેલ પુરસ્કાર પામ્યો, અને ૧૯૧૧માં ઇંગ્લંડ તરફથી કે. સી. એમ જી. નો ઇલકાબ પણ મેળવ્યો.

એના ઇંગ્લંડ જતાં જ ત્યાં લિવરપૂલ મુકામે, લંડનમાં ચાલતી તેવી, વૈદક સંસ્થા ઉઘાડવામાં આવી અને વાર્ષિક ૨૫૦ પૌંડના દરમાયાથી રૉસને તેમાં વ્યાખ્યાતા નીમવામાં આવ્યો. પાછળથી એ રકમ ૩૦૦ પૌંડની કરવામાં આવી, અને છેવટે ૬૦૦ના દરમાયાથી તેને પ્રોફેસર તરીકે કાયમ કરવામાં આવ્યો.

ગયા મહાયુદ્ધના અરસામાં રૉયલ આર્મી મેડિકલ કોરમાં કર્નલ તરીકે રહીને રૉસે ઇંગ્લંડની સેવા બજાવેલી; પરંતુ એથી યે વધુ સેવા તો સીએરા લીઓન, સીલોન, હિંદ, મલય, મિસર, ગ્રીસ, સ્પેન,

સાઇપ્રસ, મૉરિશિયસ વગેરે સ્થળોએ ફરીને એ સ્થળોને માનવ–વસવાટ યોગ્ય બનાવીને એણે બજાવી. આફ્રિકાના પશ્ચિમ કાંઠાને મેલેરિયા અંગે જ " Whiteman's Grave "નું લાગેલું કલંક એણે ધોઇ નાખ્યું. એટલું જ નહિ, પણ એ મેલેરિયાના નિવારણ પાછળ ન મંડ્યો હોત તો પૂર્વમાં સુએઝની નહેર જેટલું જ પશ્ચિમમાં મહત્ત્વ ધરાવતી પનામાની નહેર પણ કદાચ હસ્તીમાં ન આવી હોત. એટલે તો એ નહેર માટે ચાલતી આ ઉક્તિ સર્વથા સાર્થ ગણી શકાય એમ છે કે, 'Sir Ronald Ross cut it with his little dissecting scapel '

પરંતુ બાપૂબ પ્રશંસા પામ્યા છતાં પૈસાની બાબતમાં તો રૉસ એના સમાણા અનેક માનવહિતાર્થીઓની માફક બદનસીબ જ રહ્યો હતો. ઇંગ્લંડનાં સંસ્થાનોનું મહત્ત્વ ત્યાંથી મેલેરિયા નાબૂદ કરીને એણે વધાર્યું, ખુદ ઇંગ્લંડનું ગૌરવ પણ પોતાની શોધથી એણે જગતમાં વિસ્તાર્યું; પણ ઇંગ્લાંડ તો રોસને એની પાછલી વયમાં વીસરી જ ગયું.

અને એના પર ગુજરેલી આ હાલાકી ઓછી હોય તેમ રહી રહીને ઇટાલીના કેટલાક વિદ્વેષી વિજ્ઞાનીઓએ રોસને મેલેરિયાના જંતુઓના આદ્ય શોધકના પદેથી ચ્યુત કરવાની પ્રવૃત્તિ આદરી. રોસને એથી એટલું બધું તો મનઃદુઃખ ઉપજ્યું કે પોતાની ફરજમાંથી એણે નિવૃત્તિ લઇ લીધી અને કોઈ પણ પ્રકારનું મૌલિક સંશોધન કરવાનું મૂકી દીધું. એના પોતાના શબ્દોમાં કહીએ તો એનો ' મહાન ઉમંગ માર્યો ગયો. ' (The Great Passion died).


આમ પાછલી વયે રૉસ અવગણાયો, અપમાનિત બન્યો, સંધિવા લાગુ પડી અસહાય બન્યો. અને છતાં ઇંગ્લંડે એની સામું ઊંચી આંખ કરીને ન જોયું! એ જ હાલતમાં ઇ. સ. ૧૯૩૨ના સપ્ટેંબરની ૧૬ મીએ તે અવસાન પામ્યો.

આજે એના નામે ઇંગ્લંડમાં 'Institute of Tropical Diseases' ચાલે છે. આપણા દેશમાં રહીને સિકંદરાબાદના જે બંગલામાં રૉસે પોતાના અખતરા કરેલા તેના પર હવે આ મુજબની તકતી લગાડવામાં આવી છે: " ઈ. સ. ૧૮૯૭ના ઑગસ્ટની ૨૦મી તારીખે મેલેરિયાના જંતુનો વાહક એનોફીલિસ મચ્છર છે એવી આ સ્થાને શોધ કરનાર સર રોનાલ્ડ રૉસના સ્મરણમાં. "

અલબત્ત, સર રોનાલ્ડ રૉસના નામે માનવતા સદા માથું નમાવશે, પરંતુ દર્દનો એક ઉભરો અહીં ઠાલવ્યા સિવાય નથી રહેવાતું. અને તે એ કે, રૉસે મેલેરિયાના જનક તરીકે મચ્છર પર આણેલી શંકા કંઈ નવી ન હતી. એના પહેલાં ચૌદસો વરસ પર ભારતીય આયુર્વિદોને પણ એવી શંકા આવેલી, અને એના સંશોધનમાં એ પણ પ્રવૃત્ત થએલા. પોતાનું અધૂરું રહેલું કામ એ પછીની પેઢીઓ પૂરું કરશે એવો એમને ઇતબાર હતો. પરંતુ એ પછીની હીનપ્રાણ પેઢીઓએ તો ઉલટો એમના આદર્શને દગો દીધો. માનવતાના એ જ્યોતિર્ધરોને એવો ખ્યાલ સુદ્ધાં ભાગ્યે જ હશે કે એ જ ભારતનાં સંતાનોને ખુદ પોતાના રોગોના યે પરિત્રાણ અર્થે કોઇ હાફકીન કે કૉક, કોઈ લેવેરાં કે રૉસ યા કોઇ ચેસ્કિંન કે કિટાસાટો જેવા પરદેશીઓનો ઉપકાર પોતાને માથે ચડાવવો પડશે.

• મહાનુભાવ નરોત્તમ •

અબ્રાહમ લિંકન



મહાનુભાવ નરોત્તમ
અબ્રાહમ લિંકન

"હું જીવ્યો છું એનું સંભારણું કોઇ મનુષ્યને રહે એવું કશું મેં કર્યું નથી. છતાં હું જીવવા ઈચ્છું છું તે એ કારણસર કે મારી સમકાલીન પેઢી અને પ્રસંગો સાથે હું મારૂં નામ જોડવા ઇચ્છું છું, મારા બંધુઓને હિતકર એવા કશાક સાથે મારૂં નામ હું યુક્ત કરવા ઇચ્છું છું."

જિંદગીમાં આનંદ કરતાં અનુલ્લાસની જ મહેર પામેલો બત્રીસ વર્ષનો એક નવજવાન આ શબ્દો બોલી રહ્યો હતો. અને સંયોગોની તમામ પ્રતિકૂળતાને તરી પાર કરીને એણે પોતાની ઇચ્છા બર આણી ત્યારે તો જગતે તેનું મહાનુભાવ નરોત્તમ તરીકે અભિવાદન આદરી દીધું હતું. ઉજ્જડ જમીન પર ઊભેલી એક બદસૂરત ઝૂંપડીમાં જન્મ લઇને પોતાના વિશુદ્ધ ચિંતન જેટલા જ વિશુદ્ધ ચારિત્ર્ય વડે અમે-

રિકાનો આશાસૂર્ય બની જનાર એ નરોત્તમ તે અબ્રાહમ લિંકન, જેને સંસારે સર્વાનુમતે પુણ્યશ્લોકની કોટિમાં મૂકી દીધો છે.

મહાપુરુષોની મહત્તા એમના જીવનકાર્યને મળેલી કામયાબી કે નાકામયાબી કરતાં એ કાર્ય પાછળ એમણે સેવેલા આદર્શ ઉપર જ નિર્ભર હોય છે. એ રીતે લિંકનનો જીવન–આદર્શ જોઇએ તો એ હતો કે, 'મારૂં ગમે તે થાય, મને યશ મળે ચાહે અપયશ, પણ જ્યાં જ્યાં હું કાંટો ભાળું ત્યાં ત્યાં જો ફૂલ ઊગી શકવાની સંભાવના હોય તો તે વાવવા હું દોડી જાઉં એવી મારી સતત મનીષા રહો.'

અમેરિકાના પૂર્વભાગની સ્થાયી અને સંસ્કારપ્રાપ્ત વસાહતથી દૂર દૂર આવેલા અણુવસ્યા પ્રદેશમાં કષ્ટસાધ્ય આજીવિકા વડે જીવનારા એક કુટુંબમાં કેન્ટુકી પરગણાના નોલિન ક્રીક મુકામે ઇ. ૧૮૦૯ના ફેબ્રુઆરી મહિનાની ૧૨ મી તારીખે ૧૪ ચોરસફુટની એક ઝૂંપડીમાં આ અબ્રાહમ લિંકનનો જન્મ થએલો.

દેહલાવણ્ય અને સ્વભાવમાધુર્યથી એની માતા નાન્સી જેમ તમામ આરણ્યક સ્ત્રીઓમાં નોખી તરી આવતી તેમ એ સાક્ષર પત્નીનો નિરક્ષર પતિ અને સુતારીનો ધંધો કરતો એનો પિતા ટોમસ લિંકન પણ પોતાના તરંગી સ્વભાવને લઇને ત્યાંના તમામ પુરુષોમાં નોખો તરી આવતો. એ તરંગી સ્વભાવ કોઈ એક ઠેકાણે એનો જીવ નિરાંતે ખૂંપવા જ નહોતો દેતો. અહીંથી તહીં એ અણુવસ્યા પ્રદેશમાં પોતાનો મુકામ તે ખસેડતો જ રહેતો. એઇબ (અબ્રાહમ) પાંચેક વરસનો થયો હશે ત્યાં તો એણે પાછું પોતાનું સ્થાન ત્યાંથી અગિયારેક માઈલ ઉત્તરે આવેલા નૉબ ક્રીક મુકામે ફેરવ્યું.

આજે તો મહાનગરોના ગંજે અમેરિકાને બદસિકલ બનાવી દીધું છે, પણ એ કાળે તો શહેરો પણ જ્યાં ગણ્યાંગાંઠ્યાં હતાં ત્યાં વેરાનના આ વસાહતીઓને શહેરી સંપર્ક કે તજ્જન્ય સુવિધાઓ ક્યાંથી મળી

શકે ? એટલે ટોમસે વસાવેલા નવા સ્થાનની જમીન મકાઈ-બટાટાનો પાક આપતી થાય ત્યાં સુધી શિકાર પર જ નિર્વાહ કરવાનું રહ્યું.

ટોમસ સવારના પહોરમાં શિકારે નીકળી પડતો અને નાન્સી ઘરકામે લાગતી. સાંજે નવરા પડતાં નાન્સી તાપણાને અજવાળે શિકારની ઊતરેલી ખાલનાં કપડાં સીવતી, ટોમસ પાંચ વરસના પોતાના પુત્ર એઈબ તથા સાત વરસની પુત્રી સારા કને બેસી જૂનીપુરાણી કથાવાર્તાઓ સંભળાવતો.

ટોમસને ભણતરની ખાસ કશી કાળજી નહોતી રહેતી; પણ નાન્સી સુશિક્ષિત હોઈ, પોતાના પુત્રના શિક્ષણ માટે તે ઇંતેજાર રહેતી, અને એને જલદી લખતો વાંચતો કરવા રાત્રે તેને કક્કો શીખવતી. કેટલોક કાળ ત્યાં આવી ચડેલા એક પ્રવાસી શિક્ષકની શાળામાં પણ એણે એઈબને મોકલેલો, પણ થોડા જ વખત બાદ એ શાળા બંધ પડી.

એવામાં ટોમસને કોઈએ ખબર આપ્યા કે ઇંડીઆના સંસ્થાનની જમીન માતબર છે અને નામની જ કીમતે મળી શકે છે, એટલે વળી પાછું એનું મન ફર્યું અને બે ઘોડા પર બધો સરસામાન નાખી ગીચ જંગલમાં થઈને પાંચ દિવસની મુસાફરી બાદ લિંકન પરિવારે ઓહિયો નદીની ખીણમાં આવેલા ઇંડીઆના સંસ્થાનનું લિટલ પીજિયન ક્રીક વસાવ્યું.

ઇ. ૧૮૧૬માં ટોમસે આ મુકામ ફેરવ્યો ત્યારે કડકડતો શિયાળો ચાલતો હોઈ, ઝૂંપડું બાંધવા પૂરતો વખત પણ નહોતો. એટલે હિંસક પશુઓ વચ્ચે જાતની રક્ષા કરવા અણઘડ પાટિયાંનું ત્રણ બાજુએ બંધ અને એક બાજુએ ખુલ્લું એવું કામચલાઉ માળિયું ઊભું કરવામાં આવ્યું. હાથે લાકડાં ફાડી ફાડીને બાર મહિને છેવટે કૅબિન તૈયાર કરવામાં એઈબનો પણ હિસ્સો હતો. એના કહેવા મુજબ, ' હું ઉમરે જો કે બહુ નાનો હતો, છતાં કામ કરવા યોગ્ય મારી ઉમર થઈ હતી. તરત મારા હાથમાં કુહાડી આપવામાં આવી. ત્યારથી માંડીને મારી

ત્રેવીસની વય સુધી મેં એ ઉપયુક્ત હથિયારનો એકધારો ઉપયોગ કર્યો.'

આ અરસામાં જ એબ્રહમે પહેલ વહેલી બંદૂક ચલાવી. અને ચલાવીને, થોડે દૂર ફરતી એક બતકને વીંધી નાખી. ટોમસ તો પોતાના પુત્રના આ કૌશલ્ય પર ખુશખુશ બની ગયો, પણ પુત્ર તો દિઙ્મૂઢ બની જઈ આત્મવ્યથાના ઊંડાણમાં ઊતરી ગયો. થોડીવાર આમતેમ તરફડી મુડદું બની ગએલી બતકને શૂન્યમનસ્ક નિહાળી રહેલા કિશોર એબ્રહમની એ આત્મવ્યથા એટલી ઊંડી હતી કે બંદૂક ચલાવવાનો આ પહેલો પ્રસંગ એની જિંદગીમાં છેલ્લો જ નીવડ્યો.

એબ્રહમનું આ આત્મસાદૃશ્ય, કરુણાની મૂર્તિ સમી તેની માતા નાન્સીને આભારી હતું. એબ્રહમનો એના પર નિરવધિ પ્રેમ હતો. પરંતુ નાન્સીની વત્સલછાયા લાંબો કાળ ન ટકી અને ક્ષયને મળતા પણ એના કરતાં યે ગૂઢ 'milk-sick' નામક રોગે એબ્રહમનો એ ભૌતિક અધિકાર ઝૂંટવી લીધો.

માતાની માંદગી દરમિયાન દ્રવિત દિલે એ દરરોજ પ્રાર્થના કરતો રહેતો, પરંતુ નાન્સી ન બચી અને ઈ. ૧૮૧૮ના ઑક્ટોબરની ૫ મીએ એની કરુણાર્દ્ર આંખો સદાને માટે મીંચાઇ ગઈ. કશી અંત્યવિધિ વિના વગડામાં જ બાપ દીકરાએ મળી એને દફનાવી. કોઇ દાકતર પણ એની સારવાર માટે ન મળેલો, કારણ નજીકમાં નજીકનો દાકતર પણ ત્યાંથી ૩૫ માઇલ દૂર રહેતો હતો. કદાચ જિંદગીની જફાકશીથી કંટાળેલી નાન્સી પોતે પણ જીવનથી તદ્દન નિર્મમ બની ગઇ હશે.

માતા ગઈ એટલે ઘરનો બધો કારોબાર બાર વરસની સારા અને દસ વરસના એબ્રહમ ઉપર આવી પડયો. એકાદ વરસ આમ વીત્યા બાદ ટોમસ ક્યાંક ઊપડી ગયો, તે પાછો ૧૮૧૯ના ડીસેમ્બરની એક સાંજે પાછો ફર્યો. એકલો નહિ; એની સાથે સરસામાન લાદેલી ચાર

ઘોડાની એક ગાડી હતી, અને એ ગાડીમાં એક હસમુખી પ્રૌઢા સાથે ત્રણ છોકરાં હતાં.

'આ તમારી નવી મા !' ટોમસે ગાડી સામે ઉત્કંઠ આવી ઊભા રહેલાં એઈબ તથા સારાની જિજ્ઞાસાને સાંત્વન આપ્યું.

ત્યારથી ટોમસની એ પુરાણી પ્રેમિકા અને એલીઝાબેથટાઉનની વિધવા પ્રૌઢા સારા બુશ જોનસન પોતાનાં ત્રણ સંતાનો સાથે ટોમસનાં બે સંતાનોની પણ માતા બની રહી, અને નવું જીવન શરૂ થયું. પોતે આણેલા રાચરચીલાથી ટોમસનું ઘર એણે ભર્યું ભર્યું કરી મૂક્યું એટલું જ નહિ, પણ ટોમસના ચંચળ સ્વભાવમાં પણ કંઈક સ્થિરતા આણી

પોતાનાં અને નાન્સીનાં સંતાનો વચ્ચે મુદ્દલ ભેદભાવ ન રાખીને સાવકી મા હોવા છતાં સારાએ નાન્સીનાં સંતાનોને પોતાનાં કરી લીધાં. એ પોતે શિક્ષિત ન હોવા છતાં શિક્ષણના મૂલ્યથી વાકેફ હતી, એટલે ટોમસને આગ્રહ કરીને એણે તમામ બાળકોને નિશાળે મોકલવાં શરૂ કર્યાં.

એઈબના વિદ્યાનુરાગને મળેલા આ પોષણે મા દીકરા વચ્ચે જે પ્રેમ ઉપજાવ્યો તે અવિચ્છિન્ન રહ્યો. એનાં સ્મરણો આંકતાં અબ્રાહમે તેને 'ઉમદા ઓરત' ગણાવેલી છે, જ્યારે સારાએ લિંકન માટે 'કોઈ પણ સ્ત્રી વાંછી રહે એવો ઉત્તમ પુત્ર' એવા શબ્દો ઉચ્ચારેલા છે,

એઈબ બધું મળીને માંડ બારેક મહિના નિશાળે જઈ શક્યો હશે. ઘરમાં કાગળકલમ કે પાટીપેન તો હોય ક્યાંથી? ઝાડની છાલ પર કોલસાથી તે લખતાં શીખ્યો. જૂના પાવડા પરનો કચરો સાફ કરીને તેના પર તે દાખલા ગણતો. એમ કરતાં એકવાર થોડાં કાગળિયાં એને હાથ લાગ્યાં એટલે ઉમંગભેર જાંબુ જેવાં કોઈ ફળના રસની એણે શાહી બનાવી કાઢી, પીછાની કલમ વડે એણે પહેલો જ નિબંધ લખ્યો, અને તે, પ્રાણીઓ પ્રત્યે ચલાવાતી ઘાતકી વર્તણુકના વિરોધનો.

આખો દિવસ ખેતરનું વૈતરું કર્યા પછી એઈબને વાંચવાનો સમય બહુ ન રહેતો, એટલે જે કંઈ આરામનો સમય એને મળે તે દરમિયાનના એના વાંચનમાં કોઈ જાતની ખલેલ ન પડે તે માટે એની સાવકી મા ખાસ કાળજી રાખતી. એઈબની જ્ઞાનપિપાસા ધીમે ધીમે એટલી તો ઉત્કટ બની ગએલી કે એના ઘરની આસપાસના માઈલો સુધીમાં એવું એક પુસ્તક એણે રહેવા નહોતું દીધું જે એણે વાંચ્યું ન હોય.

એક દિવસ એને ખબર પડી કે માઈલો દૂર આવેલી એક વસાહતમાં ક્રોફર્ડ નામના કોઈ આદમી પાસે જ્યૉર્જ વૉશિંગ્ટનનું ચરિત્ર છે, એટલે તરત ચાલતો તે ત્યાં ઉપડયો. પુસ્તકની ખૂબ દરકાર રાખવાનું કહીને મિ. ક્રોફર્ડે એઈબને તે આપ્યું અને રસ્તામાં વાંચતો વાંચતો જ એઈબ તે પુસ્તક ઘેર લાવ્યો. રાતે તાપણાના પ્રકાશમાં પણ મોડી રાત સુધી તેણે વાંચ્યા કર્યું અને પછી સવારમાં વહેલા ઊઠી પાછું વાંચવા લઈ શકાય એ ઈરાદાએ છાપરાની ફાટમાં તેને ભરાવીને સૂઈ ગયો.

એના સૂઈ જવા બાદ વરસાદ આવ્યો. લિંકનને જાગતાં એની ખબર પડી અને ખબર પડતાં વેંત પહેલી સંભાળ એણે એ માગી આણેલા પુસ્તકની લીધી. પરંતુ પુસ્તક તો આખું પલળી ગયું હતું.

તરતો તરત એ પુસ્તકના મૂળ માલેક પાસે ઊપડ્યો, અને બધી વિગતથી તેને વાકેફ કરી પોતાની ગફલત બદલ શોક પ્રદર્શિત કરતો તે બોલ્યો, 'મારી પાસે નુકસાની ચૂકાવવાના પૈસા તો નથી, પણ તમે જેવું અને જેટલું કામ કહેશો એ કરી આપી હું તેનો બદલો વાળી આપવા તૈયાર છું.' મૂળ માલિકે એના પાસે ત્રણ દિવસનું કામ માગ્યું. લિંકને જવાબ આપ્યો, 'ત્રણને બદલે તમે કહેશો તો એથી વધુ દિવસનું કામ આપું, જો એ પલળેલું પુસ્તક મારી પાસે રહેવા દો તો.'

'ના, ત્રણ દિવસ બસ થશે. પુસ્તક છો તારી કને રહે.' પુસ્તકના માલિકે ઉત્તર આપ્યો.

અને આમ પુસ્તકના માલિકને ત્યાં ત્રણ દિવસની મજૂરી કરીને લિંકને એ પોતાનું કર્યું.

ચિંતનાતુર ઊંડી આંખો, વિશાળ ભવાં અને ઘાટદાર જુલ્ફાંવાળો અબ્રાહમ લિંકન ઓગણીસની વયે તો છ ફૂટ ને બે ઇંચ ઊંચો તથા દોઢસો રતલનું વજન ધરાવતો પડછંદ જુવાન બની ગયો હતો. એનું શરીર એટલું ખડતલ હતું કે દોડવામાં, વજન ઉચકવામાં કે ઝાડો પાડવામાં એ હંમેશાં અવ્વલ રહેતો અને તમામ સરહદી સ્પર્ધાઓ – ખાસ કરીને કુસ્તીમાં તો એ બીનહરીફ જ લેખાતો.

એકલી શરીરશક્તિએ નહિ, મનઃશક્તિએ પણ એના સમવયસ્કોમાં એ અજોડ હતો. વિદ્વત્તા અને વિવાદમાં એ કોઇને હટી માર્ગ આપે એમ નહોતું. દરિયાનાં મોજાંને સંબોધીને વકતૃત્વ કેળવેલા ડેમોસ્થીનિસની માફક જંગલનાં ઝાડોને ઉદ્દેશીને એણે વકતૃત્વકળા પણ કેળવી હતી. અને એ સૌથી યે શ્રેષ્ઠ રીતે તો એણે પ્રામાણિકતા કેળવી હોઇ, આસપાસ સર્વત્ર તે 'ઓનેસ્ટ એઇબ' તરીકે જ ઓળખાતો.

એની સર્વપ્રિયતા ત્રણ કારણોને આભારી હતી: એક તો એનું વ્યકિતત્વ, બીજું એની ગૌરવપૂર્ણ અદાભરી દેહયષ્ટિ, અને ત્રીજું એનું કથનનૈપુણ્ય. વાર્તાઓ કહેવાનો નાનપણથી જ એને શોખ હતો, જે છેવટ સુધી જેવો ને તેવો રહેલો. પરંતુ એનાં વાર્તાઓ કેવળ કલ્પનાની રમત નહોતી રહેતી. એ એના જીવનાનુભવનો આસવ હતો, અને એ આસવ સાથે એ હમેશાં કોઇ ને કોઈ મજબૂત દલીલ અથવા છૂપો ઠપકો સામાને ગળે ઉતારી દેતો.

ઈ. ૧૮૨૮માં પોતાના મર્યાદિત વર્તુલની બહારની દુનિયા જોવાની પહેલી પ્રથમ સંધિ એને પ્રાપ્ત થઈ. હાથે બનાવેલી તરમાં એકદા નદીના પ્રવાહમાં ઝંપલાવતાં એનાં નૌકૌશલ્ય અને હિંમત જોઈ, ત્યાંના એક વેપારી મિ. જેન્ટ્રીએ તેને પોતાના પુત્ર એલન સાથે નદી માર્ગે ખરાજાત માટે ન્યૂ ઑર્લીઅન્સ મોકલ્યો.

બંને જણા અવનવાં સાહસો અનુભવતા આગળ વધ્યે જઈ, સફર દરમિયાન એક કિનારે હોડી નાંગરાવીને સૂતા. થોડી જ વારે સાતેક જેટલા ગુલામોએ એમના પર હલ્લાનો યત્ન કર્યો, પરંતુ લિંકને એવો તો હાથ બતાવ્યો કે સાતે સાત ત્યાંથી નાસી છૂટયા. એમને એ વખતે ભાગ્યે જ ખ્યાલ આવ્યો હશે કે પોતાને પરચો બતાવનાર એ મજબૂત બાંવડાં જ ભવિષ્યમાં એમની ગુલામગીરીની શૃંખલા પર છેદ મૂકશે.

ન્યૂ ઑર્લીઅન્સમાં પહેલવહેલી લિંકને ગુલામોની બજાર જોઈ, પણ અજાણતી. પરંતુ બીજી વારની સફરમાં એને એક મહિનો રોકાવાનું થયું એ દરમિયાન તો ગુલામો પ્રત્યે આચરાતી હેવાનિયત એણે નગ્નસ્વરૂપે જોઈ, અને એ હેવાનિયતે એક આખા ખંડના ઇતિહાસને પલટો આપી દેનાર ભાવનાનાં બી તેના મનમાં રોપ્યાં. એ ભાળીને પોતાના જોડીદારોને એણે કહેલું, 'દોસ્તો, ચાલો, ખુદાની ખાતર અહીંથી આપણે ચાલ્યા જઈએ. કદાપિ મને આ દુર્વ્યવહાર પર ફટકો મારવાની તક મળશે તો હું સખ્તમાં સખ્ત ફટકો મારીશ.'

બીજી વારની આ ત્રણ મહિનાની લાંબી સફર પછી બાપની છાપરી અધ્યાહમે છોડી, અને ઓફુટ નામના વેપારીએ ન્યૂ સાલેમ મુકામે ખોલેલા ભંડારની વ્યવસ્થા એણે સંભાળી. આ નોકરીએ વાચન માટે એને પૂરતી ફુરસદ આપી, અને કોઈ રડ્યોખડ્યો ઘરાક આવે તે સિવાય બધો સમય એને નિરાંતે વાંચવાનું જ રહેતું.

એના વાંચને એ પ્રદેશમાં એની ‘ વિદ્વાન ’ તરીકે ખ્યાતિ ફેલાવી દીધી, જેને પરિણામે સ્વાભાવિકતઃ જ એ સ્થાનિક રાજકીય ચર્ચાઓમાં ભાગ લેતો થયો. ત્યાં જેમ્સ રટલેજ નામના ગૃહસ્થ સાથે એનો પરિચય થયો, અને એ પરિચયને અંગે એની સૌન્દર્યવતી પુત્રી આના સાથે પણ એને મૈત્રિ બંધાઈ.

ન્યૂ સાલેમના આ નવા આગંતુકની ખૂબ પ્રશંસા થતી સાંભળીને ત્યાંના ‘Clary's grove’ નામે ઓળખાતા ખેતરજૂથના કેટલાક જુવાનિયાને લિંકનનું પાણી માપવાનું મન થયું અને બધાએ તેના સ્ટોર પર પહોંચી જઇ, તેને બહાર નીકળવા કહ્યું. લિંકન બહાર આવ્યો એટલે એમનામાંના સૌથી કસાએલા જુવાન જૅક આર્મસ્ટ્રૅાંગને પોતાનું પાણી બતાવવા એમણે પડકાર કર્યો.

લિંકન તો તૈયાર જ હતો. બંને જણ બાથંબાથાં આવી ગયા. પરંતુ હારવાની અણી પર આવેલા આર્મસ્ટ્રૅાંગે ગેરશિસ્ત વાપરી એટલે લિંકનનો મિજાજ ગયો, અને એની પકડ છોડાવી, ગળચી પકડી, પોતાનાં મજબૂત કાંડાં પર એને અદ્ધર ઉપાડ્યો અને પછી ઉલાળીને જમીન પર ફેંક્યો. આને લઈને બધા જુવાનિયા લિંકન પર તૂટી પડવાની અણી પર હતા ત્યાં તો ધૂળ ખંખેરતો આર્મસ્ટ્રૅાંગ ઊભો થયો અને એમને વારતો બોલ્યો, ‘ Let be, boys. Abe Lincoln's the best man I've met in this settlement.'

બધાએ લિંકનથી હાથ મિલાવ્યા, અને ત્યારથી આર્મસ્ટ્રૅાંગ લિંકનનો મિત્ર બની રહ્યો.

એ અરસામાં ‘ કાળા બાજ ’ (Black Hawk) નામે એક ઇંડીઅન સરદારે બંડ ઉઠાવતાં એની સામે લડાઈ જાહેર થઈ. એ લડાઇમાં સ્વેચ્છયા પોતાની સેવા આપનાર લિંકન સૌથી પહેલો હતો. ‘ કલેરીઝ ગ્રોવ ’ના પોતાના ગોઠીઆઓને લઈ તે ઊપડ્યો અને જનરલ

ઍટકિન્સે એને સ્વયંસેવક દળનો કમાન નીમી દીધો. પરંતુ એના લડાઈના મેદાન પર પહોંચવા પહેલાં તો બંડ શમી ગયું અને ૧૮૩૨ ના જુલાઈમાં તે ન્યૂ સાલેમ પાછો ફર્યો.

પાછા ફરીને ઈલીનૉયની ધારાસભામાં એણે ઉમેદવારી નોંધાવી, પણ પરિણામમાં નિષ્ફળતા મળી. બીજી બાજુ એના જૂના શેઠ ઓફુટે દેવાળું કાઢેલું. એટલે નવરા પડેલા લિંકને બેરી નામના કોઈ ભાગીદાર સાથે એક નવો ભંડાર ખોલ્યો. પરંતુ ભંડારમાંની વ્હીસ્કી વેચવાને બદલે બેરી પોતે જ પી જવા લાગ્યો; જ્યારે લિંકનને વાંચવા આડે કશી ફુરસદ નહોતી રહેતી. પરિણામે લિંકનનો એ અખતરો નિષ્ફળ પુરવાર થયો. બેરી તો વ્હીસ્કી પીવામાં જ ખતમ થઈ ગયો, પણ પાછળ દેવું એટલું મૂકતો ગયો કે લિંકનને તે ચૂકવતાં સત્તર વરસ લાગ્યાં!

આમ વિટંબણાઓથી ઘેરાએલા લિંકને છેવટે ટૂંકા પગારની પોસ્ટ માસ્તરની નોકરી સ્વીકારી અને તેની સાથોસાથ જિલ્લાના મદદનીશ મોજણીદાર તરીકે કામ કરવા માંડ્યું. ટપાલમાં જે થોડા ઘણા કાગળપત્રો આવતા તે પોતાની હૅટમાં જ લઈને એ નીકળી પડતો અને બધાને વહેંચી આપતો. એ સાથે કંઈ છાપાં ટપાલમાં આવ્યાં હોય તે પણ વાંચી નાખતો. એ પરથી ગામલોકો રમૂજમાં કહેતા, 'ન્યૂ સાલેમની પોસ્ટ ઑફિસ તો અબ્રાહમ લિંકનની હૅટમાં જ છે.'

આમ ધીમે ધીમે વાદળ વિખરાતાં જતાં હતાં ત્યાં તો ખુદ પોસ્ટ ઑફિસ જ બંધ પડી! કશો રંજ ન અનુભવતાં લિંકને એ પ્રાપ્ત પરિસ્થિતિ પ્રફુલ્લચિત્તે અપનાવી લીધી. બંધ પડેલી પોસ્ટ ઑફિસના બધા હિસાબકિતાબ એણે તૈયાર કરી રાખ્યા, પરંતુ કોઈ એની ચોખવટ કરવા જ ન આવ્યું.

આ અરસામાં ફરીવાર તેણે ધારામંડળની ઉમેદવારી કરી, અને આ વખતે તે ચુંટાયો. એનું મન હવે કાયદા તરફ વળ્યું અને કામ ઉપરાંતના કલાકો તે સંસ્થાનના પુસ્તકાલયમાં ગાળવા લાગ્યો. એ વખતે વકીલાતમાં પ્રવેશ બહુ સહેલો હોવાને લઇને લિંકનને તરત તેની સનદ મળી ગઈ.

અને આ અરસામાં જ એની પ્રણયપાત્રી આન રટલેજ પણ અવસાન પામી. અંતઘડીએ લિંકનને એણે પોતાની પાસે બોલાવેલો અને જિંદગીની છેલ્લી પળો એની સાથે એકાંતમાં ગાળેલી. લિંકનના જીવનના આ સર્વ પ્રથમ અને સર્વોત્કૃષ્ટ પ્રેમના પર્યવસાને તેના મુખમંડળ પર જીવનભર કરુણાનો ઓળો પાથરી દીધો. એટલે સુધી કે એનું પ્રણયભાજન બનવા તૈયાર થએલી મેરી ઓવેન્સ સામે એણે મુદ્દલ પ્રેમચેષ્ટા પ્રદર્શિત ન કરી, અને મેરી પોતાનો પ્રેમ અસ્થાને મૂકાયાની ભૂલ સુધારવા કોઇ બીજા સાથે પરણી ગઈ.

લિંકનને વકીલાતની સનદ મળી ગયા પછી તરતમાં જ ઇલી· નૉયની રાજધાની સ્પ્રિંગફેલ્ડ મુકામે બદલાવવામાં આવી અને લિંકને પણ પોતાનો મુકામ બદલાવવાનો નિર્ણય કરી, બધો અસબાબ ઘોડા પર નાખી ત્યાં પ્રયાણ કર્યું.

પોતે સીધો સાદો અબ્રાહમ લિંકન હોવાની તથા પોતાનું રાજકારણ એકાદ પુરન્ધ્રીના નૃત્ય સમું સ્વલ્પ અને સુમધુર હોવાની જાહેરાત કરતો લિંકન જ્યારે સ્પ્રિંગફેલ્ડ પહોચ્યો ત્યારે તેની પાસે બિછાનું મેળવવા પૂરતા પણ પૈસા ન હતા. જોશુઆ સ્પીડ નામના એક માયાળુ સજ્જનની મહેરબાનીથી એનું ગાડું ચાલ્યું અને લિંકને પોતાના એક મિત્ર જોન ટી. સ્ટુઅર્ડની ભાગીદારીમાં વકીલાત શરૂ કરી.

દરમિયાનમાં ન્યૂ સાલેમની પેલી જૂની પોસ્ટ ઑફિસનું લફરૂં આવી નડયું. મિત્રો વિમાસણમાં પડયા અને લિંકનને એ ઉપાધિમાંથી

મુક્ત કરવા એને પૈસા ધીરવા એમણે ઉત્સુકતા બતાવી, પરંતુ લિંકને નમ્રતાપૂર્વક એ માગણીનો ઇનકાર કર્યો અને શાંતિપૂર્વક એક જૂનું મોજું લાવી ખંખેર્યું. પોસ્ટ ઑફિસ બંધ પડી તે વારના જ પોસ્ટ ઑફિસના એ પૈસા તૈયાર હિસાબકિતાબ સાથે એણે સાચવી રાખેલા, જે માગવા આવેલા માણસને સુપ્રત કરી દીધા.

એણે વકીલાતનો વ્યવસાય સ્વીકાર્યો, પણ એ યે બહુ લાંબો ન ચાલ્યો. કારણ, કાનૂનને બદલે બંને મિત્રોનું પ્રધાન ધ્યેય તો રાજકારણ જ હતું. પરંતુ જેટલો સમય લિંકને વકીલાત કરી તેમાં કાનૂનની છૂટબારીઓનો, સાક્ષીઓની ગભરામણનો કે સામા પક્ષની ભૂલોનો લાભ લેવાને બદલે ન્યાય કે અન્યાય એ જ તેનો મુખ્ય સવાલ રહેતો. ન્યાયની દૃષ્ટિએ જૂઠો જણાય તો કાનૂની દૃષ્ટિએ ગમે તેટલો સાચો હોવા છતાં તે કોઈ મુકદમો હાથમાં ન લેતો, જ્યારે ન્યાય્ય પક્ષે તે વગર મહેનતાણે પણ ઊભો રહેતો.

એની એ ન્યાયવૃત્તિ એટલી તો ખબરદાર હતી કે એક ખટલા દરમિયાન પોતાનો અસીલ ગુનેગાર જણાતાં તે અદાલત છોડી ચાલ્યો ગએલો અને ન્યાયાધીશે હાજર થવાનું કહી મોકલાવતાં કહેણ લાવનારને એણે જવાબ આપેલો, 'ન્યાયાધીશને જઈને કહો કે મારા હાથ ખરડાએલા છે તે ધોવા હું રોકાએલો છું.'

વકીલાત દરમિયાન ઘણાખરા દાવા તો સામસામા પક્ષોને અદાલતને ચડવા દીધા વિના, અને પોતાનું મહેનતાણું જતું કરીને પણ, કેવળ સમજાવટથી તે પતાવી આપતો; અને જે દાવા હાથ લેતો તેનું પણ મહેનતાણું એટલું ઓછું લેતો કે વકીલો હંમેશાં બૂમો પાડતા રહેતા કે લિંકન એમનો ધંધો ભાંગી પાડશે. ઘણી યે વાર ન્યાયાધીશ સુદ્ધાં વકીલોનો પક્ષ કરતો, પરંતુ લિંકન એની બહુ દરકાર ન કરતો. માનવીની ન્યાય મેળવવાની ગરજનો લાભ લઈ માલેતુજાર

બનવાની લિંકનની દાનત ન હતી. એને લીધે, અલબત્ત, એની આવક મર્યાદિત રહેતી; પરંતુ એણે પોતાની આવશ્યકતાઓ પણ મર્યાદિત રાખી હોઈ, એટલી આવક એની આવશ્યકતાઓ સંતોષવા બસ થઈ રહેતી.

એ સમય દરમિયાન એને સ્ટેફન એ ડગ્લાસનો ભેટો થયો, જે પ્રથમ એના પ્રણયમાં અને પછી રાજકારણમાં એનો હરીફ બની રહ્યો. બંને જણ ત્યાં આવી વસેલી કેન્ટુકીની એક કુમારિકા મેરી ટૉડના હાથના ઉમેદવાર હતા. અભિમાની અને આખાબોલી મેરીએ પોતાની પસંદગી ડગ્લાસ ઉપર ઉતારી. લાંબે ગાળે પ્રણયની ભૂખ સંતોષવા નીકળેલો લિંકન એ પછી તરતમાં જ માંદો પડ્યો. માંદગીમાં એને આન સાંભરી આવતી, અને અવાર નવાર આપઘાતના વિચારો ઘોળાયા કરતા. પરંતુ સદ્ભાગ્યે એના સાજા થયા પછી થોડા જ વખતમાં મેરીએ પોતાની પસંદગીનું પાત્ર ફેરવ્યું અને ઈ ૧૮૪૨ના નવેમ્બરની ચોથી તારીખે એણે લિંકન સાથે લગ્ન કરી નાખ્યાં.

·

આટલાંટિકના કિનારે થોડાં સંસ્થાનોથી શરૂ થએલો અમેરિકાનો સંયુક્ત સંઘ, (યુનાઈટેડ સ્ટેટ્સ) મિસિસિપીની ખીણનો પ્રદેશ સર કરી, ધીમે ધીમે ઠેઠ પાસિફિક સુધી પહોંચી ગયો હતો. બ્રિટને લાચારીએ એનું સ્વાતંત્ર્ય માન્ય રાખ્યું ત્યારે તેમાં ફક્ત તેર જ સંસ્થાનો હતાં – આટલાંટિક મહાસાગરથી તે આલીઘેની પર્વત સુધી. યુરોપના વિજેતા નેપોલિયને યુરોપમાં પોતાની રાજાશાહી સામેની ઝુંબેશ બળવત્તર બનાવવા લૂઈઝિયાનાનો ફ્રેન્ચ પ્રદેશ ઈ. ૧૮૦૩માં સંયુક્ત સંઘના પ્રમુખ જેફરસનને વેચ્યો ત્યારે તેમાં બીજાં બાર નવાં સંસ્થાનો ઉમેરાયાં. એ પછી સોળ વર્ષે સ્પેન પાસેથી ફ્લોરિડા

ખરીદ લેવાયું, ને ૧૮૪૫માં મેક્સિકન આધિપત્ય તળેનો ટેક્સાસ પ્રાંત પણ સંયુક્ત સંઘમાં દાખલ થયો. મેક્સિકોએ એ સામે વાંધો લેતાં જાગેલા યુદ્ધને પરિણામે ફ્રાન્સ, ઇટલી ને સ્પેનના સંયુક્ત ક્ષેત્રફળથીયે મોટો પ્રદેશ સંયુક્ત સંઘમાં ઉમેરાયો. એ પ્રદેશ તે આજનાં કૅલિફૉર્નિયા, કૉલોરૅડો, નેવાડા અને વ્યોમિંગનાં સંસ્થાનો. એને વળતે જ વરસે બ્રિટન સાથેની તકરારમાં કૅનેડિયન સરહદ પરનાં ઇડાહો, ઓરેગોન અને વૉશિંગ્ટન પણ સંઘને પ્રાપ્ત થયાં, અને આ રીતે ૧૮૬૦ સુધીમાં તો અમેરિકાનું સંઘસત્તાક પૂર્વપશ્ચિમ બંને મહાસાગરોથી માંડીને ઉત્તરમાં કૅનૅડા અને દક્ખણમાં ઠેઠ મેક્સિકો સુધી ફેલાઇ ગયું હતું.

પરંતુ સંઘમાં શામિલ થએલાં દક્ખણનાં રાજ્યો સંઘના હાર્દને વફાદાર નહોતાં. સંઘનું બંધારણ જાહેર કરતું હતું કે, 'બધાં મનુષ્યો સમાન જન્મેલાં છે અને પ્રત્યેક વ્યક્તિને જીવન, સ્વાતંત્ર્ય અને સુખૈષણાનો સમાન હક રહે છે.' પરંતુ કપાસના વિસ્તારો પર ગુલામોના શ્રમ વડે શ્રીમંત બનેલાં દક્ખણનાં સંસ્થાનોએ એ જાહેરાતની અવગણના ચાલુ રાખી હતી. એમને મન તો ગુલામો એ ઇન્સાનો જ નહોતા.

લિંકને તો ગુલામો પર ગુજરતો સિતમ નજરોનજર જોયો હતો, પરંતુ એ ન જોનારને પણ ઈ. ૧૮૫૨માં મિસીસ હેરિયટ બીચર સ્ટોએ એ અમાનુષિતાનો તાદૃશ ચિતાર રજૂ કરતું પુસ્તક 'અંકલ ટૉમ્સ કૅબિન' બહાર પાડીને હચમચાવી મૂક્યા હતા. માનવતાના નામનો આ પડકાર અનેકોનાં દિલે વસી ગયો હતો. પરંતુ હજુ તેનું કશું સુપરિણામ આવ્યું નહોતું.

અમેરિકાનાં સાનુકંપ જિગરો તો આ અમાનુષિતા પર એથીયે પહેલાંના કકળી ઉઠેલા. માટે જ ઈ. ૧૮૩૧માં વિલિયમ લૉઇડ

ગૅરીસને બોસ્ટનથી 'The Liberator' પત્ર શરૂ કરેલું અને ત્યાંની શેરીએ શેરીએ તે હદપાર થએલો. ઈ. ૧૮૫૯માં તમામ ગુલામોને આઝાદી અપાવવાના આરઝૂભર્યા દિલે જોન બ્રાઉને હાર્પર્સ ફેરી પર આક્રમણ કરતાં હબશી ગુલામોમાં એથી બળવો જાગવાના ભયે તેને ફાંસીએ લટકાવી દેવામાં આવેલો.

લિંકને એ પણ બધું નજરોનજર જોયું હતું. એ જટિલ પ્રશ્નનો નિવેડો નજીક ન હોવાની પણ એને ખાતરી થઈ હતી, એટલે એકાંતનો એ અનુરાગી અનેકવાર આસમાનની તારાજડિત છત સામે તાકતો રહી, દિલનું દર્દ દિલમાં જ પાછું પૂરી દેતો. શેક્સપીઅરના એ આશકની ખામોશ જબાન ક્યારેક પોતાને પ્રિય એવી નીચેની પંક્તિઓ બબડી લેતી, કેમ જાણે પોતાના જીવનના ઉત્તરખંડના મહાસર્ગનો કરુણાંત સમારોપ એણે ઓળખી લીધો ન હોય!—

"For God's sake let us sit upon the ground
And tell sad stories of the death of kings."

ગુલામી પ્રથાનો ચેપ તો રફતે રફતે બીજાં સંસ્થાનોમાં પણ ફેલાવા માંડયો હતો. એ પ્રથા ધરાવતું દખ્ખણનું મિસુરી સંસ્થાન ઈ. ૧૮૨૦માં સંયુક્ત સંઘમાં શામેલ થયું ત્યારે તેના સાથે ચોકખી સમજૂતી થએલી કે ગુલામીની પ્રથા એની પોતાની સીમામાં જ મર્યાદિત રહેવી જોઈએ અને એ પ્રથા ૩૬° ૩૦' અક્ષાંશની ઉત્તરે ન પ્રસરવી જોઈએ. પરંતુ એ સમજૂતી ઈ. ૧૮૫૪માં કેન્સાસ અને નેબ્રાસ્કાએ સંઘમાં પ્રવેશ માગ્યો ત્યાં સુધી જ ચાલી. સમજૂતીદ્વારા નિર્ણીત થએલી વિભાજક રેખાની ઉત્તરે એ સંસ્થાનો આવેલાં હતાં, છતાં સ્ટેફન આર્નોલ્ડ ડગ્લાસે ત્યાંની સેનેટમાં એ મતલબનું બિલ આણ્યું કે તેમને સંસ્થાનો તરીકે સંઘમાં પ્રવેશ આપવો, જ્યારે ગુલામીનો પ્રશ્ન એમના જ નિર્ણય પર છોડી દેવો.

મિસૂરીની સમજૂતીની આ અવહેલના પર ઉત્તરનાં સંસ્થાનો ધૂંધવાઈ ઊઠ્યાં. ડગ્લાસે સ્પ્રિંગફિલ્ડમાં આવીને પણ જ્યારે પોતાની એ હિમાયત ચાલુ રાખી ત્યારે લિંકનથી વધુ વાર ખામોશી ન જાળવી શકાઈ અને એણે જબાન ખોલી. ખોલી તે સાથે એમાંથી એવી વૈખરી ખરવા માંડી કે સાંભળનારા મંત્રમુગ્ધ બની તે સાંભળ્યા જ કરતા.

ઉત્તર અને દક્ષિણ વચ્ચેના આ મનોદ્વેષને ઈ. ૧૮૫૭માં ઊભા થએલા 'ડ્રેડસ્કૉટ' મુકદમાએ વધુ પોષણ આપ્યું. એ નામના એક ગુલામને તેનો માલિક નિર્ણીત વિભાજક રેખાની ઉત્તરે લાવતાં ત્યાંના ધારા અનુસાર એણે પોતાને સ્વતંત્ર કરવાની માગણી કરી. એ માગણીનો ત્યાંની સુપ્રીમ કોર્ટે બળતામાં ઘી જેવો ચુકાદો આપ્યો કે, ગુલામ એ મનુષ્ય નહિ પણ તેના માલિકની મિલકત હોઈ, યુનાઈટેડ સ્ટેટ્સના કોઈ પણ ભાગમાં ગુલામીના પ્રતિકારના પ્રયત્નો ગેરકાયદેસર હતા !

પરિણામે ગુલામીની પ્રથાને કોઈ પણ રીતે આગળ વધવા દેવા ન ઈચ્છનારા તમામ લિંકનને પડખે આવ્યા. ડગ્લાસ ડેમોક્રૅટ પક્ષનો નેતા હતો. એના સામે લિંકનના નેતૃત્વ તળે રીપબ્લિકન પક્ષ ઊભો થયો. લિંકને પોતાની મુરાદ પહેલેથી જ જાહેર કરી કે, 'અંદરોઅંદર વિભાજિત બનેલી સંસ્થા લાંબો કાળ ન નભી શકે. અરધી આઝાદ અને અરધી ગુલામ સરકાર કદી ન ટકી શકે. હું નથી ઈચ્છતો કે સંઘ બરખાસ્ત થાય, હું નથી ઈચ્છતો કે હાઉસ ભાંગી પડે, પણ સાથોસાથ એ પણ નથી ઈચ્છતો કે તે આમ વિભાજિત રહે.'

ઈ. ૧૮૬૦ના ફેબ્રુઆરીમાં ન્યૂયૉર્કના કેટલાક રીપબ્લિકનોએ પોતાના પક્ષનું દષ્ટિબિંદુ ત્યાંની પ્રજાને સમજાવી તેમને પોતાના પક્ષ પ્રત્યે આકર્ષવા લિંકનને આમંત્ર્યો. અચકાતે દિલે લિંકન ત્યાં ગયો અને ન્યૂ યૉર્કના કૂપર યૂનિયનના વિશાળ ખંડમાં વ્યાખ્યાન આપ્યું.

એ વ્યાખ્યાનમાં હાજર રહેલા એક જણે એ સમયનું લિંકનનું આ ચિત્ર દોર્યું છે:

'લિંકન બોલવા ઊભો થયો ત્યારે હું અતીવ નિરાશ થઈ ગયો. એ ઊંચો, ઊંચો – ઓહ, કેવો ઊંચો! – હતો અને એવો કદ્રૂપ અને અળખામણો હતો કે મને એકાદ પળ માટે તો આવા મામૂલી આદમી પ્રત્યે દયાભાવ ઊપજી આવ્યો. એનો પોશાક કાળો અને એને બંધ ન બેસતો પુષ્કળ કરચોળીઓ પડેલો હતો – જાણે મોટા ધડ પર એ પરાણે લાદી દીધો ન હોય! પાછળ ઓળેલા એના કાળા કર્કશ વાળવાળું ભરાવદાર માથું એની લાંબીપાતળી ગરદન પર તોળાએલું હતું; અને અભિનય પૂર્વક એણે હાથ લંબાવતાં મેં જોયું કે તે ખૂબ લાંબા હતા. બહુ ધીમા અવાજે, જાણે બહિર્દ્વારે જ બોલવા ટેવાએલો હોય અને મોટો ઘાંટો પાડતાં ડરતો તેમ એણે બોલવાનું શરૂ કર્યું... હું સ્વગત જ બોલી ઊઠ્યો, 'ચાચા, અહીં નહિ ફાવો. પશ્ચિમના આરણ્યક પ્રદેશમાં એ ચાલે, ન્યૂ યૉર્કમાં તો નહિ જ.' પણ ત્યાં તો એણે પોતાના કથિતવ્ય પર પકડ જમાવવા માંડી. એ ટટ્ટાર થયો, એનો અભિનય ગૌરવપૂર્ણ અને યથોચિત બન્યો, અને અંતરાગ્નિ વડે જ જાણે ન હોય તેમ એનો ચહેરો દીપ્તિમાન બની ગયો – એ આખો આદમી જ બદલાઈ ગયો...તત્કાળ પૂરતો તો હું યે મારી જાતને ભૂલી જઈ, દીવાના માફક કોઈ જંગલી ઇંડીઅન જેમ હર્ષધ્વનિ કરતો, આ અજબ પુરુષ પર આફરીન વરસાવતો ખડે પગે થઈ ગયો. એના વક્તવ્યના પ્રવાહમાં તો ગૅસના દીવાનો માત્ર સણસણાટ જ સંભળાતો, પરંતુ જ્યારે એ પરાકોટિએ પહોંચતો ત્યારે તો આનંદોદ્રેકની ભયંકર ગર્જના ગાજી રહેતી...ઉત્તેજનાથી ચમકતા ચહેરે અને ધ્રૂજતે શરીરે હું બહાર આવ્યો. ચમકતે નેત્રે એક મિત્રે હું લાકડાફોડુ એબ્બિ લિંકન વિષે શું ધારતો હતો એવો સવાલ મને કર્યો અને મેં એને કહ્યું, "સંત પાઉલ પછીનો એ સર્વોત્તમ માનવ છે!" અને એ જ મારી ધારણા કાયમ છે.'

લિંકનની એ જ ગુણવત્તા હતી, અને એને લઈને અમેરિકાનો સર્વોત્તમ અને જગતના સર્વોત્તમોમાંનો એક વક્તા તે ગણાય છે. ઊંડી ઊર્મિલતા છતાં કરકસરપૂર્ણ અલ્ફાઝની એની આત્મશ્રદ્ધાભરી સુંદર સાદી ભાષામાં એવી મોહિની હતી કે એને સાંભળતા શૉર્ટહૅન્ડ રીપોર્ટરો પણ એકવાર પોતાના રીપોર્ટો લખવાનું વીસરી ગએલા!

ઈ. ૧૮૬૦ના મેમાં રીપબ્લિકન પક્ષના શિકાગો મુકામે મળેલા અધિવેશને લિંકનને પોતાના તરફથી પ્રમુખપદનો ઉમેદવાર જાહેર કર્યો ત્યારે પણ લિંકને ગુલામીના વિસ્તારનો જ મુદ્દો આગળ ધરેલો. એના એ નીડર વક્તવ્ય સામે કેટલાક મિત્રોએ વાંધો બતાવતાં એણે કહી દીધું, 'એના વિના વિજય પામવાને બદલે એ વક્તવ્ય વડે પરાજિત થવાનું હું વધુ પસંદ કરીશ.'

ડેમોક્રૅટ પક્ષે લિંકન સામે પોતાના તરફથી વર્તનમાં પંતુજી અને રાજકારણમાં તકવાદી ડગ્લાસને ઊભો કર્યો. ટૂંકો ને ગટી ડગ્લાસ 'નાના રાક્ષસ' ('little giant') તરીકે જ ઓળખાતો, પરંતુ લિંકન એનાથી યે બળવત્તર પુરવાર થયો. મતગણત્રી થતાં ડગ્લાસને ૧,૨૧,૯૪૦ મત મળેલા માલૂમ પડ્યા, જ્યારે લિંકનને ૧,૨૬,૦૪૮

પરિણામે લિંકન સંયુક્ત સંસ્થાનોનો પ્રમુખ ચુંટાયો, જ્યારે ડગ્લાસે માત્ર સેનેટર ચુંટાઈને વિજયનો સંતોષ માણ્યો.

આ ચુંટણી જંગ દરમિયાન ડેમોક્રૅટ છાપાંઓએ લિંકનને ઉતારી પાડવાના પેરવી તો ચાલુ જ રાખી હતી. 'એ ત્રીજી કક્ષાનો ગામડિયો વકીલ છે,' 'એને સારૂં વ્યાકરણ પણ નથી આવડતું,' 'એ સજ્જન નથી,' 'એ ગોરીલાનો નાતભાઈ છે,' વગેરે.

અને છતાં યે લિંકને પ્રમુખ ચુંટાઈને રાજકારણમાં પણ નેકદિલી માટે રહેતું સંમાનિત સ્થાન પુરવાર કરી આપ્યું.

અબ્રાહમ લિંકન અમેરિકાનો પ્રમુખ ચુંટાયો તે સાથે જ દખ્ખણમાં તેની સામે ઉગ્ર વિરોધ ફાટી નીકળ્યો. લિંકને જો કે ચુંટાયા પહેલાં પણ દખ્ખણને કશી ગેરસમજૂતીથી દોરાઈ ન જવા આજીજી કરી હતી, પરંતુ દખ્ખણે એ આજીજીની ઉપેક્ષા કરીને લિંકનના પ્રમુખપદારોહણને યુદ્ધનું આહ્વાન ગણી લીધું. દખ્ખણનો રોષ એટલા પરથી જ સમજાઈ આવશે કે લિંકન પ્રમુખ ચુંટાયો તેના સમાચાર ત્યાંના 'ચાર્લ્સ્ટન મર્ક્યુરી' એ નામના પત્રે 'વિદેશના ખબરો' એ શીર્ષક નીચે આપેલા !

લિંકનના પ્રમુખ ચુંટાયાને ચાર જ દિવસો થયા ત્યાં દખ્ખણે સંઘમાંથી નીકળી જવાની ધમકી આપવા માંડી. સંયુક્ત સંઘનું બંધારણ એ જગતમાં લોકશાસનનો સૌ પહેલો અખતરો હોઇ, પોતાના સંગઠનને બળે જોહુકમીથી પોતાનું ધાર્યું એ બંધારણથી વિરુદ્ધ કરાવવાની દખ્ખણે પકડેલી હઠમાં લિંકનને જનતાના મૂળભૂત હકોનો ઘાત લાગ્યો, અને દખ્ખણની સંઘમાંથી નીકળી જવાની ધમકી સામે એણે સંઘ એક અને અમર્ત્ય હોવાની ઘોષણા કરી.

પ્રમુખપદ સ્વીકારવા ઇ. ૧૮૬૧ના ફેબ્રુઆરીની ૧૧મીએ લિંકન સ્પ્રિંગફિલ્ડને છેલ્લી સલામ કરીને નીકળ્યો. એને વળાવવા આવનાર સઘળાં એ ખિચાના વગરનો સ્પ્રિંગફિલ્ડમાં પ્રવેશ્યો ત્યારનાં તેને ઓળખતાં હતાં, અને તેનું સંવૃત્ત સ્થાન પણ એ સ્પ્રિંગફિલ્ડને જ આભારી હતું. જીવનની પૂરી પચ્ચીસી લિંકને ત્યાં વીતાવેલી. તેનાં બધાં સંતાનો ત્યાં જન્મેલાં અને ત્યાં જ એક સંતાનને કાંધે લઇ એણે પાયદસ્તે પહોંચાડેલો. આજ એ બધાં પુરાણાં સ્નેહીઓની તે વિદાય લઈ રહ્યો હતો. ફરી ક્યારે મોં મેળો થશે, થશે કે સમૂળગો થશે જ નહિ, એવી આશંકા સર્વ કોઇનાં દિલ કોરી રહી હતી, કારણ એનું ખૂન થવાની ભીતિ સર્વત્ર પ્રસરી ગઈ હતી.

રસ્તામાં ફિલાડેલફિયાના 'ઇન્ડીપેન્ડન્સ હૉલમાં' – જ્યાં ઈંગ્લંડ સામેના યુદ્ધના સંગ્રના વિજેતાઓએ એકત્ર થઈને સંયુક્ત સંઘનું બંધારણ ઘડયું હતું ત્યાં તેનું સ્વાગત કરવામાં આવ્યું, અને એ ઐતિહાસિક સ્થાને ફરી એકવાર એણે પોતાની ભાવિ કાર્યદિશાની સ્પષ્ટતા કરી :

'મારી એવી એકે રાજકીય ભાવના નથી, જે સંગ્રના સ્વાતંત્ર્યના જાહેરનામામાં વ્યક્ત થએલી ભાવનામાંથી જ ન ઉદ્‌ભવેલી હોય. આ સ્થાને એકત્ર થઇને જે શખ્સોએ સ્વાતંત્ર્યનું જાહેરનામું યોજી તેને અમલમાં મૂક્યું એમણે કેવું ભારે સાહસ ખેડયું હતું તે પર વારંવાર મેં વિચાર કરેલો છે. સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરનાર સિપાહીઓ અને સેના-નાયકોએ કેવી ભારે જહેમત ઉઠાવી હતી તે વિષે પણ મેં વિચાર કરેલો છે, અને એવા કયા મહાન સિદ્ધાંત અથવા ઉદાત્ત કલ્પનાએ આજ સુધી આ રાષ્ટ્રને સંયુક્ત અને સુયોજિત રાખ્યું એ વિષે પણ મેં વારંવાર વિચાર કરેલો છે. સંસ્થાનો માતૃદેશથી છૂટાં પડયાં એ જ માત્ર બીનાએ નહિ, પણ સ્વાતંત્ર્યના જાહેરનામામાં ઓતપ્રોત ભાવનાએ જ આપણને આઝાદી બક્ષી છે – માત્ર આ એક જ રાષ્ટ્રની પ્રજાને નહિ, પણ સદાકાળ માટે જગતસમસ્તની પ્રજાને એણે એક એવો કોલ આપ્યો છે કે, યથાસમયે માનવમાત્રના ખભા પરથી પારતંત્ર્યની ધુરા દૂર થશે, સઘળાને સમાન સંધિ પ્રાપ્ત થશે.'

આમ સંઘનું સ્વાસ્થ્ય કોઇ પણ ભોગે સંરક્ષવા કૃતનિશ્ચય બનેલો લિંકન વૉશિંગ્ટન ઊપડી નીકળ્યો પરંતુ એના ત્યાં પહોંચવા સુધી સરકારનું સુકાન નિવૃત્ત થતા પ્રમુખ બુકૅનન તથા ડેમોક્રૅટોના હાથમાં રહ્યું હોઇ, તેમણે એ તકનો પૂરો લાભ લીધો. યુદ્ધમંત્રીએ ઉત્તરના કિલ્લા ખાલી કરાવી અને તેટલો યુદ્ધસરંજામ દખ્ખણમાં મોકલ્યો હતો, કારણ તે પોતે દખ્ખણનો વતની હતો. એવી જ રીતે નૌકામંત્રીએ સંઘના લડાયક જહાજોને દુનિયાના જુદા જુદા ભાગોમાં મોકલાવી

દીધેલા, જેથી યુદ્ધની ઘડી આવી લાગતાં એ કશા ઉપયોગમાં ન આવી શકે. અર્થમંત્રીએ પોતાને યોગ્ય લાગે એ રીતે નાણાંનો વ્યય કરી તિજોરીનું તળિયું લિંકન સારૂ સાફ કરી રાખ્યું હતું. લિંકનના આવી પહોંચતાં સુધી એ લોકો પોતપોતાના પદને વળગી રહ્યા હતા, અને પછી વિદ્રોહની પળ આવતાં વૉશિંગ્ટનથી નાસી છૂટયા.

ખૂનની સંભાવના છતાં લિંકન વૉશિંગ્ટન પહોંચ્યો અને માર્ચની ૪થીએ પ્રમુખ તરીકેનું પોતાનું પ્રાસ્તાવિક વ્યાખ્યાન એણે આપ્યું. એ વ્યાખ્યાન સુધીયે એના ખૂનનો ભય દૂર થયો ન હોઇ, શ્રોતાઓની હાજરી બહુ કંગાળ હતી. અને એ વ્યાખ્યાનને આગલે જ દિવસે દખ્ખણનાં દક્ષિણ કેરોલિના, મિસિસિપી, ફ્લોરિડા, અલાબામા, જ્યૉર્જિયા, લૂઇઝિયાના અને ટેકસાસ એ સાત સંસ્થાનોએ ખુલ્લો બળવો પોકારી દઇને ગુલામીની પ્રથાને પોતાના નવા રાષ્ટ્રની આધારશિલા જાહેર કરી દીધી હતી.

લિંકને જાણ્યા છતાં એ બાબતની ઉપેક્ષા કરીને પોતાના પ્રાસ્તાવિક વ્યાખ્યાનમાં દખ્ખણને નિખાલસ સમજૂતી પર આણવા પ્રયાસ કરેલો : 'મારા અસંતુષ્ટ દેશબંધુઓ, આંતરવિગ્રહનો પ્રશ્ન મારા હસ્તક નહિ પણ તમારા હસ્તક છે. સરકાર કદી તમારા પર આક્રમણ કરનાર નથી...આપણે દુશ્મનો નથી, મિત્રો છીએ. આપણે દુશ્મનો બનવું જ ન જોઈએ. આવેશે આપણા સંબંધો ભલે તંગ બનાવ્યા હોય, પરંતુ આપણાં પ્રેમનાં બંધન એથી તૂટવાં ન જોઈએ.'

જો આંતરવિગ્રહ ઉપસ્થિત થયો, તો પછી ગુલામીની પ્રથાના સદાને માટે સ્વીકાર અથવા તો તેના સદંતર અસ્વીકારમાં જ તેનો અંત આવવાનો એ લિંકન આ વસ્તુસ્થિતિમાં સ્પષ્ટ જોઈ શકયો હતો. પરંતુ ગુલામીની પ્રથાનો નાશ એ જ કેવળ લિંકનનું ત્યારે એકમાત્ર ધ્યેય હતું એ માન્યતા સાચી નથી. એ રાજકારણમાં પ્રવેશેલો તે ગુલામી નાબૂદ કરવા માટે નહિ પણ તેને વધુ ફેલાતી અટકાવવા. અને

એ ન્યાય્ય પગલાનો પણ પ્રતિકાર કરીને અનેક આત્મભોગોવડે પુનિત બનેલી સંઘની એકતા પર કાપ મૂકવાની દક્ષણે જ્યારે ધૃષ્ટતા આદરી ત્યારે કોઈ પણ ભોગે એ એકતા અખંડ રાખવાનું એનું પ્રધાન કાર્ય થઈ પડ્યું. 'ન્યૂયૉર્ક ટ્રિબ્યૂન' ના પ્રખ્યાત તંત્રી હોરેસ ગ્રીલને લિંકને લખેલા પત્રમાંના આ શબ્દો તેની રાજનીતિનું સંપૂર્ણ પ્રતિબિંબ પાડી રહે છે:

'I would save Union...My paramount object is to save the Union, and not either to save or destroy slavery.

'If I could save the Union without freeing any slave, I would do it; if I could save it by freeing all slaves, I would do it; and if I could do it by freeing some and ieaving others alone, I would also do that.'

જો કે વ્યક્તિગત રીતે લિંકન ગુલામીનો હાડોહાડ દુશ્મન હતો, અને તક આવ્યે એણે પોતાનો વિરોધ અમલમાં પણ મૂક્યો, પરંતુ અત્યારે તો દેખીતી રીતે સંયુક્ત સંઘના પ્રમુખ તરીકે એની પહેલી ફરજ સંઘને અવિભક્ત રાખવાની હતી, અને એ માટે તે ઉદ્યુક્ત થયો.

પરંતુ સમજૂતી માટે લિંકને મૈત્રિભાવે લંબાવેલો હાથ દક્ષણે તિરસ્કારપૂર્વક તરછોડ્યો, અને બળવાખોર સંસ્થાનોએ ઈ. ૧૮૬૧ના માર્ચની ૯મીએ મૉંટગોમેરી મુકામે કૉંગ્રેસ ભરી પોતાને 'કૉન્ફેડરેટેડ સ્ટેટ્સ ઑાવ અમેરિકા' એ નામે સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જાહેર કરી દીધાં.

એ સાથે જ ઉત્તરમાં પોકાર ઊઠ્યો, 'હવે ગુલામી રદ કરો,' 'દક્ષણ સામે યુદ્ધની જાહેરાત કરો,' પરંતુ લિંકન પોકારોના એ પવનમાં પોતાની જાતને તણાઇ ન જવા દેતાં તટસ્થ રહ્યો. કારણ,

સંયુક્ત સંઘના બંધારણ અનુસાર દક્ષિણની અનુમતિ વિના ગુલામીની નાબૂદી અથવા ઉત્તરની અનુમતિ વિના તેનો વિસ્તાર એ બંને વસ્તુ ગેરકાયદેસર હતી. પ્રમુખ તરીકે લિંકનની પ્રથમ અને સર્વોપરિ ફરજ રાષ્ટ્રની એકતા અબાધિત રાખવાની હતી, ગુલામી નાબૂદ કરવાની અથવા તેને વિસ્તારવાની નહિ. વળી પોતાના પ્રાસ્તાવિક ભાષણમાં દક્ષિણને એણે કહ્યું જ હતું, કે 'સરકાર તમારા પર કદી આક્રમણ કરનાર નથી,' એટલે એવા લાગણીવશ પોકારોથી એ અળગો જ બની રહ્યો.

આને લીધે દેશના જુદા જુદા ભાગોમાંથી તેના પર આક્ષેપો થવા લાગ્યા, અને એ આક્ષેપો પણ લિંકન ગળી જવા લાગ્યો. સઘળાં હૈયાં મજબૂર બનવા માંડ્યાં હતાં ત્યારે માત્ર એ એક જ હૈયું મજબૂત રહ્યું હતું. દઢાગ્રહપૂર્વક તે પોતાની નિશ્ચિત રાજનીતિને વળગી રહ્યો હતો. સઘળે જ્યારે પક્ષાપક્ષીનો દૃષ્ટિસંકોચ આવી ગયો હતો ત્યારે એક એણે જ રાષ્ટ્રહિતની દીર્ઘદૃષ્ટિએ કામ લેવા માંડ્યું હતું.

પરંતુ દક્ષિણનાં ઉન્મત્ત સંસ્થાનોએ પોતાનો હઠાગ્રહ ન છોડ્યો તે ન જ છોડ્યો. એમનું કહેવું હતું, કે ઉત્તરનાં સંસ્થાનોને પોતાનાં ઢોર અને ઘેટાં દક્ષિણમાં લઈ જવાનો જેટલો અધિકાર હતો એટલો જ અધિકાર એમને ઉત્તરમાં પોતાના ગુલામો લઈ જવાનો હતો. એ ઉન્મત્તતામાં આંધળા બની ઇ. ૧૮૬૧ના એપ્રિલની ૧૨મીએ એમણે ફૉર્ટ સંટર પર આક્રમણ કરી દીધું, અને એ સાથે જ આંતરવિગ્રહનાં અંધારાં અમેરિકાના રાષ્ટ્રીય ઇતિહાસને પાને ઊતરી પડ્યાં.

પૂરાં ચાર વર્ષ સુધી અમેરિકાનો આ આંતરવિગ્રહ ચાલ્યો. એ માટે કોઈ પણ એક વ્યક્તિ જવાબદાર નહોતી. તેમ કોઈ એક વ્યક્તિથી એ રોકાય તેમ પણ નહોતું. સંયુક્ત સંઘ માટે એનો પ્રાદુર્ભાવ અનિવાર્ય જ હતો.

દક્ષિણના લોકો પોતાની ઉન્મત્તાવસ્થામાં ફૉર્ટસંટર પર હલ્લો કરવાની અણી પર આવ્યા છતાં અજબ ધૃતિવાન લિંકન હજુ ધીરજ ધરી રહ્યો હતો. હલ્લો થાય તો કિલ્લાનું માત્ર સંરક્ષણ કરવાની જ તાકીદ ત્યાંના સેનાપતિ ઉપર મોકલાવી આપીને કિલ્લામાંના લશ્કર માટે ખોરાકપાણીની સામગ્રીનું એક વહાણ એણે ત્યાં રવાના કર્યું. પરંતુ વહાણના ત્યાં પહોંચવા પહેલાં તો કિલ્લાનું પતન થઈ ચૂકયું અને ત્યાંનાં સેનાપતિએ હથિયાર હેઠાં મૂકી દીધાં.

દક્ષિણના સૈન્યે ફૉર્ટસંટરના આ વિજયથી જ ન અટકતાં બેકાબૂ બનીને લિંકને રવાના કરેલા ખોરાકીના સામાન્ય વહાણને પણ લશ્કરી જહાજ ગણી લઈ તેના પર હલ્લો કર્યો. એટલું જ નહિ પણ તે પરના સંયુક્ત સંઘના નિશાનને પણ તોડી પાડ્યું.

હવે લિંકનથી રાહ જોઈ શકાય એમ ન રહ્યું. રાષ્ટ્રીય ઝંડાના આ અપમાને આખા ઉત્તરનાં જિગર રોષપરિપૂર્ણ બનાવી દીધાં. દક્ષિણને જોઈતું હતું એકમાત્ર યુદ્ધ. લિંકનને લાચારીએ તે આપવું પડ્યું, અને એ કાજે ૭૫,૦૦૦ માણસોની તેણે દેશ સમક્ષ ટહેલ નાખી. જવાબમાં માનવતાના અધિકારસંરક્ષણને સર્વસ્વ માનતી ૫,૦૦,૦૦૦ જિંદગીઓએ સ્વેચ્છાએ પોતાની સેવા તેને ચરણે ધરી દીધી.

ઉત્તર પાસે નાણાં હતાં, વિશાળ જનસમુદાય હતો, વિપુલ સાધનસામગ્રી હતી; જ્યારે દક્ષિણ પાસે સંગઠન અને ઉત્સાહ હતાં, અને એને લઈને આ યુદ્ધને એણે દીની જેહાદ જેવું સ્વરૂપ આપી દીધું હતું. દક્ષિણીઓ પહેલેથી જ મેદાની જીવનને ટેવાએલા, તથા નામી ઘોડેસવાર અને ચુનંદા નિશાનબાજ હતા. વળી 'મનરો ડૉકટ્રાઇન' જાહેર થયાને ચાળીસ વર્ષ વીતી ગયા છતાં યુરોપિયન સત્તાઓ સંયુક્ત સંઘમાં હસ્તક્ષેપ કરતી હતી, અને દક્ષિણને તેમનો—ખાસ કરીને ગ્રેટબ્રિટન અને ફ્રાન્સનો ટેકો હતો. એ સઘળી બાબત પર મુસ્તાક એનું સૈન્ય 'On to Washington' ઘોષણા કરતું આગળ વધ્યું.

પરંતુ એમનામાં સાન હોત, તો લિંકનની માગણીનો ઉત્તરે આપેલો જવાબ ભાળી એમણે કંઈક સાર ગ્રહણ કર્યો હોત અને આવાં આંધળિયાં ન કર્યાં હોત. તેમની વસતિ-જેમાં ત્રીજા ભાગ જેટલા તો ગુલામો જ હતા,-કરતાં અઢી ગણી વસતિ ઉત્તરનાં સંસ્થાનોની હતી, એ નક્કર વસ્તુસ્થિતિ પણ એ આંધળિયાં પાછળ તેઓ વીસરી ગયા અને જુલાઈના મધ્યભાગમાં જબરા દળ સાથે વૉશિંગ્ટન નજીક આવી લાગ્યા.

સામી બાજુથી સંઘનું સૈન્ય વૉશિંગ્ટનનું સંરક્ષણ કરવા મેદાને પડયું. બુલરન નજીક બંને સૈન્યનો ભેટો થયો અને ભારે યુદ્ધ થયું, જેમાં ઉત્તરનું લશ્કર બૂરી રીતે પરાજિત થઈ પાછું વૉશિંગ્ટન નાઠું અને સંયુક્ત સંઘના એ પાટનગરની ઘડીઓ ગણવા લાગી. પરાભૂતોની બેહાલીએ ફેલાવેલા ભયથી ક્યાંક ક્યાંકથી તો નમતું આપી દેવાનો ધ્વનિ પણ ઊઠવા લાગ્યો.

પરંતુ અબ્રાહમ લિંકન તો એ જ હિંમત અને એ જ સબૂરી, એ જ નમ્રતા અને એ જ મનોનિર્ણય સહિત અડગનો અડગ જ રહ્યો. તદ્દન સાચું હતું કે, એ જ વખતે દક્ષિણના સૈન્યે વૉશિંગ્ટન પર હલ્લો કર્યો હોત તો તેનું પતન હાથવેંતમાં જ હતું. પરંતુ-વૉલ્ટ વ્હિટમૅનના શબ્દો કહીએ તો,-

'પરંતુ એ ઘડી, એ દિવસ, એ રાત વીતી ગયાં અને એને અનુગામી ઘડી, દિવસ, રાત એવાં આવ્યાં જેનું પુનરાગમન કદિ સંભવિત નથી. દઢતા અને શીઘ્રતાપૂર્વક સૈન્યની પુનર્વ્યવસ્થાના કાર્યનો એ પ્રારંભ કરે છે અને પોતાને ભવિષ્યના અવશ્યંભાવી કાર્યસ્થાને આરૂઢ કરે છે. ઈતિહાસ કને અબ્રાહમ લિંકનને પોતાની તખતી પર મૂકવા માટે બીજું કશું ન હોય તો સમગ્ર ભાવિના સ્મરણાર્થે એણે એ ઘડી, એ દિવસ, એ રાત-સંધિવાથી યે સંતાપકારક, લગભગ ક્રૂસારોહણ સમો એ સમય જે રીતે બરદાસ્ત કર્યો એના એટલા સંમાન સાથે એને એ

વળાવે તો પણુ બસ છે, કે એવો એ સમો પણ એના પર વિજય ન મેળવી શકયો; અડગપણે એણે એને રૂંધી નાખ્યો, અને પોતાના ઉદ્ધાર સાથે રાષ્ટ્રના ઉદ્ધારાર્થે પણ એ કૃતનિશ્ચય બન્યો.'

૧૮૬૧માં જ નહિ, પણ એ પછીના સમયમાં પણ લિંકનનાં એ હિંમત, સબૂરી, નમ્રતા અને મનોનિર્ણય કાયમ રહ્યાં. એ સાલના નવેમ્બરમાં કૉન્ફેડરેટ "પ્રમુખ" જેફરસન ડેવિસે વર્જિનિયાના મિ. મેસન તથા લૂર્ઝિયાનાના જજ સ્લિડેલને દખ્ખણનો પક્ષ રજૂ કરી, કપાસના બદલામાં હથિયાર અને અન્ય સામગ્રી મેળવવાની પેરવી અર્થે લંડન અને પારીસ રવાના કર્યા. જમાઈકાથી તેઓ લિવરપૂલ જતી બ્રિટિશ મેઈલ સ્ટીમર 'ટ્રેન્ટ'માં ચડયા, પરંતુ સયુંક્ત સંઘના 'સાન યાચિન્ટો'ના કમાન વિલ્કીસને એ ગંધ પહોંચી ગઈ અને કિંગ્સટનથી સોએક માઇલ પર રાહ જોતા રહી, 'ટ્રેન્ટ' આવી પહોંચતાં તેના પર ચડી જઈને એણે દખ્ખણના એ બંને દૂતોને એમના મંત્રીઓ સાથે કેદ કરી લીધા.

ઇંગ્લાંડ આખું આથી ખળભળી ઊઠયું, અને દખ્ખણ તરફ પહેલેથી જ સહાનુભૂતિ ધરાવતા ત્યાંના વડા પ્રધાન લૉર્ડ પામર્સ્ટને પણ ઉત્તર વિરુદ્ધ દખ્ખણની મદદમાં ઊતરી પડવાનો સરસ મોકો જોયો; પરંતુ ઉત્તરના એ વર્તાવ સામે એણે ઘડેલા ખરીતામાં એવી તો ઉદ્દંડ ભાષા એણે વાપરેલી કે પોતાના પદનું રાજીનામું આપી દેવાની ધમકી આપ્યા છતાં ઇંગ્લંડની રાણી વિકટોરિયાએ એ ખરીતા પર સહી કરવાની સાફ ના સંભળાવી દીધી

લિંકને આ કટોકટીમાં સહેજ પણ કડકાઈ ન બતાવતાં ફરી કદી એવી રીતે વેપારી જહાજો પર છાપો ન મારવાની કબૂલાત આપીને એ ત્રાહિત સત્તાને અમેરિકાના ગૃહયુદ્ધમાં દરમિયાનગીરી કરતી એવી કાબેલિયતથી દૂર રાખી કે આજ પણ એ પ્રસંગને એની મુત્સદ્દીગીરીનો વિજય ગણવામાં આવે છે.

એ સમયે એના યુદ્ધની નિયોજના પાછળ જતા સમયથી આકુળ રહેતી પત્નીએ તેને ઉદાસ બનાવવા માંડ્યો હતો, એના પુત્ર વિલ્લીનું ટાઈફૉઈડથી થએલું અવસાન એનું અંતર ઊંડે સુધી કોરતું ગયું હતું, અને લડવાને બદલે રાજકરણની અને લશ્કરી વ્યૂહરચનાની ચર્ચામાં જ ઊતરી પડતા સેનાપતિ મૅકલેલને એને વ્યગ્ર બનાવી દીધો હતો.

સંયુક્ત સંઘનો પ્રમુખ ત્યાંના કાયદાની રૂએ તેના તમામ લશ્કરનો વડો સેનાધિપતિ હોય છે. આજે તો એ પદ માત્ર ઔપચારિક રહ્યું છે, પરંતુ લિંકનના વખતમાં તો એ નકોર વાસ્તવિકતા હતી. યુદ્ધના શરૂઆતના બે કે એથી વધુ વર્ષો સુધી ઉત્તરના સેનાપતિઓ દખ્ખણનું લશ્કર વૉશિંગ્ટનથી થોડાક માઈલના અંતરે ઘણીવાર આવી પહોંચવા છતાં આક્રમક પગલું લેવામાં નિષ્ફળ નીવડ્યા હતા. લિંકને એ માટે એમને આગ્રહ કરતાં એમણે લશ્કરી વ્યૂહરચનાનું તેને કશું ભાન ન હોવાનું સંભળાવેલું. એ પરથી પંડે દોરવણી કરવા લિંકને જાતે લશ્કરી વ્યૂહરચનાનાં પુસ્તકો વાંચતા માંડેલાં, પરંતુ પાછળથી યુલીસીસ એસ. ગ્રાન્ટ તથા વિલિયમ ટી. શેરમાન જેવા સમર્થ સેનાધિપતિઓએ એ બોજો ઉપાડી લઈ, તેની એ બાબતની ચિંતા નાબૂદ કરી અને વિજયને ઉત્તરના પક્ષે ખેંચી આણ્યો.

ઉત્તરના સૈનિકો સાચું જોઈએ તો યુદ્ધથી પૂરેપૂરા પરિચિત ન હતા. આને લઈને પોતાની ફરજમાં ઘણીવાર એમનાથી ભૂલ થઈ જતી. કાયદાની રૂએ એવી ભૂલની સજા દેહાંતની જ થાય. પરંતુ લિંકનને સંઘના પ્રમુખ તરીકે માફી આપવાની સત્તા રહેલી હોય, એવા અનેક અણસમજુ જુવાન સૈનિકોને એણે પોતાને ખબર પડતાં માફી આપીને બચાવ્યા હતા. લશ્કરી અધિકારીઓ ઘણીવાર લશ્કરી શિસ્તનું ઉલ્લંઘન કરતી લિંકનની આ વર્તણૂક પર ચીડાઈ જતા પરંતુ સૈનિકોની પેઠે સેનાધિપતિઓને પણ મીઠી રીતે પંપાળી હમેશ

ખુશ રાખતો. આ રહમદિલીએ સૈન્યમાં એને 'પિતા અબ્રાહમ'નું સ્થાન અપાવ્યું હતું, અને સૈનિકોના યુદ્ધગીતોમાં તે ગૂંથાઈ ગયો હતો:

"We are coming, Father Abraham,
Three hundred thousand strong."

એ રહમદિલીનો માત્ર એક જ દાખલો આપવો બસ થશે. વિલિયમ સ્કૉટ નામના એક સૈનિકને પોતાની ફરજ દરમિયાન ઊંઘી જવા માટે મોતની સજા ફરમાવવામાં આવી. લિંકનને ખબર પડતાં તે તેની પાસે ગયો અને પૂછ્યું, 'હું જો તને માફી આપું તો તેનો બદલો તું શી રીતે વાળી આપે?'

સ્કૉટ આ સાંભળીને આશ્ચર્યપૂર્વક લિંકન સામે તાકી રહ્યો. અને પછી વિચાર કરી ખેદભર્યો જવાબ આપ્યો, 'મારૂં કુટુંબ પોતાની કનેનું સર્વ કંઈ વેચી નાખે તો પાંચસોએક ડૉલર કદાચ ઊપજે.'

'ના, એ પૂરતું ન કહેવાય; તારી જિંદગી પાંચસો ડૉલર કરતાં વધુ કીમતી છે.' લિંકન બોલ્યો.

આ જવાબ સાંભળી, સ્કૉટનું હૈયું બેસી ગયું. પૈસાના અભાવે પોતાને જિંદગીથી હાથ ધોઈ નાખવા પડશે એવી ખિન્નતાપૂર્ણ પ્રતીતિ તેનું મન અનુભવવા લાગ્યું. પણ ત્યાં તો લિંકને આગળ ચલાવ્યું:

'તારૂં કુટુંબ એ ઋણ ભરપાઈ ન કરી શકે, માત્ર વિલિયમ સ્કૅાટ જ તે ભરપાઈ કરી શકે. જો આજથી જ પોતાની ફરજ પ્રત્યે સદાજાગ્રત રહેવાનો કોલ આપે તો એ ઋણ ભરપાઈ થઈ જાય.'

સ્કૉટ આ આશાસ્પદ શબ્દો સાંભળી લિંકનને પગે ઢળી પડ્યો. લિંકનની અપેક્ષા મુજબનો કોલ તેણે આપ્યો, અને એ કોલને પૂર્ણતઃ વફાદાર રહીને રાષ્ટ્રયજ્ઞમાં પોતાની આહુતિ આપી.

મ્હોરતી જિંદગીઓની એવી અનેક આહુતિઓ અપાયા છતાં યજ્ઞજવાળા હજુ શાંત નહોતી પડી. યુદ્ધ જો કે સંયુક્ત સંઘની એકતા

અર્થનું હતું, છતાં સૌ કોઈ જાણતું હતું કે એનું મૂળ તો ગુલામીના પ્રશ્નમાં નિહિત હતું. એટલે એ માનવદ્રોહી પ્રથા રદ કરી દેવાનો લોકમત ઉત્તરમાં ઉત્તરોત્તર બળવત્તર બનતો ચાલ્યો, છતાં લિંકનનું મંત્રીમંડળ હજુ એ બાબતમાં એકમત ન હતું. એટલે પ્રથમ તો ગુલામોને ક્રમશઃ મુક્તિ આપવાનો લિંકનનો ઈરાદો હતો, પરંતુ છેવટે પોતાના દિલના અવાજને અને બળવત્તર બનેલા લોકમતને માન આપી, ઈ. ૧૮૬૨ના સપ્ટેંબર મહિનાની ૨૨મીએ એણે ગુલામોની સંપૂર્ણ મુક્તિનું જાહેર નામું બહાર પાડી દીધું, જેની રૂએ આવતા વર્ષની ૧લી જાન્યુઆરી સુધીમાં તમામ ગુલામોને બીનશરતી મુક્તિ આપી દેવાની હતી. ગુલામોનું આ મુક્તિનામું (Emancipation Proclamation) અમેરિકાના આંતરવિગ્રહના સૌથી મહત્ત્વના પ્રસંગ તરીકે ઈતિહાસને પાને લખાઈ રહેશે.

લિંકનના માનવપ્રેમનું ઊંડાણ એણે યુદ્ધમાં પડેલા સૈનિકોની ગેટીસબર્ગની આરામગાહ પર આપેલી નિવાપાંજલિમાં નીતરે છે. અનુકંપા સાથે માનવ અધિકારોનું સંપૂર્ણ પ્રતિબિંબ પાડતું એ આખું વક્તવ્ય અંગ્રેજી ભાષાના ગદ્યમાં ગોહર સમું મનાય છે.

"Fourscore and seven years ago our fathers brought forth on this continent a new nation, conceived in liberty, and dedicated to the proposition that all men are created equal. Now we are engaged in a great civil war, testing whether that nation, or any nation so conceived and so dedicated, can long endure. We are met on a great battlefield of that war. We have come to dedicate a portion of that field as a final resting-place for those who have given their lives that nation might live. It is altogether fitting and proper that we should do this.

"But, in a larger sense, we cannot dedicate, we

cannot consecrate. we cannot hallow this ground. The brave men, living and dead, who struggled here have consecrated it far above our poor power to add or detract. The world will little note, nor long remember, what we say here. It is for us, the living, rather to be dedicated here to the unfinished work which they who fought here have thus far so nobly advanced. It is rather for us to be here dedicated to the great task remaining before us – that from these honoured dead we take increased devotion to that cause for which they gave the last full measure of devotion; that we here highly resolve that these dead shall not have died in vain; that this nation, under God, shall have a new birth of freedom; and that government of the people, by the people, for the people shall not perish from thə earth. "

આ મહાકાર્યને પોતાની જાતનું સમર્પણ કરી ચૂકેલા લિંકનની પ્રમુખપદની મુદત પૂરી થવા આવી, છતાં યુદ્ધ તો ચાલુ જ હતું. લિંકનના માનવ પ્રેમ અને સાનુકંપ નેતાગીરીની પ્રતીતિ પામેલી પ્રજા બીજા કોને એ પદ પર મૂકે? લિંકનને જ બીજી વાર એણે પ્રમુખ તરીકે ચૂંટી કાઢ્યો. આ બીજી વારના ઈ. ૧૮૬૫ના ૪થી માર્ચના પ્રમુખપદ સ્વીકારના એના પ્રાસ્તાવિક વ્યાખ્યાનના આ અંતિમ શબ્દો પણ ગેટીસબર્ગની આરામગાહ પરના એના શબ્દો જેમ જ અંગ્રેજી ગદ્યના સર્વોત્કૃષ્ટ નમૂના (masterpiece) સમા ગણાય છે:

" With malice toward none, with charity for all, with firmness in the right as God gives us to see the

right, let us finish the work we are in, to bind up the nation's wounds."

આ રીતે રાષ્ટ્રશરીરને લાગેલા ઘા રૂઝાવવાનો નિર્ણય કરીને લિંકને બીજીવારનું પોતાનું પ્રમુખપદ સ્વીકાર્યું. અને એ વખત હવે બહુ દૂર નહોતો. દક્ષિણનાં બધાં બંદરો ગૂંગળાઈ ગયાં હતાં અને યુરોપ સાથેનો વેપાર બંધ થઈ ગયો હતો. પરિણામે ખોરાકી અને સરંજામ એ બેઉ બાબતોમાં દક્ષિણ તંગ બની ગયું હતું. જનરલ શેરમાને તેના સૌથી મહત્ત્વના ઔદ્યોગિક મથક જ્યોર્જિયાને મરણતોલ ફટકો મારીને દક્ષિણને બે ભાગમાં વહેંચી નાખ્યું. અને ઈ. ૧૮૬૫ના એપ્રિલની ૭મીએ તો દક્ષિણના સેનાપતિ લીએ ઉત્તરના સેનાપતિ જનરલ ગ્રાન્ટ પાસે હથિયાર હેઠાં મૂકી દીધાં. નવમીની રાતે દક્ષિણની આ શરણાગતિના સમાચાર વૉશિંગ્ટન પહોંચ્યા અને આખું શહેર કલ્લોલી ઊઠયું.

અમેરિકાના ઇતિહાસની એ કરુણતમ બીના છે કે, સંઘનું સ્વાતંત્ર્યોદ્યાન ઉજ્જડ બનાવનાર સૈયાદ સમી આંતરવિગ્રહની આપત્તિ પછીની નવરચના માટે લિંકન હયાત ન રહ્યો. પરાજિતો સામે કશી કડક શરતો મૂકયા વિના તેણે એમને સંઘમાં સમાવી લીધા. હવે એનો ઇરાદો વિદ્વેષનાં લાંબાં વરસો ભુલાવી દેવાનો અને પોતાની જાતને ઘસીને રાષ્ટ્રશરીરને થએલા જખ્મો રૂઝાવવાનો હતો, પણ એ ઇરાદો પાર ન પડ્યો.

ફૉર્ટ સંટર પર સંયુક્ત સંઘનો વાવટો પાછો ફરફરી રહ્યો અને ફરી એક વાર તોપો ગાજી રહી – ખૂનની તરસ છિપાવવા નહિ પણ ખુશાલીનો અત્યાનંદ વ્યક્ત કરવા. સંઘ પાછું એક અને અવિયુક્ત બન્યું હતું એનો આનંદોત્સવ પ્રજાએ અનેકધા મનાવવા માંડયો હતો.

યુદ્ધના ત્રાસજનક દિવસો આથમતાં શ્રીમતી લિંકને પણ એ આનંદોત્સવમાં એ જ તા. ૧૪ મી એપ્રિલની સાંજે એક થીએટર પાર્ટી યોજી હતી. 'Our American cousin'માં લૅારા કીનની કામગીરી જોવા સૌએ વૅાશિંગ્ટનના ફૅાર્ડ થીએટરમાં જવાનું ઠર્યું હતું.

લિંકન અને એનો સ્નેહીવર્ગ થીએટરમાં દાખલ થયો ત્યારે નાટક શરૂ થઈ ગયું હતું. એના જતાં ચાલતું નાટક વિક્ષુબ્ધ બની ગયું અને એ રાષ્ટ્રપિતાને વધાવતા આનંદધ્વનિથી થીએટર ગાજી ઊઠ્યું. એ વધામણાં સાભાર ઝીલતો લિંકન પોતાના બૅાકસમાં બેઠો. નાટક ફરી શરૂ થયું. લિંકનને નાટકમાં રસ પડે છે? કોણ જાણે. બે કલાક તો એમ ને એમ વીતી ગયા અને રાતના લગભગ દસ વાગવા આવ્યા. ત્યાં ધીમે ધીમે કોઈ વ્યક્તિ બૅાકસના દરવાજા પાસે આવે છે, રખવાળ સામે એક કાર્ડ ધરીને પોતાને પ્રમુખ સાથે અગત્યનું કામ હોવાનું કહે છે. એને પ્રવેશ આપવામાં આવે છે. અંદર, બારણાની લગોલગ જ પ્રમુખ બેઠો હોય છે. એને પડખે જ એની પત્ની છે, જ્યારે જમણી બાજુ એક લશ્કરી મેજર પોતાની નવોઢા સાથે બેઠો છે. કોઈ સહેજ સળવળી પણ શકે તે પહેલાં આગંતુક લિંકનના કાને પિસ્તોલ ધરીને ઘોડો દબાવી દે છે. મેજરને એ પોતા પર કૂદતો જુએ છે, પણ પોતાની સાથે એ ખંજર લાવ્યો હોય છે જેનો ઉપયોગ એજ વખતે એ કરી દે છે, અને પછી, એક કૂદકા સાથે, બૅાકસ વટાવીને તે નાટકના તખતા પર આવી લાગે છે. પાછળથી એક સ્ત્રીની ચીસ સંભળાય છે, 'એણે પ્રમુખની હત્યા કરી છે!'

પેલો માણસ નાટકના તખતા પર આવીને, એ પહેલાં પણ અનેક વાર એ તખતા પર એણે પોતાનું ખંજર હલાવેલું એમ હલાવે છે અને નાટકી રીતે બૂમ પાડે છે, 'Sic semper tyrannis!' પછી, ભયભીત નટવર્ગને બાજુએ હડસેલી દઈ, અદૃશ્ય થઈ જાય છે.

લિંકનને એ જ વખતે એ થીએટર સામે જ આવેલા એક ઘરમાં લઈ જવામાં આવે છે, પરંતુ કોઈ રીતે એ હોશમાં આવતો જ નથી; સવારના ૭–૨૫ સુધી બેહોશ રહી એ આ જગતમાંથી વિદાય લઈ લે છે. એને પડખે રહેલો યુદ્ધમંત્રી સ્ટૅન્ટન બોલે છે, 'Now he belongs to the ages.'

લિંકનનો આ ગમખ્વાર ઘાત કરનાર હતો, મૂળ દખ્ખણનો જ વતની તરુણ નટ જોન વિલ્કીસ બૂથ. એના નાસવા સાથે જ લોકો એની પાછળ પડ્યા, અને કહે છે કે, એક ખંધામાં (barn) એ લપાયો હતો ત્યાં તેને ગોળીએ દઈ દીધો.

યુદ્ધસમાપ્તિના પાંચ જ દિવસ બાદ બનેલા આ પ્રસંગે આખા દેશને સ્તબ્ધ બનાવી દીધો. લાખો આંખો ચોધાર આંસુએ રડી રહી. એ રુદન હતું, અમેરિકાના પ્રમુખ પર નહિ; અમેરિકાના પરિત્રાતા પર. મિત્રોને સદા ચાહતા અને શત્રુઓને સદા ક્ષમા આપતા એ માનવભાવી નરોત્તમ તરફ ઇતિહાસ શી ફરજ બજાવશે? વૉલ્ટ વ્હિટમેને તો વિકલ્પ સ્વીકાર્યો છે, પરંતુ લિંકનના એક સહકાર્યકર અને નિકટના મિત્ર જોન સી. નિકોલેએ તો કહ્યું છે,

"Architect of his own fortunes, rising with every emergency, fulfilling every duty, he not only proved himself pre-eminently the man of the hour, but the signal benefactor of posterity. As statesman, ruler, and liberator, civilization will hold his name in perpetual honour."

કાળના બંધનથી વિમુક્ત મહત્તા જ્યાં વિચરે છે એ આનંત્યમાં વિલીન થએલી એ વિભૂતિમત્તાની માનવોત્તર કારકીર્દિની ઇતિશ્રી તો વૉલ્ટ વ્હિટમેનની આ કરુણપ્રશસ્તિનું અનુગાન કર્યા સિવાય બીજી કયી રીતે સંપૂર્ણ નિરૂપી શકાય એમ છે?

ભયંકર સમાપ્ત થૈ સફર, સર્વ ઝંઝા શમી,
જહાજ સરકે ખુશાલ, ફલદા મનીષા બની;
પણે નિકટ બંદરે રણુકઘોષ ઘંટો તણા
સુણાય, સઘળે છવાય નવલો હુલ્લાસ, ને
વળે અમ તમામની ય નજરો ભરીભાદરી
સલામત સુકાન પે ગભીર ધામણે ને કુવે.
પરંતુ દિલ, થોભ! થોભ! અહ, રક્તનાં છાંટણાં
સથા પર નિહાળ! મર્દ મુજ નાખુદા પોઢતો,
ઢળેલ, સકલાંગશીત, થઈને જહાંથી રવાં.
જરાક સુણ ઘોષ, જાગ, અહ ઊઠ સારંગ ઓ!
નિશાન ફફડે તું–કાજ વળી ફૂંકતાં બ્યૂગલો,
અરે, અવનવીન રંગભર ફૂલમાળા ધરી
તને સહુ કરે પુકાર દિલ ભીંજવી ભાવથી,
ધુમંત રહી આમતેમ, શિર ફેરવી આતુરાં.
પિતા પ્રિય! શું પોઢતો તું કરી હાથનાં ઓશિકાં?
હશે અગર સ્વપ્ન શાં શું તવ શાંત આ પોઢણાં?
ન ઉત્તર મળે કશોય, થઈ જીભ ખામોશ યે,
ન વા ગૃહિત હસ્તની ય થતી કાંઈ સંવેદના,
શમી સકલ ખંત, શાંત ધબકાર નાડી તણા.
કરી સફળ સામનો વધન ખૂબ ભેંકારનો,
લઈ સફર આટપી, વિજયમત્ત સિદ્ધિવર્યું
જહાજ અહીં હેમખેમ મગરૂર રે નાંગરે;
પરંતુ મુજ ભાગ્ય તો – શવપરિક્રમા આદરી
વિષાદપરિપૂર્ણ કંપિત ડગે – અરેરે રહે
નિરાશ વદને ફરી ફરી જ ભાળવો નાખુદો.

માનવવાદી જનહિતૈષી

ટોમસ પેઇન



માનવતાના પુષ્પસમો જનહિતવાદી ટોમસ પેઇન

'સમાજ આપણી આવશ્યકતાઓમાંથી ઊભો થાય છે, રાજ્ય આપણી પતિતાવસ્થામાંથી. પહેલો આપણો શુભેચ્છક છે, બીજું આપણો શિરચ્છેદક. સમાજ એ બહરહાલ એક આશીર્વાદ છે, જ્યારે રાજ્ય હરકોઈ સ્થિતિમાં એક અનિષ્ટ છે. કપડાંની પેઠે રાજ્ય પણ આપણે ગુમાવેલી નિર્દોષતાનું જ પ્રતીક છે.'

—ટોમસ પેઈન.

બે ક્રાન્તિઓમાં આગેવાનીભર્યો ભાગ લઈ ત્રીજી ક્રાન્તિમાં દેહાંતદંડ પામતાં બચી જનાર જનહિતવાદી ટોમસ પેઈનનું નામ આજની પેઢીમાં અનેકોના કાનને કદાચ અપરિચિત લાગશે, પણ એક પેઢી પહેલાંની દુનિયા તો મલાખ જેમ એનાથી ભડકી ઊઠતી. એ ભડકનું કારણ એ આદમીની નેકદિલી હતી. 'દુનિયા

મારો દેશ છે. જનહિત મારો ધર્મ છે.' એવી ઘોષણા કરનાર એ સખુનવર બરકંદાજે માનવતાદ્રોહી હક્કોની કદમબોસી કરવાને બદલે દલિતોની વાચા બનવામાં જ પોતાનો પુરુષાર્થ ખપાવ્યો એ એનો ગુનો હતો. અને એ ગુનાને લઈને ત્રણ દેશના ત્રણ સમકાલીન મહાપુરુષોનો ક્રોધ એના પર ઊતર્યો હતો. એ ત્રણ મહાપુરુષ તે ઈંગ્લંડનો પિટ, ફ્રાન્સનો રોબેસપિયર અને અમેરિકાનો વૉશિંગ્ટન. ત્રણમાંથી પહેલા બેએ એનું મોત માગ્યું હતું, ત્રીજો એના છૂટકારા પ્રત્યે ઉદાસીન રહ્યો હતો. પિટ અને વૉશિંગ્ટન એને ધિક્કારતા, કારણ તે પ્રજાસત્તાવાદી હતો અને પ્રજાકીય રીતે એ વાદનો તે પ્રચાર કરતો હતો; રોબેસપિયર એને ધિક્કારતો, કારણ સોળમા લૂઈના વધનો એ વિરોધી હતો.

અસૂયાનો અંધકાર તજીને હજુ આજે પણ જગતે જેની યોગ્ય પ્રતિષ્ઠા નથી કરી એવા આ ટોમસ પેઈનનો જન્મ ઈ. ૧૭૩૯માં ઈંગ્લંડમાં થેટફર્ડ મુકામે એક ગરીબ ક્વેકર મતાવલંબી કુટુંબમાં થએલો. જીવનને ગૌરવમાં અવગાહતો એકે સંજોગ કુટુંબ પાસે ફાજલ ન હોઈ, તેર જ વર્ષની વયે તો એનો અભ્યાસ સમાપ્ત થઈ ચૂક્યો.

કુમારવયને સહજ એવી સાહસવૃત્તિ નાનપણથી જ એનામાં હતી, એટલે સત્તરેકની વયે સાગર જીવનથી આકર્ષાઈ એક ખાનગી જહાજમાં તે ચડી ગયો; પરંતુ બાપને ખબર પડતાં તેને પાછો ધસડી લાવ્યો, અને પેઈનને ફાળે જકાતખાતાનાં કાગળિયાં જ ચીતરવાનું આવ્યું. પરંતુ એ ખાતામાં એનાથી નભી ન શકાયું, કારણ એ પોતાની ચોમેર જીવતા જગત પર વિચાર કરતો થયો હતો. અને એ વિચારોને અનુસરી પોતાના ખાતાના માણસો સારુ સારા પગાર અને સારા ભાવિની માગણી કરવા જતાં એ ખાતામાંથી એને પાણીચું મળ્યું.

પોતાને થએલા આ અન્યાય માટે પાર્લામેન્ટમાં અરજી કરવાનો તે વિચાર કરતો હતો, ત્યાં તો અમેરિકાના પ્રખ્યાત વિજ્ઞાની અને રાજદ્વારી બેન્જામિન ફ્રાન્કલીન સાથે પરિચયનો સુયોગ તેને મળી ગયો. અને એ સુયોગ પેઈનને અને સમસ્ત જગતને ફળદાયી નીવડ્યો. કુમળા ચહેરા પરની વેધક આંખોમાં દિલની તમામ તમન્ના લઈને ફરતા એ નવજવાનની પ્રતિભા ફ્રાન્કલીને પિછાણી અને તેને અમેરિકા જવાનો આગ્રહ કરી પોતા તરફથી એક ભલામણચિઠ્ઠી લખી આપી. એ ચિઠ્ઠીમાં પેઈનને માટે એણે ' ingenious, worthy young man ' શબ્દો વાપર્યાં છે.

ઇંગ્લંડ જેનું તેજ સહન ન કરી શક્યું એ પેઈન ઈ. ૧૭૭૪ના ઑક્ટોબરમાં અમેરિકા આવ્યો. ત્યાંનાં પત્રોમાં નવદૃષ્ટિવંતા લેખો એણે લખવા માંડ્યા. એની કલમ એની વકીલ બની અને થોડા જ વખતમાં તે ' પેનસિલવાનિયા મૅગેઝીન 'નો તંત્રી નિમાયો. મજકુર સામયિકમાં સ્ત્રીઓ પ્રત્યે વર્તતા ગેરઈન્સાફ તથા ગુલામીની પ્રથા સામે એણે તમતમતા લેખો લખવા માંડ્યા એટલું જ નહિ, પણ અમેરિકાએ એક રાષ્ટ્ર તરીકે સુખી અને આબાદ બનવું હોય તો ઇંગ્લંડની ધૂંસરી ફેંકી દેવાની પણ એણે હિમાયત કરવા માંડી.

ઈ. ૧૭૭૫ના માર્ચમાં એનું પહેલું પ્રકાશન બહાર પડ્યું — ગુલામીની પ્રથા વિરુદ્ધનું. અમેરિકામાં પોષાતી એ માનવવંચનાનો તે હડહડતો દુશ્મન હતો. અમેરિકાના ' સ્વાતંત્ર્યના ઢંઢેરા 'માં પણ એણે જેફરસન મારફત એ અંગેની કલમ ઉમેરાવેલી જે પાછળથી બાતલ કરવામાં આવેલી. પરંતુ ઈ. ૧૭૮૦ના કાયદાથી પેનસિલવાનિયા સંસ્થાને પોતાને ત્યાંથી ગુલામી રદ કરી એ તો પેઈનના પ્રયાસોને લઈને જ.

સર્વપ્રથમ તરીકે આપણે ભલે એનું ગૌરવ ન કરીએ, પરંતુ

અમેરિકાના સંયુક્ત સંઘની સંપૂર્ણ સ્વતંત્રતા ચાહનારા અગ્રણીઓમાંનો તો એ એક હતો જ. રાજસત્તા, અર્થસત્તા, માનવદ્રોહી સર્વ કોઈ પ્રકારની સત્તા સામે એણે ખુલ્લંખુલ્લાં શત્રુવટ આદરી હતી. એટલે અમેરિકાને પોતાનાં સંમાન અને સ્વાતંત્ર્ય જાળવવા માટે ઇંગ્લંડ સામે હથિયાર ઉપાડવાની પળ આવી પહોંચી કે તરત પેઈને તે વધાવી લીધી, અને 'Common Sense'ની સહીથી અમેરિકન પ્રજાને ઉદ્દેશીને એણે રાષ્ટ્રોત્તેજનાને તીવ્રતર બનાવતાં ચોપાનિયાં બહાર પાડવા માંડ્યાં.

આ ચોપાનિયાંમાં ઇંગ્લંડના રાજા ત્રીજા જ્યૉર્જને એણે શાહી હેવાન (Royal Brute) તરીકે ઓળખાવેલો! અમેરિકનોને એમાં એણે સ્વતંત્ર કોંગ્રેસદ્વારા કારોબાર ચલાવવાની સૂચના કરેલી છે, જે સૂચના પરથી અમેરિકાના 'યુનાઈટેડ સ્ટેટસ ઑફ અમેરિકા'નું સમવાય જન્મ્યું છે.

જો કે પેઈને સૈનિક તરીકે પણ સેનાપતિ ગ્રીનના હાથ નીચે ઓછી કામગીરી નહોતી બજાવી, પરંતુ અમેરિકાની એની સાચી સેવા તો એક બરકંદાજ કરતાં એક કલમબાજ તરીકે વિશેષ છે. ઈ. ૧૭૭૬ના ડીસેમ્બરમાં યુદ્ધનું પલ્લું જ્યારે વિપક્ષે નમતું લાગ્યું ત્યારે 'The Crisis' નામનું ચોપાનિયું એણે બહાર પાડ્યું, જેની શરૂઆતની પંક્તિઓ નીચે મુજબ હતીઃ

'માનવ આત્માને કસોટીએ ચડાવતો આ કાળ છે. ઐશઆરામ સૈનિકો અને આરામપ્રિય નેતાઓ એ કસોટીથી થથરી ઊઠશે, પરંતુ જે કોઈ સાબૂત ડગે મક્કમ રહેશે તે આ દેશના સ્ત્રીપુરુષોના પ્રેમ અને આભારનો ભાગી બનશે. દમનનીતિ દોજખની માફક જલદી નથી જીતી શકાતી. પરંતુ એટલું ખ્યાલમાં રાખજો કે આપણો સંઘર્ષ જેમ વધુ કપરો તેમ આપણી મથામણો વિશેષ ગૌરવપૂર્ણ બની રહેશે.'

લશ્કર સમક્ષ આ ચોપાનિયું વંચાતાં અમેરિકન સેનાનાયક વૉશિંગ્ટને એમાં 'જીવંત ઊર્મિ' જોઈ અને 'These are the times that try men's souls' એ એના પ્રારંભિક શબ્દો તો એ લડતનો યુદ્ધઘોષ બની રહ્યા. અલબત્ત, પેઈનનાં એ લખાણોમાં રૂસોની પ્રૌઢી કે વાલ્તેરની વેધકતા નહિ મળે. પણ લોકો માટે, લોકોની જ ભાષામાં લખાએલાં એનાં લખાણોમાં સંપૂર્ણ લોકપરખ સાથે સાફદિલી અને સરળતા તો મળી આવશે. એની નિરાડંબરી શૈલીની ચોટ લોકહૈયે એવી તો વસી ગએલી, અને એટલા મોટા પ્રમાણમાં એ વંચાતો, કે પોતાની કલમનો વેપાર ખેડી સારૂં જેવું નાણું પણ એ ધારત તો એકઠું કરી શકત. પણ એણે એમ ન કર્યું. પરિણામે લાચાર મને સંયુક્ત સંઘનું સ્વાતંત્ર્ય ઈંગ્લંડને માન્ય કરવું પડ્યું અને તેનો વિજયોત્સવ મનાવતા અમેરિકાએ વૉશિંગ્ટનની તલવાર જેટલો જ પેઈનની કલમનો યશ ગાયો, ત્યારે પેઈન પંડે તો જેવો ને તેવો નિષ્કંચન જ રહેલો.

છીછરી રાષ્ટ્રભક્તિ પેઈનને માન્ય ન હતી. અન્યોની માનવતા ઉવેખીને સંધાતી કોઈ પણ દેશની પ્રગતિ પ્રત્યે તે ઇતરાજ હતો; એને લઈને જ, સંતપ્ત માનતવાથી પ્રેરાઈને જ પોતાના દેશ વિરુદ્ધ અમેરિકાના મુક્તિપ્રયાસને એણે સાથ આપેલો.

એ પ્રયાસ પાર ઊતરતાં જ તે ઇજિનેરી પાછળ પડી ગયો અને એની પાછળ એટલો બધો રસ લેવા માંડ્યો કે એ રાજ-પ્રકરણથી ફારેગ થઈ જશે કે શું એવી બીક લાગવા માંડી. લાંબી કમાનના લોખંડી પૂલોની યોજના એણે ઘડી કાઢેલી, અને એ પૂલોને અંગે ઈંગ્લંડની મુલાકાત પણ એણે લીધી. ઈંગ્લંડમાં પેડિંગ્ટન મુકામે પોતાની યોજના મુજબ એણે બાંધેલા પૂલે અગ્રગણ્ય ઇજિનેરોની પ્રશંસા પ્રાપ્ત કરેલી.

ઈંગ્લંડની માફક ફ્રાન્સને પણ પૂલોની બાબતમાં રસ હતો, અને એની ચર્ચા કરવા ઈ. ૧૭૮૮માં તે પારીસ આવ્યો. ફ્રેન્ચ રાજક્રાન્તિ વખતે તે ફ્રાન્સમાં જ હતો. બાસ્તીલ પડ્યું ત્યારે લાફાયેતે તેની ચાવી વૉશિંગ્ટનને પહોંચાડવા માટે પેઈનને જ પસંદ કરેલો. પરંતુ પૂલોના કામ અંગે એને થોડો કાળ ત્યાં રોકાઈ રહેવું પડ્યું.

આમ થોડો સમય સુધી તો પેઈન ક્રાન્તિ અને ઈજનેરી બંનેને સમતુલ રાખી શક્યો, પરંતુ છેવટે ક્રાન્તિ વજનદાર નીવડી અને એ જ રીતે ઈંગ્લંડમાં પણ ક્રાન્તિ જગવવા એણે 'Rights of Man' (માનવીનું હક્કનામું) પુસ્તક લખ્યું. ઈંગ્લંડના એ વેળાના મહાન રાજદ્વારી એડમંડ બર્કે પોતાનું 'Reflections on the Revolution in France' પુસ્તક બહાર પાડી માનવતાના એ મુક્તિપ્રયાસ સામે જે ઘૃણાજનક પ્રચાર આદર્યો હતો તેનો પેઈને આ પુસ્તકવડે લાજવાબ પ્રત્યુત્તર આપી દીધો.

મજકૂર પુસ્તકમાં એણે મૂડીદારો પર ભારે કર નાખવાનું જરૂરી જણાવેલું, શ્રમજીવીઓ માટે યોગ્ય ખોરાકી પોશાકી ને રહેણાકની તથા એમનાં સંતાનોની કેળવણી તેમ જ બુઢાપામાં રાહતની માગણી કરેલી તથા ઈંગ્લંડની વંશપરંપરાગત રાજસંસ્થા તથા ઉમરાવપદની સખ્ત ઝાટકણી કરેલી. એમાં રાજતંત્રના એણે ત્રણ આધારસ્તંભો દર્શાવેલા, જે પર કોઈ પણ તંત્ર દૃઢ રહી શકે: એક વહેમ, બીજો સત્તા અને ત્રીજો સમાજના સામાન્ય હિતો અને માનવના સામાન્ય અધિકારો. એમાંનો પહેલો પ્રકાર ધર્મગુરુઓનું આલંબન છે, બીજો વિજેતાઓનું, ત્રીજો વિચારકોનું.

પતાકડા જેવા આ એક જ પુસ્તકે આખા ઈંગ્લંડને ખળભળાવી મૂક્યું, કારણ એમાં ઈંગ્લંડના શ્રમજીવીઓને સાચી વસ્તુસ્થિતિથી વાકેફ કરવાનો પ્રામાણિક પ્રયાસ હતો. કામદારોનાં હૈયાં એનાં પાનાંમાં

સંગમ સાધવા લાગ્યાં. જ્યાં ત્યાં એનું વાચન જારી થયું. વાંચી ન જાણુનારાઓ સાંભળી સાંભળીને એને જિગરમાં જગ્યા આપવા લાગ્યા. ફ્રેન્ચ રાજક્રાન્તિ પ્રત્યે સહાનુભૂતિ પ્રકટાવવા ઊભી થયેલી મંડળીએ એ પુસ્તકનો પોતાના 'મેનીફેસ્ટો' – જાહેરનામા તરીકે સ્વીકાર કર્યો.

પેઇનની ભાષા એ પુસ્તકમાં ક્યાંયે બેકાબૂ નથી બની. ચોટદાર હોવા છતાં એના વિરોધીઓની માફક એ અવમાનભરી પણ નથી બની. છતાં આનુવંશિક શાસન સામેની એની બગાવતે પિટ અને બર્કને ચોંકાવી મૂક્યા. ઉછીતાં નાણાંએ ઇંગ્લંડનો કારભાર ચલાવતી પિટની અર્થનીતિને એણે એમાં લાકડાના પગ વડે સસલાને પકડવા દોડતા માણસ સાથે સરખાવી છે.

પિટે એ બગાવતનો બદલો વાળવા એની સામે મુકદ્દમો માંડયો અને તમામ મૂડીદારોએ તેમાં સાથ આપ્યો. પુસ્તકની સઘળી નકલો જપ્ત કરવામાં આવી અને એના પ્રચારકો સામે પણ દાવા મંડાયા. જવાબમાં પેઇને માનવ અધિકારોની વધુ બુલંદ અવાજે હિમાયત કરવા માંડી, પરંતુ શાણા અંગ્રેજ કવિ બ્લેઇકે તેને કહ્યું કે 'ઇંગ્લંડમાં રહેશે તો ફાંસીને લાકડે લટકી જશે,' એટલે પેઇન ત્યાંથી ફ્રાન્સ નાસી છૂટયો. એને પકડવા નીકળેલા વોરંટથી લંડનમાં થોડા કલાક અને ડોવરમાં તો માત્ર વીસ જ મિનીટ એ વહેલો પડયો.

પુષ્પ ભલે પરિત્યક્ત બન્યું, પણ એની સુવાસ હવામાં ફેલાઇ ગઇ હતી. ઇંગ્લંડનાં શોષિતોનાં હૈયામાં ટોમસ પેઇનનો પમરાટ પથરાઇ ગયો હતો :

'God save great Thomas Paine,
His "Rights of Man" proclaim
From Pole to Pole.'

પેઈને ફ્રેંચમાં પગ મૂકયો ત્યારે ફ્રાન્સે તેનાં પગલાં વધાવી લીધાં, પણ પારીસના લોકમાનસને એ પિછાણી શકયો. ફ્રાન્સના રાજા લૂઈ ૧૬માએ અમેરિકાના મુક્તિપ્રયાસમાં કરેલી મદદને લઈને ફાંસીને માંચડે એના ભાવિના થનારા નિર્ણયનો એણે વિરોધ કરવા માંડયો, અને ઉદ્દામવાદીઓને નમ્ર બનવાનો એણે આગ્રહ કરવા માંડયો. એનો એ આગ્રહ ક્રાન્તિબાધક ગણવામાં આવ્યો અને એને જેલની દીવાલો પાછળ ગોંધી દેવામાં આવ્યો.

પેઈનને જેલ અપાવવા પાછળ*ફ્રાન્સ કરતાં ઈંગ્લંડ તરફ વિશેષ સહાનુભૂતિ ધરાવતા અમેરિકન મંત્રી મોરિસની અદાવત પણ કારણભૂત હતી. મોરિસને સ્થાને પાછળથી મનરો ('મનરો ડૉક્ટ્રાઈન' થી પ્રસિદ્ધ) આવ્યો અને એ તાબડતોબ પેઈનને છોડાવી પોતાને ઘેર લઈ ગયો. અઢાર મહિના પોતાને ત્યાં રાખી, બિમાર હાલતમાં જેલમાંથી બહાર આવેલા પેઈનની એણે સારવાર કરી.

ખુદ વૉશિંગટને પણ પેઈનને જેલમાંથી છોડાવવા કશો પ્રયાસ ન કર્યો. ઈંગ્લંડ સામે લડેલો એ જ વૉશિંગ્ટન એ જ ઈંગ્લંડ સાથે જેનીની સંધિ માટે વાટાઘાટ ચલાવી રહ્યો હતો, અને પેઈન જેવો ઈંગ્લંડનો શત્રુ બહાર ન રહે એમ ઇચ્છતો હતો. પેઈનને વૉશિંગટનની આ કૃતઘ્નતાથી ખૂબ લાગી આવ્યું હતું. એટલે અમેરિકા વૉશિંગટનનું પૂતળું ઊભું કરતું હોવાની વાત સાંભળતાં એણે એના શિલ્પી પર નીચેની લીટીઓ લખી મોકલાવેલી:

'Take from the mine the coldest,
hardest stone,
It needs no fashion: it is Washington.
But if you chisel, let the stroke be rude,
And on his heart engrave–Ingratitude.'

આ લીટીઓ તો અપ્રસિદ્ધ રહી; પણ વૉશિંગ્ટનને એણે લખેલો આ કાગળ ઇ. સ. ૧૭૯૬ માં પ્રસિદ્ધ થયેલો, જેની અંતિમ પંક્તિઓ આ હતી :

'અને તમારો, સાહેબ, ખાનગી દોસ્તીમાં દગલબાજનો (જે તમે મારા પ્રત્યે–અને ખરા ભયને ટાંકણે–નીવડેલા) અને જાહેર જીવનમાં દંભીનો નિર્ણય કરતાં જગત ગૂંચવણમાં પડશે કે તમે સાચેસાચ જ્યોતિર્ધર છો કે ધૂર્ત છો; તમે સિદ્ધાંતોનો ત્યાગ કર્યો છે, કે પછી સિદ્ધાંત જેવી કોઈ ચીજ સાથે તમને નિસ્બત જ નથી.'

વૉશિંગટનની પ્રશસ્તિઓથી છલકાતાં કાનોને પેઇનના આ શબ્દો કદાચ નહિ રૂચે, પરંતુ ઇ. ૧૭૯૬માં સંયુક્ત સંઘના પ્રથમ પ્રમુખપદ વખતે જેફરસન અને ઍડમ્સની હરીફાઈ વચ્ચે વૉશિંગ્ટને ઍડમ્સ જેવા રાજસત્તા અને ધનસત્તાવાદીને પ્રમુખપદે લાવવાની કરેલી કોશિશો, ફ્રાન્સ વિરુદ્ધ ઇંગ્લંડને સહાય કરીને પ્રજાસત્તાવાદનો પ્રચાર અટકાવવાના એના પ્રયાસો, વગેરે બાબતો પેઇનના પક્ષમાં જાય છે.

માંડમાંડ વધસ્તંભથી બચેલા પેઇને જેલમાં ગોંધાતાં પહેલાં 'The Age of Reason' (બુદ્ધિનો યુગ) નામનું પુસ્તક લખવા માંડયું હતું, જેનો પહેલો ભાગ એની ધરપકડના ૭ જ કલાક પહેલાં પૂરો કરેલો. આ પુસ્તક લખવા પાછળ એની ઉમેદ તો બૌદ્ધિક પાયા પર જગતનું પ્રજાસત્તાક સ્થાપવાની હતી, પરંતુ એમાં અંધશ્રદ્ધા, આડંબર અને માનવ પ્રત્યેના અનાદર પર ઊભી થએલી ધર્મની રૂઢ ઇમારત પર એણે કરેલા પ્રહારોથી જનતા ચોંકી ઊઠી. આજે પણ કોઈ સમજદાર આદમી પેન્ટાટોક અને જોશુઆની કિતાબમાંની કત્લેઆમને ભાગ્યે ન્યાય્ય ગણાવી શકે એમ છે, પરંતુ પેઇનનો 'માનવતાનો ધર્મ' કોઇને ગળે ન ઊતર્યો અને સ્થાપિત ધર્મસત્તા સામેના આ બંડે લોકહૃદયમાંનું પેઇનનું બધું આદરમાન ઓગાળી નાખ્યું.

ઉપર્યુક્ત પુસ્તકના પહેલા જ પ્રકરણમાં પેઈને લખ્યું છે, 'હું માનવ સમાનતામાં માનું છું, અને માનું છું કે ધાર્મિક ફરજ ફક્ત ન્યાયાચરણ, જીવદયા અને આપણા જાતભાઈઓને સુખી કરવામાં રહેલી છે.'

આગળ ઉપર એક સ્થળે લખે છે, 'હું યહુદી દેવળે ચલાવેલા કે રોમન, ગ્રીક, તુર્ક યા પ્રોટેસ્ટંટ દેવળે પ્રચલિત કરેલા કોઈ પંથમાં નથી માનતો; મારૂં મન જ મારૂં દેવળ છે.'

આ પુસ્તકની પ્રસિદ્ધિ પછી તે માંદો પડયો. એમાંથી સાજો થતાં એણે જોયું કે ત્યારના ફ્રાન્સમાં એને માટે કશું સ્થાન રહ્યું નહોતું. નેપોલિયને એના તરફ કશી અવકૃપા ન બતાવી, પરંતુ ઈંગ્લંડમાં પ્રજાસત્તાવાદી વિદ્રોહના શક્ય પ્રેરક સિવાય પેઈનનું અન્ય મહત્ત્વ એને ન હતું.

પેઈનને હવે અમેરિકા સાંભર્યું. ત્યાંની જનતાએ કરેલો એનો આદર સાંભર્યો, અને તે ત્યાં જવા ઊપડયો. ત્યાં જઈને જેફરસનને તેના કાર્યમાં પોતાથી બનતી મદદ કરવાનો તેનો ઈરાદો હતો, પરંતુ એના ત્યાં પહોંચવા પહેલાં જ એના 'The Age of Reason'ના પડઘા ત્યાં પહોંચી ગએલા, અને પેઈન સાથેની મૈત્રિ પરથી જેફરસનના વિરોધીઓ તેની યે 'નાસ્તિક' તરીકે બદગોઈ કરી, એ જોડીની 'the two Toms' તરીકે જાહેર નિંદા કરી રહ્યા હતા.

આને લઈને પેઈનનો આદર કરવા છતાં જેફરસન પહેલાં જેવી નિખાલસ મૈત્રિ એની સાથે ન રાખી શકયો. પેઈનના બીજા કોઈ મિત્રને તો હવે એની જરૂર જ નહોતી રહી, કારણ તે 'નાસ્તિક' નીવડયો હતો. સર્વહિતવાદના હિમાયતીઓ સુદ્ધાં એની બાઈબલ વિરુદ્ધની

ટીકાઓથી એના પર રોષે ભરાયા હતા. અને જે દેશ માટે એણે સ્વાર્પણ કરેલું એ જ દેશના લોકો એ નાસ્તિકની મૂર્તિઓ બનાવી બનાવી બાળવા લાગ્યા હતા, અને પૈસા આપવા છતાં એને ગાડીમાં કે બીજા કોઈ જાહેર સ્થાનમાં જગ્યા સુદ્ધાં આપતા નહોતા. મિત્રો એના તરફ પીઠ ફેરવી બેસી રહ્યા હતા, જ્યારે દુશ્મનોએ દુશ્મનાવટને પરાકાષ્ઠાએ પહોંચાડી હતી. અને જિંદગીના છેલ્લા વર્ષમાં તો એને પરદેશી ગણાવી એનો મતાધિકાર પણ ઝૂંટવી લેવામાં આવેલો. એના પર નીશાખોરી અને અનીતિના આક્ષેપો મૂકવામાં આવેલા. આમ જીવનના આખર ભાગે પેઇનને માત્ર ગરીબી અને એકાંતનો જ સહારો રહેલો.

રંગ, જાતિ કે રાષ્ટ્રીયતાના લપસાણથી પોતાની જાતને બચાવી લઈને માનવ હૃદયની મૌલિક લાગણીઓની નિકટતમ દુનિયા રચવાના એ સ્વપ્નસેવીના વિશ્વધર્મની વ્યાખ્યા હતી — 'મનુષ્યના અંતરતમમાં અને અખિલ વિશ્વમાં રહેલા પ્રકૃતિના સર્વોત્કૃષ્ટ તત્ત્વનું અનુસંધાન.' પરંતુ માનવતાના એ મુફલિસ મિત્રની મહત્તા ખુદ માણસો જ ન પિછાણી શકયા, અને અપમાનિત, જર્જરિત, જગતથી બાતલ બનેલો એ મહાપુરુષ, ધર્મઝનૂની માબાપોએ ઉશ્કેરેલાં છોકરાંના પથરા સુદ્ધાં સહન કરી, ઈ. ૧૮૦૯ના જૂનની ૮મી તારીખે અવસાન પામ્યો.

બેન્જામિન ફ્રાન્કલીન કહેતો, 'જ્યાં સ્વતંત્રતા છે એ મારો દેશ છે;' પરંતુ પેઇન તો કહેતો, 'જ્યાં સ્વતંત્રતા નથી એ મારો દેશ છે,' અને એવા પરતંત્ર દેશોના સ્વાતંત્ર્યયજ્ઞમાં જ પોતાની જાતને એ હોમતો રહેલો. એની લોકોત્તરતા તો વૉલ્ટર સેવેજ લૅન્ડોરે કરેલા આ સવાલ કરતાં વધુ સારી શી રીતે નિરૂપી શકાય કે, 'એની સુજનતાની એક જ સાબિતી મારી પાસે છે: મને એના જેવો કોઈ બીજો બતાવી આપો'?

બીજો તો શું, પણ જે આ એકનો એક હતો એ જ્યોતિર્ધર પણ જગતે ગુમાવ્યો, અને જગત પર પોતાની આહ તે ઠાલવતો ગયો કે:

Blow, blow, thou wintry wind!
Thou art not more unkind than man's
ingratitude.'

સાચું જ છે. આસ્તિક હોવું અને આસ્તિક ગણાવું એ વચ્ચે જેટલો તફાવત છે એટલો જ તફાવત માનવ હોવા સાથે સુજન પણ હોવા વચ્ચે છે.

અને માનવતાને કલેજે ભોંકાએલી ધાર્મિક અસહિષ્ણુતાની કાચરો એ તફાવતને જ આભારી છે.

● જ્ઞાનકોશકાર ●

ડૉ. કેતકર

જ્ઞા ન કો શ કા ર
ડૉ. શ્રી. વ્યં.
કે ત ક ર

રાનડે, ટિળક અને રાજવાડે પછી એવા જ પ્રચંડપ્રજ્ઞ પુરુષ મહારાષ્ટ્રે કોઈ પેદા કર્યો હોય તો તે ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકર. જેમના નામ સાથે જ વિદ્વત્તા અને વિચારસ્વાતંત્ર્યની મૂર્તિ આપણી નજર આગળ ખડી થાય એવી વિરલ વિભૂતિઓમાંના તે એક હતા. છતાં એ આશાવાદી કાર્યકર્તા, શક્તિશાળી સંશોધક અને દીર્ઘ વ્યાસંગી એમના પ્રાંતવાસીઓથી તો જીવનભર ઉપેક્ષિત જ રહ્યા હતા.

મધ્ય પ્રાંતમાં આવેલા રાયપુર ગામમાં ઈ. ૧૮૮૪માં એક બ્રાહ્મણ પોસ્ટ માસ્તરને ત્યાં તેમનો જન્મ થએલો. નાનપણથી જ જ્ઞાન પાછળની એમની ભૂખ જબરી હતી. હાઈસ્કૂલનો અભ્યાસ અમરાવતીમાં પૂરો કરી એ મુંબાઈની વિલસન કૉલેજમાં દાખલ થયા અને ત્યાં રોમન લૉ અને જ્યુરિસપ્રુડેન્સ ઐચ્છિક વિષયો તરીકે લીધા. મરાઠી ભાષાની સેવા કરવાની એમની પ્રવૃત્તિની શરૂઆત ત્યારથી જ થઈ, અને 'મહારાષ્ટ્ર વાગ્વિલાસ' નામનું માસિકપત્ર એમણે શરૂ કર્યું.

પરંતુ આજની આપણી શિક્ષણપ્રણાલીમાં 'ભણતર' અને 'જ્ઞાન'નો જે શોક્ય જેવો સંબંધ બંધાઈ ગયો છે તે એમને પણ

આડો આવ્યો. પરીક્ષાને પ્રાધાન્ય આપી એમણે અભ્યાસ કર્યો જ નહોતો, ને વળી બીજી અનેક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવો શરૂ કર્યો હતો, એટલે બી. એ. માં એમનું નાવ ડૂબકાં ખાવા લાગ્યું.

કેતકર બી. એ. તો ન થઈ શક્યા, પરંતુ એમનું યુવાન હૃદય જ્ઞાનાર્જનની મહત્ત્વાકાંક્ષાથી ઉભરાઈ રહ્યું હતું, એટલે વિદેશ જઈ શિક્ષણ સંપૂર્ણ બનાવવાની તેમને ઇચ્છા થઈ. ઇ. ૧૯૦૬ માં એ અર્થે એ અમેરિકા ઊપડ્યા અને ત્યાંના કાર્નેલ વિશ્વવિદ્યાલયમાં જોડાઈ ૧૯૦૯ માં બી. એ. અને પછી એમ. એ. થયા. એ સાલમાં જ એમણે 'હિંદુસ્તાનમાંની જુદી જુદી જ્ઞાતિઓનો ઇતિહાસ' એ નામનો નિબંધ પુસ્તકાકારે બહાર પાડ્યો, જેના પર લેખકના નામ તરીકે માત્ર 'સંપાદક, મહારાષ્ટ્ર વાગ્વિલાસ માસિક' એટલું જ છપાએલું. એ પછી ઇ. ૧૯૧૧ માં હિંદુ ધર્મ સંબંધે એક પ્રબંધ લખી એમણે ડૉક્ટર ઑાવ ફિલોસોફીની ઉપાધિ પ્રાપ્ત કરી.

સંશોધનકાર્ય તરફ એમને અમેરિકાના એ વસવાટ સમયથી જ અનુરાગ ઊપજેલો, જેને આજીવન વફાદાર રહી તે વધુ ને વધુ કુશાગ્ર બનાવતા ગયા. એ દિશામાં વિશેષ માર્ગદર્શન પામવાની આશાએ એ ઇંગ્લંડ ગયા, પણ ત્યાં કાળાગોરાના ભેદોને અંગે તેમને એટલો ત્રાસ ઊપજ્યો કે ૧૯૧૨ માં એ હિંદ પાછા વળી આવ્યા.

ખાલી હાથે ડૉક્ટર હિંદ પાછા આવ્યા, પણ ખાલી હૃદયે નહોતા આવ્યા. એમના ઇંગ્લંડનિવાસ દરમિયાન મિસ એડિથ વિક્ટોરિયા કોહેન સાથે તેમનો પરિચય થએલો. એ બાઈ એમની સંશોધન-પ્રવૃત્તિ અને બીજા સદ્ગુણો પર મુગ્ધ બની હતી, અને આખરે ડૉક્ટર કેતકરની જીવનસંગિની બનવાનો જ નિર્ણય કરીને પોતાનાં આપ્તજનો, સ્નેહીઓ, સ્વદેશ બધું છોડી ઇ. ૧૯૧૯માં હિંદ આવી પહોંચીને વ્રાત્યસ્તોત્ર વિધિ અનુસાર હિંદુ ધર્મ સ્વીકારી ડૉ. કેતકર સાથે

લગ્નગાંઠથી જોડાઈ ગયાં અને લગ્ન પહેલાંના મિસ કોહેન ત્યારથી શ્રીમતી શીલવતી કેતકર બન્યાં.

ઠેઠ ઈંગ્લંડથી અહીં આવીને વિદ્વાન છતાં શ્રીમંત નહિ એવા પુરુષ સાથે લગ્ન કરવા પાછળ શીલવતીબાઈનાં ઓછાં સ્વાર્થત્યાગ કે તત્ત્વનિષ્ઠા નહોતાં રહ્યાં. ડૉ. કેતકરની સઘળી સાહિત્યપ્રવૃત્તિની પ્રેરણામૂર્તિ એ રહેલાં. એ દંપતી જેવું કાર્યૈક્ય તથા તાદાત્મ્ય બહુ ઓછાં યુગલોમાં આપણને જોવા મળે એમ છે.

અમેરિકામાં રહી કેતકરે રાજનીતિશાસ્ત્રનો પદ્ધતિસર અભ્યાસ કરેલો એટલું જ નહિ, પણ જાગતિક રાજકીય પરિસ્થિતિનું પણ સૂક્ષ્મ ને માર્મિક અવલોકન કરેલું, એટલે હિંદ આવતાં જ કલકત્તા વિશ્વવિદ્યાલયમાં 'પોસ્ટ ગ્રૅજ્યુએટ' વિભાગમાં વ્યાખ્યાતા તરીકેનું સ્થાન તેમને મળી ગયું. ત્યાં રહી સાર્વરાષ્ટ્રીય કાયદાનું એ શિક્ષણ આપતા.

છતાં રાજકારણ એ એમનો પ્રધાન વ્યવસાય નહોતો. ને પોતાના આયુષ્યનો જે થોડો ઘણો ભાગ એમણે પ્રત્યક્ષ રાજકારણ પાછળ ખર્ચ્યો તે વખતે યે પોતાનો ઇતર વ્યવસાય તો એમણે ચાલુ જ રાખ્યો હતો. લોકમાન્ય માટે એમને અતિશય આદર હતો, અને અનેકવાર એમની સાથે બેસી વિચારવિનિમય કરેલો. એમના લોકશાહી સ્વરાજ્ય પક્ષ તરફથી પૂના શહેરના ઉમેદવાર તરીકે પણ તે ઊભા રહેલા. પરંતુ પોતાને જે મહાકાર્ય કરવાનું હતું તે માટે જોઈતું મનઃ-સ્વાસ્થ્ય મેળવવા રાજકારણને તેમણે પશ્ચાદ્‌ભૂમિમાં ધકેલી દીધું.

લોકમાન્ય પછી દેશનું સુકાન ગાંધીજીના હાથમાં જતાં દેશને જે નવી દૃષ્ટિ મળી તે પરના પોતાના વિચારો ઇ. ૧૯૨૬માં બહાર પાડેલા 'નિઃશસ્ત્રાંચે રાજકારણ'માં કેતકરે પ્રસિદ્ધ કર્યા છે. પોતાના રાજકીય પ્રચારાર્થે એ જ સાલમાં એમણે 'સ્વયંનિર્ણયી સંઘ' પણ સ્થાપેલો, પણ એ બહુ અલ્પજીવી નીવડ્યો. એમનાં 'Sovereignty and Independence of India' તથા અવસાન પૂર્વે

થોડા જ સમય પર પૂરું કરેલું 'Victorious India' એ પ્રચલિત રાજકારણ પરનાં એમનાં બીજાં પુસ્તકો છે.

એક વર્ષ કલકત્તા વિશ્વવિદ્યાલયમાં વીતાવી તે મુંબાઇ આવ્યા અને ત્યાં અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી. શરાફીના ઉદ્યોગમાં ઝંપલાવી એમણે 'શિલોત્રી બૅંક' ખોલી, પણ તેમાં નિષ્ફળતા મળતાં એ પ્રવૃત્તિ પડતી મૂકીને 'રાષ્ટ્રધર્મ પ્રચારણ સંઘ' નામની સંસ્થા ઊભી કરી.

આ સંસ્થાનું કાર્ય ત્રિવિધ હતું: એક તો, હિંદની ભાષાવાર પ્રાંતરચના કરવી; બીજું, પ્રાન્તિક વ્યવહાર બધો દેશી ભાષામાં ચલાવવો; અને ત્રીજું, વિશ્વવિદ્યાલયોમાં દેશી ભાષાની શિક્ષણપદ્ધતિ દાખલ કરવી. આંધ્ર અને ઉત્કલ પ્રાંતો તરફથી આ સંસ્થાને પુષ્કળ ઉત્તેજન મળ્યું હતું.

પરંતુ આવી વેરવિખેર પ્રવૃત્તિ કરતાં, સંશોધક જીવનનાં જે સ્વપ્ન પોતે સેવેલાં તેને બર આણવાના એકાગ્ર પ્રયાસ પાછળ હવે કેતકરનું ધ્યાન ઘેરાયું ને પોતાના અદ્‌ભુત આત્મવિશ્વાસ ઉપર આધાર રાખી, મરાઠી 'જ્ઞાનકોશ'નું નિર્માણ કરવા પાછળ પોતાની શક્તિ કામે લગાડી. એમની એ યોજના પર અનેક દિશાએથી 'એ શું કરશે? અંગ્રેજી એનસાઇક્લોપીડિયાનું ભાષાંતર જ ને?' એવા ઉપહાસો પણ થવા લાગ્યા, પરંતુ એ પર લક્ષ ન આપતાં કેતકર પોતાના પ્રયાસ આગળ વધારતા ગયા.

એ પ્રયાસોમાં આખરે તે સફળ થયા, અને મહારાષ્ટ્રશારદાના કીર્તિકળશ સમા 'મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ મંડળ લિમિટેડ'ની સ્થાપના થઈ. પ્રો. રાજવાડે એના પ્રમુખ થયા અને મંત્રી તથા વ્યવસ્થાપકનું પદ એમણે પોતે સંભાળ્યું. ઈ. સ. ૧૯૧૭થી જ્ઞાનકોશની સક્રિય પ્રવૃત્તિની શરૂઆત થઈ, ને ૧૯૨૧માં એનો પહેલો ભાગ બહાર પડયો, ૧૯૨૮માં ૨૩ મો.

જ્ઞાનકોશને એનસાઇક્લોપીડિયાની નકલ બનાવવાની દૃષ્ટિ કેતકરની નહોતી. મહારાષ્ટ્રને લક્ષમાં લઇને મહારાષ્ટ્રીય સમાજના ઉપયોગ માટેનો આકરગ્રંથ એ બની રહે એ ભૂમિકા પર જ એમણે એ પ્રવૃત્તિ આરંભી હતી. હકીકતોના ખડકલા કરતાં મહારાષ્ટ્રીય જનતાને સુબદ્ધ બનાવવાના બલિષ્ઠ સાધન રૂપે એ જ્ઞાનકોશ બની રહે એજ એમની મુરાદ હતી, અને પોતાની ઉત્કૃષ્ટ બુદ્ધિમત્તા, દઢ પરિશ્રમ તથા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ એ ત્રિવિધ બળોએ સંપન્ન હોવાથી તે એ કરી શકયા.

આ આખી યે પ્રવૃત્તિ સાંગોપાંગ પાર ઉતારવામાં કેતકરને કૈં ઓછી મુસીબતો નહોતી નડી. લોકોને એ આખી યોજના સમજાવી તે માટે ચાહ ઉત્પન્ન કરવાનો, સઘળું ભંડોળ એકઠું કરવાનો, અનેકવિધ લેખકવર્ગ મેળવવાનો, મુદ્રણની વ્યવસ્થા કરવાનો, સંદર્ભગ્રંથ એકઠા કરવાનો તથા હિસાબ રાખવાનો ને વ્યવસ્થા જાળવવાનો સઘળો બોજો તેમને શિરે હતો.

ફ્રેન્ચ જ્ઞાન કોશકાર દિદેરોની માફક જ નાણાંની તંગી, નાના મોટા મતભેદો અને વિરોધી વાતાવરણનો શરૂઆતથી જ તેમને સામનો કરવો પડેલો. એ માટે લબ્ધપ્રતિષ્ઠ લેખકોને એ પત્રો લખતા. તો કોઇ તેનો પ્રત્યુત્તર ન આપતું; પુસ્તકો મોકલતા, તો તે પરત ન કરતું. એક ઇતિહાસસંશોધકને આ કામમાં મદદ આપવા કહેતાં એણે રોકડો જ જવાબ આપી દીધેલો કે 'ઐતિહાસિક નાટકો લખીને હું બાર મહિને હજાર રૂપિયા પેદા ન કરું, કે આ ધંધામાં પડું ?'

પરંતુ એવી એકે મુસીબતથી કેતકરે પોતાની જાતને રૂંધાવા ન દીધી, અને એમનો સંપાદિત 'જ્ઞાનકોશ' આજે દિદેરોના 'Le Neveu de Ramaau'ની જેમ મહારાષ્ટ્રીય વાઙ્મયની મોંઘી સમૃદ્ધિ બની રહ્યો છે. એ જ્ઞાનકોશ સાથે જે પાંચ પ્રસ્તાવનાખંડ એમણે જોડયા છે તે માટે તો કહેવાય છે કે એ પાંચે ખંડનો અભ્યાસ કરનાર માણસ ખચિત વિદ્વાન થઇ જાય.

કેવળ મરાઠી ભાષાને જ સમૃદ્ધ કરી ડૉ. કેતકર ન જંપ્યા. મરાઠીની ભાષાભગિની ગુજરાતીનું પણ એતદ્વિષયક દારિદ્ર એમને ખૂંચ્યું ને ગુજરાતી જ્ઞાનકોશ પણ બહાર પાડવાની પ્રવૃત્તિ એમણે હાથ ધરી. સારા સારા ગુજરાતી વિદ્વાનોનો એમાં એમણે સાથ લીધો હતો. અને જે મુદ્રણાલયમાં એ છાપવાનું નક્કી કર્યું હતું તેને ગુજરાતની અસ્મિતાના બે પ્રખર જ્યોતિર્ધર શ્રી હેમચન્દ્રાચાર્યજી તથા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના નામ પરથી 'હેમવલ્લભ મુદ્રણાલય' નામ આપેલું.

એમનો ઈરાદો તો મરાઠી જ્ઞાનકોશમાં જે ખામીઓ રહી જવા પામેલી તે ગુજરાતી જ્ઞાનકોશમાં સુધારીને મરાઠી જ્ઞાનકોશ કરતાં એ સારો બનાવવાનો હતો. મરાઠી વાંચકો કરતાં ગુજરાતી વાંચકોની મનોભૂમિકા જુદી હોઈ, તે ખ્યાલમાં રાખીને જ એમણે એ કાર્ય આરંભ્યું હતું. એ મંગલ પ્રારંભનો હેતુ એમણે પોતે ગુજરાતી જ્ઞાનકોશના વિભાગની પ્રસ્તાવનામાં વ્યક્ત કર્યો છે કે,

'મહારાષ્ટ્ર પોતાની સંસ્કૃતિ સર્વક્ષેત્રવ્યાપક કરવાનો પ્રયત્ન કરે એટલા માટે હું જે પ્રયત્ન કરૂં છું, તે જ પ્રયત્ન ગુર્જર બંધુઓ કરે, એ ઉદ્દેશથી હું આ ગ્રંથરચનાનો આરંભ કરી રહ્યો છું.'

પરંતુ અફસોસ એ થાય છે કે પોતાના કાર્યથી ગુજરાતના અને ગુજરાતની સંસ્કૃતિના એકીકરણની એમણે જે મહાન ભાવના સેવેલી તે તો પાર ન પડી પણ ઊલટો આપણા કહેવાતા 'સાક્ષરો' નો રોષ એમને વહોરવો પડ્યો અને એ પુણ્યકાર્ય એટલેથી જ અટકી પડ્યું. કેતકરે તો એનો સ્પષ્ટ ખુલાસો આપેલો છે કે, 'તેમને ખુશ રાખવાનો પ્રયત્ન મેં નથી કર્યો, ને તેમનો રોષ મારા પર છે, તેવો જ રાખવો, એમ મેં યોજી રાખ્યું છે.'

ગુજરાત ન તો કેતકરને પુરસ્કારી શક્યું, કે ન તો એમના મહાકાર્યને આગળ ધપાવી શક્યું, અને ગુજરાતી જ્ઞાનકોશની પ્રવૃત્તિ

પહેલા વિભાગથી જ અટકી ગઈ. પોતાને સર્વજ્ઞ માની લઈ, બીજા પાસે એ દાવો સ્વીકારાવવા સિવાય પોતાની જાણે કોઈ બીજી ફરજ જ નથી એમ સમજનારા અને સાહિત્યના મધપૂડા પર નર મધમાખ પેઠે નભનારા 'ગુજરાતી સાક્ષર' વર્ગમાં તો એવી રતિ ક્યારે હતી કે એવું જ અથવા એ દિશા પર નાનું છતાં સ્વતંત્ર કાર્ય એ ઉપાડી લે? અલબત્ત, એ નિરુદ્યમી જમાતમાં પણ ગણીગાંઠી વ્યક્તિઓ એવી થઈ ગઈ છે કે જેમના ઉદ્યમે ગુજરાતી ભાષા અને સાહિત્યની ચિરંજીવ સેવા બજાવી હોઈ, એમના નામે આપણું મસ્તક આદરપૂર્વક નમવું જ જોઈએ.

જ્યારે બીજી બાજુ મહરાષ્ટ્ર તરફ નજર ફેરવીએ તો? કેતકરની જ્ઞાનકોશની પ્રવૃત્તિએ મહારાષ્ટ્રમાં આખો 'કોશયુગ' નિર્માણ કરી દીધો હતો. એમની પાસેથી જ જ્ઞાનકોશના સંપાદન કાર્યમાં શિક્ષણ મેળવીને શ્રી દાતે તથા શ્રી કર્વેએ સ્વતંત્રપણે 'મહારાષ્ટ્ર શબ્દકોશ'નું નિર્માણ કર્યું 'પ્રાચીન ચરિત્રકોશ'ના કર્તા ચિત્રાળશાસ્ત્રીએ પણ કોશકાર્યની દીક્ષા ડૉ. કેતકર પાસેથી મેળવી હતી. એવા એવા તો એ પછી મહારાષ્ટ્રમાં 'ધર્મકોશ' 'વ્યાયામકોશ' 'વ્યાવહારિક જ્ઞાનકોશ' વગેરે અનેક કોશ બહાર પડી ગયા.

મહારાષ્ટ્રનો બૃહદ્ ઇતિહાસ પણ ચાર ભાગમાં લખવાની ડૉ. કેતકરની ઉત્કંઠા હતી પરંતુ એ ચારભાગમાં કુરુક્ષેત્રના યુદ્ધથી માંડી શકારંભ સુધીનો માત્ર બીજો ભાગ જ 'શાતવાહન પર્વ' નામે એ બહાર પાડી શકેલા. ગઈ પા સદીમાં મહારાષ્ટ્રમાં પ્રાચીન સંશોધન કાર્યમાં સૌથી આગળ પડતી વ્યક્તિઓમાં રાજવાડે પછી ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકરને નિઃશંક ગણાવી શકાય. બંનેની પ્રતિભા અપ્રતિહત અને મૂલગ્રાહી હતી.

છતાં ડૉ. કેતકરે પોતાની જાતને એકલા સંશોધનકાર્યની દીવાલો

વચ્ચે જ દબાઈ જવા નહોતી દીધી. સમાજસ્થિતિના પરીક્ષણ અને નિરીક્ષણ પછી 'ઑડવનાંતીલ પ્રિયંવદા,' 'પરાંગદા' 'આશાવાદી,' 'ગાંવસાસુ,' 'બ્રાહ્મકન્યા' અને 'વિચક્ષણા' એ ૭ નવલકથાઓમાં પોતાની અભિનવ વિચારદૃષ્ટિનું પાત્રસર્જન કરી લલિત વાઙ્મયની પણ એમણે અમૂલ્ય સેવા બજાવી છે.

એમની નવલકથાઓ એટલે ગઇ અરધી સદીના મહારાષ્ટ્રીય જીવનનું સર્વગ્રાહી ચિત્ર. એમાં જીવનના વિવિધ પહેલુઓનું માર્મિક નિરીક્ષણ છે, સ્વતંત્ર વિચારદર્શન છે. નવું માર્ગદર્શન છે. અવનવી કલ્પનાઓ યોજવી એ એમનો જાણે નિત્યવ્યવસાય હતો. એટલે 'વિચક્ષણા' ના ડૉ. લોઢે કે 'આશાવાદી'માંના દેવદાસ સંપૂર્ણતઃ નહિ તો બહુ અંશે ડૉ. કેતકરનાં સ્વતઃનાં જ ચિત્રો બની ગએલ છે.

એ વિદ્વાન હતા, સંશોધક હતા, રાજનીતિજ્ઞ હતા, સમાજશાસ્ત્રી હતા, વિવેચક હતા, નવલકથાકાર હતા, અને એ સાથે કવિ પણ હતા. અને એ સઘળા વિષયો પર એમણે પોતાની કૃતિઓ બહાર પાડેલી છે. છતાં મહારાષ્ટ્રમાં જાતિભેદની જે અધમ વૃત્તિ પ્રવર્તે છે તેને લઈને ડૉ. કેતકરનું સાહિત્યક અને સંશોધનનું કાર્ય જોઈએ એટલા પ્રકાશમાં ન આવી શક્યું. જૂની રૂઢીઓની જકડોમાં એ ન માનતા હોવાને લીધે વિદ્વાન અને પૂજ્ય ગણાએલી વ્યક્તિઓ સુદ્ધાંએ એમના તરફ ઉપેક્ષા બતાવેલી ને એને પરિણામે જે સંમાનના એ હકદાર હતા એ સંમાન પણ મહારાષ્ટ્ર એમને ન અર્પી શક્યું.

એ સંમાનની વાત તો ઘેર ગઈ, પણ પોતાની પ્રવૃત્તિ આગળ ચલાવવા માટે પણ એમને પોતાના વાચનલેખનના સમયનો ભોગ આપી પોતાનાં પુસ્તકો ખપાવવા રખડવું પડતું અને એમનાં પત્નીને જર્મન ભાષાના વર્ગ લેવા પડતા. લોકપ્રિયતા નહિ, પણ લોકસેવા એમનો આદર્શ હતો. નહિતર તો કોશેટા જેવું પ્રોફેસરિયા જીવન તરછોડી, બજારમાંથી આણેલાં જૂનાં કપડાં ને ચાર આઠ આનાના

જાપાની જોડા ચડાવી, મજૂર જેમ પોતાનાં પુસ્તકોનું પોટલું ઉપાડી મહારાષ્ટ્રને ઘેર ઘેર તે આપવા નીકળવાની તેમને શી જરૂર હતી?

એવી સ્થિતિ વચ્ચે જ સદા ધૂંધવાતા રહેલા એ ઉપેક્ષિત છતાં એકનિષ્ઠ સાહિત્યસેવકનો જીવનદીપ ઈ. ૧૯૩૬ના એપ્રિલની ૧૦ મીએ ઓલવાઈ ગયો. એમના શબને, એમનાં પત્નીની ઇચ્છા મુજબ દહન નહિ કરતાં એક ટેકરી પર દફનાવવામાં આવ્યું છે અને એમની સમાધિ પર આંગ્લ કવિ રોબર્ટ બ્રાઉનિંગના 'વૈયાકરણીની ઉત્તરક્રિયા' નામક કાવ્યની આ લીટીઓ ટાંકવામાં આવી છે:

'સર્વસામાન્ય લોકોની માફક સામાન્ય સ્થળે એનું દફન કરવું યોગ્ય નથી. ટેકરીની ટોચ જ એને માટે યોગ્ય સ્થાન છે. સામાન્ય માણસ માફક નજીવી વાતોમાં એ કદી રસ લેતો નહોતો. મહત્કાર્યો કરવાની એને ચિર આકાંક્ષા રહેતી, પરંતુ એ પાર પડયા પહેલાં જ એ આ જગત છોડી ચાલ્યો ગયો. સાધારણ માણસ એકેક દમડીનો સંચય કરીને હજારોનો સંગ્રહ કરે છે; જ્યારે આ મહાપુરુષે આશા લક્ષાવધિની સેવી, પણ એક દમડી જમાવ્યા સિવાય જતો રહ્યો. જે મહાન પંડિતે જીવનમાં જ્ઞાનસંચયનો જ વ્રત અંગીકાર કર્યો હતો તેને સાદી જગાએ દફનાવવાનો વિચાર માની પણ કેમ શકાય? એનું તો એવા સ્થળે જ દફન થવું જોઈએ જ્યાં ચાંદનીનાં અનિર્વેધ તેજ રેલી રહ્યાં હોય, જ્યાં પ્રભાતનું હિમતુષાર વાતાવરણમાં ઉલ્લાસ રેડતું હોય, અને જ્યાં પયોધરો આનંદવારિ વર્ષાવી રહ્યા હોય. કલ્પનાસૃષ્ટિમાં ઉચ્ચોચ્ચ ઉડ્ડયન કરનારને આરામ માટે પણ એવું જ ઉચ્ચ સ્થાન જોઈએ. જગતને ખ્યાલ પણ ન આવે એવા ઉચ્ચ સ્થાને એને જગા આપજો, એને વિશ્રાંતિ લેવા દેજો. ભોંતળના સામાન્ય વાતાવરણ વચ્ચે જીવવા એ જન્મ્યો જ નહોતો.'

■

" જ્ઞાનવર્ધક ગ્રંથમાળા "

સને ૧૯૪૦ ના ચાર અપૂર્વ પ્રકાશનો.



"જ્ઞાનવર્દ્ધક પુસ્તકમાળા"નું મૌલિક ને દળદાર પુસ્તક ૯૪ મું.

આપણી ૧૯૩૦-૩૨ ની **સત્યાગ્રહની** રાષ્ટ્રીય લડત અને આધુનિક કૉલેજીયન યુવકયુવતીઓનાં જીવંત ચિત્રોથી તથા મહામૂલાં કાવ્યમુક્તોથી છલકાતું **શ્રી જેઠાલાલ ત્રિવેદીનું** આ મૌલિક પુસ્તક ગુજરાતી નવલકથાઓના સાહિત્યમાં અનેરી ભાત પાડી રહેશે 'દિવ્યચક્ષુ' પછી ગુજરાતી સાહિત્યમાં આ એકજ એ જાતની અજોડ નવલકથા મૂકી શકાય. વળી તેની પ્રસ્તાવના સાક્ષરશ્રી **રમણલાલ વ. દેસાઈએ** લખી છે એ પણ તેની એક વિશિષ્ટતા છે.

પૃષ્ઠ ૩૦૦ : સુંદર કવર જેકેટ : પાકું છીંટનું બાઈંડિંગ : કિં ૨-૮-૦

સુપ્રસિદ્ધ શ્રી **ઉછરંગરાય ઓઝા** જેમનું પુસ્તક **તક્ષશિલાની રાજમાતા** સારું આદર પામ્યું છે. તેમનું આ બીજું નવું પ્રકાશન



જ્ઞાનવર્દ્ધક પુસ્તકમાળાનું પુસ્તક ૯૫ મું.

પ્રસ્તાવનામાં તેઓ કહે છે કે આ કથા મૌલિક નથી, કાઠિયાવાડનાં દેશી રાજસ્થાનોની છતાં આ કથા કલ્પિત છે, અને ખાસ કરી કાઠિયાવાડીઓના વાંચન માટે લખાએલી છે-

પૃષ્ટ ૨૫૦ : પાકું પુંઠું : સુંદર કવર જેકેટ : કિંમત રૂ. બે

ભારતના રાજવંશોનો મુકુટમણી અવંતી-સમ્રાટ વિક્રમાદિત્યના રોમાંચક જીવન-કાર્યોનો અદ્ભુત ચિતાર આપતી સુરેખ નવલકથા.



જાણીતા મુક્તક કવિ અને ઉદીયમાન લેખક શ્રી. જેઠાલાલ ત્રિવેદીના હાથે લખાયેલી આ નવલકથામાં વિક્રમ, વેતાળ, સાધ્વી સરસ્વતી કાલિકાસુરી, દેવદમની ઘાંચણ ગંગલી, પદ્માલતી અને સુનંદા વગેરે પાત્રો તથા રોમાંચક પ્રસંગો તમને એવા તો મુગ્ધ કરી મૂકશે કે, તમારા હૃદયમાં આ કથાની માધુરી દિવસોના દિવસો સુધી આનંદ રેલાવ્યા કરશે.

પાકું પૂઠું : કવર જેકેટ સાથે : પૃષ્ટ ૩૨૦ * કિંમત રૂ. અઢી.

જ્ઞાનવર્ધક પુસ્તકમાળાનું ૯૭ મું પુસ્તક

ઇલા અને રાધારાણી




ઇલા:—પતિ ને પત્ની બંને સંસ્કારી હતાં. હૃદયની ઊર્મિઓ સમજવાની બન્નેમાં શક્તિ હતી. છતાં એક જ ભૂલ-ક્ષુલ્લક અને સાધારણ-તેમાંથી લગ્ન જીવનમાં લહાય લાગે છે. વિચાર, વાણી અને શબ્દોની અથડામણો થાય છે. ઘડીકમાં તડકી અને ઘડીકમાં છાંયડીમાં લઈ જતી આ નવલિકા એક જ બેઠકે પૂરી કરવાનું દિલ થાય તેવી રસિક છે.

રાધારાણી:-સ્વ. બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો સરળ અનુવાદ છે.

પાકું પૂઠું : કવર જેકેટ : પૃષ્ટ ૨૦૦ * કિંમત રૂા. ૧-૮-૦

ઉપરના ચારે પુસ્તકો નવાં થનાર ગ્રાહકને અર્ધી કિંમતે મળે છે.



અશોક હર્ષ

વિભૂતિમંદિર

